# જૈન પાઠાવલી

## શ્રેણી : ૯ થી ૧૨




પ્રકાશક :
શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
સંચાલિત :
માતુશ્રી મણીબેન ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

# પ્રકાશન દિન


| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2551 |
| વિક્રમ સંવત | : | 2081 |
| ઈ.સ | : | September 2025 |
| પ્રત | : | 1500 |
| જ્ઞાનાર્થે | : | 25 ₹ |

## પ્રાપ્તિ સ્થાન

શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

: સંચાલિત :

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

આરાધ્યા–૧અર્થ–ગ્રાઉન્ડ ફ્લોર, H–વીંગ, નાયડુ કોલોની,
પંતનગર, ઘાટકોપર (ઈ)– મુંબઈ – ૪૦૦ ૦૭૫

Office : 9702277914
Chaaya Coticha : 9029933775
Alpa Mehta : 9820462132

E-mail : jainshikshanboard@gmail.com
website : jainshikshan.org




# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)

**શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના શ્યામ પરિવારના શિષ્યરત્ન**
**પ. પૂ શ્રી ધૈર્ય - સૌમ્ય ગુરુદેવના શિષ્ય પ. પૂ ઉપાધ્યાયજી**
**શ્રી ભવ્ય ગુરુદેવના સુશિષ્ય તપસ્વીરત્ન**
**પ. પૂ શ્રી રાજવિર્યમુનિ મહારાજ સાહેબનું**

## જીવન દર્શન



દીક્ષા દિન - **1st ફેબ્રુઆરી, 2015**
(ઉંમર વર્ષ - **63**) અને
ત્યાર બાદનો તપમય માર્ગ
અઠ્ઠાઈ - **62**, માસક્ષમણ - **4**,
**16** ભથ્થાં - **3**

**પચ્છાવિ તે પયાયા, ખિપ્પં ગચ્છંતિ અમરભવણાંઇ**
**જેસિં પિઓ તવો સંજમો ય ખંતી ય બંભચેરં ચ**

**પાછલી ઉંમરે દિક્ષીત થનાર આત્મા પણ તપ, સંયમ,**
**ક્ષમા અને બ્રહ્મચર્યના પાલનથી શિઘ્રાતીશિઘ્ર ઉચ્ચ ગતિને પામે છે.**

## દીક્ષા પૂર્વ જીવન

ગામ રવ (કચ્છ-વાગડ) ના સુશ્રાવક શ્રી કરસનભાઈ દેવરાજભાઈ કારીયાના પુત્રરત્ન શ્રી રાયશીભાઈ, શ્રી થાણા સંઘના પ્રમુખ પદે 7 વર્ષ સુધી સેવાને જીવનમૂલ્ય બનાવી, અનેક ધાર્મિક પ્રવૃત્તિઓનું સફળ નેતૃત્વ કરનાર અને આ સમયમાં 64 પ્રહરી ચૌવિહારા પૌષધ-અઠ્ઠાઈ જેવી તપસ્યાની એ પાવન ક્ષણોમાં અંદરથી સંયમ જીવન માટે ઊંડો ભાવ ઉદ્ભવ્યો.

એવા શ્રી ગુરુભગવંતને કોટી કોટી પ્રણામ

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)



**માતુશ્રી નીલુબેન રાયશીભાઈ કરસનભાઈ કારીયા**

**ગામ-રવ (કચ્છ વાગડ) હાલ-થાણા, મુંબઈ**

શ્રી થાણા સંઘની પાઠશાળામાં છેલ્લા 40 વર્ષથી
નિ:સ્વાર્થ ભાવથી જ્ઞાનદાતા તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે.

તેમના સેવા કાર્યકાળ દરમિયાન સેંકડો બાળકોમાં જ્ઞાનનું
સિંચન કર્યું અને અનેક બહેનોને દીક્ષા ગ્રહણ કરવાની પ્રેરણા મળી છે.

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર, લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

# શ્રુતાધાર



**શ્રી કિરણભાઈ રતિભાઈ શાહ**
**શ્રી પૂર્વીબેન કિરણભાઈ શાહ**
**ચિ. તન્વીબેન કિરણભાઈ શાહ**
**California, USA**

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર, લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

**ધાર્મિક શિક્ષણ બોર્ડ**

ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Naidu Colony, Pantnagar, Ghatkopar (E), Mumbai- 400075

## જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

1,00,000/- શ્રુતસ્તંભ

| | | | |
|---|---|---|---|
| 75,000/- | શ્રુતાધાર | 11,000/- | શ્રુતસહયોગી |
| 51,000/- | શ્રુતપ્રભાવક | 5000/- | શ્રુતસહાયક |
| 25,000/- | શ્રુતપ્રેરક | 2,500/- | શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 25 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

**Banking Details for DONATION to Dharmik Sikshan Board**

**A/c Name** : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh

**Bank Name** : DENA BANK, Zaveri Bazar, Mumbai - 400 002.

**Code** : RTGS/BKDN0450008

**A/c. No.** : 021010025716 Phone : +91 (22) 22018629

ચેક / ડ્રાફ્ટ શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થા. જૈન મહાસંઘના નામે લખવો.

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુ:ખથી ઘેરાયેલી છે. આ બધાં દુ:ખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને અંદાજે 60 વર્ષ પૂર્વે એટલે કે, 30.07.1961 ના બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વનાં સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠ્યક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશ: સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી પચ્ચીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે-જ્યારે જરૂર લાગી ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં-કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે. અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Course ને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમા વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિ

1. 60 વર્ષોથી જૈનધર્મના જ્ઞાન પ્રસાર અર્થે જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન કરનારી સંસ્થા
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવમ એકથી પચ્ચીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન.
8. Technology ના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# શ્રેણી ૯


| | વિષય | | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | સૂત્ર વિભાગ : | | ૧૫ | |
| | જૈન પાઠાવલી ભાગ '૧' અને ભાગ '૨' ના સર્વ પ્રશ્નોત્તર સહિત સામાયિક, પ્રતિક્રમણના પાઠ અને અર્થનું પુનરાવર્તન | | | |
| ૨. | તત્વ વિભાગ : | | ૫૫ | |
| | ૧. પાંચ જ્ઞાન | ૩૦ | | 2 |
| | ૨. ચાર કષાય | ૧૦ | | 27 |
| | ૩. ચાર ધ્યાન (વિવેચન સહિત) | ૧૫ | | 29 |
| ૩. | સંસ્કાર વિભાગ : | | ૧૦ | |
| | ૧. અચેત પાણીની ઓળખ – લાભ | | | 34 |
| | ૨. વ્રતમાં શરીરની અશુચિ પરઠવાની વિધિ | | | 35 |
| | ૩. પ્રત્યાખ્યાન ક્રિયા | | | 36 |
| | ૪. સાત નિન્હવ | | | 39 |
| | ૫. શું મારે આમ વિચારાય? શું મારે આમ બોલાય? | | | 39 |
| ૪. | કથા વિભાગ : | | ૧૦ | |
| | ૧. સકડાલ પુત્ર | | | 42 |
| | ૨. બહુપુત્રિકા દેવી. | | | 47 |
| ૫. | કાવ્ય વિભાગ : | | ૧૦ | |
| | ૧. નાની સાધુ વંદણા | | | 53 |
| | ૨. દુર્ગુણને કોઈ કહી આવા | | | 54 |
| | ૩. સંયમ લેવો છે એવું અંતરથી બોલો | | | 54 |
| | ૪. ભગવંત તેરી આરાધના | | | 55 |
| | કુલ ગુણ | | ૧૦૦ | |

# શ્રેણી ૯ : તત્ત્વ વિભાગ

## ૧. પાંચ જ્ઞાન

### ❖ નંદી સૂત્ર તથા પ્રજ્ઞાપના સૂત્ર ❖

**૧. જ્ઞાન :** જેનાથી પદાર્થને વિશેષ રૂપે જાણવું તે જ્ઞાન. જીવનો ઉપયોગ, જીવનું લક્ષણ, જીવનો જાણપણાનો ગુણ તે જ્ઞાન.

**૨. જ્ઞાની :** પદાર્થને જાણવાવાળો જીવ, અસંખ્યાત પ્રદેશી આત્મા તે જ્ઞાની.

**૩. જ્ઞેય :** જાણવા યોગ્ય પદાર્થ તે જ્ઞેય છે.

**જ્ઞાનના બે પ્રકાર છે. ૧. પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ.**

**પ્રત્યક્ષ :** પ્રતિ + અક્ષ = આત્મા અથવા ઈન્દ્રિય દ્વારા જે જ્ઞાન સાક્ષાત્ થાય છે તેને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે.

**પ્રત્યક્ષ જ્ઞાનના બે ભેદ:** (૧) નોઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન, (૨) ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન.

**(૧) નોઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન :** જે જ્ઞાન આત્માથી પ્રત્યક્ષ થાય છે તે જ્ઞાન નોઈન્દ્રિય પ્રત્યક્ષ છે. તે વાસ્તવિક પ્રત્યક્ષ છે.

તેના ત્રણ ભેદ છેઃ ૧. અવધિજ્ઞાન, ૨. મનઃપર્યવજ્ઞાન, ૩. કેવળજ્ઞાન. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન દેશ (આંશિક) પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે કારણ કે તે સમસ્ત રૂપી અને અરૂપી પદાર્થને જાણે છે.

આ ત્રણે જ્ઞાન આત્માથી ઉત્પન્ન થાય છે, ઈન્દ્રિયના માધ્યમની જરૂર નથી.

**(૨) ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન :** જે પોતે ઈન્દ્રિય દ્વારા જાણે છે તે ઈન્દ્રિય પ્રત્યક્ષ છે. તેને વ્યવહાર દૃષ્ટિથી પ્રત્યક્ષ કહેલ છે. વાસ્તવિક રીતે તો તે પરોક્ષ જ છે.

તેના પાંચ ભેદ છે : ૧. શ્રોત્રેન્દ્રિય પ્રત્યક્ષ. ૨. ચક્ષુઈન્દ્રિય પ્રત્યક્ષ. ૩. ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષ. ૪. રસનેન્દ્રિય પ્રત્યક્ષ. ૫. સ્પર્શનેન્દ્રિય પ્રત્યક્ષ.

**પરોક્ષ :** જે જ્ઞાન ઈન્દ્રિય અને મનની સહાયતાથી થાય, તે પરોક્ષ જ્ઞાન છે. પરોક્ષ જ્ઞાનના બે ભેદ છે. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન.

---

અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ નહીં પરંતુ મિથ્યાત્વીનું અજ્ઞાન. અજ્ઞાનીને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય જ છે પરંતુ દર્શન સમકનો ઉદય હોવાના કારણે તેનું જ્ઞાન અજ્ઞાન રૂપે હોય છે.

પાંચ જ્ઞાનમાં પ્રથમ ચાર જ્ઞાન ક્ષયોપશમજન્ય છે. કેવળજ્ઞાન ક્ષયજન્ય છે.

**આભિનિબોધ : આભિ :** ચારે તરફથી આવેલ પદાર્થોનો. નિબોધ : સમ્યક્ પ્રકારે બોધ થવો. જે જ્ઞાન રૂપે છે પરંતુ અજ્ઞાન રૂપે નહીં. સમકિતીના મતિજ્ઞાનને આભિનિબોધિક જ્ઞાન કહે છે.

## જ્ઞાનના પાંચ પ્રકાર છે.

**૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન.**

**૧. મતિજ્ઞાન :** જીવ મતિએ કરી જાણે તે મતિજ્ઞાન. તેના બે ભેદ :

**૧ સામાન્ય :** સામાન્ય પ્રકારે તેને મતિ કહે છે.

**૨ વિશેષ :** વિશેષ પ્રકારે તેને મતિજ્ઞાન તથા મતિઅજ્ઞાન કહે છે. સમ્યક્ દ્રષ્ટિની મતિ તે મતિજ્ઞાન. તેને આભિનિબોધિક જ્ઞાન પણ કહે છે. મિથ્યાદ્રષ્ટિની મતિને મતિઅજ્ઞાન કહે છે. (જુઓ પાનું-૭)

**૨. શ્રુતજ્ઞાન :** જીવ શ્રુતે કરી જાણે તે શ્રુતજ્ઞાન. તેના બે ભેદ :

**૧. સામાન્ય :** સામાન્ય પ્રકારે તેને શ્રુત કહે છે.

**૨. વિશેષ :** વિશેષ પ્રકારે તેને શ્રુતજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન કહે છે. સમ્યક્ દ્રષ્ટિનું શ્રુત તે શ્રુતજ્ઞાન. મિથ્યાદ્રષ્ટિનું શ્રુત તે શ્રુતઅજ્ઞાન.

૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, એ બે જ્ઞાન પરસ્પર ક્ષીરનીર(દૂધ-પાણી)ની જેમ મળેલાં છે. જેમ જીવ અને આભ્યંતર શરીર (તૈજસ અને કાર્મણ) સાથે છે તેમ બે જ્ઞાન સાથે હોય છે. તેમાં પહેલાં મતિ પછી શ્રુત હોય છે. આ બે જ્ઞાનની શક્તિ સાથે ઉત્પન્ન થાય છે. ઉપયોગની અપેક્ષાએ ક્રમશઃ આવે છે.

## ❋ ૧. મતિજ્ઞાન (આભિનિબોધિક જ્ઞાન)નું વર્ણન ❋

**મતિજ્ઞાન :** મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પાંચ ઈન્દ્રિય તથા મન દ્વારા વસ્તુનું જે યથાર્થ જ્ઞાન થાય તે મતિજ્ઞાન.

તે મતિજ્ઞાનના બે ભેદ (૧) શ્રુતનિશ્રિત, (૨) અશ્રુતનિશ્રિત.

| (૧) શ્રુતનિશ્રિત | (૨) અશ્રુતનિશ્રિત |
|---|---|
| (૧) સાંભળવું, જોવું વગેરે રૂપે મતિ વિસ્તરે. | ન સાંભળેલું, ન જોયેલું તેમાં મતિ વિસ્તરે. |
| (૨) ઈન્દ્રિય અને મનને આધારે ઉત્પન્ન થાય. | ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થાય. |
| (૩) જેમાં શીખેલા શ્રુતજ્ઞાનનો પ્રભાવ કામ આવે છે. | જેમાં વિનય, કાર્ય, અભ્યાસ વગેરે કામ આવે છે.શીખેલું શ્રુત કામ ન આવે. |
| (૪) બીજું નામ મતિ છે. | બીજું નામ બુદ્ધિ છે. |

**૨) અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદ :**

(૧) ઔત્પાતિકા બુદ્ધિ, (૨ )વૈનયિકા બુદ્ધિ,

(૩) કાર્મિકા બુદ્ધિ, (૪) પારિણામિકા બુદ્ધિ.

(૧) **ઔત્પાતિકા બુદ્ધિ :** તે પૂર્વે જોયેલું ન હોય કે સાંભળેલું ન હોય, છતાં તેમાં એકદમ વિશુદ્ધ, અર્થ સમજી શકે તેવી બુદ્ધિ ઉત્પન્ન થાય અને તે બુદ્ધિ ફળને ઉત્પન્ન કરે, ક્ષયોપક્ષમથી થાય તે ઔત્પાતિકા બુદ્ધિ છે.

(૨) **વૈનયિકા બુદ્ધિ :** તે ગુરુ કે વડીલનો વિનય-ભક્તિ વૈયાવચ્ચ, આરાધના વગેરે કરવાથી જે બુદ્ધિની ઉત્પત્તિ થાય, અનેક પ્રકારનાં શાસ્ત્રના અર્થ તથા રહસ્ય સમજે, તે વૈનયિકા બુદ્ધિ છે.

(૩) **કાર્મિકા બુદ્ધિ :** કાર્ય કરતાં કરતાં ઉત્પન્ન થયેલી બુદ્ધિ. તે જોતાં, લખતાં, વાંચતાં, ચિત્ર દોરતાં, ભણતાં, સાંભળતાં, વણતાં, સીવતાં, શિલ્પકળા વગેરેનો અભ્યાસ કરતાં તેમાં કુશળ થાય, તે કાર્મિકા બુદ્ધિ છે.

(૪) **પારિણામિકા બુદ્ધિ :** તે જેમ જેમ વય પરિપક્વ થાય તેમ તેમ બુદ્ધિ પરિણમે. આત્મહિતકારી અને મોક્ષ ફળ દેનારી બુદ્ધિ ઊપજે, તે પારિણામિકા બુદ્ધિ છે. જેમાં અનુમાન, હેતુ અને દ્રષ્ટાંતનો અનુભવ છે.

**૧) શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદ :**

(૧) **અવગ્રહ :** ગ્રહણ કરવું, (૨) **ઈહા :** વિચારવું,

(૩) **અવાય :** નિર્ણય કરવો, (૪) **ધારણા :** જ્ઞાનને ધારણ કરવું.

(૧) **અવગ્રહ :** નામ, જાતિ વગેરેની વિશેષતા રહિત સામાન્ય જ્ઞાન.

**અવગ્રહના બે ભેદ છે :**

**૧. વ્યંજનાવગ્રહ, અને ૨. અર્થાવગ્રહ.**

**૧. વ્યંજનાવગ્રહ :** પ્રાપ્યકારી ઈન્દ્રિયોનો વિષયની સાથે સંબંધ થવો તે વ્યંજનાવગ્રહ છે. પ્રાપ્યકારી ઈન્દ્રિય એટલે જે પુદ્‌ગલો ઈન્દ્રિયોની સામે આવે, સ્પર્શે અને ઈન્દ્રિયો સાથે સંબંધ થાય તે. આથી ચાર ઈન્દ્રિયો પ્રાપ્યકારી છે, તેથી તેને વ્યંજનાવગ્રહ છે. ચક્ષુ અને મન પોતાના વિષયના પુદ્‌ગલોને દૂરથી જ સંબંધ કરે છે તેથી તે પ્રાપ્યકારી નથી, માટે તેને વ્યંજનાવગ્રહ નથી.

**૧. વ્યંજનાવગ્રહના ચાર ભેદ છે :**

(૧) **શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ :** કાન સાથે શબ્દના પુદ્‌ગલનો સંબંધ થવો.

(૨) **ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ :** નાક સાથે ગંધના પુદ્‌ગલનો સંબંધ થવો.

(૩) **રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ :** જીભ સાથે રસના પુદ્‌ગલનો સંબંધ થવો.

(૪) **સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ :** શરીર સાથે સ્પર્શના પુદ્‌ગલો સંબંધ થવો.

વ્યંજનાવગ્રહ સમજવા માટે **૧. પ્રતિબોધક અને ૨. સરાવલાનું દ્રષ્ટાંત છે.**

**૧. પ્રતિબોધકનું દ્રષ્ટાંત :** જગાડવાનું દ્રષ્ટાંત. જેમ કોઈ પુરુષ સૂતો છે, તેને બીજા કોઈ પુરુષે બોલાવ્યો : હે દેવદત્ત ! ત્યારે તેણે સાંભળીને જાગીને ''હું'' ઉત્તર આપ્યો.

શિષ્ય સમજવા માટે ગુરુને પૂછે છે : ''હે ગુરુદેવ ! તે પુરુષે હુંકારો આપ્યો તે શું તેણે એક સમયના, બે સમયના, ત્રણ સમયના, ચાર સમયના કે સંખ્યાત સમયના યાવત્ અસંખ્યાત સમયના કાનમાં પ્રવેશ્યા શબ્દ પુદ્ગલને ગ્રહણ કર્યા ?''
ગુરુ કહે છે : ''એક સમયના નહીં, બે, ત્રણ, ચાર યાવત્ સંખ્યાત સમયના નહીં, પણ અસંખ્યાત સમયના પ્રવેશ્યા શબ્દ પુદ્ગલને ગ્રહણ કર્યા, તેટલો સમય વ્યંજનાવગ્રહ થયો. ''

**૨. સરાવલાનું દ્રષ્ટાંતઃ** જેમ, કુંભારના નીંભાડામાંથી તરતનું લાવેલું કોરું સરાવલું(કોડિયું) હોય. તેમાં એક પાણીનું ટીપું મૂકે તો તે પાણીનું ટીપું દેખાય નહીં. એમ બે, ત્રણ, ચાર, ઘણાં પાણીનાં ટીપાં મૂકે, પણ તે સરાવલું બરાબર ભીંજાય નહીં. પણ ઘણાં પાણીનાં ટીપાં નાંખવાથી ભીંજાય. એમ વધતાં વધતાં પૂર્ણ ભરાય પછી તે સરાવલું ઊભરાય.

જેમ પાણીનું એક ટીપું સરાવલામાં દેખાય નહીં તેમ કાનમાં એક, બે, ત્રણ, ચાર, સંખ્યાત સમયના પ્રવેશેલા પુદ્ગલ જણાય નહીં, પરંતુ અર્થને પકડવામાં, સમજવામાં અસંખ્યાત સમય જોઈએ. આથી તે અસંખ્યાત સમયના પ્રવેશેલા પુદ્ગલ જ્યારે કાનમાં ભરાય અને ઉભરાઈ જાય, તે તે દરેક સમયે વ્યંજનાવગ્રહ થાય છે.

**૨. અર્થાવગ્રહ :** વ્યંજનાવગ્રહ એટલો બધો અલ્પ હોય છે કે તેનાથી વિષયનો સામાન્ય બોધ પણ થતો નથી. અસંખ્યાત સમય સુધી પુદ્ગલો પ્રવેશ્યા પછી છેલ્લા સમયે જાણે કે 'આ કાંઈક છે' તે સામાન્ય જ્ઞાનના અંશને અર્થાવગ્રહ કહે છે. તે પ્રાપ્યકારી – અપ્રાપ્યકારી બધી ઈન્દ્રિયો સાથે થાય છે, માટે પાંચે ઈન્દ્રિય અને મનને અર્થાવગ્રહ છે.

**૨. અર્થાવગ્રહના છ ભેદ :**

(૧) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ : તે કાનથી શબ્દના અર્થને ગ્રહણ કરે .
(૨) ચક્ષુઈન્દ્રિય અર્થાવગ્રહ : તે આંખથી રૂપના અર્થને ગ્રહણ કરે.
(૩) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ : તે નાકથી ગંધના અર્થને ગ્રહણ કરે.
(૪) રસનેન્દ્રિય અર્થાવગ્રહ : તે જીભથી રસ, સ્વાદના અર્થને ગ્રહણ કરે.
(૫) સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ : તે શરીરથી સ્પર્શના અર્થને ગ્રહણ કરે.
(૬) નોઈન્દ્રિય અર્થાવગ્રહ : તે મન દ્વારા દરેક પદાર્થના અર્થને ગ્રહણ કરે.

૧. આમ, અવગ્રહ દ્વારા સામાન્ય પ્રકારે અર્થને ગ્રહે પણ જાણે નહીં, કે એ કોનો શબ્દ કે ગંધ છે. આથી મને કોઈક બોલાવે છે તેવું અવ્યકત જ્ઞાન તે અવગ્રહ છે. પછી ત્યાંથી ઈહા મતિજ્ઞાનમાં પ્રવેશ કરે.

આમ વ્યંજનાવગ્રહના ચાર અર્થાવગ્રહના છ = અવગ્રહના કુલ ૧૦ ભેદ છે.
૨. ઈહા : અવગ્રહથી ગ્રહણ કરેલ વિષયની વિચારણા તે ઈહા. નિર્ણય થાય નહીં કે મને કોણ બોલાવે છે? સંશયની વિચારણા કે તે મિત્ર હશે કે ભાઈ? પછી તે અવાય મતિજ્ઞાનમાં પ્રવેશ કરે.
૩. અવાય : નિર્ણય કરવો મને ભાઈએ જ બોલાવ્યો છે, મિત્રએ નહીં. પછી ધારણા મતિજ્ઞાનમાં પ્રવેશ કરે.
૪. ધારણા : અવાયથી નિર્ણય કરેલ અર્થને હૃદયમાં ધારી રાખવો. યોગ્ય નિમિત્ત મળવાથી એ નિશ્ચિત વિષયનું સ્મરણ થઈ આવે તે ધારણા છે. જેમ કે કેટલાક સમય પહેલાં ભાઈનો અવાજ સાંભળ્યો હતો તે આ પ્રકારે હતો.
આ મતિજ્ઞાનના ધારણાના દઢ સંસ્કારથી કોઈ જીવને જાતિસ્મરણજ્ઞાન પણ ઉત્પન્ન થઈ શકે છે.

## શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૨૮ ભેદ

**અવગ્રહના ૧૦ ભેદ :** તે વ્યંજનાવગ્રહના ૪ અને અર્થાવગ્રહના ૬ ભેદ
**ઈહાના ૬ ભેદ :** તે શ્રોત્ર, ચક્ષુ, ઘાણ, રસ, સ્પર્શ, નોઈન્દ્રિય ઈહા.
**અવાયના ૬ ભેદ :** તે શ્રોત્ર, ચક્ષુ, ઘાણ, રસ, સ્પર્શ, નોઈન્દ્રિય અવાય.
**ધારણાના ૬ ભેદ :** તે શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસ, સ્પર્શ, નોઈન્દ્રિય ધારણા.

## અવગ્રહ વગેરેનો કાળ

અવગ્રહનો કાળ : વ્યંજનાવગ્રહનો કાળ : અંતર્મુહૂર્ત
અર્થાવગ્રહનો કાળ : એક સમય
ઈહાનો કાળ : અંતર્મુહૂર્ત
અવાયનો કાળ : અંતર્મુહૂર્ત
ધારણાનો કાળ : સંખ્યાતો કાળ અથવા અસંખ્યાતો કાળ સુધી ધારી રાખે.

**મતિજ્ઞાન સમુચ્ચય ચાર પ્રકારે : ૧ દ્રવ્ય, ૨ ક્ષેત્ર, ૩ કાળ, ૪ ભાવ.**

૧. દ્રવ્યથી મતિજ્ઞાની સામાન્ય ઉપદેશે(પ્રકારે) કરી સર્વ દ્રવ્ય જાણે, પણ ન દેખે.
૨. ક્ષેત્રથી મતિજ્ઞાની સામાન્ય ઉપદેશે કરી સર્વ ક્ષેત્રની વાત જાણે, પણ ન દેખે.
૩. કાળથી મતિજ્ઞાની સામાન્ય ઉપદેશે કરી સર્વ કાળની વાત જાણે, પણ ન દેખે.
૪. ભાવથી સામાન્ય ઉપદેશે કરી સર્વ ભાવની વાત જાણે, પણ ન દેખે.

નહીં દેખવાનું કારણ મતિજ્ઞાનને દર્શન નથી.

ઈતિ મતિજ્ઞાન.

## ❋ ૨. શ્રુતજ્ઞાનનું વર્ણન ❋

**શ્રુતજ્ઞાન :** શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શબ્દ આદિ દ્વારા અર્થનું અને અર્થ દ્વારા શબ્દ આદિનું યથાર્થ જ્ઞાન થાય અથવા સૂત્રજ્ઞાન તે શ્રુતજ્ઞાન છે.

પાંચ ઈન્દ્રિય અને મન દ્વારા ગ્રહણ થયેલું જ્ઞાન જે શબ્દ આદિ દ્વારા પ્રગટ થઈ શકે તે શ્રુતજ્ઞાન છે.

### <u>શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ</u>

૧. અક્ષર શ્રુત, ૨. અનક્ષર શ્રુત, ૩. સંજ્ઞી શ્રુત, ૪. અસંજ્ઞી શ્રુત, ૫. સમ્યક્ શ્રુત, ૬. મિથ્યા શ્રુત, ૭. સાદિ શ્રુત, ૮. અનાદિ શ્રુત, ૯. સપર્યવસિત શ્રુત, ૧૦. અપર્યવસિત શ્રુત, ૧૧. ગમિક શ્રુત, ૧૨. અગમિક શ્રુત, ૧૩. અંગ પ્રવિષ્ટ શ્રુત, ૧૪. અનંગ પ્રવિષ્ટ શ્રુત.

**૧. અક્ષર શ્રુત :** તેના ૩ ભેદ : (૧) સંજ્ઞા અક્ષર, (૨) વ્યંજન અક્ષર, (૩) લબ્ધિ અક્ષર

**(૧) સંજ્ઞા અક્ષર શ્રુત :** તે અક્ષરના આકારનું જ્ઞાન. ઉદા. ક, ખ, ગ વગેરે સર્વ અક્ષરની સંજ્ઞાનું જ્ઞાન. 'ક' અક્ષરનો આકાર જોઈને કહે આ 'ક' છે ' ખ' નહીં, 'ગ' નહીં. એમ બ્રાહ્મી લિપિ, સંસ્કૃત, પ્રાકૃત, ફારસી, દ્રાવિડી, હિંદી વગેરે અનેક લિપિના અનેક પ્રકારના અક્ષરના આકારો છે, તેનું જ્ઞાન સંજ્ઞા અક્ષર શ્રુત.

**(૨) વ્યંજન અક્ષર શ્રુત :** તે ક, ખ, ગ વગેરે અક્ષરનો ઉચ્ચાર. હ્રસ્વ, દીર્ઘ, કાનો, માત્રા, અનુસ્વાર વગેરેના સ્પષ્ટ ઉચ્ચારથી અક્ષરના અર્થની સ્પષ્ટતા થાય તે વ્યંજન અક્ષર શ્રુત.

**(૩) લબ્ધિ અક્ષર શ્રુત :** ઈન્દ્રિય અને મનથી ગ્રહણ કરેલા શબ્દના અર્થનું જે જ્ઞાન થાય તે. તેના છ ભેદ છે.

**૧. શ્રોત્રેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત–** તે કાનથી નગારાંનો જ અવાજ થાય છે તેવું નગારાં અક્ષરનું જ્ઞાન, તે શ્રોત્રેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત છે.

**૨. ચક્ષુઈન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત–** તે આંખથી કેરીનું જ ઝાડ છે તેવું કેરીના અક્ષરનું જ્ઞાન, તે ચક્ષુઈન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત છે.

**૩. ઘ્રાણેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત–** નાકથી ગુલાબની જ સુગંધ છે તેવું ગુલાબના અક્ષરનું જ્ઞાન, તે ઘ્રાણેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત છે.

**૪. રસનેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત–** તે જીભથી સાકરનો જ સ્વાદ છે તેવું સાકરના અક્ષરનું જ્ઞાન, તે રસનેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત છે.

**૫. સ્પર્શનેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત–** તે સ્પર્શથી ઠંડો કે ગરમ સ્પર્શ જ છે, તેવું

સ્પર્શના અક્ષરનું જ્ઞાન તે સ્પર્શનેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત છે.

**૬. નોઈન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત–** તે મનથી અમુક જ વિચાર કર્યો હતો તે વિચારના અક્ષરનું જ્ઞાન તે નોઈન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત છે.

**૨. અનક્ષર શ્રુત :** જેમાં અક્ષરના ઉચ્ચાર નથી જેમ કે શ્વાસ ઊંચો લેવો, શ્વાસ નીચે મૂકવો, ઉધરસ, છીંક, બગાસાં વગેરે અનક્ષર ઉચ્ચારથી જે જ્ઞાન થાય તે અનક્ષર શ્રુત છે.

**૩. સંજ્ઞી શ્રુત :** જે જીવ કાલિકોપદેશ સંજ્ઞા આદિ સહિત છે તેનું શ્રુત સંજ્ઞી શ્રુત છે. તેના ૩ ભેદ.

**(૧) સંજ્ઞી કાલિકોપદેશઃ** ભૂત, ભવિષ્ય, વર્તમાન માટે અમુક કાર્ય કેવું થયું, થશે અને કેવું થઈ રહ્યું છે? તેવું ચિતન. વિચાર વડે વસ્તુને સારી રીતે જાણી શકે તે જીવોનું શ્રુત કાલિકોપદેશથી સંજ્ઞી શ્રુત છે. આ જ્ઞાન માત્ર મનવાળા જીવોને જ હોય છે.

**(૨) સંજ્ઞી હેતુપદેશ શ્રુત :** જે જીવોમાં ઈચ્છાપૂર્વક ગમતી પ્રવૃત્તિ કરવાની અને અણગમતી પ્રવૃત્તિ ન કરવાની શક્તિ છે તે જીવોનું શ્રુત તે હેતુપદેશથી સંજ્ઞી શ્રુત છે. આ જ્ઞાનમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય બધા ત્રસ જીવોનો સમાવેશ થાય છે.

**(૩) સંજ્ઞી દ્રષ્ટિવાદોપદેશ :** જે સમકિતી જીવ ક્ષયોપશમ ભાવથી પુદ્‌ગલના શબ્દ વગેરેને ગ્રહણ કરે તે દ્રષ્ટિવાદોપદેશથી સંજ્ઞી શ્રુત છે.

**૪. અસંજ્ઞી શ્રુત–** જે જીવ કાલિકોપદેશ આદિ સંજ્ઞા રહિત છે તેનું શ્રુત અસંજ્ઞી શ્રુત છે. તેના ત્રણ ભેદ :

**(૧) અસંજ્ઞી કાલિકોપદેશ શ્રુત :** જે જીવમાં ત્રણે કાળનું વિચારવાની શક્તિ નથી, તેની સંજ્ઞા રહિત છે, તે સાંભળે પણ વિચારે નહિ તેનું શ્રુત કાલિકોપદેશથી અસંજ્ઞી શ્રુત છે. આ જ્ઞાનમાં પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને અસંજ્ઞી મનુષ્યનો સમાવેશ થાય છે.

**(૨) અસંજ્ઞી હેતુપદેશ શ્રુત :** જે જીવોમાં ઈચ્છાપૂર્વક ગમતી પ્રવૃત્તિ કરવાની અને અણગમતી પ્રવૃત્તિ ન કરવાની શક્તિ નથી, તે જીવોનું શ્રુત હેતુપદેશથી અસંજ્ઞી શ્રુત છે. આ જ્ઞાનમાં માત્ર પાંચ સ્થાવર જીવોનો સમાવેશ થાય છે.

**(૩) અસંજ્ઞી દ્રષ્ટિવાદોપદેશ શ્રુત :** જે મિથ્યાદ્રષ્ટિ જીવ પુદ્‌ગલના શબ્દ વગેરે ગ્રહણ કરે તેનું શ્રુત છે તે દ્રષ્ટિવાદોપદેશથી અસંજ્ઞીશ્રુત છે.

**૫. સમ્યક્ શ્રુત–** શ્રી અરિહંત, તીર્થંકર, કેવળજ્ઞાની, કેવળદર્શનીએ પ્રરૂપેલાં અર્થરૂપ આગમ. જેને ગણધર પુરુષોએ શ્રુતરૂપે ગૂંથ્યા તે 'સમ્યશ્રુત'. તે બાર

અંગસૂત્ર તથા ચૌદપૂર્વી, તેર પૂર્વી, બાર પૂર્વી, અગિયાર પૂર્વી તથા દશ પૂર્વીએ જે શ્રુતરૂપે તથા અર્થરૂપે વાણી પ્રકાશી તે 'સમ્યક્ શ્રુત'.
દશ પૂર્વમાં ન્યૂન (ઓછું) જેને જ્ઞાન હોય તેનું શ્રુત સમ્યક્ શ્રુત હોય અથવા મિથ્યાશ્રુત હોય.
૬. **મિથ્યા શ્રુત–** સમ્યક્ શ્રુતમાં બતાવેલ ગુણ રહિત, અજ્ઞાની અને મિથ્યાદ્રષ્ટિની સ્વચ્છંદ મતિ, કલ્પના અને તેનાં શાસ્ત્ર તે 'મિથ્યા શ્રુત', જેવાં કે મહાભારત, રામાયણ, વૈધક, જ્યોતિષ તથા ૨૯ જાતિનાં પાપશાસ્ત્ર વગેરે ગ્રંથ. (૧) જે મિથ્યા દ્રષ્ટિએ આ મિથ્યા શ્રુતને સમ્યક્ શ્રુત છે આવી મિથ્યા શ્રદ્ધાથી ગ્રહણ કરેલ હોય તેને માટે આ મિથ્યાશ્રુત એ મિથ્યા શ્રુત છે. (૨) જે સમ્યક્ દ્રષ્ટિએ આ મિથ્યા શાસ્ત્રોને આ મિથ્યાશ્રુત છે આવી સમ્યક્ શ્રદ્ધાથી ગ્રહણ કરેલ હોય તેને માટે તે મિથ્યાશ્રુત એ સમ્યક્ શ્રુત છે. (૩) જ્યારે આ મિથ્યાશ્રુત એ મિથ્યાત્વી માટે સમકિતનું કારણ બની જાય છે ત્યારે તે મિથ્યાશ્રુત તેના માટે સમ્યક્ શ્રુત બની જાય છે. (૪) જ્યારે આ મિથ્યાશ્રુત એ સમકિતી માટે મિથ્યાત્વનું કારણ બની જાય છે ત્યારે એ મિથ્યાશ્રુત તેના માટે મિથ્યા શ્રુત બની જાય છે.
૭. **સાદિ શ્રુત :** જે શ્રુતની આદિ (શરૂઆત) છે તે સાદિ શ્રુત છે.
૮. **અનાદિ શ્રુત :** જે શ્રુત આદિ રહિત છે તે અનાદિ શ્રુત છે.
૯. **સપર્યવસિત શ્રુત :** જે શ્રુતઅંત સહિત છે તે સપર્યવસિત (સાંત) છે.
૧૦. **અપર્યવસિત શ્રુતઃ** જે શ્રુત અંત રહિત છે તે અપર્યવસિત (અનંત) છે. ભવ્યનું સમ્યક્ શ્રુત સાદિ સાંત છે. અભવ્યનું મિથ્યા શ્રુત અનાદિ અનંત છે. આ સાદિ સપર્યવસિત અને અનાદિ અપર્યવસિત શ્રુત ચાર પ્રકારે છે :
(૧) **દ્રવ્યથી** સમ્યક્ શ્રુત એક પુરુષ અપેક્ષા સાદિ સપર્યવસિત છે અને બહુ પુરુષ અપેક્ષા અનાદિ અપર્યવસિત છે.
(૨) **ક્ષેત્રથી** સમ્યક્ શ્રુત પાંચ ભરત, પાંચ ઈરવત એ દશ ક્ષેત્ર અપેક્ષા સાદિ સપર્યવસિત (સાદિ સાંત). પાંચ મહાવિદેહ ક્ષેત્ર આશ્રી અનાદિ અપર્યવસિત (અનાદિ અનંત).
(૩) **કાળથી** સમ્યક્ શ્રુત ઉત્સર્પિણી અવસર્પિણી (કાળચક્ર જે ભરત, ઈરવત ક્ષેત્રમાં હોય) આશ્રી સાદિ સપર્યવસિત. નોઉત્સર્પિણી નોઅવસર્પિણી (અવસ્થિત કાળ : જે મહાવિદેહ ક્ષેત્રમાં હોય, જ્યાં કાળચક્ર ન હોય) આશ્રી અનાદિ અપર્યવસિત.
(૪) **ભાવથી** તીર્થંકરોએ ભાવ પ્રકાશ્યા, તે આશ્રી સાદિ સપર્યવસિત. ક્ષયોપશમભાવ આશ્રી અનાદિ અપર્યવસિત.

**પ્ર. ૧ : શ્રુત જ્ઞાનની પર્યાય કેટલી છે?**

**ઉ : સંપૂર્ણ (અનંત) આકાશપ્રદેશોની સંખ્યાને સંપૂર્ણ આકાશપ્રદેશની સંખ્યા સાથે અનંતવાર ગુણાકાર કરવાથી શ્રુત જ્ઞાનની અનંત અગુરુલઘુ પર્યાય અક્ષર થાય છે. અક્ષર એટલે જે ક્ષય થાય નહીં તેવું જ્ઞાન તે કેવળજ્ઞાન. તેવા કેવળજ્ઞાનની અનંત પર્યાય છે. તે પર્યાયના અનંતમા ભાગનું જ્ઞાન દરેક જીવને ઓછામાં ઓછું પ્રગટ રહે છે. નિગોદમાં પણ તેટલો અનંતમો ભાગ જ્ઞાન પ્રગટ રહે જ છે.**

**પ્ર. ૨ : જો તે અનંતમા ભાગનું જ્ઞાન ઢંકાય જાય તો શું થાય?**

**ઉ : જો તેટલું જ્ઞાન ઢંકાય તો જીવ મટીને અજીવ થાય, ચૈતન્ય મટીને જડ થાય, માટે જીવના સર્વ આત્મપ્રદેશે અક્ષરના અનંતમા ભાગનું જ્ઞાન સદા પ્રગટ રહે છે.**

**પ્ર. ૩ : આ શ્રુતની અનંતી પર્યાય અનાદિથી કેવી રીતે છે?**

**ઉ : જેમ વર્ષાકાળે વાદળાંથી ચંદ્ર તથા સૂર્ય ઢંકાઈ જાય, છતાં પણ તેમની પ્રભા (પ્રકાશ) સર્વથા ઢંકાઈ જતી નથી. તેમ અનંત જ્ઞાનાવરણીય કર્મના આવરણનો ઉદય થવા છતાં પણ ચૈતન્યપણા સહિતનું જ્ઞાન સર્વથા આવરાતું (ઢંકાતું) નથી. આથી એમ સિદ્ધ થાય છે કે નિગોદના જીવને પણ અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન સદા પ્રગટ રહે છે. માટે શ્રુત અનાદિ છે.**

**૧૧. ગમિક શ્રુત : જેમાં ઘણીવાર સરખા પાઠ આવે. બારમું અંગ દ્રષ્ટિવાદ સૂત્ર.**

**૧૨. અગમિક શ્રુતઃ જે શાસ્ત્રમાં પાઠો એકસરખા ન હોય તે અગમિક શ્રુત. આચારાંગ વગેરે અગિયાર અંગ સૂત્ર.**

**૧૩. અંગપ્રવિષ્ટ શ્રુતઃ અંગમાં સમાયેલાં શ્રુત તે અંગ પ્રવિષ્ટ. આચારાંગ, સૂયગડાંગ થી દ્રષ્ટિવાદ સુધીનાં બાર અંગસૂત્ર અંગપ્રવિષ્ટ છે.**

**૧૪. અનંગપ્રવિષ્ટ શ્રુત (અંગબાહ્ય) : જે અંગમાં સમાયેલું શ્રુત નથી તે અંગબાહ્ય. તેના બે પ્રકાર : (૧) આવશ્યક : આવશ્યક સૂત્રના છ અધ્યયન સામાયિક, ચઉવિસત્થો, વંદણા, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ.**

**(૨) આવશ્યક વ્યતિરિક્ત : આવશ્યક સૂત્ર સિવાયનું શ્રુત.**

**તેના બે ભેદ : ૧. કાલિક શ્રુત, ૨. ઉત્કાલિક શ્રુત**

**૧. કાલિક શ્રુતઃ જે સૂત્રનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ અને ચોથા પ્રહરે કરવામાં આવે છે તે કાલિક શ્રુત છે. તેના અનેક પ્રકાર છે. ઉત્તરાધ્યયન સૂત્ર, દશા શ્રુતસ્કંધ સૂત્ર, બૃહત્કલ્પ સૂત્ર, વ્યવહાર સૂત્ર વગેરે એકત્રીસ સૂત્ર કાલિકશ્રુત છે.**

(જેના નંદીસૂત્રમાં નામ છે). વર્તમાન ઉપલબ્ધ બત્રીસ સૂત્રમાંથી ત્રેવીસ કાલિકસૂત્ર છે.

**પઈન્ના** (પ્રકીર્ણક) : ભગવાનના શ્રી મુખેથી તેમના ચાર બુદ્ધિવાળા શિષ્યોએ જે અર્થ સાંભળીને જે રચના કરી છે તે પઈન્ના છે. પઈન્ના કાલિક શ્રુત છે.

જે જે તીર્થંકરના જેટલા શિષ્ય તેટલા પઈન્ના. ભગવાન ઋષભદેવના શિષ્યોના ૮૪,૦૦૦ પઈન્ના, મધ્યના ૨૨ તીર્થંકરના શિષ્યોના સંખ્યાતા હજાર પઈન્ના તથા ભગવાન મહાવીર સ્વામીના શિષ્યોના ૧૪,૦૦૦ પઈન્ના. તથા સર્વ ગણધરના કર્યા તથા પ્રત્યેક બુદ્ધના કર્યા પઈન્ના તે સર્વ કાલિક જાણવા. તે કાલિક શ્રુત છે.

**૨. ઉત્કાલિક શ્રુતઃ** જે સૂત્રનો સ્વાધ્યાય દિવસ રાત્રિના આઠ પ્રહર અન્ય અસજ્ઝાયો ટાળીને થઈ શકે છે, તે અનેક પ્રકારનાં છે. તે દશવૈકાલિક સૂત્ર વગેરે ઓગણત્રીસ પ્રકારના શાસ્ત્ર. (નંદીસૂત્રમાં નામ છે), પણ વર્તમાનમાં ઘણાં વિચ્છેદ છે. વર્તમાન ઉપલબ્ધ બત્રીસ સૂત્રમાંથી નવ ઉત્કાલિક સૂત્ર છે. આવશ્યકસૂત્ર અકાળમાં જ કરવામાં આવે છે કારણ કે તેને કોઈ અસજ્ઝાય લાગુ પડતી નથી તે અસજ્ઝાયની બધી મર્યાદા ઓળંગી ગયેલ છે.

**શ્રુત આજ્ઞાની આરાધનાનું ફળ :**

દ્વાદશાંગી (૧૨ અંગ સૂત્ર) સિદ્ધાંત આચાર્યની પેટી (ગણિ પિટક) સમાન છે. પાંચ મહાવિદેહ ક્ષેત્ર અપેક્ષાએ તે દ્વાદશાંગી ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે.

શ્રુત આજ્ઞાની આરાધના કરી ભૂતકાળે અનંત જીવો સંસાર દુઃખથી મુક્ત થયા છે. વર્તમાનમાં સંખ્યાતા જીવો મુક્ત થઈ રહ્યાં છે. ભવિષ્યકાળે અનંત જીવો મુક્ત થશે.

શ્રુતની વિરાધના કરનાર ત્રણે કાળ અપેક્ષા સંસારમાં પરિભ્રમણ કરે છે.

**શ્રુતજ્ઞાન :** સમુચ્ચય ચાર પ્રકારે છે.

૧. દ્રવ્ય, ૨. ક્ષેત્ર, ૩. કાળ, ૪. ભાવ.

**૧. દ્રવ્યથી** – શ્રુતજ્ઞાની ઉપયોગ સહિત સર્વ દ્રવ્ય જાણે, દેખે.

**૨. ક્ષેત્રથી** – શ્રુતજ્ઞાની ઉપયોગ સહિત સર્વ ક્ષેત્રની વાત જાણે, દેખે.

**૩. કાળથી** – શ્રુતજ્ઞાની ઉપયોગ સહિત સર્વ કાળની વાત જાણે, દેખે.

**૪. ભાવથી** – શ્રુતજ્ઞાની ઉપયોગ સહિત સર્વ ભાવ જાણે, દેખે.

**દેખે :** જેમ પ્રત્યક્ષ દેખાઈ રહ્યું હોય તે પ્રકારે શ્રદ્ધાથી સ્પષ્ટ જુએ છે. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણે તે શ્રુત જ્ઞાનનો ઉત્. વિષય છે.

**ઈતિ શ્રુતજ્ઞાનનું વર્ણન**

## ❋ ૩. અવધિજ્ઞાનનું વર્ણન ❋

**અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્મા દ્વારા (ઈન્દ્રિય અને મનની સહાયતા વિના) રૂપી દ્રવ્યોને જાણનારું જે મર્યાદિત યથાર્થ જ્ઞાન થાય તેને 'અવધિજ્ઞાન' કહે છે.**

**સમકિતીનું જ્ઞાન તે અવધિજ્ઞાન અને મિથ્યાત્વીનું અજ્ઞાન તે વિભંગજ્ઞાન (અવધિઅજ્ઞાન) છે.**

**અવધિજ્ઞાનના મુખ્ય બે ભેદ : [૧] ભવપ્રત્યયિક, [૨] ક્ષાયોપશમિક.**

**[૧] ભવપ્રત્યયિકના બે ભેદ :** ૧ નારકીને, ૨ દેવને હોય. જે ભવના પ્રભાવે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય તે.

**[૨] ક્ષાયોપશમિકના બે ભેદ :** ૧. સંજ્ઞી મનુષ્યનેઃ તે સંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા કર્મભૂમિના કોઈ ગર્ભજ મનુષ્ય, મનુષ્યાણી કે નપુંસકને તપ વગેરેથી ઉત્પન્ન થાય તે. ૨. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનેઃ પર્યાપ્તા, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયને તપ વગેરેથી અવધિજ્ઞાન ઉત્પન્ન થાય તે. (જુગલિયા તિર્યંચને નહીં)

**અવધિજ્ઞાનના વિસ્તારથી છ પ્રકારઃ (૧) આનુગામિક, (૨) અનાનુગામિક, (૩) વર્ધમાન, (૪) હિયમાન, (૫) પ્રતિપાતિ, (૬) અપ્રતિપાતિ.**

(૧) આનુગામિક અવધિજ્ઞાન : જેને થયું હોય તે જ્યાં જાય ત્યાં તે અવધિજ્ઞાન સાથે આવે. (સંખ્યાતા–અસંખ્યાતા યોજન) આ અવધિજ્ઞાન અવધિજ્ઞાનીની સાથે જ રહે છે. ઉદા. હાથમાં રાખેલી ટોર્ચનો પ્રકાશ માણસ જ્યાં જાય ત્યાં તેની સાથે રહે છે તેમ.

તે બે પ્રકારનું છે : **૧. અંતઃગત અવધિજ્ઞાન :** જે અવધિજ્ઞાનથી કોઈ એક દિશાના રૂપી પદાર્થો જાણી શકાય છે તે. **અંતઃગત અવધિજ્ઞાનનાં ત્રણ ભેદ.**

**૧. પુરતઃ અંતઃગત –** તે શરીરની આગળની દિશાને જાણનારું અવધિજ્ઞાન.

**૨. માર્ગતઃ અંતઃગત –** તે શરીરની પાછળની દિશાને જાણનારું અવધિજ્ઞાન.

---

(૧) પક્ષીઓ જન્મથી જ આકાશમાં ઊડે છે, પરંતુ મનુષ્યમાં, વિદ્યાધર આકાશમાં વિદ્યાથી ઊડે અથવા ચારણ લબ્ધિથી ઊડી શકે છે, એ જ રીતે નારકી, દેવતાના ભવમાં અવધિજ્ઞાન ભવપ્રત્યયી છે. મનુષ્ય તિર્યંચમાં અવધિજ્ઞાન લબ્ધિ પ્રત્યયિક છે. (૨) મનુષ્ય, તિર્યંચમાં મૂળગુણ તથા ઉત્તરગુણની સાધનાથી અવધિજ્ઞાન થાય છે માટે તેને ગુણપ્રત્યયથી અવધિજ્ઞાન પણ કહે છે.

૩. પાર્શ્વત: અંત:ગત – તે શરીરની બંને બાજુની દિશાને જાણનારું અવધિજ્ઞાન.
અંત:ગત અવધિજ્ઞાન ઉપર દ્રષ્ટાંત છે :
(૧) જેમ કોઈ પુરુષ દીવો કે ટોર્ચ વગેરે હાથમાં લઈને આગળ રાખી ચાલતો જાય તો આગળ જાણે જુએ. (૨) જો પાછળ રાખે તો પાછળના પદાર્થોને પ્રકાશિત કરે, (૩) તેમ બે પડખે રાખી ચાલે તો બે પડખે જાણે જુએ. જે તરફ રાખે તે તરફ જાણે જુએ, બીજી બાજુ ન જાણે જુએ. આ ત્રણે અવધિજ્ઞાની જે તરફ જાણે જુએ તે તરફ સંખ્યાતા અસંખ્યાતા યોજન સુધી જાણે, જુએ.
૨) મધ્યગત અવધિજ્ઞાન – તે સર્વ દિશા તથા વિદિશા તરફ (ચોતરફ) જાણે જુએ. જેમ દીવો માથે મૂકીને ચાલે તો તે ચોતરફ જાણે જુએ તેમ.
(૨) અનાનુગામિક અવધિજ્ઞાન – જે અવધિજ્ઞાન સાથે ન આવે. જે સ્થાને જેટલાં ક્ષેત્રનું અવધિજ્ઞાન થયું હોય તે જ સ્થાનમાં અને તેટલા ક્ષેત્રમાં અવધિજ્ઞાની સ્થિત થઈને રૂપી દ્રવ્યોને જાણે જુએ. પરંતુ તે અવધિજ્ઞાનના સીમાક્ષેત્રથી દૂર જાય તો ન જાણે, જુએ.
જેમ સ્ટ્રીટ લાઈટનો પ્રકાશ જ્યાં લાઈટનો થાંભલો હોય ત્યાં આસપાસ પ્રકાશ આપે છે, પરંતુ તે પ્રકાશક્ષેત્રથી દૂર જાય તો લાઈટનો પ્રકાશ સાથે આવતો નથી, તેમ તે અવધિજ્ઞાની ચારે દિશામાં સંખ્યાતા, અસંખ્યાતા યોજન જાણે, જુએ.
અનાનુગામિક અવધિજ્ઞાનના બે ભેદ :
૧. સંબદ્ધ (નિરંતર) : જે વચમાં વિક્ષેપ રહિત જાણે, જુએ.
૨. અસંબદ્ધ (સઅંતર) : વચમાં વિક્ષેપ સહિત જાણે, જુએ.

જેમ ક્યાંક આગ લાગી હોય, તેનાથી દૂર ઊભેલો પુરુષ વચ્ચે અંધારું હોવાથી વચ્ચેના ક્ષેત્રને જાણી જોઈ નથી શકતો, પણ જ્યાં આગ લાગી છે તે ક્ષેત્રને જાણી જોઈ શકે છે તેમ.

ઉદા., જેમ કે કોઈને ૧૦ યોજન ક્ષેત્ર જાણી જોઈ શકે તેવું અનાનુગામિક અવધિજ્ઞાન થયું હોય તો તે પોતાના ક્ષેત્રમાં ૧૦ યોજન જાણી જોઈ શકે છે, પંરતુ ત્યાંથી અન્ય ક્ષેત્રમાં ચાલ્યા જવા પર ન જાણે, જુએ તેવી રીતે.

(૩) વર્ધમાન અવધિજ્ઞાન : તે પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી તથા વિશુદ્ધ ચારિત્રના પરિણામે કરી, સર્વ પ્રકારે અવધિજ્ઞાનની વૃદ્ધિ થાય, તેને વર્ધમાન અવધિજ્ઞાન કહે છે. જે અવધિજ્ઞાન પૂર્વે અલ્પ વિષયવાળું હોય અને પરિણામની વિશુદ્ધિની સાથે પ્રશસ્ત અધ્યવસાયથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના વિષયોની મર્યાદામાં વધારો થાય, તે વર્ધમાન અવધિજ્ઞાન. (ઉદા., જેમ પંખાની ઝડપ અનુક્રમથી વધે તે રીતે.)

**અવધિજ્ઞાનનું જઘન્ય ક્ષેત્ર :** સૂક્ષ્મ નિગોદના જીવનું શરીર ત્રણ સમય આહાર લેવા પર જેટલું ક્ષેત્ર અવગાહે (રોકે) તેટલું ક્ષેત્ર જાણે જુએ.

**અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર :** અલોકમાં લોક જેવડાં અસંખ્યાતા ખંડ (ભાગ) ભરાય તેટલું ક્ષેત્ર સર્વ દિશા વિદિશા જાણે જુએ. તેનું સંસ્થાન લાડવાની સમાન ઘનવૃત્ત સમજવું. (જુઓ વિશિષ્ટ સમજણ પાનું ૨૮)

મધ્યમ વર્ધમાન અવધિજ્ઞાનના અનેક ભેદ થાય. વૃદ્ધિ ચાર પ્રકારે થાય.
૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.
વૃદ્ધિનો ક્રમ આ પ્રમાણે : કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, ભાવ.

૧. કાળથી જાણપણું વધે ત્યારે શેષ ત્રણ બોલનું જાણપણું નિયમા વધે.

૨. ક્ષેત્રથી જાણપણું વધે ત્યારે કાળની ભજના તથા દ્રવ્ય, ભાવથી જાણપણાની વૃદ્ધિ નિયમા થાય.

૩. દ્રવ્યથી જાણપણું વધે ત્યારે કાળની તથા ક્ષેત્રની ભજના, ભાવથી વૃદ્ધિ નિયમા.

૪. ભાવથી જાણપણું વધે ત્યારે શેષ ત્રણ બોલની ભજના.

૧. કાળ સૂક્ષ્મ છે. ૨. તેથી ક્ષેત્ર અસંખ્યગુણ સૂક્ષ્મ છે. ૩. તેથી દ્રવ્ય અનંતગુણ સૂક્ષ્મ છે. ૪. દ્રવ્યથી ભાવ અનંતગુણ સૂક્ષ્મ છે. (જુઓ વિશિષ્ટ સમજણ પાનું ૨૭) (ભાવ એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના બોલ સમજવા.)

**(૪) હિયમાન અવધિજ્ઞાન :** તે અપ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે તથા અવિશુદ્ધ ચારિત્રના પરિણામે સર્વ પ્રકારે અવધિજ્ઞાનની હાનિ થાય, તેને હિયમાન અવધિજ્ઞાન કહે છે. જે અવધિજ્ઞાન પૂર્વે અધિક વિષયવાળું હોય અને પછી પરિણામોની અશુદ્ધિથી અલ્પ, અલ્પતર કે અલ્પતમ વિષયવાળું થઈ જાય તે હિયમાન અવધિજ્ઞાન.

કોઈનું અવધિજ્ઞાન એક દિશામાં, કોઈનું અનેક દિશામાં અથવા કોઈનું સર્વ દિશામાં ઘટી શકે છે. એવું જ દ્રવ્ય, કાળ અને ભાવ માટે હિયમાન સમજવું.

જે ઉત્કૃષ્ટ અવધિક્ષેત્રને જાણે જુએ છે અથવા જે અલોકનો એક આકાશપ્રદેશ સુધી જાણવાની જોવાની પણ શક્તિ ધરાવે છે, તેનું અવધિજ્ઞાન હિયમાન ન થાય.

જે અવધિજ્ઞાન હિયમાન કે વર્ધમાન હોય તેને 'અનવસ્થિત' કહે છે. તે અવધિજ્ઞાન મનુષ્ય, તિર્યંચને હોય છે.
જે અવધિજ્ઞાન હિયમાન કે વર્ધમાન ન હોય તેને 'અવસ્થિત' કહે છે.
જેમાં વધઘટ થાય નહીં, સંપૂર્ણ જીવન સુધી સ્થિર રહે તે. તે અવધિજ્ઞાન ચારે

ગતિના જીવોને હોય છે.

**(૫) પ્રતિપાતિ અવધિજ્ઞાન :** જે ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન અમુક સમય પછી કોઈપણ ક્ષણે એક જ વખતે અથવા અનુક્રમે સર્વથા નાશ પામે તે પ્રતિપાતિ અવધિજ્ઞાન. ઉદા. ૧. દીવો જેમ પવનને યોગે એક જ વખતે બુઝાઈ જાય તેમ. ૨. જેમ ગેસની કોઠીનો ગેસ અનુક્રમે ખાલી થાય તેમ. (જેમ પંખો અનુક્રમે બંધ થાય તેમ.)

જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગથી ઉ. સંપૂર્ણ લોકને જાણવાની જોવાની જેનામાં શક્તિ હોય, તે તેના વિષયને જોયા જાણ્યા પછી ગમે ત્યારે અવધિજ્ઞાન લુપ્ત થઈ શકે છે, તે પ્રતિપાતિ અવધિજ્ઞાન છે. (જુઓ વિશિષ્ટ સમજણ પાનું ૨૬)

**(૬) અપ્રતિપાતિ અવધિજ્ઞાન :** જે ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન જાય નહીં સંપૂર્ણ ભવ સુધી રહે અથવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી રહે તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન.

તે સંપૂર્ણ ચૌદ રાજલોક જાણે, જુએ અને અલોકમાં એક આકાશપ્રદેશ માત્ર ક્ષેત્રની વાત જાણે, જુએ તો અવધિજ્ઞાનથી પડે નહીં. એમ બે પ્રદેશ, ત્રણ પ્રદેશ યાવત્ લોક પ્રમાણ અસંખ્યાત ખંડ જાણવા જોવાની શક્તિ થાય, તેને અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય. (શક્તિ છે પણ અલોકમાં રૂપી પદાર્થ નથી તેથી જાણતા જોતા નથી.) અપ્રતિપાતિ અવધિજ્ઞાન તીર્થંકર આદિને જન્મથી હોય.

**સમુચ્ચય અવધિજ્ઞાનના ચાર પ્રકાર છે.**

| અવધિજ્ઞાની | જઘન્ય વિષય જાણે જુએ | ઉત્કૃષ્ટ વિષય જાણે જુએ |
|---|---|---|
| ૧. દ્રવ્યથી | અનંત રૂપી દ્રવ્ય | સર્વ રૂપી દ્રવ્ય જાણે, જુએ |
| ૨. ક્ષેત્રથી | આંગુલનો અસંખ્યાતમો ભાગ | અલોકમાં લોક જેવડા અસંખ્યાત ખંડો જાણે, જુએ |
| ૩. કાળથી | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | અતીત, અનાગત અસંખ્યાત ઉત્સર્પિણી, અવસર્પિણી કાળ જાણે, જુએ |
| ૪. ભાવથી | અનંત ભાવ | અનંત ભાવ. પરંતુ સર્વ ભાવના અનંતમાં ભાગને (વર્ણ વગેરે પર્યાયને) જાણે, જુએ |

<u>વિષય દ્વાર શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પદ ૩૩ ના આધારે</u>

અવધિજ્ઞાનના સંસ્થાન (ક્ષેત્રનો આકાર) – (જુઓ વિશેષ સમજણ ૨૯)

| | |
|---|---|
| ૧. નારકીને | ત્રાપાને આકારે, |
| ૨. ભવનપતિને | પાલાને આકારે, |
| ૩. મનુષ્ય–તિર્યંચને | વિવિધ આકારે, |

| | |
|---|---|
| ૪. વ્યંતરને | પટહ (ઢોલ) વાજિંત્રને આકારે, |
| ૫. જ્યોતિષીને | ઝાલરને આકારે, |
| ૬. બાર દેવલોકના દેવને | ઊર્ધ્વ મૃદંગને આકારે, |
| ૭. નવ ગ્રૈવેયકના દેવને | ફૂલની ચંગેરીને (ટોપલી,ગુચ્છો) આકારે, |
| ૮. પાંચ અનુત્તર | વિમાનના દેવને જવનાલિકા, કન્યાની કંચુકીને આકારે છે. |

## અવધિજ્ઞાનનો વિષય(જાણવા જોવાની શક્તિ)નો કોઠો

| અવધિજ્ઞાની | જઘન્ય ક્ષેત્ર | ઉત્કૃષ્ટ ક્ષેત્ર |
|---|---|---|
| રત્નપ્રભાના નારકી | ૩ // ગાઉ | ૪ ગાઉ |
| શર્કરાપ્રભાના નારકી | ૩ ગાઉ | ૩ // ગાઉ |
| વાલુકાપ્રભાના નારકી | ૨ // ગાઉ | ૩ ગાઉ |
| પંકપ્રભાના નારકી | ૨ ગાઉ | ૨ // ગાઉ |
| ધૂમ્રપ્રભાના નારકી | ૧ // ગાઉ | ૨ ગાઉ |
| તમઃ પ્રભાના નારકી | ૧ ગાઉ | ૧ // ગાઉ |
| તમઃતમઃપ્રભાના નારકી | ૦ // ગાઉ | ૧ ગાઉ |
| અસુરકુમાર દેવ | ૨૫ યોજન | અસંખ્યાતા દ્વીપ સમુદ્ર |
| ૯ નિકાયના દેવ | ૨૫ યોજન | સંખ્યાતા દ્વીપ સમુદ્ર |
| વાણવ્યંતરના દેવ | ૨૫ યોજન | સંખ્યાતા દ્વીપ સમુદ્ર |
| જ્યોતિષી દેવ | સંખ્યાતા દ્વીપ સમુદ્ર | સંખ્યાતા દ્વીપ સમુદ્ર |
| ૧-૨ દેવલોકના દેવ | આંગુલનો અસં.ભાગ | પહેલી નરકનો નીચેનો ચરમાંત |
| ૩-૪ દેવલોકના દેવ | આંગુલનો અસં.ભાગ | બીજી નરકનો નીચેનો ચરમાંત |
| ૫-૬ દેવલોકના દેવ | આંગુલનો અસં.ભાગ | ત્રીજી નરકનો નીચેનો ચરમાંત |
| ૭-૮ દેવલોકના દેવ | આંગુલનો અસં.ભાગ | ચોથી નરકનો નીચેનો ચરમાંત |
| ૯-૧૨ દેવલોકના દેવ | આંગુલનો અસં.ભાગ | પાંચમી નરકનો નીચેનો ચરમાંત |
| | (જુઓ વિશેષ સમજણ | પાનું ૨૯) |
| ૧-૬ ગ્રૈવેયકના દેવો | આંગુલનો અસં.ભાગ | છઠ્ઠી નરકનો નીચેનો ચરમાંત |

**અવધિજ્ઞાનનો આકાર : (૧) ત્રાપાને આકારે :** લાંબુ અને ત્રિકોણ લાકડું અથવા ત્રિપાઈના આકારનું. (૨) પાલા : ધાન્ય ભરવાનું એક પાત્ર. નીચે ઉપર લાંબુ અને ઉપરના ભાગમાં જરાક સાંકડું હોય છે. (૩) પટહ : એક ઢોલ વિશેષના આકારનું. (૪) ઝાલર : ખંજરીના આકારનું. ચામડાથી મઢેલું, ગોળાકાર તેમ જ ચારે બાજુ ઘૂઘરી બાંધેલું એક વાજિંત્ર વિશેષ.

| | | |
|---|---|---|
| ૭-૯ ગ્રૈવેયકના દેવો | આંગુલનો અસં.ભાગ | સાતમી નરકનો નીચેનો ચરમાંત |
| ૫ અનુત્તરના દેવો | જ. ઉ. ચૌદ રાજલોકમાં કાંઈક ઓછું. | |
| સંજ્ઞી તિર્યંચ પંચે. | આંગુલનો અસં.ભાગ | અસંખ્યાતા દ્વીપ સમુદ્ર |
| સંજ્ઞી મનુષ્ય | આંગુલનો અસં.ભાગ | અલોકમાં લોક જેવડા અસંખ્યાતા ખંડ |

**નોંધ : (૧) વૈમાનિક દેવો ઊંચે પોતપોતાના વિમાનની ધ્વજા સુધી જાણે જુએ. ત્રિચ્છાલોકમાં ૧ સાગર ન્યૂન આયુષ્યવાળા દેવો સંખ્યાતા દ્વીપ સમુદ્ર જાણે જુએ અને ૧ સાગર કે તેથી અધિક સાગરોપમના આયુષ્યવાળા દેવો અસંખ્યાતા દ્વીપ સમુદ્ર જાણે જુએ.**

## અવધિજ્ઞાનના પ્રકારનું કોષ્ટક

| અવધિજ્ઞાન ૪ ગતિમાં | આનુ-ગામિક | અનાનુ ગામિક | વર્ધ-માન | હિય-માન | પ્રતિ-પાતિ | અપ્રતિ પાતિ | અવ-સ્થિત | અનવ સ્થિત |
|---|---|---|---|---|---|---|---|---|
| નારકી/દેવમાં | ✓ | × | × | × | × | ✓ | ✓ | × |
| તિર્યંચ/મનુષ્ય | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

**અવધિજ્ઞાન આભ્યંતર, બાહ્ય, દેશથી, સર્વથી :**

| અવધિજ્ઞાન | આભ્યંતર અવધિ | બાહ્ય અવધિ | દેશ અવધિ | સર્વ અવધિ |
|---|---|---|---|---|
| નારકીમાં | લાભે (✓) | ન લાભે (×) | લાભે (✓) | ન લાભે (×) |
| દેવતામાં | લાભે (✓) | ન લાભે (×) | લાભે (✓) | ન લાભે (×) |
| તિર્યંચમાં | ન લાભે (×) | લાભે (✓) | લાભે (✓) | ન લાભે (×) |
| મનુષ્યમાં | લાભે (✓) | લાભે (✓) | લાભે (✓) | લાભે (✓) |

## ઈતિ અવધિજ્ઞાનનું વર્ણન.

---

**આભ્યંતર અવધિજ્ઞાન :** (૧) જે જન્મથી સાથે હોય.
(૨) જે અવધિજ્ઞાની અવધિજ્ઞાન દ્વારા પ્રકાશિત ક્ષેત્રની અંદર જ હોય તેને નિરંતર અવધિજ્ઞાન સાથે રહે છે. **બાહ્ય અવધિજ્ઞાન :** (૧) જે જન્મ પછી પાછળથી ઉત્પન્ન થાય છે. (૨) જે અવધિજ્ઞાની અવધિજ્ઞાન દ્વારા પ્રકાશિત ક્ષેત્રની બહાર હોય તેને નિરંતર અવધિજ્ઞાન સાથે રહેતું નથી. **દેશ અવધિજ્ઞાન :** અવધિજ્ઞાનના ઉત્કૃષ્ટ વિષય(પરમ અવધિજ્ઞાન)થી કંઈક ન્યૂન વિષયનું અવધિજ્ઞાન. **સર્વ અવધિજ્ઞાન :** અવધિજ્ઞાનના સર્વ ઉત્કૃષ્ટ વિષયને પૂર્ણરૂપે જાણનારું અવધિજ્ઞાન. તેનું બીજું નામ પરમ અવધિજ્ઞાન છે. જો પરમ અવધિજ્ઞાન થાય તો પછી નિયમા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. પરમ અવધિજ્ઞાનીના ગુણસ્થાન છ થી દશ અને બારમું. વિભંગજ્ઞાન ઉ. અનંતી વાર આવી શકે, અવધિજ્ઞાન ઉ. અસંખ્ય વાર આવી શકે.

## ❋ ૪. મનઃપર્યવજ્ઞાનનો વિસ્તાર ❋

**મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના વ્યક્ત મનના પરિચિંતિત ભાવોને જાણે તે જ્ઞાન મનઃપર્યવજ્ઞાન છે.**

(૧) દરેક તીર્થંકર દીક્ષા લે ત્યારે તરત આ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

(૨) મનઃપર્યવજ્ઞાન આત્માથી પ્રત્યક્ષ છે. તે દ્રવ્ય મનને સાક્ષાત્ જાણે છે.

(૩) મનુષ્યક્ષેત્ર (અઢીદ્વીપ)નાં પ્રાણીઓના મનમાં ચિંતિત અર્થને પ્રગટ કરે છે.

(૪) શાંતિ, સંયમ આદિ ગુણ આ જ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે.

(૫) ચારિત્રવાન, અપ્રમત્ત સંયમીને જ ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન માત્ર સાધુ અને સાધ્વીને જ ઉત્પન્ન થાય છે.

**મનઃપર્યવજ્ઞાન કોને ઉત્પત્ર થાય ?**

૧. મનુષ્ય, ૨. સંજ્ઞી (ગર્ભજ), ૩. કર્મભૂમિના, ૪. સંખ્યાતા વર્ષનાં આયુષ્યવાળા, ૫. પર્યાપ્ત, ૬. સમ્યક્ દ્રષ્ટિ, ૭. સંયતિ, ૮. અપ્રમત્ત સંયતિ, ૯. લબ્ધિવાન. આ ૯ બોલ હોય તેને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય.

અમનુષ્ય, અસંજ્ઞી, અકર્મભૂમિના, અસંખ્યાતા વર્ષનાં આયુષ્યવાળાંને, અપર્યાપ્ત, મિથ્યાદ્રષ્ટિ, સમમિથ્યાદ્રષ્ટિ, અવ્રતી, દેશવિરતિ, પ્રમત્ત સંયતિ, અલબ્ધિવાળાને ઉત્પન્ન ન થાય. (જુઓ પાનું-૨૯)

**મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે છે :**

(૧) ૠજુમતિ મનઃપર્યવજ્ઞાન : ૠજુમતિ તે સામાન્યપણે જાણે દેખે,

(૨) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન : વિપુલમતિ તે વિશેષપણે જાણે દેખે.

જાણે દેખે જ્ઞાનનારૂપમાં છે.

**મનઃપર્યવજ્ઞાનનો વિષય ચાર પ્રકારે છે.**

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

**૧. દ્રવ્યથી** ૠજુમતિ અનંત પ્રદેશી અનંત સ્કંધ, મનનાં પરિણામો સામાન્યથી જાણે દેખે. વિપુલમતિ તેથી અધિક, સ્પષ્ટ (નિર્ણય સહિત), વિપુલ જાણે દેખે.

---

(૧) અઠ્ઠાવીસ લબ્ધિમાં અવધિજ્ઞાન પણ એક લબ્ધિ છે. (૨) મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય તે પૂર્વે અવધિજ્ઞાન હોવું જરૂરી નથી. (૩) ત્રણ જ્ઞાનના ધારકને મતિ, શ્રુત, અવધિજ્ઞાન પણ હોઈ શકે અથવા મતિ, શ્રુત અને મનઃપર્યવ જ્ઞાન પણ હોઈ શકે. (૪) મનઃપર્યવજ્ઞાન ઉ. સાધુના આઠેય ભવમાં આવી શકે છે. મનઃપર્યવજ્ઞાન સાધ્વીને પણ થાય છે. મનઃપર્યવજ્ઞાનના ગુણસ્થાન ૬ થી ૧૨. (૫) જેમ ભાષાના પુદ્ગલ આખા લોકમાં ફેલાઈ જાય છે તેમ મનનાં પુદ્ગલ પણ આખા લોકમાં એ જ રીતે ફેલાઈ જાય છે. (૬) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન આવેલું જાય નહીં.

૨. ક્ષેત્રથી ઋજુમતિ જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નીચે રત્નપ્રભાના પ્રથમ કાંડ (ભાગ)નો ઉપરનો નાનો પ્રતર તેના નીચેના તળિયા સુધી, (સમભૂમિથી ૧૦૦૦ યોજન નીચે) ઉર્ધ્વ જ્યોતિષીના ઉપરના તળ સુધી જાણે દેખે. (સમભૂમિથી ૯૦૦ યોજન ઊંચું) ત્રિછું દેખે તો મનુષ્ય ક્ષેત્રમાં અઢીદ્વીપ તથા બે સમુદ્રને વિષે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોગત ભાવ જાણે દેખે.

ઉત્કૃષ્ટ ક્ષેત્રમાં વિપુલમતિ ઋજુમતિથી અઢી આંગુલ અધિક ક્ષેત્ર વિશેષ અધિક, સ્પષ્ટ, વિપુલ, જાણે દેખે.

૩. કાળથી ઋજુમતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગની ભૂત, ભવિષ્યકાળ ની વાત જાણે દેખે, ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની ભૂત, ભવિષ્યકાળ ની વાત જાણે દેખે.

વિપુલમતિ ઋજુમતિથી અધિક, સ્પષ્ટ, વિપુલ જાણે દેખે.

૪. ભાવથી ઋજુમતિ જઘન્ય અનંત દ્રવ્યના ભાવ (વર્ણાદિ પર્યાય) ને જાણે દેખે, ઉત્કૃષ્ટ સર્વ ભાવોના અનંતમા ભાગને જાણે દેખે.(જઘન્ય કરતા અનંતગુણ અધિક)

વિપુલમતિ તેથી અધિક, સ્પષ્ટ, વિપુલ જાણે દેખે.

**ઈતિ મનઃપર્યવજ્ઞાન**

## ❋ ૫. કેવળજ્ઞાનનું વર્ણન ❋

**કેવળજ્ઞાન :** કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્યોના, સર્વ ગુણોની, સર્વ પર્યાયોને આત્મા દ્વારા એકસાથે જાણે દેખે તે.

કેવળજ્ઞાન સંપૂર્ણ દ્રવ્ય પરિણામનું, ઉદય આદિ સર્વ ભાવોનું, સર્વ ગુણોનું જ્ઞાન કરાવનાર છે, અંત રહિત છે, શાશ્વત છે, સદાકાળ છે, અપ્રતિપાતિ છે.

આ કેવળજ્ઞાન નોઈન્દ્રિય પ્રત્યક્ષ / આત્મ પ્રત્યક્ષ જ્ઞાન છે.

**કેવળજ્ઞાનના બે ભેદ :** (૧) ભવસ્થ કેવળજ્ઞાન, (૨) સિદ્ધ કેવળજ્ઞાન.

**૧) ભવસ્થ કેવળજ્ઞાન :** જે મનુષ્ય ભવમાં રહેલાં છે તેનું કેવળજ્ઞાન તે ભવસ્થ.

તેનાં બે ભેદ છે. ૧. સયોગી ભવસ્થ કેવળજ્ઞાન, ૨. અયોગી ભવસ્થ કેવળજ્ઞાન.

**૧. સયોગી ભવસ્થ કેવળજ્ઞાન :** સયોગી કેવળી નામના ૧૩મા ગુણસ્થાનમાં રહેલા કેવળીનું કેવળજ્ઞાન તે સયોગી ભવસ્થ. તેના ચાર ભેદ :

**(૧) પ્રથમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન :** કેવળજ્ઞાનનો પ્રથમ સમય.

(૨) અપ્રથમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન : પ્રથમ સમય સિવાયના સયોગી.
(૩) ચરમ સમય સયોગી ભવસ્થ : સયોગીના અંતિમ સમયનું કેવળજ્ઞાન.
(૪) અચરમ સમય સયોગી ભવસ્થ : સયોગીના અંતિમ સમય પહેલાના સમયનું કેવળજ્ઞાન.
૨. અયોગી ભવસ્થ કેવળજ્ઞાન : અયોગી કેવળી નામના ચૌદમા ગુણસ્થાનમાં રહેલા કેવળીનું કેવળજ્ઞાન તે. તેના ચાર ભેદ :
(૧) પ્રથમ સમય અયોગી ભવસ્થ કેવળજ્ઞાનઃ અયોગી કેવળી ગુણસ્થાનના કેવળજ્ઞાનનો પ્રથમ સમય.
(૨) અપ્રથમ સમય અયોગી ભવસ્થ કેવળજ્ઞાનઃ પ્રથમ સમય સિવાયના અયોગી કેવળી ગુણસ્થાનના.
(૩) ચરમ સમય અયોગી ભવસ્થઃ ચૌદમા ગુણસ્થાનના અયોગી કેવળીના અંતિમ સમયનું કેવળજ્ઞાન.
(૪) અચરમ સમય અયોગી ભવસ્થઃ ચૌદમા ગુણસ્થાનના અયોગી કેવળીના અંતિમ સમય પહેલાંના સમયનું કેવળજ્ઞાન.
(૨) સિદ્ધ કેવળજ્ઞાનઃ જે આઠ કર્મ ક્ષય કરી મોક્ષ ગયા તેમનું કેવળજ્ઞાન તે સિદ્ધ કેવળજ્ઞાન. તેના બે ભેદ છે.
૧. અનંતર સિદ્ધ કેવળજ્ઞાન : જેમને સિદ્ધ થયાને એક જ સમય થયો હોય તેમના જ્ઞાનને અનંતર સિદ્ધ કેવળજ્ઞાન કહે છે. તેના પંદર ભેદ છે :

૧. તીર્થ સિદ્ધ, ૨. અતીર્થ સિદ્ધ, ૩. તીર્થંકર સિદ્ધ, ૪. અતીર્થંકર સિદ્ધ, ૫. સ્વયંબુદ્ધ સિદ્ધ, ૬. પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, ૭. બુદ્ધબોધિત સિદ્ધ, ૮. સ્ત્રીલિંગ સિદ્ધ, ૯. પુરુષલિંગ સિદ્ધ, ૧૦. નપુંસકલિંગ સિદ્ધ, ૧૧. સ્વલિંગ સિદ્ધ, ૧૨. અન્યલિંગ સિદ્ધ, ૧૩. ગૃહસ્થલિંગ સિદ્ધ, ૧૪. એક સિદ્ધ, ૧૫. અનેક સિદ્ધ.

૨. પરંપર સિદ્ધ કેવળજ્ઞાન : જેમને સિદ્ધ થયાને એક સમયથી અધિક સમય થયો હોય તેમના કેવળજ્ઞાનને પરંપર સિદ્ધ કેવળજ્ઞાન કહે છે. તેના અનેક ભેદ છે. જેમ કે (૧) દ્વિસમય સિદ્ધ, (૨) ત્રિસમય સિદ્ધ, યાવત્ (૩) સંખ્યાત સમય સિદ્ધ, (૪) અસંખ્યાત સમય સિદ્ધ, (૫) અનંત સમય સિદ્ધ.
તે કેવળજ્ઞાન સમુચ્ચય ચાર પ્રકારે છે. ૧. દ્રવ્ય, ૨. ક્ષેત્ર, ૩. કાળ, ૪. ભાવ.
૧. દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વ રૂપી અરૂપી દ્રવ્ય જાણે, દેખે.
૨. ક્ષેત્રથી કેવળજ્ઞાની સર્વ ક્ષેત્ર (લોકાલોક)ની વાત જાણે, દેખે.
૩. કાળથી કેવળજ્ઞાની સર્વ કાળની ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણ કાળની વાત જાણે, દેખે.

૪. ભાવથી કેવળજ્ઞાની સર્વ રૂપી–અરૂપી દ્રવ્યના ભાવને (ઉદય આદિ છ ભાવોને) સર્વ પ્રકારે જાણે, દેખે.

કેવળજ્ઞાન આવરણ રહિત, વિશુદ્ધ, લોકાલોક પ્રકાશક, એક જ પ્રકારે સર્વ કેવળીને હોય.

તે કેવળી, તીર્થંકર પ્રવચન વચનયોગથી કરે છે તે દ્રવ્ય શ્રુત છે.

**ઈતિ કેવળજ્ઞાનનું વર્ણન. ઈતિ પાંચ જ્ઞાન**

## મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે અંતર

૧. મતિજ્ઞાન સર્વ કાળની વાત સમાન્ય ઉપદેશે જાણે પણ દેખે નહીં. શ્રુતજ્ઞાન સર્વ કાળની વાત જાણે અને દેખે. ૨. મતિજ્ઞાન કારણ છે અને શ્રુતજ્ઞાન કાર્ય છે. ૩. મતિ એ સૂતર વગેરેનાં તાર સમાન છે. શ્રુત સૂતરના તારમાંથી બનાવેલ વસ્ત્ર સમાન છે.

## અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન વચ્ચે તફાવત

| | અવધિજ્ઞાન | મનઃપર્યવજ્ઞાન |
|---|---|---|
| ૧. દ્રવ્ય | સર્વ રૂપી પદાર્થોને જાણે દેખે. | મનોવર્ગણાના અગુરુલઘુ સૂક્ષ્મ રૂપી દ્રવ્યોને જાણે, દેખે. |
| ૨. ક્ષેત્ર | જ. આંગુલનો અસં. ભાગ ઉ. અલોકમાં લોક જેવડા અસંખ્ય ખંડ | જ. આંગુલનો અસં.મો ભાગ ઉ. મનુષ્ય ક્ષેત્ર. |
| ૩. પ્રત્યય | ભવપ્રત્યય કે ક્ષયોપશમથી હોય | નિયમા ક્ષયોપશમથી જ હોય. |
| ૪. સ્વામી | ચારે ગતિના જીવોને થઈ શકે ૨, ૪ થી ૧૨ ગુણ. સુધી હોઈ શકે. | લબ્ધિવાન અપ્રમત્ત સાધુને જ થાય. ૬ થી ૧૨ ગુણ. સુધી હોઈ શકે. |
| ૫. શુદ્ધિ | મનઃપર્યવની અપેક્ષા અશુદ્ધ છે | અવધિ કરતાં અધિક વિશુદ્ધ છે. |
| ૬. પરભવ | પરભવમાં સાથે જઈ શકે છે. | પરભવમાં ન જાય, આ ભવ સુધી જ રહે. |
| ૭. દર્શન | અવધિદર્શનથી જુએ છે. અવધિજ્ઞાનથી જાણે છે. | મનઃપર્યવથી જોવું અને જાણવું બંને ક્રિયા થાય છે. |
| ૮. સમકિત | સમકિતીના જ્ઞાનને અવધિજ્ઞાન, મિથ્યાત્વીના જ્ઞાનને વિભંગજ્ઞાન કહે છે. | માત્ર સમકિતી સાધુને જ હોય છે. માટે મિથ્યાત્વીને હોતું જ નથી. |
| ૯. વિરતિ | અવિરતિ, સમકિતી, પ્રમાદિ, અપ્રમાદિ સર્વને હોઈ શકે છે. | પ્રમાદિ, અપ્રમાદિ સર્વ વિરતિને હોઈ શકે અવિરતિ, દેશવિરતિને ન હોય. |

## ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનનું અંતર

| ઋજુમતિ | વિપુલમતિ |
|---|---|
| ૧. વિપુલમતિ કરતાં અવિશુદ્ધ જાણે દેખે. | ઋજુમતિ કરતાં વિશુદ્ધતર, વિપુલતર જાણે, દેખે. |
| ૨. અઢી આંગુલ ક્ષેત્ર ઓછું જાણે દેખે. | અઢી આંગુલ ક્ષેત્ર અધિક જાણે દેખે. |
| ૩. વર્ધમાન થઈ વિપુલમતિ થઈ શકે. | હિયમાન થઈ ઋજુમતિ ન થઈ શકે. |
| ૪. પડિવાઈ, અપડિવાઈ બન્ને હોય. | અપડિવાઈ જ હોય. (આવેલું જાય નહીં) |

ઉ. ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન બંને આનુગામિક, મધ્યગત અને સંબદ્ધ (અવધિજ્ઞાનના ભેદની જેમ) હોય છે.

**ઈતિ પાંચ જ્ઞાનનું વિવેચન.**

## પાંચ જ્ઞાન વિશેષ સમજણ (પરીક્ષામાં પુછાશે નહીં)

**૧. અવધિજ્ઞાન કાળથી ક્ષેત્ર, દ્રવ્ય અને ભાવ સૂક્ષ્મ છે તેની સમજણ**

**૧. કાળ સૂક્ષ્મ છે.** જેમ કોઈ પુરુષ કમળનાં અનેક પાનને ધારદાર તીક્ષ્ણ શસ્ત્રથી વીંધે, એ વીંધતાં એક પાનથી બીજા પાનમાં શસ્ત્ર પહોંચતાં અસંખ્યાતા સમય થઈ જાય છે, કાળ એટલો સૂક્ષ્મ છે.

**૨. તેથી ક્ષેત્ર અસંખ્યગણું સૂક્ષ્મ છે.** જેમ એક આંગુલ જેટલા ક્ષેત્રમાં આકાશપ્રદેશની અસંખ્યાતી શ્રેણી છે. એકેક શ્રેણીમાં અસંખ્યાતા આકાશપ્રદેશ છે. તેમાંથી સમયે સમયે એક એક આકાશપ્રદેશને બહાર કાઢવામાં આવે તો અસંખ્યાતા કાળચક્ર પસાર થઈ જાય છે, માટે ક્ષેત્ર સૂક્ષ્મ છે.

**૩. તેથી દ્રવ્ય અનંતગુણ સૂક્ષ્મ છે.** એક એક આકાશપ્રદેશ પર અનંત પરમાણુઓ તથા બેપ્રદેશી, ત્રણપદેશી યાવત્ અનંત પ્રદેશી સ્કંધરૂપ અનંત દ્રવ્ય એકસાથે અબાધિત થઈને એક જ ક્ષેત્રમાં રહે છે. માટે દ્રવ્ય સૂક્ષ્મ છે.

**૪. તેથી ભાવ અનંતગુણ સૂક્ષ્મ છે.** ઉપર જે દ્રવ્યો કહ્યાં છે તે એકેક દ્રવ્યમાં અનંત પર્યવ (ભાવ) છે. તે જેમ એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ છે. તેમાં ૧ વર્ણમાં અનંત પર્યવ છે. તે એકગુણ કાળો, બેગુણ કાળો, ત્રણગુણ કાળો યાવત્ અનંતગુણ કાળો છે. એમ પાંચે વર્ણમાં, બે ગંધમાં, પાંચ રસમાં અને આઠ સ્પર્શમાં અનંત પર્યવ છે. બેપ્રદેશી સ્કંધમાં ૨ વર્ણ, ૨ ગંધ, ૨ રસ, ૪ સ્પર્શ છે. એમ સર્વ દ્રવ્યમાં કુલ અનંત પર્યવ છે. સર્વ દ્રવ્યના પર્યવ ભેગા કરીએ પછી સમય સમય પ્રતિ એકેક પર્યવને કાઢતા અનંત કાળચક્ર થાય ત્યારે પરમાણુ દ્રવ્યના પર્યવ પૂરા થાય એમ બે પ્રદેશી સ્કંધોના પર્યવ, ત્રણ પ્રદેશી સ્કંધોના પર્યવ યાવત્ અનંત પ્રદેશી સ્કંધોના પર્યવ કાઢતાં અનંત અનંત કાળચક્ર જાય છે. કેમ કે તેના સ્કંધોમાં અનંત પરમાણુ છે અને તે દરેક પરમાણુ વર્ણ, ગંધ, રસની અપેક્ષાએ અનંત પર્યવ થઈ શકે છે માટે ભાવ સૂક્ષ્મ છે.

૨. અવધિજ્ઞાનની પૂર્વે ચાર પ્રકારની વૃદ્ધિની રીત કહી તેમાં ક્ષેત્ર અને કાળથી ભૂત અને ભવિષ્ય કેવી રીતે વર્ધમાન થાય તે બતાવે છે.

| ક્રમ | ક્ષેત્રથી જાણે અને દેખે | તે કાળથી જાણે અને દેખે ભૂત, ભવિષ્ય |
|---|---|---|
| ૧ | આંગુલનો અસંખ્યાતમો ભાગ | આવલિકાનો સંખ્યાતમો ભાગ |
| ૨ | આંગુલનો સંખ્યાતમો ભાગ | આવલિકાનો સંખ્યાતમો ભાગ |
| ૩ | એક આંગુલ (પ્રમાણ) ક્ષેત્ર | આવલિકામાં કાંઈક ન્યૂન (ઓછું) |
| ૪ | પૃથક્ આંગુલની | એક આવલિકા સંપૂર્ણ |
| ૫ | ૧ હાથ પ્રમાણે | અંતર્મુહૂર્ત (મુહૂર્તમાં ન્યૂન) |
| ૬ | ૧ ધનુષ્ય પ્રમાણે | પ્રત્યેક મુહૂર્ત |
| ૭ | ૧ ગાઉ પ્રમાણ | એક દિવસમાં કાંઈક ન્યૂન |
| ૮ | ૧ યોજન પ્રમાણ | પ્રત્યેક દિવસ |
| ૯ | પચીસ યોજન | એક પક્ષમાં ન્યૂન |
| ૧૦ | ભરત ક્ષેત્ર | ૧ પક્ષ પૂર્ણ (૧૫ દિવસ) |
| ૧૧ | જંબૂદ્વીપ (૧ લાખ યોજન) | ૧ માસ ઝાઝેરો |
| ૧૨ | અઢીદ્વીપ (૪૫ લાખ યોજન) | ૧ વર્ષ |
| ૧૩ | પંદરમા રૂચક દ્વીપ સુધી | પૃથક વર્ષ |
| ૧૪ | સંખ્યાતા દ્વીપ સમુદ્ર | સંખ્યાતા કાળ |
| ૧૫ | અસંખ્યાતા દ્વીપ સમુદ્ર | અસંખ્યાતાકાળની વાત જાણે અને દેખે |

એ પ્રમાણે ઊર્ધ્વલોક, અધોલોક, તિર્યક્લોક એ ત્રણે લોકમાં વધતાં વર્ધમાન પરિણામે અલોકમાં અસંખ્યાતા લોક પ્રમાણે ખંડો જાણવાની શક્તિ પ્રગટ થાય. એ વર્ધમાન અવધિજ્ઞાન. વર્ધમાન અવધિજ્ઞાનમાં ક્ષેત્ર વધતાં કાળ વધે.

**૩. વર્ધમાન અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર :** તેઉકાયના જીવો ચાર પ્રકારના છે. ૧. સૂક્ષ્મ અપર્યાપ્તા, ૨. સૂક્ષ્મ પર્યાપ્તા, ૩. બાદર અપર્યાપ્તા, ૪. બાદર પર્યાપ્તા. આ ચારે પ્રકારના જીવોની લોકમાં જ્યારે ઉત્કૃષ્ટ સંખ્યા થાય ત્યારે તે દરેક જીવને તેની અવગાહના પ્રમાણે આકાશપ્રદેશ પર લગાતાર એક પંક્તિમાં રાખવા. તેની શ્રેણી બનાવી, તે શ્રેણીને ત્રિજ્યા બનાવી ચારે બાજુ ઘુમાવવામાં આવે. તેની પરિધિમાં જેટલા લોકાકાશ અને અલોકાકાશનો સમાવેશ થાય તેટલું ક્ષેત્ર ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનું જાણવું.

**પ્રતિપાતિ અવધિજ્ઞાનનો વિષય : તે જઘન્ય**

| | | |
|---|---|---|
| ૧. આંગુલનો અસં.મો ભાગ, | ૧૩. પગ, | ૨૫. યોજન, |
| ૨. આંગુલનો સં.મો ભાગ, | ૧૪. પૃથક્ પગ, | ૨૬. પૃથક્ યોજન, |
| ૩. વાલાગ્ર, | ૧૫. વહેત, | ૨૭. સો યોજન, |
| ૪. પૃથક્ વાલાગ્ર, | ૧૬. પૃથક્ વહેત, | ૨૮. પૃથક્ સો યોજન, |
| ૫. લીખ, | ૧૭. હાથ, | ૨૯. સહસ્ર યોજન, |
| ૬. પૃથક્ લીખ, | ૧૮. પૃથક્ હાથ, | ૩૦. પૃથક્ સહસ્ર યોજન, |
| ૭. યૂંકા (જૂ), | ૧૯. કુક્ષિ (બે હાથ), | ૩૧. લક્ષ યોજન, |
| ૮. પૃથક્ જૂ | ૨૦. પૃથક્ કુક્ષિ, | ૩૨. પૃથક્ લક્ષ યોજન, |
| ૯. જવ, | ૨૧. ધનુષ્ય, | ૩૩. ક્રોડ યોજન, |
| ૧૦. પૃથક્ જવ, | ૨૨. પૃથક્ ધનુષ્ય, | ૩૪. પૃથક્ ક્રોડ યોજન, |
| ૧૧. આંગુલ, | ૨૩. ગાઉ, | ૩૫. ક્રોડા ક્રોડ યોજન, |
| ૧૨. પૃથક્ આંગુલ, | ૨૪. પૃથક્ ગાઉ, | ૩૬. પૃથક્ ક્રોડા ક્રોડ યોજન. |

એ પ્રમાણે ક્ષેત્ર અવધિજ્ઞાનથી જાણે જુએ, પછી નાશ પામે. ઉત્કૃષ્ટ લોક પ્રમાણ ક્ષેત્ર જાણે જુએ, પછી નાશ પામે.

હિયમાન અવધિજ્ઞાનમાં ક્ષેત્રથી ઘટે ત્યારે કાળથી ભજનાએ ઘટે.

**૪. દેવતામાં અવધિજ્ઞાનનો વિષય :** ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી દેવોના અવધિજ્ઞાનમાં ક્ષેત્ર અને સૂક્ષ્મતાની અપેક્ષાએ વૈમાનિકની અપેક્ષા ભિન્નતા છે. વૈમાનિક દેવોમાં વિશિષ્ટ અવધિજ્ઞાની આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા સૂક્ષ્મ રૂપી પદાર્થોને પણ જાણી, દેખી શકે છે. ભવનપતિ, વ્યંતર કે જ્યોતિષી દેવો આટલા સૂક્ષ્મ પદાર્થોને જાણી, દેખી શકતા નથી.

તેમનામાં અપર્યાપ્ત અવસ્થાથી જ પોતાના દેવભવ જેટલું અવધિનું ક્ષેત્ર થઈ જાય છે. જ્યારે વૈમાનિકોનું અવધિજ્ઞાન ઘણું મોટું હોવાથી પરભવથી લાવેલું અવધિજ્ઞાન અપર્યાપ્તા અવસ્થા સુધી રહે છે. પર્યાપ્ત અવસ્થામાં દેવભવનું થઈ જાય છે. માટે વૈમાનિકનું જઘન્ય અવધિજ્ઞાન આંગુલનો અસંખ્યાતમો ભાગ બતાવેલ છે.

## ૫. મન:પર્યવજ્ઞાન

મનના ચાર પ્રકાર જાણવા. **૧. લબ્ધિ મન :** મન પર્યાપ્તિ પૂર્ણ થયા પછી મનયોગમાં પ્રવર્તાવવાની, મનન કરવાની શક્તિ તે લબ્ધિ મન. **૨. સંજ્ઞા મન :** જે મનથી તે જીવને સંજ્ઞી કહેવામાં આવે. તે મનની પાછળ તેનું નામ સંજ્ઞી પડે તે સંજ્ઞા મન. **૩. વર્ગણા મન :** મનયોગમાં પ્રવર્તાવવા માટે જે મનોદ્રવ્યની વર્ગણા

(પુદ્‌ગલો) ગ્રહણ કરવામાં આવે તે વર્ગણા મન. ૪. પર્યાય મન : મનોવર્ગણાના પુદ્‌ગલોને મનયોગમાં પ્રવર્તાવવું તે પર્યાય મન. ચારે ગતિમાં રહેલા સંજ્ઞી જીવોને ચારે પ્રકારનાં મન હોય છે. મનઃપર્યવજ્ઞાન પર્યાય મનને પોતાનો વિષય બનાવે છે

**૧. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા :** જઘન્ય અંતર્મુહૂર્તથી ઉત્. એક ક્રોડ પૂર્વ વર્ષ સુધીનાં આયુષ્યવાળાને સંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા કહે છે. જ. દેશે ઊણું ૯ વર્ષ ઉ. ૧ ક્રોડ પૂર્વ વર્ષ સુધીના આયુષ્યવાળાં સાધુ–સાધ્વીને જ મનઃપર્યવજ્ઞાન થાય.

**૨. અપ્રમાદ :** જે સમયે સાધુ મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા–આ પાંચ પ્રમાદકાર્યમાં હોય ત્યારે પ્રમત્ત સંયત (છઠ્ઠું ગુણસ્થાન) અને પાંચ પ્રમાદ છોડે ત્યારે અપ્રમત્ત સંયત (સાતમું ગુણસ્થાન) કહેવાય.

મનઃપર્યવજ્ઞાન સાતમે ગુણસ્થાને અપ્રમત્ત અવસ્થામાં ઉત્પન્ન થાય પછી છઠ્ઠા ગુણસ્થાને લબ્ધિથી રહી શકે છે.

**૩. લબ્ધિવાન :** ધર્મ આચરણથી થતી નિર્જરા અને પુણ્યોદયથી જે વિશિષ્ટ શક્તિ મળે છે તે લબ્ધિ છે. લબ્ધિ અઠ્ઠાવીસ છે. જેને આવી એક કે અનેક લબ્ધિ પ્રાપ્ત થઈ હોય તેને લબ્ધિવાન કહેવાય. અહીં લબ્ધિવાન તરીકે અવધિજ્ઞાન લબ્ધિ, પૂર્વધર લબ્ધિ, ગણધર લબ્ધિ, ઔષધ લબ્ધિ, ચારણ લબ્ધિ, મનઃપર્યવજ્ઞાન વગેરે લબ્ધિ લેવી જોઈએ.

**મનઃપર્યવજ્ઞાન ક્ષેત્રથી :** ઋજુમતિ ઉ. ક્ષેત્રમાં અઢી આંગુલ ઓછું ૧૦૦૦ યોજન નીચે તથા ઊંચે ૯૦૦ યોજન અને ૪૫ લાખ યોજન લાંબા પહોળાં (ત્રિગુણી ઝાઝેરી પરિધિ) ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના પર્યાય મનને જાણે છે. વિપુલમતિ પણ આ ક્ષેત્રને જાણે છે, પરંતુ પ્રત્યેક દિશામાં અઢી આંગુલ ક્ષેત્ર અધિક જાણે છે.

---

**ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન અગિયાર :** જ્ઞાનપ્રાપ્તિમાં બાધક કારણ પાંચ :

(૧) અભિમાન, (૨) ક્રોધ, (૩) પ્રમાદ, (૪) રોગ, (૫) આળસ.

**સ્થાનાંગસૂત્ર સ્થાન ચાર :** ચાર કારણે જીવને જ્ઞાન યાદ રહેતું નથી.

(૧) ચાર વિકથા કરે. ધર્મકથા ન કરે તો જ્ઞાન યાદ રહેતું નથી.

(૨) રાત્રિના ચોથા પ્રહરે ધર્મજાગરણ ન કરે તો જ્ઞાન યાદ રહેતું નથી.

(૩) અસૂઝતાં આહારપાણી વહોરાવે તો જ્ઞાન યાદ રહેતું નથી.

(૪) સંસારની ઉપાધિઓ છોડવામાં વિવેક ન રાખે તો જ્ઞાન યાદ રહેતું નથી.

# પાંચ જ્ઞાન (ચાર્ટ)

- ૧. પરોક્ષ
  - મતિજ્ઞાન (૩૨)
    - ૧. શ્રુતનિશ્રિત
      - અવગ્રહ
        - ૧. વ્યંજનાવગ્રહ
          - ૧. શ્રોત્ર
          - ૨. ઘ્રાણ
          - ૩. રસન્
          - ૪. સ્પર્શન્
        - ૨. અર્થાવગ્રહ
          - ૧. શ્રોત્ર
          - ૨. ચક્ષુ
          - ૩. ઘ્રાણ
          - ૪. રસન્
          - ૫. સ્પર્શન્
          - ૬. નોઈન્દ્રિ
      - ઈહા
        - શ્રોત્ર
        - ચક્ષુ
        - ઘ્રાણ
        - રસન્
        - સ્પર્શન્
        - નોઈન્દ્રિ
      - અવાય
        - શ્રોત્ર
        - ચક્ષુ
        - ઘ્રાણ
        - રસન્
        - સ્પર્શન્
        - નોઈન્દ્રિ
      - ધારણા
        - શ્રોત્ર
        - ચક્ષુ
        - ઘ્રાણ
        - રસન્
        - સ્પર્શન્
        - નોઈન્દ્રિ
    - ૨. અશ્રુતનિશ્રિત
      - ઔતપાતિકા, વૈનચિકા, કાર્મિકા, પારિણામિક
  - શ્રુતજ્ઞાન (૧૪)
    - ૧. અક્ષર
      - સંજ્ઞા વ્યંજન લબ્ધિ
        - શ્રોત્ર
        - ચક્ષુ
        - ઘ્રાણ
        - રસન્
        - સ્પર્શન્
        - નોઈન્દ્રિ
    - ૨. અનક્ષર
    - ૩. સંજ્ઞી
      - કાલિકા હેતુ દષ્ટિવાદ
    - ૪. સ્પર્શન્
      - કાલિકા હેતુ દષ્ટિવાદ
    - ૫. સમ્યક્
    - ૬. મિથ્યા
    - ૭. સાદિ
    - ૮. અનાદિ
    - ૯. સપર્યવસિત
    - ૧૦. અપર્યવસિત
    - ૧૧. ગમિક
    - ૧૨. અગમિક
    - ૧૩. અંગપ્રવિષ્ટ
    - ૧૪. અનંગપ્રવિષ્ટ
      - આવશ્યક
      - આવશ્યક વ્યતિરિક્ત
        - કાલિક
        - ઉત્કાલિક
- પ્રત્યક્ષ
  - અવધિજ્ઞાન (૬)
    - ભવપ્રત્યયિક
    - ક્ષાયોપશમિક
    - આનુગામિક
      - અંતઃગત-પુરત, માર્ગતઃ, પાર્શ્વતઃ
      - મધ્યગત
    - આનુગામિક
      - સંબદ્ધ
      - અસંબદ્ધ
    - વર્ધમાન
    - હિયમાન
    - પ્રતિપાતિ
    - અપ્રતિપાતિ
  - મનઃપર્યવજ્ઞાન
    - ઋજુમતિ, વિપુલમતિ
  - કેવળજ્ઞાન (૨)
    - ૧. ભવસ્થ
      - સયોગી
        - પ્રથમ સમય
        - અપ્રથમ સમય
        - ચરમ સમય
        - અચરમ સમય
      - અયોગી
        - પ્રથમ સમય
        - અપ્રથમ સમય
        - ચરમ સમય
        - અચરમ સમય
    - ૨. સિદ્ધ
      - અનંતર સિદ્ધ
        - તીર્થ, અતીર્થ
        - તીર્થંકર, અતીર્થંકર
        - સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ
        - બુદ્ધબોહિત, સ્રીલિંગ
        - પુરુષલિંગ, નપુસકલિંગ
        - સ્વલિંગ, અન્યલિંગ
        - ગ્રહસ્થલિંગ
        - એકસિદ્ધ, અનેકસિદ્ધ
      - પરંપર સિદ્ધ
        - અનેક ભેદ

મતિજ્ઞાન – શ્રુતનિશ્રિતઃ ૨૮ ભેદ.
અશ્રુતનિશ્રિતઃ ૪ ભેદ

શ્રુતજ્ઞાન – ૧૪ ભેદ
અવધિજ્ઞાન – ૬ ભેદ
મનઃપર્યવજ્ઞાન – ૨ ભેદ
કેવળજ્ઞાન – ૨ ભેદ

## ૨. ચાર કષાય

### ❖ પન્નવણા સૂત્ર-પદ ૧૪ ❖

ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું : 'હે ભગવાન! કષાય કેટલા પ્રકારે છે?' ભગવાને કહ્યું : કષાય સોળ પ્રકારે કહેલ છે.' તે સોળ પ્રકાર બતાવે છે. કષાય એટલે જેનાથી સંસાર વધે. જેમાં જીવો વિવિધ દુઃખો દ્વારા કષ્ટ પામે તે.

૧. **ક્રોધ કષાય ચાર સ્થાન પર પ્રતિષ્ઠિત (આધારિત) છે :**

**૧. આત્મ પ્રતિષ્ઠિત :** પોતાને માટે. પોતાને પોતાના પર ક્રોધ આવે તે. ઉદા. પોતાનાથી થયેલ ભૂલને કારણે પોતાના ગાલ પર મારે, માથું પછાડે વ.

**૨. પર પ્રતિષ્ઠિત :** બીજાને માટે. બીજા કોઈના કારણે ક્રોધ આવે તે.

**૩. તદુભય પ્રતિષ્ઠિત :** બંને માટે. જે ક્રોધ સ્વયં અને બીજા બંને પર થાય.

**૪. અપ્રતિષ્ઠિત :** વિના કારણે. માત્ર મોહનીય કર્મનાં ઉદયથી ક્રોધ થાય તે.

૨. **ક્રોધની ઉત્પત્તિનાં ચાર કારણ છે :**

**૧. ખેત્ત :** ક્ષેત્ર, તે ખેતર વગેરે ખુલ્લી જમીન માટે.

**૨. વત્થુ :** ઢાંકી જમીન માટે. મકાન વગેરે માટે.

**૩. શરીર :** શરીરને કારણે ઊપજે.

**૪. ઉપધિ :** ઉપરની ૩ સિવાયની બાકીની બધી સાધન સામગ્રી માટે.

૩. **ક્રોધના ચાર ભેદ :**

**૧. આભોગ :** ક્રોધના કારણ અને તેના ફળને જાણીને ક્રોધ કરવો.

**૨. અણાભોગ :** ભાન ભૂલી જવાથી અણધાર્યો ઉત્પન્ન થયેલો કષાય. ક્રોધના ગુણદોષ જાણ્યા વિના પરવશતાથી ક્રોધ કરવો.

**૩. ઉપશાંત :** જે ક્રોધ ઉદય પ્રાપ્ત ન થાય તે. અંદરમાં ક્રોધ હોય, પણ ઉપરથી શાંત દેખાતો હોય. અથવા ક્રોધના અભાવમાં જીવ જ્યારે અન્ય ત્રણ કષાયમાં હોય.

**૪. અણુપશાંત :** જે ક્રોધ ઉદય અવસ્થાને પ્રાપ્ત થાય તે.

૪. **ક્રોધના ચાર પ્રકાર :**

**૧. અનંતાનુબંધી :** સમકિતની ઘાત કરે તેવો ક્રોધ.

**૨. અપ્રત્યાખ્યાનાવરણીય :** દેશવિરતિ(શ્રાવક ગુણ)ની ઘાત કરે તેવો.

**૩. પ્રત્યાખ્યાનાવરણીય :** સર્વવિરતિ(સાધુ ગુણ)ની ઘાત કરે તેવો.

**૪. સંજ્વલન :** યથાખ્યાત ચારિત્ર ગુણની ઘાત કરે તેવો. જેમ ક્રોધના સોળ ભેદ કહ્યા તેવી જ રીતે માન, માયા અને લોભના સમજવા.

સમુચ્ચય જીવ +૨૪ દંડક એ ૨૫ ભેદમાં દરેકમાં ૧૬ ભેદ ક્રોધના

માટે ૨૫ X ૧૬ = ૪૦૦ ભાંગા થાય.

**કષાયના છ દળિયા કહે છે.**

**૧. ચણીયા :** કષાયયુક્ત આત્મા કર્મ પુદ્‌ગલને ગ્રહણ કરે તે.
ઉદા. છાણાંને એકઠાં કરવાં.

**૨. ઉપચણીયા :** ગ્રહણ કરેલ કર્મ પુદ્‌ગલનો નિષેક કરવો, આત્મપ્રદેશ પર વ્યવસ્થિત ગોઠવવા. ઉદા., એકઠાં કરેલ છાણાંને વ્યવસ્થિત ગોઠવવાં.

**૩. બાંધ્યા :** કર્મોનું આત્મા સાથે બંધાવું. નિદ્ધત કે નિકાચિત્ત બંધ થવો. ઉદા., વ્યવસ્થિત ગોઠવેલ છાણાં પર ગારનું લીંપણ કરવું કે માટીનો લેપ કરવો અને છાણાંને બાંધવા.

**૪. ઉદીરણા :** જે કર્મ ઉદયમાં નથી આવ્યા તેને ઉદય આવલિકામાં લાવવા. જે કર્મ પાછળથી ઉદયમાં આવવાના છે તેને પણ તપ આદિ દ્વારા વહેલા ઉદયમાં લાવવા તે. ઉદા. છાણાં પર કરેલ લીંપણ કે માટીનો લેપ દૂર કરવાં જેથી છાણાંને આઘાંપાછાં કરી શકાય. (ઉદીરણાની વિશેષ સમજણ પાનું ૧૪૯)

**૫. વેદ્યા :** અબાધાકાળ પૂર્ણ થતાં કર્મનું ઉદયમાં આવવું અથવા ઉદીરણા દ્વારા ઉદય આવલિકામાં ખેંચેલ કર્મનું ફળ દેવું. ઉદા. છાણું બળીને પ્રકાશ આપે.

**૬. નિર્જર્યા :** કર્મ ફળને ભોગવીને તે કર્મનું આત્મપ્રદેશથી ખરી જવું તે. ઉદયમાં આવીને તે કર્મનું નોકર્મ થઈ જવું. કર્મફળ ભોગવીને કર્મનો ક્ષય થવો તે. ઉદા. છાણાંનું બળીને રાખ થવું.

આ છ દળિયા ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ અપેક્ષાએ ગણતાં.
૬ × ૩ = ૧૮ ભેદ થાય. એ ૧૮ ભેદ સમુચ્ચય જીવ અપેક્ષા અને ૨૪ દંડક અપેક્ષા એમ ૨૫ × ૧૮ = ૪૫૦ ભેદ કષાયી જીવના થાય.
તેમાં ઉપરના ૪૦૦ ભેદ ઉમેરતા કુલ ૮૫૦ ભેદ ક્રોધ કષાયના થાય.
તે જ રીતે માન, માયા, લોભ કષાયના ૮૫૦ + ૮૫૦ +૮૫૦ ભેદ.
આમ કુલ ૪ કષાય × ૮૫૦ ભેદ = ૩૪૦૦ ભાંગા કષાયના થાય.

---

તા.ક. : અન્ય ગણતરી પ્રમાણે ઉપર બતાવેલ ૧૮ ભેદ ૧ જીવ આશ્રી અને બહુ જીવ આશ્રી એમ ૩૬ ભેદ. તે સમુચ્ચય જીવ આશ્રી અને ૨૪ દંડક આશ્રી એમ ૨૫ × ૩૬ = ૯૦૦ ભાંગા થાય તેમાં ઉપર બતાવેલ ૪૦૦ ભેદ ઉમેરતાં કુલ ૧૩૦૦ ક્રોધના ભાંગા થાય. આ જ રીતે ૧૩૦૦ માનના, ૧૩૦૦ માયાના, ૧૩૦૦ લોભના મળીને કુલ ચારે કષાયના ૫૨૦૦ ભાંગા પણ ગણાય છે.

## ૩. ચાર ધ્યાન

### ❖ ભગવતી સૂત્ર - શતક ૨૫, ઉદ્દેશો ૭, ઠાણાંગ સૂત્ર ચોથું સ્થાન તથા ઉવવાઈ સૂત્ર ❖

કોઈપણ એક જ વિષય પર મનની એકાગ્રતા કરવી તેને ધ્યાન કહે છે. ધ્યાનના ૪ પ્રકાર છે.

૧ આર્ત્તધ્યાન, ૨ રૌદ્રધ્યાન, ૩ ધર્મધ્યાન અને ૪ શુકલધ્યાન.

#### ❃ ૧. આર્તધ્યાન ❃

**આર્ત્તધ્યાનનાં ચાર પાયા :**

૧. મનોજ્ઞ વસ્તુની અભિલાષા કરવી.

૨. અમનોજ્ઞ વસ્તુને દૂર કરવાની અભિલાષા કરવી.

૩. રોગ વગેરે અનિષ્ટોનો વિયોગ ચિંતવવો.

૪. ભોગોમાં આસક્ત બની તેનો વિયોગ ન થાય તેમ ચિંતવવું.

**આર્ત્તધ્યાનનાં ચાર લક્ષણ :**

૧. ક્રન્દન : અવાજ સાથે અશ્રુપાત કરવો.

૨. શોચન : સતત ચિંતા / શોક કરવો, દીનતા બતાવવી.

૩. તિપ્પન : અવાજ વિના અશ્રુપાત કરવો.

૪. વિલપન : વારંવાર પૂર્વે કરેલાં કર્મોનું ચિંતન કરતાં કલેશયુક્ત વિલાપ કરતાં બોલવું.

#### ❃ ૨. રૌદ્રધ્યાન ❃

**રૌદ્રધ્યાનનાં ચાર પાયા :** ૧. હિંસા. ૨. જૂઠ. ૩. ચોરી. ૪. પરિગ્રહ કે ભોગ ઉપભોગનું ચિંતન કરવું અને એ ચારેમાં આનંદ માનવો.

**રૌદ્રધ્યાનનાં ચાર લક્ષણ :**

૧. ઉસન્ન દોષ : હિંસા વગેરે કોઈ એક પાપમાં પ્રવૃત્ત રહેવું.

૨. બહુ દોષ : હિંસા વગેરે અનેક પાપમાં પ્રવૃત્ત રહેવું.

૩. અજ્ઞાન દોષ : મિથ્યા શાસ્ત્રોનાં સંસ્કારોથી હિંસા વગેરે ધર્મ-વિમુખ કાર્યોમાં પ્રવૃત્ત રહેવું.

૪. આમરણાંત દોષ : મરણપથારી સુધી પણ પશ્ચાત્તાપ ન કરવો. આખી જિંદગી સુધી દ્વેષ રાખવો.

## ❋ ૩. ધર્મધ્યાન ❋

**ધર્મધ્યાનના ચાર પાયા :**

૧. **આણાવિજએ :** વીતરાગદેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો.

૨. **અવાયવિજએ :** કર્મ, દુઃખ આવવાના કારણનો વિચાર ચિંતવવો.

૩. **વિવાગવિજએ :** જીવ સુખદુઃખ શાથી ભોગવે છે એનો વિચાર ચિંતવવો.

૪. **સંઠાણવિજએ :** ત્રણ લોકના આકારનો વિચાર ચિંતવવો.

**ધર્મધ્યાનનાં ચાર લક્ષણ :**

૧. **આજ્ઞા રુચિ :** વીતરાગની આજ્ઞામાં શ્રદ્ધા, રુચિ થવી.

૨. **નિસર્ગ રુચિ :** કોઈના ઉપદેશ વિના સ્વભાવથી ધર્મમાં શ્રદ્ધા–રુચિ થવી.

૩. **ઉપદેશ રુચિ :** ધર્મ સાંભળવાથી શ્રદ્ધા–રુચિ થવી.

૪. **સૂત્ર રુચિ :** આગમ પ્રત્યે શ્રદ્ધા– રુચિ થવી.

**ધર્મધ્યાનનાં ચાર આલંબન :**

૧. **વાંચના :** સૂત્ર અને અર્થની વાંચણી કરવી.

૨. **પૃચ્છના :** શંકા – સમાધાન માટે પ્રશ્ન વ. પૂછવા.

૩. **પરિયટ્ટણા :** શીખેલા જ્ઞાનનું પુનરાવર્તન કરવું. (ફેરવવું)

૪. **ધર્મકથા :** જૈન ધર્મનું કથન કરવું.

**ધર્મધ્યાનની ચાર અનુપેક્ષા :**

૧. **એગચ્ચાણુપ્પેહા :** જીવ એકલો આવ્યો છે અને એકલો જશે તેનો વિચાર ચિંતવવો.

૨. **અણિચ્ચાણુપ્પેહા :** સંસારની અનિત્યતાનો વિચાર ચિંતવવો.

૩. **અસરણાણુપ્પેહા :** સંસારમાં કોઈ કોઈનું શરણ નથી તેનો વિચાર ચિંતવવો.

૪. **સંસારાણુપ્પેહા :** સંસારની સ્થિતિ દશાનો વિચાર ચિંતવવો.

## ❋ ૪. શુક્લધ્યાન ❋

**શુક્લધ્યાનના ચાર પાયા :**

૧. **પૃથક્ત્વ–વિતર્ક–સવિચાર :** એક એક દ્રવ્યમાં ભિન્ન ભિન્ન અનેક પર્યાય (ઉપનેવા, વિન્હેવા, ધ્રુવેવા) ભાવનો વિચાર કરવો.

૨. **એકત્વ–વિતર્ક–નિર્વિચાર :** અનેક દ્રવ્યોમાં એક ભાવ(અગુરુલઘુ આદિ) નો વિચાર ચિંતવવો.

૩. **સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિઃ** તેરમા ગુણસ્થાનના અંતમાં આયુષ્ય અંતર્મુહૂર્ત રહે ત્યારે અચળ અવસ્થામાં ત્રણે યોગોનું નિરૂદ્ધપણું (રોકવું)

વિચારે, આ અવસ્થાથી પાછા ફરવું નથી.

૪. **સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ :** મેરુપર્વતની જેમ નિષ્ક્રિય સ્થિતિ અર્થાત્ શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરવી. મોક્ષ પ્રાપ્તિ પહેલાંની અવસ્થા જ્યાંથી પાછું ફરવું નથી.

**શુક્લધ્યાનનાં ચાર લક્ષણ :**

૧. **વિવેક :** શરીર અને આત્મા ભિન્ન છે એમ ચિંતવવું.

૨. **વ્યુત્સર્ગ :** શરીરને અનિત્ય સમજી અને પુદ્‌ગલને પર પદાર્થ જાણીને તેનો ત્યાગ કરવો.

૩. **અવ્યય :** દેવ આદિના ઉપસર્ગથી ચલિત ન થવું.

૪. **અસંમોહ :** ધર્મના સૂક્ષ્મ ભાવ સાંભળીને ગ્લાનિ ન લાવવી.

**શુક્લધ્યાનનાં ચાર અવલંબન :**

૧. **ખંતિ** : ક્ષમા, ક્રોધનો વિજય.

૨. **મુત્તી** : નિર્લોભતા, લોભનો વિજય.

૩. **અજ્જવે :** સરળતા, માયાનો વિજય.

૪. **મદ્દવે** : નમ્રતા, માનનો વિજય.

**શુક્લધ્યાનની ચાર અનુપેક્ષા :**

૧. **અપાયાનુપેક્ષા :** આત્મા દ્વારા કરાયેલ રાગદ્વેષ રૂપ કર્મોને કારણે આ જીવે અનંતવાર સંસાર પરિભ્રમણ કર્યું છે એમ વિચારવું.

૨. **અશુભાનુપેક્ષા :** સંસાર, દેહ અને ભોગોની અશુભતાનો વિચાર કરવો.

૩. **અનંતવૃત્તિતાનુપેક્ષા :** અનંત સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ શુભ અશુભ કર્મ છે એમ વિચારવું.

૪. **વિપરિણામાનુપેક્ષા :** વસ્તુઓનાં વિવિધ પરિણામોનો વિચાર કરવો. શુભ પુદ્‌ગલ અશુભરૂપે તથા અશુભ પુદ્‌ગલ શુભરૂપે પરિણમે છે તેમ વિચારવું. આવા વિચારોમાં તન્મય થઈ જવાય તે શુક્લધ્યાન.

ચારે ધ્યાન જ્ઞેય છે. પ્રથમ બે ધ્યાન હેય છે. અંતિમ બે ધ્યાન ઉપાદેય છે. પ્રથમ બે ધ્યાન અશુભ છે. અંતિમ બે ધ્યાન શુભ છે.

**વિવેચન :** (૧) મનની એકાગ્રતાને ધ્યાન કહે છે તેથી ધ્યાન માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ હોય છે અન્યને નહીં.

(૨) પ્રથમ બે ધ્યાનથી નરક કે તિર્યંચગતિ અને અંતિમ બે ધ્યાનથી મનુષ્ય કે દેવગતિ મળી શકે છે એમ ગ્રંથકાર કહે છે. શુક્લધ્યાનથી મોક્ષ મળે છે.

(૩) **પાયા :** અર્થાત્ આધાર. જેના આધારે જીવ તે ધ્યાનમાં હોય છે. આર્ત્તધ્યાનના પાયા એટલે મનના એવા પ્રકારના વિચારો જેના કારણે આ જીવ આર્ત્તધ્યાનમાં છે. ચારે ધ્યાનમાં આમ સમજવું.

(૪) **લક્ષણ :** જેનાથી ઓળખ થાય તેવું લિંગ કે ચિહ્ન. આર્ત્તધ્યાનના લક્ષણ એટલે આર્ત્તધ્યાની વ્યક્તિની મન, વચન કે કાયાની એવી ક્રિયા જેનાથી ખબર પડે કે તે આર્ત્તધ્યાનમાં છે. ચારે ધ્યાનમાં એમ સમજવું.

(૫) **આલંબન :** આલંબન એટલે ધ્યાનને પ્રાપ્ત કરવા કેવી આરાધના કરવી, કેવા ગુણ ધારવા, શેનો આધાર લેવો તે.

(૬) **અનુપ્રેક્ષા :** ચિંતન, ધર્મ વિચારણા, આત્મામાં કેવા વિચારો કરવા તે.

(૭) આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનના આલંબન કે અનુપ્રેક્ષા નથી, કારણ લોકમાં તે બે અશુભ ધ્યાનના આલંબન અનેક હોવાથી જીવને દરેક ઠેકાણે તેવા આલંબન મળી રહે છે. સારાં-ખરાબ કોઈપણ નિમિત્તોને પામીને પ્રમાદી જીવ અશુભ ધ્યાનમાં લાગી જાય છે. મકાનના દાદરથી નીચે પડવા આલંબનની જરૂર નથી તેમ.

અશુભધ્યાનમાં જીવ સતત રહેતો હોવાથી તેની અનુપ્રેક્ષા તેને થઈ જ જાય છે માટે તેની અનુપ્રેક્ષાના કારણ નથી બતાવ્યાં.

શુભધ્યાન આરાધવા યોગ્ય છે. જેમ કોઈને મકાનમાં ઊંચે જવા માટે દાદર ચડીને કે લિફ્ટમાં જવું પડે છે, તેમ તેના આલંબનો શોધીને આદરવા પડે છે. માટે શુભ ધ્યાનમાં આલંબન અને અનુપ્રેક્ષા છે.

(૮) **ચાર ધ્યાનના ગુણસ્થાન :** ૧. આર્ત્તધ્યાન : ૧ થી ૬ ગુણસ્થાન, ૨. રૌદ્રધ્યાન : ૧ થી ૫ ગુણસ્થાન, ૩. ધર્મધ્યાન : ૪ થી ૭ ગુણસ્થાન, ૪. શુક્લધ્યાન : ૮ થી ૧૪ ગુણસ્થાન સુધી હોય.

(૯) **શુક્લધ્યાનના ચાર પાયા :** પહેલો પાયો ગુણ. ૮ થી ૧૦. બીજો પાયો ૧૧ અને ૧૨મું ગુણ. ત્રીજો પાયો ૧૩મા ગુણ.માં. ચોથો પાયો ૧૪મા ગુણ.માં હોય.

(૧૦) નીચેના જીવોને કયાં કયાં ધ્યાન હોય? તે બતાવતું કોષ્ટક

| ક્રમ | જીવોનાં નામ | આર્ત્ત | રૌદ્ર | ધર્મ | શુક્લ |
|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વી નારકી અને દેવમાં | ✓ | ✓ | × | × |
| ૨ | મિથ્યાત્વી સંજ્ઞી તિર્યંચ પંચે.માં | ✓ | ✓ | × | × |
| ૩ | અભવી જીવોમાં | ✓ | ✓ | × | × |
| ૪ | તિર્યંચ શ્રાવકમાં | ✓ | ✓ | ✓ | × |
| ૫ | સમકિતી નારકી અને દેવતામાં | ✓ | ✓ | ✓ | × |
| ૬ | વર્તમાને ભરતક્ષેત્રમાં | ✓ | ✓ | ✓ | × |
| ૭ | મહાવિદેહનાં શ્રાવક-શ્રાવિકામાં | ✓ | ✓ | ✓ | × |
| ૮ | મહાવિદેહના સંજ્ઞી મનુષ્યમાં | ✓ | ✓ | ✓ | ✓ |
| ૯ | ચરમ શરીરી જીવોમાં | ✓ | ✓ | ✓ | ✓ |
| ૧૦ | વર્તમાને ભરતના સાધુ-સાધ્વીમાં | ✓ | × | ✓ | × |
| ૧૧ | મહાવિદેહ ક્ષેત્રના સાધુ-સાધ્વીમાં | ✓ | × | ✓ | ✓ |

# સંસ્કાર વિભાગ

## ૧. અચેત પાણીની ઓળખ-લાભ

સચેત (કાચાં) પાણીમાં યોગ્ય પ્રમાણમાં શસ્ત્ર ભેળવવાથી પાણી જીવ રહિત થાય છે, તેને અચેત પાણી કહે છે. જેમાં જીવ હોય, તેને સચેત કહે છે.

**શસ્ત્ર :** જેનાથી પાણી અચેત થઈ શકે છે, તે ૨૧ પ્રકારના છે. આચારાંગ સૂત્ર બીજો શ્રુતસ્કંધ, અધ્યયન ૧, ઉદ્દેશો ૭/૮ માં તેનાં નામ આપેલ છે.

(૧) કેરીનું ધોવણ, (૨) અંબાડગનું ધોવણ, (૩) કોઠીંબડાનું ધોવણ, (૪) બીજોરાંનું ધોવણ, (૫) દ્રાક્ષનું ધોવણ, (૬) દાડમનું ધોવણ, (૭) ખારેકનું ધોવણ, (૮) નારિયેળનું ધોવણ, (૯) કેરનું ધોવણ, (૧૦) બોરનું ધોવણ, (૧૧) આમળાં નું ધોવણ, (૧૨) આંબલીનું ધોવણ, (૧૩) લોટનું ધોવણ, (૧૪) તલનું ધોવણ, (૧૫) ચોખાનું ધોવણ, (૧૬) જવનું ધોવણ, (૧૭) ઓસામણનું પાણી, (૧૮) છાશની પરાસ, (૧૯) ગરમ પાણી, (૨૦) શાક વગેરે ગરમ પદાર્થોને સાફ કર્યા હોય, ઠંડા કર્યા હોય તેનું ધોવણ. (૨૧) ઘાસનું ધોવણ.

આવાં શસ્ત્રોથી અચેત કરેલું પાણી જ આપણે પીવામાં વાપરવું જોઈએ. તપમાં પણ અચેત પાણી વાપરવું જોઈએ. (અચેત કરેલું પાણી ફ્રિઝમાં રાખીને ઠંડુ કરીને પીવું નહીં.)

આપણને અચેત પાણી પીવાનો લાભ મળે તે માટે આપણે અચેત પાણી પીવું તેમ જ વાપરવું. તે માટે પીવાનું પાણી ઘરમાં ગરમ કરવું અથવા સવારનાં વાસણોને રાખથી ધોવાં અને તેનું પાણી વાસણમાં/બાલદીમાં ભેગું કરી રાખવું, તેમ જ અન્ય નિર્દોષ/અચેત પાણી બનાવવા માટે નીચે પ્રમાણે ધ્યાન આપવું :

(૧) ઉપર બતાવેલ અનેક પ્રકારનાં ધોવણ પાણી જે પદાર્થથી બને છે તે પદાર્થ પાણીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ જાય ત્યાં સુધી પાણીમાં રાખવા. (જેમકે લવિંગ વગેરે)

(૨) સવારે પાણિયારાના ગ્લાસ, લોટા તથા ચા-પાણીનાં વાસણો રાખથી ધોવા. જેથી જીવહિંસા ઓછી થાય.

(૩) જેટલા પ્રમાણમાં વાસણો હોય તે પ્રમાણે માપસર પાણી તથા રાખ લેવા.

(૪) વાસણ ધોયેલાં પાણીનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઈ ગયા હોય તો પાણીને અચેત સમજવું. આવું અચેત પાણી જેમ છે તેમ વાસણમાં/બાલદીમાં રાખ સહિત સાચવી રાખવું. પોતાને વાપરવા માટેનું

પાણી ગાળીને અલગ કાઢી લેવું.

(૫) શ્રાવકે નાહવા માટે કે અન્ય કોઈ કામ માટે બનાવેલું અચેત પાણી અલગ અલગ ઋતુ પ્રમાણે વધારે કે ઓછો સમય અચેત રહે છે. તેની જાણકારી રાખી પોતે અચેત પાણી વાપરવું.

**અચેત પાણી પીવાથી થતા લાભો :**

(૧) જેવાં તેવાં પાણી પીવાથી થતા રોગોથી બચી શકાય છે.

(૨) ગરમ પાણી પીવાથી કફ વગેરે રોગો મટી જાય.

(૩) અચેત પાણી પીનારને લાખો કૂવા, નદી, તળાવ અને વિશાળ સમુદ્રોના પાણીની હિંસાનો આશ્રવ આવતો નથી.

(૪) પૂ. સાધુ–સાધ્વીને અચેત પાણી વહોરાવવાનો લાભ મળે.

(૫) તપસ્વી શ્રાવક–શ્રાવિકાને પાણી પીવડાવી શાતા પમાડવાનો લાભ મળે.

(૬) તીર્થંકર નામ કર્મ પણ બાંધી શકાય.

(૭) રસનેન્દ્રિય જીતવાનો અને તપનો લાભ મળે.

(૮) પાણીમાં ઉત્પન્ન થતાં અસંખ્ય અપકાયના, પાણીમાં રહેલાં અનંત વનસ્પતિના અને પાણીમાં રહેલા અન્ય અસંખ્યાતા ત્રસ જીવો સાથે વેર ન બંધાય.

**અપેક્ષિત પ્રશ્નો :** (૧) અચેત પાણી એટલે શું? (૨) તે કેટલાં પ્રકારનાં છે? (૩) પાણી કઈ રીતે અચેત થાય? (૪) પાણી ક્યારે અચેત થાય? (૫) અચેત પાણી પીવાથી શું લાભ થાય? (૬) અચેત પાણીના નામ કયા સૂત્રમાં છે?

## ૨. વ્રતમાં શરીરની અશુચિ પરઠવાની વિધિ

સામાયિક વ્રત, દેશાવગાસિક વ્રત કે પૌષધ વ્રતમાં સાધુની જેમ શ્રાવકે પણ સંપૂર્ણ અહિંસાનું પાલન કરવા સંડાસ, બાથરૂમનો ઉપયોગ કરવાનો હોતો નથી. જો તે તેનો ઉપયોગ કરે તો વડીનીત(ઝાડો), લઘુનીત (પેશાબ) વગેરે અશુચિઓમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. તે જીવોની દયા પાળવા માટે શરીરની અશુચિ પરઠવાની વિધિ જાણવી જરૂરી છે.

(૧) લઘુનીત વગેરે માટે યોગ્ય ભાજન (વાસણ) લઈ તેમાં ત્યાગ કરી તેને પરઠવા જવું. અથવા ખુલ્લી જગ્યામાં જવું. લઘુશંકા વગેરે અશુચિ ત્યાગ કરવા જતાં ત્રણ વખત 'આવસ્સહિ' બોલવું.

(૨) જો રાત્રિના સમયે બહાર જવું પડે તો મોઢા સિવાયના સંપૂર્ણ શરીરે વસ્ત્ર (પછેડી કે શાલ) ઓઢીને બહાર જવું અને રજોહરણથી પૂંજીને ચાલવું.

(૩) ભાજનને કપડાંથી ઢાંકીને લઈ જવું.
(૪) શકેન્દ્ર મહારાજની આજ્ઞા લેવા 'અણુજાણહ' (શકેન્દ્ર મહારાજની આજ્ઞા) ત્રણ વખત કહેવું. સચેત લીલોતરી કે જીવજંતુ આદિ રહિત જગ્યા પર વાંકા વળીને જોઈને જમીનથી ચાર આંગુલ ઊંચેથી પરઠવું.
(૫) પરઠતી વખતે ત્રણ વખત 'વોસિરામિ' બોલવું.
(૬) ઉપાશ્રયમાં પાછા પ્રવેશ કરતાં ત્રણ વખત 'નિસ્સીહિ' બોલવું.
(૭) કપડાંથી ભાજન ભીનું ન રહે તેવી રીતે લૂછીને કપડું કોરું કરવા મૂકવું.
(૮) ઉપાશ્રયમાં પાછા આવીને દોષની આલોચના કરવા સામાયિકનો ત્રીજા પાઠ ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરવો.

અન્ય પદ્ધતિ : કોઈ સામાયિકના ૧ થી ૪ પાઠ પ્રગટ બોલી, ત્રીજા પાઠનો કાઉસ્સગ્ગ કરવો તથા લોગસ્સનો પાઠ પ્રગટપણે બોલવો એવી વિધિ પણ કરે છે.

**અપેક્ષિત પ્રશ્નો :** (૧) કયા વ્રતમાં બાથરૂમનો ઉપયોગ ન કરાય? શા માટે? (૨) પરઠતાં પહેલાં, પછી અને પરઠતી વખતે શું બોલવું? (૩) રાત્રે પરઠવા જવું પડે તો શું ધ્યાન રાખવું? (૪) કયા પાઠનો કાઉસ્સગ્ગ કરવો? (૫) કેવી જગ્યા પર પરઠવું? (૬) અંધારામાં કેવી રીતે ચાલવું?

## ૩. પ્રત્યાખ્યાન ક્રિયા

❖ સૂયગડાંગ સૂત્ર-શ્રુતસ્કંધ ૨, અધ્યયન ૪ ❖

પ્રત્યાખ્યાન ક્રિયાથી મોક્ષ મેળવવાનો ઉપાય સૂયગડાંગ સૂત્રમાં બતાવ્યો છે.

**પચ્ચક્ખાણ એટલે શું?** (૧) આત્માને મોક્ષમાર્ગે સ્થાપે, (૨) ઝીણવટથી જિન દર્શનની દયાને સમજાવે, (૩) પાપભીરુ આત્માને આચારરૂપી પાંખ આપે, (૪) સમ્યગ્ દર્શનને પુષ્ટ કરાવે, (૫) હૈયાને કોમળ બનાવે, (૬) 'જતના એ ધર્મ' સમજાવે, (૭) ધર્મક્રિયાના સારભૂત તત્વને સમજાવે તેવી ક્રિયા તે પચ્ચક્ખાણ છે. પ્રમાદ ઘટાડી સંયમ પુરૂષાર્થ વધારતી ધર્મક્રિયા એક માત્ર પચ્ચક્ખાણ જ છે. આથી સહુએ પચ્ચક્ખાણના સંસ્કાર મેળવવા અને પચ્ચક્ખાણ લેવા જરૂરી છે.

### વ્રત પચ્ચક્ખાણ કરવાથી થતા લાભો

(૧) અપચ્ચક્ખાણની ક્રિયાનો આશ્રવ બંધ થાય છે.
(૨) વ્રતી, સમકિતી જીવને અંતઃક્રોડાક્રોડી સાગરથી વધુ કર્મ બંધાતું નથી.
(૩) ભૌતિક વસ્તુની ઈચ્છાઓ નિર્બળ બની ધીરે ધીરે શાંત થાય છે.
(૪) વ્રતથી અનર્થદંડથી બચી શકાય છે. નિરર્થક પાપની ક્રિયા અટકે છે.

(૫) સંતોષ, સહનશીલતા, મૈત્રી, બુદ્ધિનો ક્ષયોપશમ વગેરે ગુણો વધે છે.

(૬) જેનું મન વ્રતપાલનમાં કાચું હોય તેનું મન દૃઢ બને છે. દૃઢ મનવાળાને કોઈ અંતરાય ન આપી શકે અને વ્રતનું પાલન સહેલાઈથી થાય છે.

(૭) બાહ્ય વસ્તુના ત્યાગથી અંતરશુદ્ધિનું લક્ષ વધે છે. ધર્મનો મર્મ વધુ સમજાય છે.

(૮) તીર્થંકરો મહાવ્રતોના પચ્ચક્ખાણ લે ત્યારે જ ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે.

(૯) વ્રત ગુણસ્થાનમાં પ્રગતિ કરાવે છે. વ્રતધારીને જ પાંચમું દેશવિરતિ આદિ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. તે પરંપરાએ મોક્ષ સુધી લઈ જાય છે. અવ્રતીને મોક્ષ પ્રાપ્ત થતો નથી.

આ સમજણથી પચ્ચક્ખાણની સાચી કિંમત થાય તેવી સમજણ પ્રગટે તો જ પચ્ચક્ખાણ કરવાની રુચિ આવે. પચ્ચક્ખાણની લક્ષ્મી હીરા કરતાં કીંમતી છે. સનત્કુમાર ચક્રવર્તીએ સોળ હજાર રત્નની ખાણ અને વીસ હજાર સોનાની ખાણ છોડી સુખોની ખાણ પચ્ચક્ખાણ લીધી. જેને જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઓળખાણ થાય તે પચ્ચક્ખાણ માટે શરીર, સંયોગ, સંપત્તિ, શાતા બધું જ ચૂકવવા તૈયાર થઈ જાય. અમૂલ્ય પચ્ચક્ખાણની કંડરિક મુનિ કિંમત ન કરી શક્યા તો અલ્પકાળ માં સાતમી નરકે પહોંચી ગયા.

સંસારસમુદ્રમાં ડૂબવા કરતાં પચ્ચક્ખાણના નાનાં જહાજના બંધનમાં રહી ભવસાગર તરી શકાય છે. દેવલોકના દેવોને પણ ભાવ હોવા છતાં પચ્ચક્ખાણની જરૂર સમજાય છે. આવતાં કર્મને અટકાવવા ભાવ અને આચરણ બન્ને આવશ્યક છે, માટે તેઓ સતત સંયમને ઝંખે છે.

જે જીવ અસંયમી છે, જે વ્રત પચ્ચક્ખાણ ધારણ કરતો નથી તે કેવી રીતે પાપકર્મ બાંધે છે? તે સમજાવે છે.

(૧) જે આત્મા અપ્રત્યાખ્યાની હોય છે તે સાવધકર્મનો ત્યાગ કરતો નથી.

(૨) અક્રિયાકુશળ હોવાથી શુભક્રિયા કરતો નથી, જેથી પુણ્ય બાંધતો નથી.

(૩) મિથ્યાત્વના ઉદયથી ઘેરાયેલ હોય છે.

(૪) છકાય જીવોની હિંસાનાં પાપથી ભારે બનેલ આત્માએ તપ દ્વારા પાપનો નાશ નથી કર્યો,

(૫) ભાવિ પાપને પ્રત્યાખ્યાનથી રોકયાં નથી, તે બાલ, અજ્ઞાની હોય છે.

(૬) તે મન, વચન અને કાયાની અવિચારી ક્રિયા કરે છે.

(૭) 'હું પોતે કોઈ પાપ નહિ કરું' તેવાં વ્રત, પચ્ચક્ખાણ કરતો નથી.

આવો જીવ સતત, નિરંતર પાપકર્મ કરતો અને બાંધતો રહે છે. પોતાના

હિતઅહિતની તેને સમજ નથી. એકાંત પ્રમાદી છે. મારા કાર્યથી બીજા જીવોની શું અવદશા થશે તેનો વિચાર કરતો નથી !! આવો જીવ સ્વપ્ન પણ જોતો હોય તો પણ તેમાં પાપકર્મ કરે છે.

જે જીવના મન, વચન કે કાયા પાપમાં જોડાયેલાં ન હોય, જે પ્રાણીઓની હિંસા કરતો ન હોય, જે સ્વપ્નમાં પણ પાપનું કામ કરતો ન હોય, છતાં જો તેણે પાપ કરવાનાં પચ્ચક્ખાણ ન કર્યાં હોય તો તેને અપચ્ચક્ખાણ ક્રિયાથી અપચ્ચક્ખાણરૂપ પાપકર્મ આવે જ છે.

'ભગવતી સૂત્ર'માં ભગવાન મહાવીરસ્વામીને ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે : 'હે પ્રભુ! શેઠ, દરિદ્ર, કૃપણ અને રાજા શું આ સર્વને અપ્રત્યાખ્યાનની ક્રિયા એકસરખી લાગે છે કે ઓછી, અધિક લાગે છે?'

ભગવાન મહાવીર : 'ગૌતમ! અવ્રત અને અપચ્ચક્ખાણને કારણે તે સર્વને અપ્રત્યાખ્યાનની ક્રિયા એકસરખી લાગે છે. ઓછી, અધિક નથી લાગતી.'

જીવ સંજ્ઞી હોય કે અસંજ્ઞી જેણે વ્રત પચ્ચક્ખાણ કર્યા નથી (૧) તે ગમે તેવી અવસ્થામાં હોય, (૨) કોઈની ઘાત ન પણ કરતો હોય, (૩) વધ કરવાયોગ્ય પ્રાણી દેશ, કાળથી ગમે તેટલો દૂર હોય, (૪) સુષુપ્ત ચેતના હોય કે મૂર્છા પામેલ હોય, (૫) તો પણ તે સર્વ જીવ પ્રતિ દુષ્ટ આશયવાળો હોવાથી, (૬) અઢાર પાપથી નિવૃત્ત ન હોવાથી તે સતત પાપકર્મ બાંધતો રહે છે.

પરંતુ જે જીવ પચ્ચક્ખાણને ધારણ કરે છે તે સંયત છે, વિરત છે. તે જીવ જગતના સર્વ જીવોને પોતાના આત્મ સમાન માનીને હિંસા કરે નહીં, કરાવે નહીં, કરતાંને અનુમોદે નહીં. અઢાર પાપના સેવનના પચ્ચક્ખાણ કરે, અનાચારનું સેવન ન કરે, સંવરયુક્ત બને, તેને જ ભગવાને એકાંત પંડિત, બુદ્ધિમાન કહેલ છે.

આ જાણીને 'અમે કોઈપણ કામ કરીએ ત્યારે અનાસક્તભાવે કરીએ છીએ, તેથી અમને કર્મ બંધાતા નથી' તેવું માનવું નહીં. જ્યાં સુધી જીવે અઢાર પાપમાંથી એક કે અનેક પાપ સેવવાના પચ્ચક્ખાણ કર્યા નથી અથવા સર્વથા અઢાર પાપથી દૂર થયા નથી, ત્યાં સુધી જીવ સતત પાપકર્મને બાંધે છે.

ચાલો, આપણે વ્રતધારી શ્રાવક કે સાધુ બની અને આવતા પાપને રોકીએ.

**અપેક્ષિત પ્રશ્નો :** (૧) પચ્ચક્ખાણ એટલે શું? (૨) જે પચ્ચક્ખાણ લેતો નથી તે પાપ કેવી રીતે બાંધે છે? (૩) ભગવતી સૂત્રમાં અપ્રત્યાખ્યાનની ક્રિયા લાગે છે તે કેવી રીતે સમજાવ્યું છે? (૪) જે પચ્ચક્ખાણ કરે તેને ભગવાને શું કહ્યાં છે? (૫) જીવ કયાં સુધી સતત પાપ બાંધે છે? (૬) પચ્ચક્ખાણના લાભ લખો.

## ૪. સાત નિન્હવ

**❖ સ્થાનાંગ સૂત્ર – સ્થાન ૭ ❖**

શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં સાત પ્રવચન નિન્હવ (મહાવીર વચન વિરાધક) થયા, તેમનાં નામ અને કયા કારણે વિરાધક થયા? તે બતાવે છે.

**નિન્હવ :** વીતરાગની વાણીથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા કરે તે.

(૧) જમાલી : કાર્ય પૂરું થયે જ કાર્યની ઉત્પત્તિ માનવાવાળા.

(૨) તિષ્યગુપ્ત : આત્મપ્રદેશના અંતિમ જીવપ્રદેશમાં જીવતત્વ માનવાવાળા.

(૩) આષાઢ : સાધુ વગેરેને શંકા દ્રષ્ટિથી જોનાર.

(૪) અશ્વમિત્ર : સર્વ ભાવોને ક્ષણિક માનવાવાળા.

(૫) ગંગ : એક સમયમાં બે ક્રિયા માનવાવાળા.

(૬) રોહગુપ્ત : જીવરાશિ, અજીવરાશિ, નોજીવરાશિ નોઅજીવરાશિ એમ ત્રણ રાશિની પ્રરૂપણા કરવાવાળા.

(૭) ગોષ્ઠમાહિલ : જીવ કર્મથી સ્પૃષ્ટ હોય છે પરંતુ કર્મથી બંધાયેલો (બદ્ધ) નથી હોતો તે પ્રરૂપણા કરવાવાળા.

## ૫. શું મારે આમ વિચારાય? શું મારે આમ બોલાય?

(૧) ધર્મ આત્માનો મૂળ શુદ્ધ સ્વભાવ છે.

(૨) ધર્મ આત્માને જીવનનો રાહ બતાવનાર છે.

(૩) ધર્મ આત્માને સાચી વિચારશૈલી સમજાવનાર છે.

(૪) ધર્મ પ્રતિકૂળ પરિસ્થિતિને પાચન કરતા શીખડાવે છે.

(૫) ધર્મ આત્માની બરબાદીને અટકાવનાર છે.

જો હું જૈનધર્મી છું ... જો હું શ્રાવકધર્મમાં છું... તો મારે...

ધર્મના સ્વરૂપને સમજીને જુદી જુદી પરિસ્થિતિમાં કેવું વિચારાય? કેવું બોલાય? તે શીખવું છે. જેથી હું આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી દૂર રહી અને ધર્મધ્યાનમાં રહી શકું. તેમાંની કેટલીક દ્રષ્ટાંતરૂપ પરિસ્થિતિ અહીં આપી છે. તેમાં કેવી રીતે વિચારવું? બોલવું? ન વિચારવું, ન બોલવું તે પ્રતીકરૂપે અહીં આપેલ છે.

## ❖ પરિસ્થિતિ – ૧ ❖

### જ્યારે અણગમતું ભોજન (બળેલું, કાચું, વધું કે ઓછાં મીઠાંવાળું વ.) ત્યારે...આમ ન વિચારાય, આમ ન બોલાય.

(૧) રસોઈ બનાવવામાં કોઈ દિવસ ઢંગધડો હોતો જ નથી.

(૨) ખબર છે કે આ ફાવતું નથી તો બીજું બનાવવું જોઈએ ને ?

(૩) આના કરતાં હોટેલમાં જમી લઈએ તો રોજની રામાયણ તો નહીં !

(૪) કેટલીવાર કહ્યું છે કે રસોઈ ચાખતાં જાવ પણ હજી સમજાતું નથી.

(૫) કામમાં મન હોતું જ નથી, વાતોમાં જ મન હોય છે.

(૬) કામ ગમતું જ નથી, બસ વેઠ જ ઉતારવી છે.

### મારો નવો પ્રયોગ : આમ વિચારાય, આમ બોલાય

(૧) આજે અશાતાવેદનીયનો ઉદય છે, માટે જ અણગમતું ભોજન મળ્યું છે. જેમ મારું ધ્યાન ન રહે તો કાર્ય બગડે છે, તેમ અન્યથી પણ બગડી શકે છે.

(૨) અણગમતાં ભોજનમાં અણગમો કરવો એ 'આર્ત્તધ્યાન' છે. ભોજનમાં અણગમો કરવાથી તેવાં જ પ્રકારનાં નવાં અશુભ કર્મ બંધાય છે.

(૩) ભોજનના પદાર્થોમાં રાગદ્વેષ ન કરવો તે ભગવાનની આજ્ઞા છે.

(૪) ભોજન સ્વાદ માટે નહીં શરીર ટકાવવા માટે કરવાનું છે. પ્રતિકૂળ ભોજન અશાતા આપી શકે, પણ જાગૃત આત્માને અશાંતિ ન કરાવી શકે.

(૫) મને તો આવો આહાર પણ મળે છે, ઘણાંને તો ખાવાનાં પણ સાંસા હોય છે.

(૬) સ્વાદિષ્ટ ભોજનની ઈચ્છા એવાં કર્મ બંધાવશે કે જેથી એંઠવાડ પણ ખાવો પડે.

(૭) ભોજન સ્વાદિષ્ટ કે નીરસ હોય, પણ અંતે તો તેની વિષ્ટા જ બને છે.

(૮) અણગમતાં ભોજન સમભાવે ખાવાં એ રસપરિત્યાગ તપ છે, જેથી નિર્જરા થાય.

(૯) ધર્મરુચિ અણગાર, પરદેશી રાજા વગેરેએ મળેલાં ઝેર જેવાં ભોજન સમતાભાવે ખાઈને ભવ સાર્થક કર્યો. મને પણ ભવ સાર્થક કરવાનો અવસર મળ્યો છે.

## ❖ પરિસ્થિતિ – ૨ ❖

### કોઈ વ્યક્તિ ક્રોધના આવેશમાં આવીને કડવા શબ્દ કહે ત્યારે... આમ ન વિચારાય, આમ ન બોલાય.

(૧) એ મને કેમ કહી શકે ?

(૨) મારી ભૂલ વગર મને કહે જ કેમ ?

(૩) ભૂલ હોય તો શાંતિથી કહેવું જોઈએ. મન ફાવે તેમ ન કહેવાય.

(૪) મૂંગા મોંએ સાંભળી લઈએ છીએ એટલે વારંવાર કહે છે ને...! માટે તરત જ સામે સંભળાવી દેવું જોઈએ.

(૫) આ જમાનામાં કોઈથી દબાઈને તો રહેવાય જ નહીં.

(૬) એને બોલતાં આવડે છે, તો મને ક્યાં નથી આવડતું?

(૭) એ એના મનમાં શું સમજે છે?

## મારો નવો પ્રયોગ : આમ વિચારાય, આમ બોલાય...

(૧) અશાતાવેદનીય કર્મના ઉદયના કારણે કડવા શબ્દ સાંભળવા મળ્યા છે.

(૨) અત્યારે મારી ભૂલ ભલે ન હોય, પરંતુ ભૂતકાળમાં ભૂલ કરીને કર્મ બાંધેલું છે.

(૩) શબ્દ જડ વસ્તુ છે, તે આત્માને અશાંતિનું કારણ નથી.

(૪) કડવા શબ્દો પ્રત્યેનો અણગમો એ જ અશાંતિનું કારણ છે, માટે અણગમો કરવો નહીં.

(૫) કડવા શબ્દો સમતાભાવે સાંભળવા તે ભગવાનની આજ્ઞા છે. કડવા શબ્દોનો અણગમો છોડવો એ તપ છે. તેથી ભવિષ્યમાં કડવા શબ્દો સાંભળવા મળે તેવા કર્મોનો ક્ષય થાય છે. કડવા શબ્દ કહેનાર તો ઉપકારી છે કારણ તે કર્મ ખપાવવામાં સહાયક બને છે.

(૬) જે કાંઈ પ્રસંગ બન્યો તેમાં મારી ભૂલ ક્યાં હતી તેનો વિચાર કરવો.

(૭) ક્ષમા રાખવાથી સંવરનો લાભ મને મળ્યો છે.

(૮) ચોંસઠ ઈન્દ્રો જેની સેવામાં હોય તેવા તીર્થંકરોને પણ કડવા શબ્દ સાંભળવા પડેલાં. (જેમ ગોશાલકે ભગવાન મહાવીર સ્વામીને કડવા શબ્દો કહ્યા) તો મને કડવા શબ્દો સાંભળવા મળે તેમાં શી નવાઈ !

(૯) અર્જુનમુનિ વગેરે અનેક મહાન આત્માઓએ કડવા શબ્દો સાંભળીને ઘણાં કર્મ ખપાવ્યાં છે, એમ મારે પણ કર્મ ખપાવવાનો આ સુઅવસર છે.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) પ્રતિકૂળ ભોજન શું કરી શકે? શું ન કરી શકે? (૨) અણગમતું ભોજન મળે ત્યારે શું ન વિચારશો? (૩) અણગમતાં ભોજન મળવા પર નવો પ્રયોગ શું કરશો? ૪ મુદ્દા લખો. (૪) સ્વાદિષ્ટ ભોજનનું અંતે શું બને છે? (૫) સમભાવે ભોજન ખાવાથી કયા તપનો લાભ મળે? (૬) સમતાભાવે કોણે આહાર કરેલ? (૭) ભોજનમાં અણગમો તે કયું ધ્યાન છે? (૮) કોઈ કડવાં શબ્દ કહે ત્યારે શું ન વિચારશો? પાંચ મુદ્દા લખો. (૯) કોઈ કડવાં શબ્દો કહે ત્યારે નવો પ્રયોગ શું કરશો? (૧૦) કયા તીર્થંકરને કોણે કડવા શબ્દો સંભળાવેલાં? (૧૧) કયા કર્મના ઉદયે કડવા શબ્દો સાંભળવા મળે છે? (૧૨) અશાંતિનું કારણ શું છે? (૧૩) સમતાભાવે કડવા શબ્દો કોણે સાંભળ્યા? (૧૪) ક્ષમા રાખવાથી કયા તત્વનો લાભ મળે છે?

# કથા વિભાગ

## ૧. સકડાલ પુત્ર

### ❖ ઉપાસક દશાંગ સૂત્ર–અધ્યયન ૭ ❖

પોલાસપુર નામે નગર હતું. ત્યાં સહસ્રામવન નામે ઉદ્યાન હતું. જિતશત્રુ નામના રાજા રાજ્ય કરતા હતા. તે નગરમાં સકડાલપુત્ર નામે કુંભાર રહેતા હતા. તેઓ ગોશાલકના આજીવિકા મતના મુખ્ય અનુયાયી હતા.

તેમને ગોશાલકના ધર્મ પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. ગોશાલકને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન હતું. તે જ્ઞાનથી લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવન અને મરણના વિષયમાં સત્ય ઉત્તર આપતા હતા. તેથી ઘણાં લોકો આવીને તેમની પાસે એવી વાતો કરતા હતા.

તેના જ્ઞાનથી પ્રભાવિત થઈને હજારો લોકો તેના અનુયાયી થઈ ગયા હતા. સકડાલપુત્ર સુખી–સંપન્ન અનુયાયી હતા. તેણે એક કરોડ સોનામહોર સુરક્ષિત ખજાનામાં, એક કરોડ સોનામહોર વ્યાપારમાં, એક કરોડ સોનામહોર ઘરના વૈભવ અને સાધન–સામગ્રીમાં રાખી હતી. તેની પાસે દસ હજાર ગાયોનું એક ગોકુળ હતું.

સકડાલપુત્ર માટીનાં વાસણ બનાવવા તથા વેચવાનો વ્યાપાર કરતા હતા. પોલાસપુર નગરની બહાર તેમની પાંચસો કર્મશાળા હતી. જ્યાં તેના અનેક પગારદાર માણસો વાસણ બનાવવાનું અને વેચવાનું કામ કરતા હતા.

સકડાલપુત્રની પત્નીનું નામ અગ્નિમિત્રા હતું. તે ગૃહકાર્યમાં કુશળ અને પોતાના પતિના સુખદુઃખમાં સહભાગી હતી. સકડાલપુત્ર પોતાના ધાર્મિક સિદ્ધાંતો પ્રત્યે નિષ્ઠાવાન હતા. ધર્મ–ઉપાસનામાં પણ સમય વ્યતીત કરતા હતા.

એકવાર સકડાલપુત્ર બપોરના સમયે પોતાની અશોકવાટિકામાં ગયા, ત્યાં પોતાની માન્યતા પ્રમાણે ધર્મ–આરાધનામાં લાગી ગયા. થોડીવારમાં ત્યાં એક દેવ આવ્યો અને આકાશમાં અદશ્ય રહીને તે દેવે તેને સંબોધન કરતાં કહ્યું : "કાલે સવારે અહીં મહામાહણ, અપ્રતિહત જ્ઞાન–દર્શનના ધારક, ત્રૈલોક્ય દીપક, અરિહંત, જિન, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી પધારશે. તમે તેને વંદના નમસ્કાર કરી પર્યુપાસના કરજો અને તેમને સ્થાન, પાટ, બાજોઠ, સંસ્તારક, પથારી, ઘાસ વગેરે માટે આમંત્રણ આપજો." આ પ્રમાણે બે–ત્રણ વાર કહી દેવ પાછો ગયો. સકડાલપુત્રે વિચાર્યું દેવે શ્રેષ્ઠ વધામણી આપી. મારા ધર્મ આચાર્ય, મંખલિપુત્ર

ગોશાલક કાલે અહીં પધારશે. તે જ જિન, અર્હત્ અને કેવળી છે, માટે હું અવશ્ય તેને વંદન નમસ્કાર કરીને પર્યુપાસના કરીશ. તેના ઉપયોગની વસ્તુઓ માટે તેને આમંત્રણ આપીશ. પરંતુ બીજે દિવસે પ્રાતઃકાળે ભગવાન મહાવીરનું પદાર્પણ થયું. તેઓ સહસ્રામવનમાં બિરાજ્યા. અનેક શ્રદ્ધાળુ માનવો તેમના દર્શન કરવા માટે ગયા. સકડાલપુત્ર તેના આચાર્ય ગોશાલક આવ્યા સમજીને દર્શન કરવા માટે ગયા.

ભગવાન મહાવીરે ધર્મદેશના આપી. અન્ય લોકોની સાથે સકડાલપુત્રએ પણ સાંભળી. ભગવાન જાણતા હતા કે સકડાલપુત્ર સુલભબોધિ છે. તેને સદ્ધર્મની પ્રેરણા આપવી જોઈએ. તેથી ભગવાને તેને સંબોધન કરીને કહ્યું "કાલે બપોરે અશોકવાટિકામાં દેવે તમને જે વધામણી આપી હતી, તેમાં દેવનો અભિપ્રાય ગોશાલકના આગમનનો ન હતો." સકડાલપુત્ર ભગવાનના પ્રત્યક્ષજ્ઞાન(કેવળજ્ઞાન)થી પ્રભાવિત થયા અને મનમાં ને મનમાં પ્રસન્ન થયા. તે ઊઠ્યા ભગવાનને વિધિવત્ વંદના કરી અને બોલ્યા, "હે ભગવાન! પોલાસપુર નગરની બહાર મારી ૫૦૦ કુંભકાર કર્મશાળા છે. આપ ત્યાં પ્રાતિહારિક, પીઠ, શય્યા અને સંસ્તારક આદિ ગ્રહણ કરીને બિરાજો." ભગવાને તેમની વિનંતી સ્વીકારી અને તેઓ ત્યાં પધાર્યા.

એક દિવસ સકડાલપુત્રે સુકાઈ ગયેલાં માટીનાં વાસણો કર્મશાળામાંથી બહાર લાવીને તાપમાં રાખ્યા. ભગવાન મહાવીરે તેમને પૂછ્યું : "હે સકડાલપુત્ર! આ માટીનાં વાસણ કેવી રીતે બનાવ્યા?" સકડાલપુત્રએ કહ્યુંઃ "ભગવન્! પહેલાં માટીને ભેગી કરી, તેને પલાળી, તેમાં રાખ અને છાણ મેળવ્યાં, ત્યાર પછી તેને ખૂંદીને બધું ભેગું કર્યુ. આ તૈયાર થયેલી ભીની માટીને ચાકડા પર ચઢાવી વિવિધ પ્રકારનાં વાસણો તૈયાર કર્યાં."

ત્યાર બાદ ફરીથી પ્રભુએ તેને પૂછ્યુંઃ "તમારાં આ વાસણો પ્રયત્ન, પુરુષાર્થ, ઉદ્યમથી બન્યાં છે કે પ્રયત્ન અને પુરુષાર્થ વિના બન્યાં છે?"

**સકડાલપુત્ર :** 'હે ભગવન્! અપ્રયત્ન, અપુરુષાર્થ અને ઉદ્યમ વિના બન્યા છે કારણ કે જે કાંઈ થાય છે તે સર્વ નિયત જ છે.'

**ભગવાન :** "સકડાલપુત્ર! કોઈ પુરુષ સુકાઈ ગયેલાં તમારાં વાસણ ચોરી જાય કે વાસણને કોઈ વિખેરી નાંખે, તોડી દે, ફોડી દે અથવા તમારી પત્ની અગ્નિમિત્રા સાથે અભદ્ર વ્યવહાર કરે તો તમે તેને શો દંડ આપશો?"

**સકડાલપુત્ર :** "હે ભગવન્! હું તેને ફટકારીશ, મારીશ, બાંધીશ, કચરીશ, તર્જના

કરીશ, થપ્પડ મારીશ, તેનું ધન છીનવી લઈશ, કઠોર વચનોથી તેનો તિરસ્કાર કરીશ અથવા અકાળે જ તેના પ્રાણ લઈ લઈશ."

ભગવાન : "હે સકડાલપુત્ર! આવું કેમ? તમે તો પ્રયત્ન અને પુરુષાર્થને સ્વીકારતા જ નથી, સર્વ ભાવોને નિયત માનો છો, તો પછી જે પુરુષે આ કર્તવ્ય કર્યું તેમાં તેનું કર્તાપણું કયાં છે? આ સર્વ ભાવો પહેલેથી નિયત હતાં એટલે તેણે કર્યા. તેને દોષિત શા માટે માનો છો? તમે તેને મારો, કઠોર શબ્દો કહો, ધન લૂંટી લો વગેરે કેમ કરો છો? જો તમે કહો કે તે તો પ્રયત્નપૂર્વક થાય છે, તો પ્રયત્ન અને પુરુષાર્થને ન માનવાનો અને સર્વભાવોને નિયત માનવાનો તમારો સિદ્ધાંત મિથ્યા છે, અસત્ય છે."

સકડાલપુત્ર એક બુદ્ધિમાન અને સમજદાર પુરુષ હતા. ભગવાનના કથન માત્રથી તેઓ સિદ્ધાંતની વાસ્તવિકતાને સમજી ગયા. અંતરની શ્રદ્ધાથી ભગવાન મહાવીરના ચરણમાં ઝૂકી ગયા. ભગવાન મહાવીર સ્વામી પાસે શ્રાવકનાં ૧૨ વ્રતો ધારણ કર્યા. અગ્નિમિત્રા પત્નીએ પણ તેઓની પ્રેરણાથી પ્રભુનાં દર્શન કરી, ઉપદેશ સાંભળી, તે જ દિવસે બાર વ્રતનો સ્વીકાર કર્યો. ત્યાર પછી ભગવાન એકદિવસ ત્યાંથી વિહાર કરી ગયા. તેઓ બન્ને જીવ-અજીવ વગેરેના જ્ઞાતા થઈ ધાર્મિક આરાધનામાં પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યાં.

ત્યાર પછી ગોશાલકે સાંભળ્યું કે સકડાલપુત્રે આજીવિકા મતનો સિદ્ધાંત છોડીને શ્રમણ નિગ્રંથોની દ્રષ્ટિ (દર્શન) અથવા માન્યતા સ્વીકારી લીધી છે. ત્યારે તેણે વિચાર કર્યો કે -'હું સકડાલપુત્રની પાસે જાઉં અને તેની માન્યતા છોડાવીને પાછો મારા મતના સિદ્ધાંતનો સ્વીકાર કરાવું.' આમ વિચારીને તે પોલાસપુર નગરમાં આવ્યો. આજીવિકા સભામાં પોતાના પાત્ર, ઉપકરણ રાખ્યાં તથા કેટલાક આજીવિકોની સાથે જ્યાં સકડાલપુત્ર હતા ત્યાં આવ્યા.

સકડાલપુત્રે તો સત્‌તત્વ અને સુદ્‌ગુરુ પ્રાપ્ત કરી લીધા હતા, તેથી ગોશાલકનો શ્રદ્ધાપૂર્વક આદર સત્કાર કર્યો નહીં. ગોશાલક સકડાલપુત્રના વર્તન પરથી સમજી ગયો. પોતાની ઉપેક્ષા થતી જોઈને ગોશાલક પીઠ, બાજોઠ, પાટ, પાટલા વગેરે પ્રાપ્ત કરવા માટે શ્રમણ ભગવાન મહાવીરના ગુણકીર્તન કરવા લાગ્યો.

તેણે કહ્યું : "હે દેવાણુપ્રિયા! શું અહીં મહામાહણ આવ્યા હતા?"

સકડાલપુત્ર : 'કોણ મહામાહણ છે? આપનો શું અભિપ્રાય છે?"

ગોશાલક : "શ્રમણ ભગવાન મહાવીર મહામાહણ છે. તેઓ અપ્રતિહત (હણાય નહિ તેવા) જ્ઞાન-દર્શનનાં ધારક છે, ત્રણે લોક દ્વારા

સેવિત અને પૂજિત છે, તેથી હું તેમને મહામાહણ કહું છું.'

ગોશાલક : "શું અહીં મહાગોપ આવ્યા હતા?"

સકડાલપુત્ર : "મહાગોપ કોણ છે અને કેવી રીતે?"

ગોશાલક : "શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે. આ સંસારરૂપી ભયાનક વનમાં અનેક જીવો સન્માર્ગથી ભ્રષ્ટ થઈ રહ્યા છે, પ્રતિક્ષણ મરણને પ્રાપ્ત થઈ રહ્યા છે, ખવાય છે, છેદાય છે, ભેદાય છે, વિકલાંગ કરાય છે. તેનું ધર્મરૂપી દંડથી રક્ષણ કરી, તેને મદદ કરી, મોક્ષરૂપ વાડામાં પહોંચાડે છે, માટે ભગવાન મહાવીરને હું મહાગોપ કહું છું."

ગોશાલક : "હે દેવાણુપ્રિય! શું અહીં મહાસાર્થવાહ આવ્યા હતા?"

સકડાલપુત્ર : 'આપ કોને મહાસાર્થવાહ કહો છો અને શા માટે?'

ગોશાલક : "શ્રમણ ભગવાન મહાવીર મહાસાર્થવાહ છે. જેમ લોકો રસ્તે ચાલીને કે જળમાર્ગે લાંબી મુસાફરી કરી વ્યાપાર કરવા જતાં ત્યારે સાથે પીવાનું પાણી, ખાવાનું વગેરે ઉપયોગી ચીજો રાખતા હતા. આરક્ષકનું એક શસ્ત્રસજ્જિત દળ પણ પોતાની સાથે રાખતાં હતાં અને સુરક્ષા કરતા હતા. આ યાત્રાઓના સંચાલક સાર્થવાહ કહેવાતા હતા. તેમ આ સંસારરૂપી ભયાનક વનમાં ઘણા જીવોને સુરક્ષા દ્વારા મોક્ષનગરમાં ભગવાન મહાવીર પહોંચાડે છે, તેથી હું તેમને મહાસાર્થવાહ કહું છું.'

ગોશાલક : "હે દેવાનુપ્રિય! શું મહાધર્મકથી, પ્રવક્તા અહીં આવ્યા હતા?"

સકડાલપુત્ર : "કોણ મહાધર્મકથી છે? કેવી રીતે?"

ગોશાલક : "આ અત્યંત વિશાળ સંસારમાં ઘણા જીવો ઉન્માર્ગગામી છે, સત્યમાર્ગથી ભ્રષ્ટ છે, મિથ્યાત્વથી ઘેરાયેલા છે, આઠ કર્મના આવરણથી અંધારામાં ઢંકાયેલા છે, તેમને અનેક પ્રકારનાં સત્ય કથનથી સમજાવી સન્માર્ગ પર લાવી, ચાર ગતિરૂપ ભયાનક જંગલમાંથી સહાયક બનીને બહાર કાઢે છે. માટે હું મહાવીરને મહાધર્મકથી કહું છું."

ગોશાલક : "હે દેવાણુપ્રિય! શું અહીં મહાનિર્યામક આવ્યા હતા?"

સકડાલપુત્ર : "કોણ મહાનિર્યામક છે? કેવી રીતે?"

ગોશાલક : "આ સંસારરૂપી સમુદ્રમાં અનેક જીવો ગોથા ખાઈ રહ્યા છે, વહી

રહ્યા છે, ડૂબી રહ્યા છે, તેમને પોતે જ સહારો દઈને ધર્મમય નાવ દ્વારા મોક્ષરૂપ કિનારા પર લઈ જાય છે, માટે હું ભગવાન મહાવીરને મહાનિર્યામક, કર્ણધાર અથવા મહાન નાવિક કહું છું."

સકડાલપુત્ર : "હે દેવાનુપ્રિય! તમે આટલા બધા વિચક્ષણ, ચતુર, નિપુણ, નીતિવકત્તા, બહુશ્રુત, વિજ્ઞાનપ્રાપ્ત છો. શું તમે મારા ધર્મ આચાર્ય ભગવાન મહાવીર સ્વામી સાથે તત્ત્વચર્ચા કરવામાં સમર્થ છો?"

ગોશાલક : "ના, જેમ કોઈ યુવાન, બળવાન, નીરોગી પુરુષ મોટાં બકરાં, ઘેટાં, મરઘાં વગેરેને જ્યાંથી પકડે ત્યાં જ તેને નિશ્ચલ અને હલન-ચલન રહિત બનાવી દે છે, તેમ ભગવાન મહાવીર અનેક પ્રકારના હેતુ, પ્રશ્નો, કારણો તથા વિશ્લેષણો વગેરેથી મને નિરૂત્તર બનાવી દેશે. માટે હું તમારા ધર્મ-આચાર્ય સાથે ચર્ચા કરવામાં સમર્થ નથી."

સકડાલપુત્ર : "હે દેવાનુપ્રિય! આપ મારા ધર્મ-આચાર્ય ભગવાન મહાવીરના સત્ય, યથાર્થ ભાવોથી ગુણકીર્તન કરો છો માટે હું આપને બાજોઠ, શય્યા તથા સંસ્તારક માટે આમંત્રિત કરું છું. ધર્મ અથવા તપ માનીને નહીં. આપ બાજોઠ વગેરે સ્વીકારી મારી કુંભકારશાળામાં નિવાસ કરો."

ત્યાર બાદ ગોશાલક ત્યાં રોકાઈ ગયો. તેણે અનેક પ્રકારે સકડાલપુત્રને સમજાવવા, પોતાના ધર્મમાં આવવા સમજાવ્યો પણ તે નિષ્ફળ ગયો.

શ્રમણોપાસક સકડાલપુત્રને બાર વ્રત આદિ કરતાં ચૌદ વર્ષ પસાર થઈ ગયા.

## સકડાલપુત્રને ઉપસર્ગ

એકવાર મધ્યરાત્રિએ એક દેવ પ્રગટ થયો. ધારવાળી તલવાર હાથમાં લઈને તેમનું વ્રતભંગ કરવા તેમના પુત્રોને મારી નાંખવાની ધમકી આપી. સકડાલપુત્ર અડગ રહ્યા. તેથી તેમના ત્રણ પુત્રોને મારીને નવ નવ ટુકડા કર્યા. ઊકળતા પાણીની કડાઈમાં નાંખ્યા, અને તેના લોહી, માંસ તેના પર છાંટયા. સકડાલપુત્ર આત્મબળ અને ધૈર્યથી સહન કરતાં રહ્યાં, શ્રદ્ધાથી ચલાયમાન થયા નહિ.

દેવ નિરાશ ન થયો. તેણે વિચાર્યું 'સકડાલના જીવનમાં તેની પત્ની અગ્નિમિત્રાનું મહત્ત્વ ઘણું છે. તે પતિપરાયણ છે, સુખદુઃખમાં સહભાગી થનાર છે, ધાર્મિક જીવનની સહાયક છે. તેથી તેણે અગ્નિમિત્રાને મારી નાંખવાની ધમકી સકડાલને આપી.'

જે દીકરાઓની હત્યા સામે અડગ રહેલા તે દેવની આ ધમકીથી ડરી ગયા. મનમાં ક્રોધિત થઈ ગયા અને વિચાર્યું કે–'આ દુષ્ટને મારે પકડી લેવો જોઈએ. તેને પકડવા તેઓ ઊઠયા, પરંતુ દેવ અદ્રશ્ય થઈ ગયો. તેમના હાથમાં થાંભલો આવ્યો.

આ બધી ઘટના જોઈ સકડાલપુત્ર શ્રમણોપાસક ગભરાઈ ગયા અને જોરજોરથી અવાજ કર્યો. અગ્નિમિત્રાએ જ્યારે સાંભળ્યું ત્યારે તે ત્યાં આવી. તેણે દેવ દ્વારા થયેલ ઉપદ્રવરૂપ વાસ્તવિક્તાનો પતિને બોધ કરાવ્યો. સકડાલને આશ્વાસન આપી ધર્મમાર્ગમાં સ્થિર કર્યા.

સકડાલપુત્રનું શ્રમણોપાસક જીવન ઘણું જ પ્રશંસનીય હતું. અંતે તેઓએ એક મહિનાના સંથારાની (અણસણની) સાથે સમાધિમરણ પ્રાપ્ત કર્યું. દેહત્યાગ કરી પ્રથમ દેવલોકમાં અરુણભૂત વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિવાળા દેવ થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ થશે.

<u>અપેક્ષિત પ્રશ્નનો</u> : (૧) સકડાલપુત્ર કોના અનુયાયી હતા? તે કેવી રીતે ભગવાન મહાવીરના અનુયાયી બન્યા? (૨) ભગવાનને મહાનિર્યામક કેવી રીતે કહ્યા? (૩) મહાગોપ કોણ છે? કેવી રીતે? (૪) સકડાલપુત્રને દેવે કેવી રીતે ઉપસર્ગ આપ્યો? અને તેમને તેમાં સ્થિર કોણે કર્યા? (૫) ગોશાલક શું વિચારીને સકડાલપુત્ર પાસે આવ્યો હતો? (૬) મહાસાર્થવાહ કોણ છે? શા માટે? (૭) સકડાલપુત્રની ઋદ્ધિ વર્ણવો? તેઓ શેનો વેપાર કરતા હતા? (૮) સકડાલપુત્ર અશોકવાટિકામાં હતા ત્યારે શું પ્રસંગ બન્યો? (૯) ભગવાન અને સકડાલપુત્ર વચ્ચે શું વાત થઈ?

## ૨. બહુપુત્રિકા દેવી

### ❖ પુષ્ફિયા સૂત્ર – અધ્યયન ૪ ❖

રાજગૃહ નામની એક નગરી હતી. તેના રાજાનું નામ શ્રેણિક હતું. તે નગરીમાં ગુણશીલક ચૈત્ય હતું. એકવાર ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા.

તેમની ધર્મદેશના સાંભળવા માટે નગરીના લોકો આવ્યા.

તે કાળે સુધર્મ દેવલોકમાં બહુપુત્રિકા નામની એક દેવી પોતાના સિંહાસન પર દિવ્ય ભોગોને ભોગવતી વિચરી રહી હતી. તેણે પોતાના અવધિજ્ઞાનથી ભગવાન મહાવીર સ્વામીને જોયા. તરત જ તેમનાં દર્શન કરવાની ભાવના થતાં પોતાના આભિયોગિક દેવો સાથે દેવ વિમાનમાં બેસીને ઉત્તર દિશાથી નીકળીને એક હજાર યોજનનું વૈક્રિયરૂપ બનાવીને પોતાની સમસ્ત ઋદ્ધિઓ સાથે ભગવાનની સમક્ષ હાજર થયાં.

ભગવાને સહુને ધર્મદેશના આપી. ત્યારપછી બહુપુત્રિકાદેવીએ પોતાની વૈક્રિય લબ્ધિ દ્વારા પોતાની જમણી ભુજા ફેલાવી. જમણી ભુજા લાંબી કરી ૧૦૮ દેવકુમારોની રચના કરી. ડાબી ભુજા લાંબી કરીને ૧૦૮ દેવકુમારીઓની રચના કરી. ત્યાર પછી ઘણાં બધાં નાની ઉંમરનાં બાલક-બાલિકાઓની વિકુર્વણા કરી. ત્યાર બાદ વિવિધ નાટક બતાવી ત્યાંથી ચાલી ગઈ.

ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યોઃ "ભગવન્! તે બહુપુત્રિકાદેવીની દિવ્ય દેવઋદ્ધિ, ધુતિ અને દેવાનુભવ કયાં ગયા? ક્યાં સમાઈ ગયા? કેવી રીતે?!"

ભગવાને કહ્યુંઃ "તે ઋદ્ધિ તેમના શરીરથી નીકળી હતી અને તે શરીરમાં પાછી સમાઈ ગઈ. જેવી રીતે કોઈ ઉત્સવ વગેરેને કારણે ભેગા થયેલ લોકો વરસાદ પડશે તેવી શંકાથી ફૂટાગારશાળામાં સમાઈ જાય છે તેમ દેવઋદ્ધિ બહુપુત્રિકા દેવીના શરીરમાં સમાઈ ગઈ."

ગૌતમસ્વામીએ ફરીથી પૂછ્યું : "ભદંત! તે બહુપુત્રિકાદેવીને આવી દિવ્ય ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ?"

મહાવીર સ્વામીએ જવાબ આપ્યો : "વારાણસી નામની નગરીમાં આમ્રશાલવન નામનું ચૈત્ય હતું. ભદ્ર નામે સાર્થવાહ રહેતો હતો. તેની સુભદ્રા નામે પત્ની હતી. તે સુકોમળ અંગોવાળી તથા રૂપવાન હતી, પરંતુ તેને એક પણ સંતાન ન હતું. તે સુભદ્રા માતા પોતાને સંતાન ન હોવાથી સંતાનપ્રાપ્તિની ઈચ્છાના કારણે સતત આર્ત્તધ્યાનમાં રહેતી હતી."

એકવાર તે નગરમાં સુવ્રતા નામે સમિતિ, ગુપ્તિવંત સાધ્વી પધાર્યા. તેમનો એક સંઘાડો ગોચરી લેવા માટે સુભદ્રાને ત્યાં પધાર્યો. સુભદ્રાએ અત્યંત આનંદ સાથે વિપુલ માત્રામાં ગોચરી-પાણી વહોરાવ્યા. ત્યાર પછી તે બોલી : નઆપ તો જ્ઞાની છો, ભણેલાં-ગણેલાં છો, ઘણાં ઘરોમાં આપ ગોચરી વગેરે

માટે જાઓ છો, હું ઘણાં વર્ષોથી સંસારમાં છું, છતાં મારે એક પણ સંતાન નથી. આપ કોઈ વિદ્યાપ્રયોગ, મંત્રપ્રયોગ, ઔષધ વગેરે કાંઈ બતાવો, જેથી મને સંતાન થાય."

તે સાધ્વીઓએ કાનમાં આંગળી નાંખી અને કહ્યું : "અમને આવી વાત સાંભળવી પણ ન કલ્પે, ત્યાં એનો ઉપદેશ આપવો ક્યાંથી કલ્પે? અમે તો માત્ર કેવળી પ્રરૂપિત દાન, શિયળ, તપ, ભાવરૂપ ધર્મઉપદેશ સંભળાવી શકીએ છીએ. માત્ર કેવળીનો ધર્મ જ શરણરૂપ છે, અન્ય કોઈ આ જીવને શરણરૂપ નથી. આપ પણ સાધુધર્મ કે શ્રાવકધર્મ અંગીકાર કરી કેવળીધર્મની આરાધના કરી શકો છો." આમ સાધ્વીઓએ ટૂંકો ધર્મઉપદેશ આપ્યો. સુભદ્રાને ખૂબ જ આનંદ થયો. તેણે નિગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા થતાં કહ્યું કે – "હું કેવળીધર્મ પર શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રુચિ કરું છું, આપે આપેલ ઉપદેશ સત્ય છે, માટે હું શ્રાવકધર્મ અંગીકાર કરવા ઈચ્છું છું." સાધ્વીઓએ તેમને શ્રાવકધર્મ અંગીકાર કરાવ્યો.

કોઈ એકવાર રાત્રિના પોતાની સ્થિતિ પર વિચાર કરતાં કરતાં સુભદ્રાને વિચાર આવ્યો કે– 'મને સંસાર માંડયાને આટલાં વર્ષો થયા છતાં મેં એક પણ બાલક કે બાલિકાને જન્મ આપ્યો નથી. મારે હવે ભદ્ર સાર્થવાહની અનુમતિ લઈને સુવ્રતા આર્યા પાસે દીક્ષા લેવી જોઈએ.' સવારે પોતાના મનની વાત તેમણે પતિને કહી. ભદ્રએ તેમને સંસારના વિપુલ ભોગ ભોગવવા થોડો સમય રોકાઈ જવા આગ્રહ કર્યો, પરંતુ સુભદ્રાની પ્રબળ ભાવના જોઈને અંતે ભદ્રએ ઝૂકવું પડયું અને આજ્ઞા આપી દીધી.

ત્યાર પછી ભદ્ર સાર્થવાહ પોતાની પત્નીને ઘણા ઠાઠથી સુવતા સાધ્વી પાસે લઈ ગયા અને કહ્યું "હે દેવાણુપિય! મારી પ્રિય પત્ની સંસારથી ઉદ્વિગ્ન થઈને અસાર સંસાર ત્યાગીને આપની પાસે દીક્ષા લેવા તૈયાર થયેલ છે તેથી આપને હું તે ભિક્ષામાં આપી રહ્યો છું આપ તેનો સ્વીકાર કરો." સુવ્રતા સાધ્વીએ કહ્યું : "ધર્મકાર્યમાં વિલંબ ન કરો." ત્યાર પછી સુભદ્રાએ પોતાનાં વસ્ત્ર, માળા, આભૂષણો વગેરેનો ત્યાગ કર્યો. પંચમુષ્ટિ લોચ કર્યો અને સુવ્રતા સાધ્વી પાસે આવી. ત્રણવાર વંદણા કરી, નમસ્કાર કર્યા અને સુવતા આર્યા પાસે દીક્ષા ધારણ કરી લીધી.

થોડા સમય પછી સુભદ્રા સાધ્વી બાલક બાલિકાઓમાં આસક્ત થવા લાગી. તે બાળકો પર અનુરાગ, સ્નેહ કરવા લાગી. તે બાળકો માટે રમવાનાં રમકડાં,

પાણી, મીઠાઈ, ખીર, દૂધ, ફૂલની માળા વગેરે પદાર્થોની ગવેષણા કરવા લાગી. તે અમુક બાલક બાલિકાઓને માલિશ કરતી, મેંદી કરતી, પીઠી લગાવતી, બિન્દી લગાવતી, હિંચકે ઝુલાવતી, ચંદન લગાવતી, સુગંધિત ચૂર્ણ લગાવતી. કોઈને રમકડાં આપતી, કોઈને ખાવા મીઠાઈ આપતી, કોઈને દૂધ પિવડાવતી, કોઈને પગ પર બેસાડતી, કોઈને ખોળામાં બેસાડતી અને રમાડતી. આમ પોતાનો સંયમનો સમય બાલક બાલિકાઓની પાછળ વિતાવવા લાગી.

સુભદ્રાની આવી ક્રિયાઓને જોઈને સાધ્વી સુવ્રતાએ તેને કહ્યું, "આપણે સંસારથી વિરક્ત, પાંચ સમિતિ, ગુપ્તિનું પાલન કરવાવાળી, ગુપ્ત બ્રહ્મચારિણી સાધ્વીઓ છીએ. માટે આ રીતે બાળકનું લાલનપાલન કરવું, તેમને રમાડવું, ખવડાવવું, પિવડાવવું, તેમનામાં આસક્તિ રાખવી વગેરે આપણને કલ્પે નહીં. તમે તો સાધ્વી થયાં છતાં પુત્ર-પુત્રીની લાલસા રાખો છો. માટે હે દેવાણુપ્રિય! તમે કરેલાં કાર્યની આલોચના કરી પ્રાયશ્ચિત્ત લો."

સુભદ્રા સાધ્વીએ તેમની વાત પર કોઈ ધ્યાન ન આપ્યું. તેમના કથનનો સ્વીકાર પણ ન કર્યો અને પોતાનું કામ કરતી રહી. તેથી અન્ય સાધ્વીઓ આવા અયોગ્ય કાર્ય માટે તેમની નિંદા કરતી, ગર્હા કરતી તથા વારંવાર આવું કાર્ય ન કરવા માટે તેમને ટોકતી રહેતી.

સાધ્વીઓનો આવો વ્યવહાર થતો જોઈ સુભદ્રા મનમાં વિચારવા લાગી કે- 'હું મારા ઘરે હતી ત્યારે સ્વતંત્ર હતી. આ સાધ્વીઓ જ મારો આદર કરતી હતી પણ હવે મને પ્રેમથી નથી બોલાવતી, માટે કાલે હું સુવ્રતા સાધ્વી પાસેથી નીકળીને અલગ સ્થાનમાં વિચરું તે મારા માટે યોગ્ય છે.' આમ વિચારીને તે બીજા દિવસથી અલગ સ્થાન પર રહેવા ચાલી ગઈ. હવે તેના પર ગુરુ આદિ કોઈ અંકુશ ન રહેવાથી, નિરંકુશ અને રોકટોક વિના સ્વેચ્છાપૂર્વક બાળકોમાં આસક્ત થતી પુત્ર પુત્રીની ભાવના અને લાલસા પૂર્તિનો અનુભવ કરતી રહેવા લાગી.

આમ સુભદ્રા સાધ્વી ધીરે ધીરે પાસત્થા, શિથિલાચારી, ખંડિતવ્રતવાળી, આચારભ્રષ્ટ, નિરંકુશ થઈ ગઈ. ઘણાં વર્ષો સંયમનું પાલન કર્યું. સંયમમાં લાગેલાં દોષોની આલોચના કર્યા વિના, પ્રતિક્રમણ કર્યા વિના, અધાર્મિક સંલેખનાથી આત્માને ભાવિત કરીને કાળધર્મ પામીને સુધર્મ દેવલોકમાં બહુપુત્રિકાદેવી રૂપે ઉત્પન્ન થઈ."

ગૌતમ : "હે ભગવન્! તેને બહુપુત્રિકાદેવી શા માટે કહેવાય છે? તેની સ્થિતિ કેટલી છે?!".

ભગવાન : "તે દેવી જ્યારે જ્યારે શક્રેન્દ્ર પાસે નાટક કરવા જાય છે ત્યારે ઘણાં છોકરા-છોકરી, બાલક-બાલિકાઓની વિકુર્વણા કરે છે અને પોતાની દેવઋદ્ધિ, શરીર અને આભરણની કાંતિ, અદ્ભુત વૈક્રિય શરીરની શક્તિના પ્રભાવ અને તેજને બતાવે છે. માટે તે બહુપુત્રિકાદેવી કહેવાય છે. તે બહુપુત્રિકાદેવીની સ્થિતિ ચાર પલ્યોપમની છે.

તે બહુપુત્રિકાદેવી આ જંબૂદ્વીપના ભરતવર્ષના વિધ્યપર્વતની તળેટીમાં વિભેલ સન્નિવેશમાં બ્રાહ્મણકુળમાં પુત્રીરૂપે જન્મશે. ત્યાં બારમા દિવસે તેનું નામ સોમા રાખવામાં આવશે. તે યોગ્ય વયની થતાં તેના લગ્ન રાષ્ટ્રકૂટની સાથે થશે. તેનો પતિ તેને ખૂબ જ સુંદર રીતે સાચવશે.

ત્યાર પછી સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટની સાથે સંસારસુખ ભોગવતાં દર વરસે એક-એક સંતાનનાં જોડલાંને જન્મ આપશે. સોળ વર્ષમાં ૩૨ બાળકોને જન્મ આપશે. તે સોમા બ્રાહ્મણી ઘણાં નાનાં-મોટાં બાળકોથી તંગ થઈ જશે. તે બાળકો લાંબા કાળ સુધી સૂતાં રહેશે, રોવાં લાગશે, કોઈ દોડવાં લાગશે, કોઈ દૂધ માંગશે, કોઈ રમકડાં માંગશે, કોઈ પાણી માંગશે, કોઈ ભાત માંગશે, કોઈ ઝાડો કરશે, કોઈ હસતું રહેશે, કોઈ રોતું રહેશે, કોઈ મીઠાઈ માંગશે, કોઈ કડવાં વચન કહેશે, કોઈ ઝગડો કરશે, કોઈ પરસ્પર મારપીટ કરશે, મારીને ભાગી જશે, કોઈ ઊલ્ટી કરશે, કોઈ અગ્નિમાં દાઝશે, કોઈ બટકાં ભરશે. આ પ્રમાણે બાળકોનાં મળમૂત્ર, વમનથી ખરડાયેલા શરીરવાળી તથા મેલાં કપડાંથી કાંતિહીન, અશુચિથી ભરેલી, જોવામાં બીભત્સ અને અત્યંત દુર્ગંધિત થઈ જવાથી રાષ્ટ્રકૂટની સાથે કામભોગોને ભોગવવા માટે અસમર્થ બની જશે.'

સોમા બ્રાહ્મણી આ રીતે પોતાના બાળકોથી કંટાળી જશે. પોતે વિચારશે કે 'હું ઘણાં નાનાં-મોટાં અને નવાં જન્મેલાં બાલક બાલિકાઓથી ત્રાસી ગઈ છું. તે સ્ત્રીઓ ધન્ય છે, જેણે મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યો છે, પરંતુ વંધ્યા છે, બાળકને જન્મ આપતી નથી, વિપુલ માત્રામાં મનુષ્યના કામભોગને ભોગવે છે. હું અધન્ય છું, હું અપુણ્યવાન છું, દુર્ભાગી છું કે રાષ્ટ્રકૂટ સાથે ભોગ ભોગવી શકતી નથી.'

તે કાળે સુવ્રતા નામના કોઈ સાધ્વી ગ્રામાનુગ્રામ વિચરતા વિભેલ સન્નિવેશ (શહેરનો/ગામનો એક વિભાગ)માં પધારશે. તેમના ગચ્છના સાધ્વીઓ સોમાના ઘરે ગોચરી લેવા પધારશે. પોતાનાં જ બાળકોથી કંટાળેલ સોમા તેમની પાસે ધર્મ સાંભળવાની ભાવના કરશે. તે સાધ્વી પાસે ધર્મ સાંભળીને સોમા તેમને કહેશે કે 'મને કેવળી પ્રરૂપિત ધર્મ પર શ્રદ્ધા થઈ છે, હું તે ધર્મને પૂર્ણરૂપે સ્વીકારવા તૈયાર થઈ છુ.

સોમા ઘરે જઈને રાષ્ટ્રકૂટને પોતાના ભાવ કહેશે. રાષ્ટ્રકૂટ તેને વિપુલ ભોગો ભોગવવા સમજાવશે, તેથી તે પોતાની દાસીઓ સાથે સુવ્રતા સાધ્વી પાસે જઈ શ્રાવકના વ્રત ધારણ કરશે. જીવ, અજીવની જાણકાર થશે. શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધ વગેરેથી આત્માને ભાવિત કરતી રહેશે.

ત્યારપછી સુવ્રતા સાધ્વી વિચરણ કરતાં કરતાં ફરીથી તેના ગામમાં પધારશે. સોમા તેમનાં દર્શને જશે અને ફરી પાછી ધર્મદેશના સાંભળીને તેને દીક્ષાના પ્રબળ ભાવ થશે. પોતાના પતિની આજ્ઞા લેવા ફરીથી તે જશે. ત્યારે રાષ્ટ્રકૂટ તેને અનુમતિ આપશે. જેમ પૂર્વભવમાં સુભદ્રાએ દીક્ષા લીધી હતી તે જ પ્રમાણે તે સોમા દીક્ષા લેશે.

તે સોમા સાધ્વી અગિયાર અંગસૂત્રોનો અભ્યાસ કરશે. ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ વગેરે તપથી પોતાના આત્માને ભાવિત કરશે. ઘણાં વર્ષની દીક્ષા પાળીને અંતે એક મહિનાનો સંથારો કરી આત્માને શુદ્ધ કરી, આલોચના, પ્રતિક્રમણપૂર્વક સમાધિભાવે કાળ કરી શક્રેન્દ્ર મહારાજને ત્યાં સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થશે. સોમાદેવની સ્થિતિ ત્યાં બે સાગરની રહેશે. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મશે અને સર્વ કર્મથી મુકત થઈ સિદ્ધ થશે.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) બહુપુત્રિકાદેવી કયા સૂત્રનો અધિકાર છે? તેમનો પૂર્વભવ ટૂંકમાં વર્ણવો. (૨) બહુપુત્રિકાની વાર્તાનો સારાંશ લખો. (૩) સુભદ્રાએ સંયમ લીધા પછી શું કર્યું? (૪) સુભદ્રા મરીને ક્યાં ઉત્પન્ન થઈ? તેમને બહુપુત્રિકાદેવી કેમ કહેવાય છે? (૫) સુભદ્રાની દેવલોકમાં કેટલી સ્થિતિ છે? (૬) બહુપુત્રિકાનું ભવિષ્ય ટૂંકમાં વર્ણવો.

# કાવ્ય વિભાગ

## ૧. નાની સાધુ વંદણા

સાધુજીને વંદણા નિત નિત કીજે, પ્રહ ઉગમતે સુર રે પ્રાણી,
નીચે ગતિમાં તે ન'વિ જાવે, પામે રિદ્ધિ ભરપૂર રે પ્રાણી...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૧
મોટા તે પંચ મહાવ્રત પાળે, છકાયના પ્રતિપાળ રે પ્રાણી,
ભ્રમર ભિક્ષા મુનિ સૂઝતિ લેવે, દોષ બેંતાલીસ ટાળ રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૨
રિદ્ધિ સંપદા મુનિ કારમી જાણી, દીધી સંસારને પૂંઠ રે પ્રાણી,
એ રે પુરુષોની બંદગી કરતાં, આઠે કરમ જાય તૂટ રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૩
એક એક મુનિવર રસના ત્યાગી, એક એક જ્ઞાન ભંડાર રે પ્રાણી,
એક એક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો ના'વે પાર રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૪
ગુણ સત્તાવીસ કરીને દીપે, જીત્યા પરિષહ બાવીસ રે પ્રાણી,
બાવન તો અનાચાર જ ટાળે, તેને નમાવું મારું શીશ રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૫
જહાજ સમાન તે સંત મુનિવર, ભવ્ય જીવ બેસે આય રે પ્રાણી,
પર ઉપકારી મુનિ દામ ન માંગે, દેવે તે મુક્તિ પહોંચાય રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૬
એ ચરણે પ્રાણી શાતા રે પાવે, પાવે તે લીલ વિલાસ રે પ્રાણી,
જન્મ જરા ને મરણ મિટાવે, ન આવે ફરી ગર્ભાવાસ રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૭
એક વચન એ સુદ્‌ગુરુ કેરું, જો બેસે દિલમાંય રે પ્રાણી,
નરક ગતિમાં તે નહીં જાવે, એમ કહે જિનરાય રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૮
પ્રભાતે ઊઠીને ઉત્તમ પ્રાણી, સુણો સાધુના વ્યાખ્યાન રે પ્રાણી,
એ રે પુરુષોની સેવા કરતા, પાવે તે અમર વિમાન રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૯

સંવત અઢાર ને વર્ષ આડત્રીસે, 'બુસી' તે ગામ ચોમાશ રે પ્રાણી,
મુનિ આસકરણજી એણી પેરે જંપે, હું તો ઉત્તમ સાધુનો દાસ રે પ્રાણી ...
સાધુજીને વંદણા નિત નિત કીજે... ૧૦

## ૨. દુર્ગુણને કોઈ કહી આવો

(તર્જ : ધીરે ધીરે બોલ કોઈ સુન ના લે સુન ના લે ...)
દુર્ગુણને કોઈ કહી આવો, કહી આવો કોઈ કહી આવો,
સંદેશો મારો દઈ આવો, દઈ આવો કોઈ દઈ આવો,
તારા તાબે થાવું નથી, અને દુર્ગતિમાં હવે જાવું નથી.. દુર્ગુણને...
ક્રોધને કહેજો આવે લઈ હથિયાર, ઢાલ ક્ષમાની રાખી મેં તૈયાર,
કોઈ ગાળ દે, એને પ્યાર દઉં, શક્તિ છતાં સમતા ધરું,
પણ ક્રોધી મારે થાવું નથી, અને દુર્ગતિમાં હવે જાવું નથી..દુર્ગુણને... ૧
માનને કહેજો આવે રણમેદાન, નમ્ર બનીને ખેલું હું સંગ્રામ,
મને જે મળ્યું, મારું નથી, બીજા થકી સારું નથી,
પણ અભિમાની મારે થાવું નથી, અને દુર્ગતિમાં હવે જાવું નથી..દુર્ગુણને... ૨
માયાને કહેજો છોડે એના બાણ, નિર્મળ થઈને આપું હું આહ્‌વાન,
સુખ ના મળે તો ના મળે, દુઃખ ના ટળે તો ના ટળે,
પણ કપટી મારે થાવું નથી, અને દુર્ગતિમાં હવે જાવું નથી. દુર્ગુણને ...૩
લોભને કહેજો તું સૌનો સરદાર, મારે પણ સંતોષ તણો સહકાર,
તું ઘા કરે તૃષ્ણા તણો, હું સાથ લઉં તૃપ્તિ તણો,
પણ લોભી મારે થવું નથી, અને દુર્ગતિમાં હવે જાવું નથી..દુર્ગુણન ...૪

## ૩. સંયમ લેવો છે એવું અંતરથી

(તર્જ : ક્યા ખૂબ લગતી હો બડી સુંદર લગતી હો...)
સંયમ લેવો છે, એવું અંતરથી બોલો,
આજ ભલે લઈ ના શકો, ભાવના તો ભાવો,
સંયમ ભાવે કરમથી, તમે હળવાં હળવાં થાઓ... સંયમ લેવો છે...
સંસારનાં આ સુખો .. આ સુખો.. ભલે માણો પણ અંદરમાં ન ખૂંપો,

ઘડીભરના એ આનંદમાં.. આનંદમાં.. તને શું મળિયું આતમને જરા પૂછો,
પલભરનાં, એ સુખમાં, શાને અંજાવું?
સંધ્યાનાં અજવાળાં, એમાં શાને રંગાવું? ... સંયમ લેવો છે... ૧
સંયમ વિના ના સિદ્ધિ ... ના સિદ્ધિ... એ વાત જેણે સાચી સમજી લીધી,
રંગીલા રાહને છોડી ... હાં છોડી ... એણે કાંટાળી કેડી પકડી લીધી,
લાખો લાખો, ધન્યવાદ છે, એવા આતમને,
સાધનાથી, મેળવશે, એ પદ પરમાતમને ... સંયમ લેવો છે... ૨
અશક્તિ ને આસક્તિ ... આસક્તિ ... તને આજ ભલે સંસારમાં રોકે,
પણ લેવા જેવી છે દીક્ષા... હાં દીક્ષા .. એ નિર્ણય કર એમાં કોઈ ન રોકી શકે,
સંયમના, ભાવનો, પ્રભાવ જબ્બર છે,
સંયમના સંકલ્પે, તારું સ્થાન ત્યાં અધ્ધર છે . સંયમ લેવો છે ... ૩

## ૪. ભગવંત તેરી આરાધના

ભગવંત તેરી આરાધના, મેરી જિંદગી કી શાન હો,
મુઝે એક યહી વરદાન હો, મેરી આત્મા બલવાન હો ... ભગવંત તેરી..
મુઝે સુખ કી કોઈ પરવાહ નહીં, દુઃખ મેં ભી નીકલે આહ નહીં,
બસ એક તેરા ધ્યાન હો, હોઠોં પે તેરા નામ હો ... ભગવંત તેરી .. ૧
દૌલત રહે યા ના રહે, ખુશીયાં હો ચાહે ગમ રહો,
ચાહે આંધી યા તૂફાન હો, મેરે પ્રાણ ભી કુરબાન હો... ભગવંત તેરી .. ૨
પથ મેં હજારોં વિઘ્ન ભી, આયે ડિગાને જો અગર,
ચાહે સામને શૈતાન હો, વિચલિત ન મેરા ધ્યાન હો... ભગવંત તેરી .. ૩
તૂ સૂર્ય હૈ મૈં કમલિની, તૂ ચંદ્ર હૈ મૈં કુમુદિની,
તવ ચરણ મેં મમ સ્થાન હો, ભક્તિ હી મેરી શાન હો... ભગવંત તેરી .. ૪
તૂ ધર્મભાનુ લોક મેં, તેરે લલિત દિવ્ય અલોક મેં,
મિટે તિમિર જ્ઞાન-વિજ્ઞાન હો, મુક્તિ હી મેરા સ્થાન હો... ભગવંત તેરી .. ૫

---

શબ્દ અર્થ : કમલિની : કમળનું ફૂલ. કુમુદિની : કુમુદનું ફૂલ. મમ : મારું.
ભાનુ : સૂર્ય. લલિત : કિરણ. તિમિર : અંધકાર.

## શ્રેણી ૯ સમાપ્ત

# શ્રેણી ૧૦

| | વિષય | | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | સૂત્ર વિભાગ : | | ૧૫ | |
| | જૈન પાઠાવલી ભાગ '૧' અને ભાગ '૨' ના સર્વ પ્રશ્નોત્તર સહિત સામાયિક, પ્રતિક્રમણના પાઠ અને અર્થનું પુનરાવર્તન | | | |
| ૨. | તત્વ વિભાગ : | | ૫૫ | |
| | ૧. સંખ્યાતા આદિ ૨૧ બોલ અર્થાત્ ડાલાપાલા (વૈરાગ્ય બિંદુ સહિત) | ૧૫ | | 57 |
| | ૨. પુદ્ગલ પરાવર્તન (વૈરાગ્ય બિંદુ સહિત) | ૧૫ | | 66 |
| | ૩. આયુષ્યના ૧૮૦૦ ભાંગા (વિવેચન સહિત) | ૧૩ | | 76 |
| | ૪. વિરહ પદ (વૈરાગ્ય બિંદુ સહિત) | ૧૨ | | 82 |
| ૩. | સંસ્કાર વિભાગ : | | ૧૦ | |
| | ૧. શું મારે આમ વિચારાય? શું મારે આમ બોલાય? | | | 88 |
| | ૨. ચાલો કરીએ મન-વચન-કાયાનું ઘડતર | | | 89 |
| ૪. | કથા વિભાગ : | | ૧૦ | |
| | ૧. તેતલી-પુત્ર | | | 99 |
| | ૨. જયંતિ શ્રમણોપાસિકા | | | 104 |
| | ૩. તામલી તાપસ | | | 108 |
| ૫. | કાવ્ય વિભાગ : | | ૧૦ | |
| | ૧. રાણી પદ્માવતીની જીવરાશિ | | | 112 |
| | કુલ ગુણ | | ૧૦૦ | |

# શ્રેણી ૧૦ : તત્ત્વ વિભાગ

## ૧. સંખ્યાતા આદિ ૨૧ બોલ અર્થાત્ ડાલાપાલા

### ❖ શ્રી અનુયોગદ્વાર સૂત્ર–પ્રમાણ પદ ❖

સંખ્યાના ૨૧ બોલ છે. તેમાં મુખ્ય ત્રણ પ્રકાર છે.

(૧) સંખ્યાતા, (૨) અસંખ્યાતા, (૩) અનંતા.

સંખ્યાતાના ત્રણ પ્રકાર છે :

(૧) જઘન્ય સંખ્યાતા, (૨) મધ્યમ સંખ્યાતા, (૩) ઉત્કૃષ્ટ સંખ્યાતા.

**અસંખ્યાતાના નવ પ્રકાર છે.**

| | | |
|---|---|---|
| ૧. જઘન્ય પરિત્ત અસંખ્યાત | ૪. જઘન્ય યુકત અસંખ્યાત | ૭. જઘન્ય અસંખ્યાતઅસંખ્યાત |
| ૨. મધ્યમ પરિત્ત અસંખ્યાત | ૫. મધ્યમ યુકત અસંખ્યાત | ૮. મધ્યમ અસંખ્યાતઅસંખ્યાત |
| ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત | ૬. ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત | ૯. ઉત્કૃષ્ટ અસંખ્યાતઅસંખ્યાત |

**અનંતાના ૯ પ્રકાર છે.**

| | | |
|---|---|---|
| ૧. જઘન્ય પરિત્ત અનંત, | ૪. જઘન્ય યુક્તઅનંત, | ૭. જઘન્ય અનંતાઅનંત, |
| ૨. મધ્યમ પરિત્ત અનંત, | ૫. મધ્યમ યુક્તઅનંત, | ૮. મધ્યમ અનંતાઅનંત, |
| ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અનંત, | ૬. ઉત્કૃષ્ટ યુક્તઅનંત, | ૯. ઉત્કૃષ્ટ અનંતાઅનંત. |

૧. જઘન્ય સંખ્યાતા : માત્ર બે ની સંખ્યા.

૨. મધ્યમ સંખ્યાતા : ૩, ૪, ૫ થી ઉત્કૃષ્ટ સંખ્યાતાથી એક ન્યૂન સુધી.

૩. ઉત્કૃષ્ટ સંખ્યાતા : જઘન્ય પરિત્ત અસંખ્યાત કરતાં એક સંખ્યા ન્યૂન.

મધ્યમ સંખ્યાતા, ઉત્કૃષ્ટ સંખ્યાતા, જઘન્ય પરિત્ત અસંખ્યાત વગેરેનું માપ કેવી રીતે ગણવું, તે સમજાવવામાં આવે છે.

ચાર પ્રકારના પાલાનાં નામ : ૧. અનવસ્થિત ૨. શલાકા ૩. પ્રતિશલાકા ૪. મહાશલાકા. આ ચારે પાલા ધાન્ય માપવાની પાલીના આકારના જાણવા. ચાર પાલાનાં માપ :

૧. લંબાઈ, પહોળાઈ : ૧ લાખ યોજન. (જંબૂદ્વીપ સમાન ગોળ),

૨. ઊંડાઈ : ૧ હજાર યોજન.

૩. જગતિ (કોટ) : ૮ યોજન. (૧ હજાર યોજનની ઉપર)

૪. વેદિકા : તેના ઉપર અડધો યોજનની વેદિકા.

૫. કુલ ઊંડાઈ : ૧૦૦૮ –૧/૨ યોજન. (જગતિ અને વેદિકા સહિત)

૬. પરિધિ : ૩ લાખ, ૧૬ હજાર, ૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩ ૧/૨ આંગુલ ઝાઝેરી.

### ❋ શલાકા પાલો ભરવાની પદ્ધતિ ❋

ચાર પાલામાંથી પ્રથમ અનવસ્થિત પાલાને સરસવના દાણાથી શિખા (વેદિકા) સુધી સંપૂર્ણ ભરીને અસત્ કલ્પનાથી કોઈ દેવ ઉપાડે. પ્રથમ જંબૂદ્વીપમાં એક સરસવનો દાણો નાંખે. ત્યાર પછી બીજો દાણો લવણસમુદ્રમાં નાંખે, ત્રીજો દાણો ધાતકીખંડમાં નાંખે એમ એક દ્વીપ અને એક સમુદ્રમાં સરસવનો દાણો નાંખતો જાય. આમ દાણા નાંખતા નાંખતા તે અનવસ્થિત પાલો ખાલી કરે.

જે દ્વીપ કે સમુદ્રમાં છેલ્લો દાણો નાંખેલો તે દ્વીપ કે સમુદ્ર સુધી (જંબુદ્વીપથી) લાંબો, પહોળો અને ગોળ, નવો અનવસ્થિત પાલો બનાવે. (અહીંથી અનવસ્થિત પાલાનું લાંબાઈ પહોળાઈનું માપ આ જ રીતે બદલાતું રહેશે, એટલે કે આગળ આગળ પાલો મોટો થતો જશે.) તેની ઊંડાઈ ઉપર પ્રમાણે ૧૦૦૮-૧/૨ યોજનની રહેશે. તે પાલાને સરસવના દાણાથી શિખા સુધી સંપૂર્ણ કરે. અનવસ્થિત પાલો ખાલી થયો તેના પ્રતીકરૂપે (કોઠારમાંથી) એક દાણો શલાકા પાલામાં નાંખે. (જેથી ગણતરી થાય કે ૧ અનવસ્થિત પાલો ખાલી થયો છે.)

હવે તે અનવસ્થિત પાલો ઉપાડીને ઉપર પ્રમાણે આગળ આગળના દ્વીપ અને સમુદ્રમાં એક એક દાણો નાંખે અને અનવસ્થિત પાલો ખાલી કરે. જે દ્વીપ કે સમુદ્રમાં છેલ્લો દાણો નાંખેલો તે દ્વીપ ક સમુદ્ર સુધી (જંબુદ્વીપથી) લાંબો, પહોળો અને ગોળ અનવસ્થિત પાલો બનાવે. તે પાલાને સરસવના દાણાથી શિખા સુધી સંપૂર્ણ ભરે. અનવસ્થિત પાલો ખાલી થયો તેના પ્રતીકરૂપે ફરીથી એક દાણો શલાકા પાલામાં નાંખે. (જેથી ગણતરી થાય કે બીજો અનવસ્થિત પાલો ખાલી થયો છે. હવે શલાકા પાલામાં બે દાણા થયા) હવે તે અનવસ્થિત પાલો ઉપાડીને ઉપર પ્રમાણે આગળ આગળના દ્વીપ અને સમુદ્રમાં એક-એક દાણો નાંખે, આ રીતે એક-એક અનવસ્થિત પાલો ખાલી કરતા અને નવા નવા અનવસ્થિત પાલા બનાવી સરસવના દાણાથી ભરતા પ્રતિકરૂપે શલાકા પાલામાં એક-એક સરસવનો દાણો નાંખી શલાકા પાલો પૂરો ભરી દે. છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં નાખ્યો હોય.ત્યાં સુધીના માપનો નવો અનવસ્થિત પાલો બનાવી સરસવના દાણાથી ભરીને મૂકવો. આમ અનવસ્થિત પાલો ક્યારેય ખાલી રાખવો નહીં.

આ સમયે અનવસ્થિત સરસવથી ખાલી છે, શલાકા ભરેલો છે, પ્રતિશલાકા અને મહાશલાકા બંને ખાલી છે.

## ❋ પ્રતિશલાકા પાલો ભરવાની પદ્ધતિ ❋

હવે ભરેલો શલાકા પાલો ઉપાડે અને સરસવના દાણા આગળના દ્વીપ-સમુદ્રમાં નાંખે. જ્યારે તે શલાકા ખાલી થાય ત્યારે શલાકા ખાલી થયો તેના પ્રતિકરૂપે એક સરસવનો દાણો (કોઠારમાં) પ્રતિશલાકા પાલામાં નાંખે. અત્યારે અનવસ્થિત પાલો ભરેલો છે, શલાકા અને મહાશલાકા ખાલી છે અને પ્રતિશલાકા પાલામાં ૧ દાણો છે. ખાલી થયેલા શલાકા પાલાને ફરીથી ભરવા માટે પહેલાં ભરીને રાખલો અનવસ્થિત પાલો ઉપાડીને એક-એક સરસવના દાણાને આગળના દ્વીપ-સમુદ્રમાં નાંખી તેને ખાલી કરવો. તેના ખાલી થવાના પ્રતિકરૂપે એક દાણો શલાકામાં નાંખે. આ પ્રકારે મૂળસ્થાન (જંબૂદ્વીપ) થી અંતિમ દાણા સુધીના સ્થાન સુધી વિસ્તારવાળા નવા-નવા અનવસ્થિત પાલા બનાવતા જવું જોઈએ, અને તેને દાણાથી ભરીને ઉપરની વિધિ પ્રમાણે ખાલી કરતા જવું જોઈએ, તેમજ દરેક અનવસ્થિત પાલો ખાલી થવા પર એક-એક દાણો શલાકા પાલામાં નાંખતા જવું. આમ કરવાથી ફરી પાછો શલાકા પાલો ભરાઈ જશે. અહીં છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં નાંખ્યો હોય ત્યાં સુધીના માપનો નવો અનવસ્થિત પાલો બનાવી સરસવના દાણાથી ભરીને મૂકવો.

હવે અનવસ્થિત ભરેલો છે, શલાકા ભરેલો છે અને પ્રતિશલાકા પાલામાં એક દાણો છે. હવે શલાકા પાલાને પૂર્વવિધિ પ્રમાણે ફરીથી ખાલી કરી દેવો અને તે ખાલી થવા પર પ્રતિકરૂપે (કોઠારમાંથી) એક દાણો પ્રતિશલાકામાં નાંખવો. હવે અનવસ્થિત ભરેલો છે અને શલાકા ખાલી છે તથા પ્રતિશલાકા પાલામાં બે દાણા છે.

હવે ઉપરની વિધિ પ્રમાણે નવો અનવસ્થિત પાલો કરવો અને એક-એક દાણો શલાકામાં નાંખવો. આમ વારંવાર ફરી ફરી શલાકા પાલાને ભરી ઉપરની વિધિ પ્રમાણે ખાલી કરતા જવું તથા તે પાલો ખાલી થવાના પ્રતિકરૂપે એક-એક દાણો પ્રતિશલાકા પાલામાં નાંખતા જવું. આમ, એક-એક દાણો નાંખવાથી પ્રતિશલાકા પાલો પૂર્ણ ભરાઈ જશે.

## ❋ મહાશલાકા પાલો ભરવાની પદ્ધતિ ❋

હવે અનવસ્થિત પાલો ભરેલો છે, અને શલાકા ખાલી છે તથા પ્રતિશલાકા પાલો ભરાઈ ગયો છે અને મહાશલાકા પાલો ખાલી છે. તે ભરેલા પ્રતિશલાકા પાલાને ઉપાડી એક-એક દાણો આગળના દ્વીપ સમુદ્રમાં નાંખતા નાંખતા પ્રતિશલાકા પાલાને ખાલી કરવો અને તેના ખાલી થવાના પ્રતિકરૂપે એક દાણો (કોઠારમાંથી) મહાશલાકા પાલામાં નાંખવો.

હવે અનવસ્થિત ભરેલો, શલાકા અને પ્રતિશલાકા ખાલી છે તથા મહાશલાકામાં એક દાણો છે. હવે શલાકા અને પ્રતિશલાકા પાલાને ભરવા માટે ઉપરની વિધિ પ્રમાણે ભરેલા અનવસ્થિત પાલાને ખાલી કરવો અને એક–એક દાણો શલાકામાં નાંખવો ત્યાર પછી શલાકા પાલાને ખાલી કરી એક–એક દાણો પ્રતિશલાકામાં નાંખવો અને પ્રતિશલાકાને ખાલી કરતા કરતા એક–એક દાણો નાંખીને મહાશલાકા પાલાને પૂરો ભરવો. આ રીતે અનવસ્થિત દ્વારા શલાકા, શલાકા દ્વારા પ્રતિશલાકા, પ્રતિશલાકા દ્વારા મહાશલાકાને સંપૂર્ણ ભરી દેવો.

મહાશલાકા પાલો દાણાથી ભરાયા પછી પૂર્વે બતાવેલી પદ્ધતિ પ્રમાણે પ્રતિશલાકા પાલો પણ ભરીને મૂકી દેવો. ત્યાર પછી ખાલી રહેલા શલાકા પાલાને પણ શરૂઆતમાં બતાવેલી શલાકા પાલાને ભરવાની પદ્ધતિ પ્રમાણે શલાકા પાલો ભરીને મૂકી દેવો. શલાકા પાલામાં છેલ્લો દાણો નાંખવામાં આવ્યો તે દ્વીપ કે સમુદ્રના માપનો અનવસ્થિત પાલો સરસવના દાણાથી ભરી દેવો.

આ રીતે ચારે પાલા પૂરા ભરાઈ જશે. ચારે પાલા ભરાઈ જવા પર તે ચારે પાલાના સરસવના દાણા તથા છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં પડયો ત્યાંથી પ્રથમ દ્વીપ જંબૂદ્વીપ સુધી પડેલા બધાં દ્વીપ– સમુદ્રના દાણાને ભેગા કરવા અને એક ઢગલો કરવો. તે બધા દાણાની ગણના કરતા જે સંખ્યા આવે તેને જઘન્ય પરિત્ત અસંખ્યાતા કહેવાય. (પહેલું અસંખ્યાતું)

જઘન્ય પરિત્ત અસંખ્યાતમાંથી એક દાણો ન્યૂન (એક સંખ્યા) સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યાતા કહેવાય.

જઘન્ય સંખ્યાતા અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વચ્ચેની દરેક સંખ્યાને મધ્યમ સંખ્યાતા જ કહેવાય. જઘન્ય પરિત્ત અસંખ્યાતમાંથી બે દાણા ન્યૂન જે સંખ્યા આવે તેને મધ્યમ સંખ્યાતાની ઉચ્ચતમ સંખ્યા કહેવાય.

### ❋ અસંખ્યાતાનું માપ કરવાની પદ્ધતિ ❋

જઘન્ય પરિત્ત અસંખ્યાતની જેટલી સંખ્યા છે. તેને પરસ્પર અભ્યાસરૂપ ગુણતાં (જે તે રકમને તે જ રકમ વડે તેટલી જ વાર ગુણા કરવી તેને પરસ્પર અભ્યાસ કહે છે. જેમ કે પાંચને પાંચ વડે પાંચવાર ગુણવા ૫ x ૫ x ૫ x ૫ x ૫ = $૫^{૫}$=૩૧૨૫) જે સંખ્યા આવે તે જઘન્ય યુક્ત અસંખ્યાત છે. (ચોથું અસંખ્યાત)

જઘન્ય યુક્ત અસંખ્યાતમાંથી એક સંખ્યા ન્યૂન સંખ્યાને ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતા કહેવાય. (ત્રીજું અસંખ્યાત)

જઘન્ય પરિત્ત અસંખ્યાત અને ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત વચ્ચેની દરેક

સંખ્યાને મધ્યમ પરિત્ત અસંખ્યાત કહેવાય. (બીજું અસંખ્યાત)

(એક આવલિકાના સમય જઘન્ય યુક્ત અસંખ્યાત જેટલાં સમય જાણવા)

જઘન્ય યુક્ત અસંખ્યાતાની રાશિને પરસ્પર અભ્યાસરૂપ ગુણતા જઘન્ય અસંખ્યાત અસંખ્યાતની સંખ્યા આવશે. (સાતમું અસંખ્યાત)

તેમાંથી એક સંખ્યા ન્યૂનને ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત કહેવાય. (છઠ્ઠું અસંખ્યાત)

જઘન્ય યુક્ત અસંખ્યાત અને ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત વચ્ચેની દરેક સંખ્યાને મધ્યમ યુક્ત અસંખ્યાત કહેવાય. (પાંચમું અસંખ્યાત)

જઘન્ય અસંખ્યાત અસંખ્યાતની રાશિને પરસ્પર અભ્યાસરૂપ ગુણતા જઘન્ય પરિત્ત અનંતાની સંખ્યા આવશે. (પહેલું અનંત)

તેમાંથી ૧ ન્યૂનને ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત કહેવાય. (નવમું અસંખ્યાત)

જઘન્ય અસંખ્યાત અસંખ્યાત અને ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત વચ્ચેની દરેક સંખ્યાને મધ્યમ અસંખ્યાત અસંખ્યાત કહેવાશે. (આઠમું અસંખ્યાત)

### ❋ અનંતાનું માપ કરવાની પદ્ધતિ ❋

જઘન્ય પરિત્ત અનંતાની રાશિને પરસ્પર અભ્યાસરૂપ ગુણતા જઘન્ય યુક્ત અનંત આવશે. (ચોથું અનંત)

તેમાંથી ૧ ન્યૂનને ઉત્કૃષ્ટ પરિત્ત અનંત કહેવાય. (ત્રીજું અનંત)

જઘન્ય પરિત્ત અનંત અને ઉત્કૃષ્ટ પરિત્ત અનંતની વચ્ચેની દરેક સંખ્યાને મધ્યમ પરિત્ત અનંત કહેવાશે. (બીજું અનંત)

જઘન્ય યુક્ત અનંતને પરસ્પર અભ્યાસરૂપ ગુણતા જઘન્ય અનંતા અનંત થાય. (સાતમું અનંત)

તેમાંથી ૧ ન્યૂને ઉત્કૃષ્ટ યુક્ત અનંત કહેવાય. (છઠ્ઠું અનંત)

જઘન્ય યુક્ત અનંત અને ઉત્કૃષ્ટ યુક્ત અનંત વચ્ચેની દરેક સંખ્યાને મધ્યમ યુક્ત અનંતા કહેવાશે. (પાંચમું અનંત)

જઘન્ય અનંતા અનંત પછી મધ્યમ અનંતા અનંતના સ્થાન છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અનંતા અનંતની રાશિ નથી. આ રીતે ગણના સંખ્યાનું નિરૂપણ પૂર્ણ થાય છે.

## ઈતિ સંખ્યા આદિ ૨૧ બોલ અર્થાત ડાલાપાલા

**સમજણ માટે :** આ થોકડો સમજવાની સરળતા માટે અનંતનો ૯મો ભેદ આ થોકડામાં બતાવેલ છે. આગમમાં અનંતના પ્રથમ આઠ ભેદ જ બતાવેલ છે.

## ❋ વૈરાગ્ય બિંદુ ❋

(૧) પાણીના એક ટીપામાં અસંખ્ય પર્યાપ્તા જીવો હોય છે.

(૨) પાણીના એક ટીપામાંથી જીવો નીકળીને જો સરસવ જેવડું શરીર બનાવે તો ૧ લાખ યોજનના જંબૂદ્વીપમાં સમાય નહીં. એવા સંખ્યાતા જંબૂદ્વીપ ભરાઈ જાય તો પણ ઘણા જીવ બહાર રહી જાય એટલા જીવો પાણીના એક ટીપામાં હોય છે.

તેની નિશ્રામાં અસંખ્યાતા અપર્યાપ્તા જીવો હોય છે. તેની નિશ્રામાં નિગોદના અનંત પર્યાપ્તા જીવો, અનંત અપર્યાપ્તા જીવો હોઈ શકે છે. આ જ્ઞાનીઓએ જ્ઞાન દ્વારા ગણીને બતાવ્યું છે. તો વિચારો પાણીના એક ટીપામાં કેટલી હિંસા થાય છે?

(૩) નરકના એક પલ્યોપમનાં આયુષ્યમાં અસંખ્ય વર્ષો પસાર થઈ જાય છે. આપણે એવા કેટલા પલ્યોપમ અને સાગરોપમ વર્ષો નરકમાં પસાર કરી આવ્યા?

(૪) જુગલિયાનું ૧ પલ્ય કે ૩ પલ્ય આયુષ્ય એટલે અસંખ્ય વર્ષો થાય.

(૫) દેવોનું પલ્યનું અને ૩૩ સાગરનું આયુષ્ય એટલે કેટલું વિચારો?

(૬) કંદમૂળના એક ટુકડામાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવો. અનંતા એટલે કેટલા જીવો સમજવું? આઠમા અનંત જેટલા. આખા ભારતના બધા માણસો આખી જિંદગી લીલાં શાકભાજી ખાય અને જેટલા જીવની હિંસા થાય તેનાથી પણ વધુ સંખ્યામાં જીવો કંદમૂળનો એક ટુકડો ખાવામાં મરે છે.

(૭) અનંતા પુદ્‌ગલ પરાવર્તનથી જીવ રખડે છે અને એક પુદ્‌ગલ પરાવર્તનમાં પણ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી થઈ જાય છે. તો વિચારો કેટલી રખડપટ્ટી કરી?

(૮) એક સમયમાં નરકમાં અસંખ્ય નારકી નવા ઉત્પન્ન થઈ શકે છે. જીવો કેટલા પાપ કરે અને એક સાથે આટલા બધા ઉત્પન્ન પણ થઈ શકે છે.

(૯) ૧ લાખ યોજનનો જંબૂદ્વીપ થાળી જેવો તેને ફરતાં બંગડી આકારના અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. બધા એકબીજાંથી બમણા યોજનના વિસ્તારવાળા. લવણસમુદ્ર ૨ લાખ યોજનનો. તો અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર કેટલો? તેની સામે ૧૪ રાજનો લોક કેટલો મોટો? લોકના આ બધાં સ્થાને જીવ અનંતવાર ઉત્પન્ન થઈ આવ્યો. વિચાર તો કરો કેટલું પરિભ્રમણ કર્યુ?

(૧૦)ડાલાપાલાનું વાસ્તવિક સ્વરૂપ, સમજણ, સંખ્યાતા, અસંખ્યાતા,

અનંતાકાળનું સત્ય સ્વરૂપ સમજાવે છે. અનંતા કાળચક્રો, અનંતા પુદ્‌ગલ પરાવર્તનના કાળની સમજણના નક્કર નિચોડ આત્મામાં વૈરાગ્ય પ્રગટાવવાનો છે. એક વખતની ક્ષણિક ક્ષમા અસંખ્યાત કાળ સુધીની શાતા અપાવી શકે છે. અનંતી શાતાનો અનુભવ કરાવી શકે છે. જ્યારે એક વખતનો ક્ષણિક ક્રોધ કે અહંકાર અસંખ્યાત કાળ સુધીની અશાતા અપાવી શકે છે. અનંતી અશાતાનો અનુબંધ કરાવી શકે છે.

વાસ્તવિક કાળનું માપ જાણી અનંત કાળનું પરિભ્રમણ અટકાવવા પાપોથી બચવું. અનંત સંસારનો ભય પેદા કરવો. સમભાવ રાખવાથી. જન્મ મરણ દૂર કરી શકીશું. આ અસંખ્યાતા અને અનંતનાં સ્વરૂપને જાણીને વૈરાગ્ય ન આવે તો જ નવાઈ?

## વિશિષ્ટ સમજણ :

આગમકારો વસ્તુ સ્વરૂપને સમજાવવા માટે બે પ્રકારનાં ઉદાહરણ આપે છે. ૧. સત્ અને ૨. અસત્. આ થોકડામાં દેવ જે પાલો લઈને જાય છે વિ. ઉદા. અસત્ કલ્પનાએ છે. આવું ભૂતકાળમાં થયું નથી, થવાનું નથી પણ સમજવા માટે છે. તેથી સરસવના આટલા બધા દાણા ક્યાંથી આવ્યા? વગેરે પ્રશ્નો અસ્થાને છે.

**(૧) જઘન્ય સંખ્યાતા :** શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં જઘન્ય સંખ્યા બેની સંખ્યાને ગણેલ છે. સંખ્યાતગુણામાં બમણાથી વધુ હોય તેને જ ગણાય છે. ૧ ને અવકતવ્ય કહે છે, તેથી તે જઘન્ય સંખ્યાતા નથી.

**(૧) અનવસ્થિત પાલો :** તેનું માપ હંમેશાં બદલાતું રહેશે, તેથી તેને અનવસ્થિત પાલો કહે છે. તેની લંબાઈ પહોળાઈ શરૂઆતમાં ૧ લાખ યોજનની હશે. ત્યાર બાદ તે પાલાની લંબાઈ–પહોળાઈ ક્રમશઃ વધતી જશે, પરંતુ ઊંડાઈ હંમેશાં એકસરખી રહેશે.

બાકીના ત્રણ પાલાનું માપ હંમેશાં એકસરખું જ રહેશે. ચારે પાલાનાં માપ પ્રમાણ આંગુલથી છે. (પ્રમાણ આંગુલની સમજણ જુઓ : જૈન પાઠાવલી – ૨, શ્રેણી ૮ – પાનું ૨૨૩)

### ❋ અનવસ્થિત પાલો બનાવવાની પદ્ધતિ ❋

મધ્યલોકમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે. સહુ પ્રથમ જંબૂદ્વીપ પછી લવણ સમુદ્ર પછી ધાતકીખંડ પછી કાળોદધિ સમુદ્ર પછી પુષ્કર દ્વીપ એમ એક દ્વીપ પછી

એક સમુદ્ર પછી એક દ્વીપ એમ અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્ર છે. પ્રથમ જંબૂદ્વીપ ૧ લાખ યોજનનો લાંબો, પહોળો અને થાળી જેવો ગોળ છે. લવણ સમુદ્ર ૨ લાખ યોજનનો બંગડી જેવો ગોળ છે. ધાતકીખંડ ૪ લાખ યોજનનો એમ દરેક દ્વીપ પછીનો સમુદ્ર બમણો તથા દરેક સમુદ્ર પછીનો દ્વીપ બમણો બમણો છે. એકી સંખ્યામાં બધા જ દ્વીપ છે, એટલે કે પ્રથમ, ત્રીજો, પાંચમો, સાતમો, નવમો .... દ્વીપ છે. બીજો, ચોથો, છઠ્ઠો, આઠમો, દશમો .... સમુદ્ર છે.

અસત્ કલ્પનાએ એમ ધારો કે (૧) દેવ દાણા નાંખતાં પ્રથમ જંબૂદ્વીપથી શરૂ કરીને દસમા સમુદ્રમાં પહોંચ્યો તે સમુદ્રમાં તેના પાલાના દાણા ખાલી થઈ ગયા.

(૨) પાંચમો સમુદ્ર ૫૧૨ લાખ યોજનનો છે, અને પ્રથમ-દ્વીપ જંબૂદ્વીપ ૧ લાખ યોજનનો છે ત્યાંથી પાંચમા સમુદ્ર સુધીના બધા જ એટલે કે પાંચે દ્વીપ અને પાંચે સમુદ્રનાં યોજનના માપનો સરવાળો કરવો.

(૩) માટે ૫૦,૦૦૦ યોજન + ૨ + ૪ + ૮ + ૧૬ + ૩૨ + ૬૪ + ૧૨૮ + ૨૫૬ + ૫૧૨ એમ વચ્ચેના કુલ ૧૦૨૨-૧/૨ લાખ યોજન એક છેડાના થાય. તેના બીજા છેડાના પણ ૧૦૨૨-૧/૨ લાખ યોજન એમ બમણાં કરતાં ૨૦૪૫ લાખ યોજન થાય. (જેમ અઢીદ્વીપના ૪૫ લાખ યોજન ગણીએ છીએ તે રીતે). તેથી બીજો અનવસ્થિત પાલો ૨૦૪૫ લાખ યોજનનો બને. આ પદ્ધતિથી દરેક નવા અનવસ્થિત પાલા જંબૂદ્વીપથી શરૂ કરીને જે દ્વીપ કે સમુદ્રમાં પાલો ખાલી થાય તેટલો મોટો પાલો બને તેમ સમજવું જોઈએ.

ચાર પાલાને ભરવાનાં છે. બીજા પાલામાં ૧ દાણો ત્યારે નાંખવાનો જ્યારે પહેલો પાલો એક વાર ખાલી થાય. તેવી જ રીતે ત્રીજા પાલામાં એક દાણો ત્યારે જ નાંખવાનો કે જ્યારે બીજો પાલો એકવાર ખાલી થાય. ચોથા પાલામાં એક દાણો ત્યારે નાંખવાનો જ્યારે ત્રીજો પાલો એક વાર ખાલી થાય.

(૨) **અસંખ્યાતાની ઉદાહરણથી સમજણ :** દા.ત. અસત્ કલ્પનાથી ૧૦ ને ૧લું અસંખ્ય માનીએ ને ૧૦૦ને ૪થું અસંખ્ય માનીએ ને ૧૦૦૦ને ૭મું અસંખ્ય માનીએ. તો અસંખ્યાતાના ૯ પ્રકારની નીચે પ્રમાણે રાશિ આવે.

| | |
|---|---|
| ૧. જઘન્ય પરિત્ત અસંખ્યાત. | : ૧૦ |
| ૨. મધ્યમ પરિત્ત અસંખ્યાત. | : ૧૧ થી ૯૮ |
| ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત. | : ૯૯ |
| ૪. જઘન્ય યુક્તઅસંખ્યાત. | : ૧૦૦ |
| ૫. મધ્યમ યુક્તઅસંખ્યાત. | : ૧૦૧ થી ૯૯૮ |

૬. ઉત્કૃષ્ટ યુક્તઅસંખ્યાત. : ૯૯૯
૭. જઘન્ય અસંખ્યાતઅસંખ્યાત. : ૧૦૦૦
૮. મધ્યમ અસંખ્યાતઅસંખ્યાત. : ૧૦૦૧ થી ૯૯૯૮
૯. ઉત્કૃષ્ટ અસંખ્યાતઅસંખ્યાત. : ૯૯૯૯

**(૩) અનંતાની ઉદાહરણથી સમજણ :** દા.ત., અસત્ કલ્પનાથી ધારો કે ૧૦,૦૦૦ પ્રથમ અનંત, ૧,૦૦,૦૦૦. ચોથું અનંત અને ૧૦,૦૦,૦૦૦, ૭મું અનંત માનીએ તો, અનંતાના નવ પ્રકારની નીચે પ્રમાણે રાશિ આવે છે.

૧. જઘન્ય પરિત્ત અનંત : ૧૦,૦૦૦
૨. મધ્યમ પરિત્ત અનંત : ૧૦,૦૦૧ થી ૯૯,૯૯૮
૩. ઉત્કૃષ્ટ પરિત્ત અનંત : ૯૯,૯૯૯
૪. જઘન્ય યુક્ત અનંત : ૧,૦૦,૦૦૦
૫. મધ્યમ યુક્ત અનંત : ૧,૦૦,૦૦૧ થી ૯,૯૯,૯૯૮
૬. ઉત્કૃષ્ટ યુક્ત અનંત : ૯,૯૯,૯૯૯
૭. જઘન્ય અનંતા અનંત : ૧૦,૦૦,૦૦૦
૮. મધ્યમ અનંતા અનંત : ૧૦,૦૦,૦૦૧ થી વધુ
૯. ઉત્કૃષ્ટ અનંતા અનંત : સંભવતું નથી

ઉપરના બન્ને ઉદાહરણથી સ્પષ્ટ સમજાશે જઘન્ય અને ઉત્કૃષ્ટમાં એટલે કે ૧, ૩, ૪, ૬, ૭ અને ૯મી સંખ્યામાં એક જ આંકડો નિશ્ચિત હશે. વચ્ચેની મધ્યમ સંખ્યામાં એટલે કે ૨, ૫ અને ૮મી સંખ્યામાં જ અસંખ્ય કે અનંત આંકડા હશે.

(૪) અસંખ્યાતામાં કોનો સમાવેશ થાય છે? ૧. લોકના આકાશ પ્રદેશ, ૨. ધર્માસ્તિકાયના પ્રદેશ ૩. અધર્માસ્તિકાયના પ્રદેશ, ૪. એક જીવના આત્મ પ્રદેશ, ૫. સૂક્ષ્મ બાદર અનંતકાય વનસ્પતિના જીવોના શરીર, ૬. પ્રત્યેક શરીરી સર્વ જીવ તથા ૭. કર્મ સ્થિતિબંધના કારણભૂત અધ્યવસાય, ૮. ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમય એ સર્વ અસંખ્યાતા છે.(આ બધાં ૮ માં અસંખ્યાતામાં સમાય છે.)

એક આવલિકાના સમય જઘન્ય યુક્ત અસંખ્યાતા (ચોથા અસંખ્યાત) સમાન છે. દ્વીપ-સમુદ્ર પાંચમા અસંખ્યાતા જેટલા છે. (સૂક્ષ્મ અઢી ઉદ્ધાર સાગરોપમ જેટલા છે
= ૧૦ કરો પલ્ય x ૧ કરોડ પલ્ય x ૨ ૧/૨ = ૨૫ ક્રોડાક્રોડ કૂવા)

**(૫) અનંતમાં કોનો સમાવેશ?** ૧. ચોથા અનંતાની રાશિ પ્રમાણ અભવી જીવો છે. ૨. પાંચમા અનંતાની રાશિ પ્રમાણ પડિવાઈ સમ્યક્ દ્રષ્ટિ જીવો છે. ૩. આઠમા અનંતાની રાશિ પ્રમાણ સિદ્ધના જીવો, નિગોદનાં જીવો, આકાશ

શ્રેણી તથા કેવળજ્ઞાન, કેવળદર્શનની પયાર્ય છે.

૬) **અનંતનો અલ્પબહુત્વ :** ૧. સર્વથી થોડા અભવી, ૨. તેથી પડિવાઈ સમ્યક્ દ્રષ્ટિ અનંતગુણા, ૩. તેથી સિદ્ધ અનંતગુણા, ૪. તેથી સંસારી અનંતગુણા, ૫. તેથી પુદ્‌ગલ અનંતગુણા, ૬. તેથી કાળ અનંતગુણા, ૭. તેથી આકાશ પ્રદેશ અનંતગુણા, ૮. તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાય અનંતગુણી છે.

## ૨. પુદ્‌ગલ પરાવર્તન સ્વરૂપ

### ભગવતી સૂત્ર-શતક ૧૨, ઉદ્દેશો ૪ તથા

### ❖ પાંચમો કર્મગ્રંથ પ્રદેશબંધ દ્વાર ❖

પુદ્‌ગલ પરાવર્તન એટલે શું? જીવદ્વારા લોકમાં રહેલાં સર્વ પુદ્‌ગલોને તે તે રૂપે ગ્રહણ કરીને છોડવા, તે પુદ્‌ગલ પરાવર્તન છે.

પરમાણુ પુદ્‌ગલોના સંયોજનથી અને વિભાજનથી પુદ્‌ગલોનું અનંત અનંત પરિવર્તન થાય છે. એક પરમાણુ, દ્વિપદેશી સ્કંધ સાથે ભેગા થવા પર અનંત પરિવર્તન થાય છે કારણ કે પરમાણુ અનંત છે અને દરેક પરમાણુથી પુદ્‌ગલ પરાવર્તન થતું રહે છે.

એક પુદ્‌ગલ પરાવર્તન અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાળ પ્રમાણ હોય છે.

આખા લોકમાં અનેક પ્રકારની પુદ્‌ગલ વર્ગણાઓ ભરેલી છે. તેમાંથી આઠ પ્રકારની વર્ગણાઓ જીવ ગ્રહણ કરી શકે છે. તેનાં નામ :

૧. ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા, ૨. વૈક્રિય ગ્રહણ યોગ્ય વર્ગણા,
૩. આહારક ગ્રહણ યોગ્ય વર્ગણા, ૪. તૈજસ ગ્રહણ યોગ્ય વર્ગણા,
૫. ભાષા ગ્રહણ યોગ્ય વર્ગણા, ૬. શ્વાસોચ્છ્‌વાસ ગ્રહણ યોગ્ય વર્ગણા,
૭. મન ગ્રહણ યોગ્ય વર્ગણા, ૮. કાર્મણ ગ્રહણ યોગ્ય વર્ગણા.

પુદ્‌ગલ પરાવર્તનના ચાર ભેદ છે : ૧. દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તન, ૨. ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન, ૩. કાળ પુલ પરાવર્તન, ૪. ભાવ પુદ્‌ગલ પરાવર્તન. તે દરેકના બે બે ભેદ છે - ૧. બાદર, ૨. સૂક્ષ્મ.

૧. **બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તન :** જેટલા સમયમાં એક જીવ સમસ્ત પરમાણુઓને ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ, મન અને

કાર્મણ કોઈપણ રૂપે પરિણમાવી જેટલા ગ્રહણ કરે તે બધા પુદ્‌ગલ ભોગવીને છોડી દે તેટલા કાળ (સમય)ને બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

**સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તનઃ** એક જીવ જેટલા સમયમાં સમસ્ત પરમાણુઓને ઔદારિક વગેરે ૭ વર્ગણાઓમાંથી કોઈ એક જ વર્ગણારૂપે પરિણમાવીને તેને ગ્રહણ કરી, છોડી દે, તેટલાં સમયને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

જો બધા પરમાણુઓને એક ઔદારિક શરીરરૂપે પરિણમાવે, ત્યારે વચ્ચે કેટલાક વૈક્રિય વગેરે શરીરરૂપે ગ્રહણ કરીને છોડી દે તો તે ગણતરીમાં લેવામાં આવે નહીં. જે પુદ્‌ગલ પરાવર્તન ચાલુ છે તે રૂપે જ પુદ્‌ગલ પરમાણુ ગ્રહણ કરીને છોડવામાં આવે છે, તેની જ સૂક્ષ્મ દ્રવ્ય પુ.પ.માં ગણતરી કરાય છે.

દ્રવ્ય સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્તનના સાત ભેદ છે :

૧. ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન,
૨. વૈક્રિય પુદ્‌ગલ પરાવર્તન,
૩. તૈજસ પુદ્‌ગલ પરાવર્તન,
૪. કાર્મણ પુદ્‌ગલ પરાવર્તન,
૫. મન પુદ્‌ગલ પરાવર્તન,
૬. વચન પુદ્‌ગલ પરાવર્તન,
૭. શ્વાસોચ્છ્‌વાસ પુદ્‌ગલ પરાવર્તન.

(આહારક શરીર એક જીવને વધુમાં વધુ સંપૂર્ણ સંસારકાળમાં ચાર જ વાર પ્રાપ્ત થાય છે, તેથી તેની વર્ગણાઓનું પુદ્‌ગલ પરાવર્તન થઈ શકતું નથી, માટે આહારક શરીરનું પુદ્‌ગલ પરાવર્તન ગણેલ નથી.)

**૨. બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન :** એક જીવ પોતાના મરણ દ્વારા લોકના આકાશાસ્તિકાયના બધા જ આકાશ-પ્રદેશોને વિના ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

(કોઈ એક જીવ સંસાર પરિભ્રમણ કરતાં કરતાં, લોકના આકાશના (લોકાકાશ) કોઈપણ આકાશ-પ્રદેશ પર મર્યા પછી તે જ જીવ ફરીથી કોઈ અન્ય આકાશપ્રદેશોમાં મર્યો, આ રીતે મરણ દ્વારા લોકાકાશના બધા જ આકાશ-પ્રદેશોને વિના ક્રમથી સ્પર્શી લે, તેમાં જેટલો કાળ પસાર થાય, તે કાળને બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન કહે છે.)

**સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન :** એક જીવ પોતાના મરણ દ્વારા લોકાકાશના સમસ્ત પ્રદેશોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

(કોઈ જીવ સંસાર પરિભ્રમણ કરતાં કરતાં, લોકાકાશના કોઈ એક આકાશ પ્રદેશમાં મરણ કરીને ફરીથી તે જ પ્રદેશની બાજુના બીજા જ આકાશ પ્રદેશમાં મરણ કરે, પછી બાજુના ત્રીજા જ પ્રદેશમાં મરણ કરે, એ રીતે ક્રમથી ત્યાર

પછીના આકાશ-પ્રદેશમાં મરણ કરતાં કરતાં જ્યારે સમસ્ત લોકાકાશના પ્રદેશોને મરણ દ્વારા સ્પર્શી લે, તેને સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન કહે છે. આ ગણતરીમાં ક્રમ સિવાયના અન્ય આકાશ-પ્રદેશ પર મરે તે ગણતરીમાં ન આવે.

**૩. બાદર કાળ પુદ્‌ગલ પરાવર્તન :** એક જીવ પોતાના મરણ દ્વારા ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના સમસ્ત અસંખ્યાતા સમયોને વિના ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને બાદર કાળ પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

**સૂક્ષ્મ કાળ પુદ્‌ગલ પરાવર્તન :** એક જીવ પોતાના મરણ દ્વારા ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના સમસ્ત સમયોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેટલા સમયને સૂક્ષ્મ કાળ પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

(કોઈ એક જીવ અવસર્પિણી કાળના પહેલા સમયમાં મર્યો ત્યાર પછી વીસ કોડાકોડી સાગર અથવા જ્યારે અન્ય કાળમાં અવસર્પિણીનો બીજો સમય આવે ત્યારે તેના બીજા સમયે મરે, મધ્યના શેષ સમયોમાં જ્યાં જ્યાં મરણ થાય તે ગણતરીમાં ન લેવું, પરંતુ ક્રમસર અવસર્પિણી કાળના સમયથી મરણની જ ગણતરી કરવી. આ પ્રકારે ત્રીજા, ચોથા વગેરે સમયમાં મરણ કરીને જેટલા સમયમાં અવસર્પિણી ઉત્સર્પિણીના બધા જ સમયોમાં મરણ કરી લે, તેને કાળનું સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્તન કહે છે.)

**૪. બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્તન :** એક જીવ પોતાના મરણ દ્વારા વિના ક્રમથી અનુભાગબંધ અથવા રસબંધના કારણરૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનને જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

**સૂક્ષ્મ ભાવ પુદ્‌ગલ પરાવર્તન :** એક જીવ પોતાના મરણ દ્વારા અનુભાગબંધ અથવા રસબંધના કારણરૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને સૂક્ષ્મ ભાવ પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન એટલે શું?

ઔદારિક શરીરમાં રહીને જ્યારે જીવ લોકના બધાં પુદ્‌ગલોને ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરીને બદ્ધ, સ્પૃષ્ટ કરે છે અને તે જ પુદ્‌ગલોને નિર્જરા કરી છોડે છે તેને ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન કહે છે.

આ જ રીતે વૈક્રિય પુદ્‌ગલ પરાવર્તન વગેરે ૭ પુદ્‌ગલ પરાવર્તનનો અર્થ સમજવો.

પ્ર. (૧) સર્વ જીવે પુદ્‌ગલ પરાવર્તન કેટલા કર્યા?

ઉ. (૧) સર્વ જીવે ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન, વૈક્રિય પુ.પ., તૈજસ પુ.પ. ભાષા શ્વાસોશ્વાસ મન અને કાર્મણ વગેરે સાતે પુદ્‌ગલ પરાવર્તન અનંત અનંત કર્યા. તેના ૭ પ્રશ્ન થાય. અને ૭ પુ.પ. થાય.

પ્ર. (૨) ૨૪ દંડકનાં એક એક જીવે કેટલા પુદ્‌ગલ પરાવર્તન કર્યા?

ઉ. (૨) એક નારકીના જીવે (ચારે ગતિમાં જન્મ મરણ દ્વારા) ઔદારિક પુ. પ.,

વૈક્રિય વિ. સાતે પુદ્‌ગલ પરા. ભૂતકાળમાં અનંત અનંત કર્યા. ભવિષ્યકાળે કોઈ નારકી એક પણ પુ.પ. કરશે નહીં (જો તે મોક્ષ જશે તો), કોઈ નારકી પુ. પ. કરશે. જે નારકી પુદ્‌ગલ પરાવર્તન કરશે તે જઘન્ય ૧-૨-૩, ઉત્કૃષ્ટ અનંત પુ. પ. કરશે. એમ ભવનપતિ વગેરે ૨૪ દંડકના એક એક જીવે સાત પુદ્‌ગલ પરાવર્તન ભૂતકાળે અનંતા કર્યા, કેટલાક ભવિષ્યમાં કરશે નહીં (મોક્ષ જશે માટે), જે કરશે તે ૧-૨-૩, ઉ. અનંત કરશે. ૨૪ દંડક સાથે ૭ પુદ્‌ગલ પરાવર્તન એમ ૨૪ x ૭ એટલે ૧૬૮ પ્રશ્ન થાય.

વર્તમાને નરકમાં રહેલ નારકીના ૧-૧ જીવે ચાર ગતિમાં પરિભ્રમણ કરીને જન્મ મરણ દ્વારા

| | | | ભૂતકાળમાં કેટલાં/કયાં કયાં પુદ્ગલ પરાવર્તન કર્યા? | | | | | | | ભવિષ્યમાં કેટલાં/કયાં કયાં પુદ્ગલ પરાવર્તન કરશે? | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દંડક નામ | દંડક | પ્રશ્ન | ઔ પુપ ૧ | વૈ પુ ૨ | તૈ પુ ૩ | કા પુ ૪ | મ પુ ૫ | વ પુ ૬ | શ્વા પુ ૭ | ઔ પુપ ૧ | વૈ પુ ૨ | તૈ પુ ૩ | કા પુ ૪ | મ પુ ૫ | વ પુ ૬ | શ્વા પુ ૭ |
| નારકી | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| દેવતા | ૧૩ (૧૩x૭) | ૯૧ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| પૃથ્વી | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| અપકાય | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| તેઉકાય | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| વાઉકાય | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| વનસ્પ. | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| બેઈ. | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| તેઈ. | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| ચૌરે. | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |

| | | |
|---|---|---|
| તિ.પં. ૧ ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. |
| મનુષ્ય ૧ ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | કોઈ નહીં કરે, કરશે તો જ. ૧,૨, ૩... ઉ.અનંત કરશે. |
| કુલ પ્રશ્ન ૧૬૮ | | |

**પ્ર. (૩) ૨૪ દંડકના ઘણા(બહુ) જીવે કેટલા પુદ્ગલ પરાવર્તન કર્યા?**

**ઉ. (૩) વર્તમાને નારકીમાં રહેલ બહુ જીવે ૪ ગતિમાં પરિભ્રમણ કરીને જન્મ મરણ દ્વારા**

| કુલ પ્રશ્ન ૧૬૮ | | | ભૂતકાળમાં કેટલાં/ક્યાં ક્યાં પુદ્ગલ પરાવર્તન કર્યા? | | | | | | | ભવિષ્યમાં કેટલાં/ક્યાં ક્યાં પુદ્ગલ પરાવર્તન કરશે? | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દંડક નામ | દંડક | પ્રશ્ન | ઔ પુપ | વૈ પુ | તૈ પુ | કા પુ | મ પુ | વ પુ | શ્વા પુ | ઔ પુપ | વૈ પુ | તૈ પુ | કા પુ | મ પુ | વ પુ | શ્વા પુ |
| નારકી | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | |
| દેવતા | ૧૩ | ૯૧ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | |
| પ. સ્થા. | ૫ | ૩૫ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | |
| ૩ વિગ. | ૩ | ૨૧ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | |
| તિ.પં. | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | |
| મનુષ્ય | ૧ | ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | | ૭ પુ. પ. અનંત કર્યા | | | | | | |

**પ્ર. (૪) એક જીવે ક્યા ક્યા સ્થાને, ક્યા ક્યા પુદ્ગલ પરાવર્તન કર્યા? ક્યા ક્યા કરશે?**

**ઉ. (૪) નારકીના ૧ દંડકના ૨૪ દંડકમાં પુદ્ગલ પરાવર્તનના ૧૬૮ પ્રશ્ન થાય તે નીચે પ્રમાણે જાણવા. વર્તમાને નરકના દંડકમાં રહેલ નારકીના ૧-૧ જીવે, (૧) નરકના ૧ દંડકમાં રહીને, (૨) દેવતાના ૧૩ દંડકમાં રહીને, (૩) સ્થાવરના ૪ દંડકમાં રહીને, (૪) વાઉકાયના ૧ દંડકમાં રહીને, (૫) વિકલે.ના ૩ દંડકમાં રહીને, (૬) તિ.પં.ના ૧ દંડકમાં રહીને, (૭) મનુષ્યના ૧ દંડકમાં રહીને જન્મ મરણ દ્વારા...**

| | | | ભૂતકાળમાં કેટલાં/ક્યાં ક્યાં પુદ્ગલ પરાવર્તન કર્યા? | | | | | | | ભવિષ્યમાં કેટલાં/ક્યાં ક્યાં પુદ્ગલ પરાવર્તન કરશે? | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દંડક નામ | દંડક | પ્રશ્ન | ઔ પુપ ૧ | વૈ પુ ૨ | તૈ પુ ૩ | કા પુ ૪ | મ પુ ૫ | વ પુ ૬ | શ્વા પુ ૭ | ઔ પુપ ૧ | વૈ પુ ૨ | તૈ પુ ૩ | કા પુ ૪ | મ પુ ૫ | વ પુ ૬ | શ્વા પુ ૭ |
| નારકી | ૧ | ૭ | ના | અનં | અનં | અનં | અનં | અનં | અનં | ના ૬ પુ. પ. કોઈ નહીં કરે, કરશે તો જ. ૧, ૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |
| દેવતા પણે | ૧૩ | ૯૧ | ના | અનં | અનં | અનં | અનં | અનં | અનં | ના ૬ પુ. પ. કોઈ નહીં કરે, કરશે તો જ. ૧, ૨, ૩... ઉ.અનંત કરશે. | | | | | | |

| | | |
|---|---|---|
| ૫ સ્થા. ૫ ૩૫<br>પણે | અ ના અ અ ના ના અ<br>નં નં નં નં<br>ત ત ત ત | અ ના અ અ ના ના અ<br>૪ પુ.પ.કોઈ નહીં કરે, કરશે તો<br>જ. ૧, ૨, ૩... ઉ.અનંત કરશે. |
| ૩ વિક. ૨૧<br>પણે | અ ના અ અ ના ના અ<br>નં નં નં નં નં<br>ત ત ત ત ત | અ ના અ અ ના ના અ<br>૪ પુ.પ.કોઈ નહીં કરે, કરશે તો<br>જ. ૧, ૨, ૩... ઉ.અનંત કરશે. |
| તિ. પંચે. ૧ ૭<br>પણે | ૭ પુ. પ. અનંત કર્યા | ૭ પુ. પ. કોઈ નહીં કરે, કરશે તો<br>જ. ૧, ૨, ૩... ઉ.અનંત કરશે. |
| મનુષ્ય ૧ ૭ | ૭ પુ. પ. અનંત કર્યા | ૭ પુ. પ. કોઈ નહીં કરે, કરશે તો<br>જ. ૧, ૨, ૩... ઉ.અનંત કરશે. |
| **આમ કુલ ૧૬૮** | **પ્રશ્ન નારકીના થયા.** | |

**અ = અનંત સમજવું. ના = નથી કરતા/નહીં કરે સમજવું**

**આ રીતે ૨૪ દંડકના ૧-૧ જીવ પોતાના દંડકમાં રહીને તથા અન્ય દંડકમાં જન્મ-મરણ દ્વારા જેટલા પુ.પ. કરશે તેના પ્રશ્ન ઉપર પ્રમાણે અને તેના જવાબો પણ એ જ પ્રમાણે થશે. માટે કુલ પ્રશ્ન થશે ૧ દંડકના ૧૬૮ પ્રશ્નો, માટે ૨૪ દંડકના ૨૪ × ૧૬૮ = ૪૦૩૨ પ્રશ્ન થાય.**

**પ્ર. (૫) બહુ જીવોએ ક્યા સ્થાને, ક્યા ક્યા પુદ્ગલ પરાવર્તન કર્યા? ક્યા ક્યા કરશે?**

**ઉ. (૫) બહુ જીવોએ નારકીપણે ઔદારિક પુદ્ગલ પરાવર્તન કર્યા નથી અને કરશે નહીં. વૈક્રિય, તૈજસ, કાર્મણ, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ ૬ પુદ્ગલ પરાવર્તન કર્યું છે, કરશે. જે કરશે તે જ. ૧-૨-૩, ઉ. અનંત કરશે.**

**તેમ બહુ જીવોએ, ચોવીસે દંડકમાં રહી ૭, ૭ પુદ્ગલ પરાવર્તન (હોય તો હા અને ન હોય તો ના) કર્યા તેના ૧૬૮ પ્રશ્ન (નારકીના દંડક પ્રમાણે) × ૨૪ (દંડક) = ૪૦૩૨ પ્રશ્ન થાય. (૪થા પ્રશ્નની જેમ સમજવું)**

**ઉ. (૬) ૨૪ દંડકના જીવોએ તે દંડકપણે ક્યા ક્યા પુદ્ગલ પરાવર્તન કર્યા?**

| દંડક નું નામ | દંડક સંખ્યા | ઔદારિક પુ. | વૈક્રિય પુ.પ. | તૈજસ પુ.પ. | કાર્મણ પુ.પ. | મન પુ.પ. | વચન પુ.પ. | શ્વોસો. પુ.પ. | પ્રશ્ન કેટલાં? |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નારકી | ૧ | ના | હા | હા | હા | હા | હા | હા | ૬ |
| દેવતા | ૧૩ | ના | હા | હા | હા | હા | હા | હા | ૧૩ x ૬= ૭૮ |
| પૃથ્વીકાય | ૧ | હા | ના | હા | હા | ના | ના | હા | ૪ |
| અપકાય | ૧ | હા | ના | હા | હા | ના | ના | હા | ૪ |
| તેઉકાય | ૧ | હા | ના | હા | હા | ના | ના | હા | ૪ |
| વાઉકાય | ૧ | હા | હા | હા | હા | ના | ના | હા | ૫ |
| વનસ્પતિ | ૧ | હા | ના | હા | હા | ના | ના | હા | ૪ |
| બેઈન્દ્રિય | ૧ | હા | ના | હા | હા | ના | હા | હા | ૫ |
| તેઈન્દ્રિય | ૧ | હા | ના | હા | હા | ના | હા | હા | ૫ |
| ચૌરન્દ્રિય | ૧ | હા | ના | હા | હા | ના | હા | હા | ૫ |
| તિર્યંચ પંચે. | ૧ | હા | હા | હા | હા | હા | હા | હા | ૭ |
| મનુષ્ય | ૧ | હા | હા | હા | હા | હા | હા | હા | ૭ |
| | | | | | | | | કુલ પ્રશ્ન થયા | ૧૩૪ |

આમ કુલ મળી ૭+ ૧૬૮+ ૧૬૮+૪૦૩૨+૪૦૩૨+૧૩૪=૮૫૪૧ પ્રશ્નો થાય છે.

પ્ર. (૭) એક ઔદારિક પુદ્ગલ પરાવર્તનમાં કેટલો કાળ જાય છે?

ઉ. (૭) એક ઔદારિક પુ. પ. અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં થાય છે.તે જ પ્રકારે વૈક્રિય વગેરે સાતે પુ. પ.માં અનંત અનંત કાળચક્ર વહી જાય છે.

પ્ર. (૮) સાતે પુદ્ગલ પરાવર્તનનો કાળથી અલ્પબહુત્વ શું છે?

ઉ. (૮) ૧. સર્વથી થોડા કાર્મણ પુદ્ગલ પરાવર્તનનો (અનંત) કાળ છે.

૨. તેથી તૈજસ પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો,

૩. તેથી ઔદારિક પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો,

૪. તેથી શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો,

૫. તેથી મન પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો,

૬. તેથી વચન પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો,

૭. તેથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો છે.

પ્ર . (૯) સર્વ જીવે કેટલા પુ. પ. કર્યા? તેનો અલ્પબહુત્વ શું છે?

ઉ. (૯) ૧. સર્વ જીવે સર્વથી થોડા વૈક્રિય પુદ્ગલ પરાવર્તન કર્યા.

૨. તેથી વચન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા,
૩. તેથી મન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા,
૪. તેથી શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા,
૫. તેથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન અનંતગુણા,
૬. તેથી તૈજસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા,
૭. તેથી કાર્મણ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા કર્યા.

અનાદિકાળથી સંસારમાં જીવ પરિભ્રમણ કરે છે. તેથી લોકમાં એક પણ પરમાણુ પુદ્ગલ એવો નથી છૂટયો કે જે તેણે ભોગવ્યો ન હોય, એકપણ આકાશપ્રદેશ એવો બાકી નથી કે જ્યાં તે મર્યો ન હોય. કાળનો એકપણ સમય એવો બાકી નથી જ્યારે તે મર્યો ન હોય, એકપણ કષાયસ્થાન એવું બાકી નથી કે જ્યાં તે મર્યો ન હોય. આમ પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંત અનંત ઉત્સર્પિણી અવસર્પિણી થાય છે.

ઈતિ પુદ્ગલ પરાવર્તન સ્વરૂપ.

## વૈરાગ્ય બિંદુ

(૧) દુનિયામાં દેખાતી દુર્ગંધી વસ્તુઓ જેની પાસે ઊભા રહેવા તૈયાર નથી તે જ પુદ્ગલ અનંતીવાર આપણા ઔદારિકરૂપે ભૂતકાળમાં હતા.
(૨) દુનિયામાં દેખાતી ખરાબ વર્ણવાળી વસ્તુઓ જે પુદ્ગલની છે, તે જ પુદ્ગલ અનંતીવાર આપણને ઔદારિક શરીરરૂપે ભૂતકાળમાં હતા.
(૩) જે સૌંદર્યવાન પુદ્ગલ દેખાય છે તે જે પુદ્ગલ કુરૂપપણે આપણા ઔદારિક શરીરરૂપે ભૂતકાળમાં હતા.
(૪) જે સુગંધી અત્તર આજે છાંટો છો, તે જ પુદ્ગલ અનંતીવાર દુર્ગંધમય આપણા ઔદારિક શરીરરૂપે હતા.
(૫) જે શબ્દ સંગીતના સાંભળે છે, તે જ પુદ્ગલ અપમાનરૂપે તે અનંતીવાર સાંભળેલા છે.
(૬) જે અપમાનના શબ્દ સાંભળીને તું ગુસ્સો કરે છે તે જ પુદ્ગલને પ્રશંસારૂપે અનંતીવાર સાંભળીને ખુશ થયેલો ને કર્મ બાંધેલાં. આજે એ જ શબ્દ સાંભળી ગુસ્સો કરીને કર્મ બાંધે છે. પુદ્ગલમાં રાગદ્વેષ કરવાનું છોડ.
(૭) જે સ્વાદિષ્ટ ભોજન રાગપૂર્વક કરી રહ્યો છે, તે જ પુદ્ગલો અનંતીવાર વિષ્ટારૂપે ગ્રહણ કરેલા છે, સ્વાદિષ્ટ પુદ્ગલ પાછા વિષ્ટા બનવાના જ છે.

(૮) પુદ્ગલ પરાવર્તન કહે છે 'પર પુદ્ગલથી ખસ અને સ્વમાં વસ'.
(૯) જગતના સર્વ પુદ્ગલને અનંતીવાર અલગ અલગરૂપે ગ્રહણ કરેલા છે, માટે હવે તેના ભોગવટામાં શાંત થા, સમભાવી થા.

## (વિશિષ્ટ સમજણ પરીક્ષામાં પુછાશે નહીં)

(૧) અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા નારકી જીવોના ૭ પ્રકારના પુદ્ગલ પરાવર્તન કહ્યાં. તેમાં ઔદારિક પુદ્ગલ પરાવર્તન વગેરે ભૂતકાળના અનંત છે, કારણ કે ભૂતકાળ અનાદિથી છે, જીવ પણ અનાદિ છે અને પુદ્ગલોને ગ્રહણ કરવાનો તેનો સ્વભાવ છે. ભૂતકાળમાં અનંતવાર તે જ જીવે ઔદારિકના ૧૦ દંડકમાં અનંતવાર ઔદારિક શરીર ધારણ કરેલ હતું તેથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન અનંત કર્યા.
(૨) અભવ્ય જીવના ઔદારિક વગેરે પુ. પ. થાય છે અને થતાં જ રહેશે. જે ભવ્ય જીવો નરક વગેરે ગતિથી નીકળીને મનુષ્યભવ પ્રાપ્ત કરી મોક્ષ જશે તે અથવા સંખ્યાત ભવો કે અસંખ્યાત ભવો કરીને મોક્ષ જશે તેનું પુદ્ગલ પરાવર્તન નહીં થાય. જેનો સંસાર પરિભ્રમણ કાળ અનંતકાળ હશે, તે જીવ એક અથવા અનેક પુદ્ગલ પરાવર્તન કરશે. એક પુદ્ગલ પરાવર્તન અનંતકાળે પૂર્ણ થાય છે.
(૩) જેમનામાં વૈક્રિય શરીર ન હોય, ત્યાં તે સમયે વૈક્રિય પુદ્ગલ પરાવર્તન થતું નથી. જેમનામાં મન ન હોય, તેમનામાં મન પુલ પરાવર્તન ન હોય. જેમનામાં જીભ ન હોય, તેને વચન પુદ્ગલ પરાવર્તન ન હોય. જેમનામાં ઔદારિક શરીર ન હોય, તેમને ઔદારિક પુદ્ગલ પરાવર્તન ન હોય.

તૈજસ અને કાર્મણ શરીર, શ્વાસોચ્છ્વાસ સર્વ સંસારીને હોય છે તેથી સર્વ નારકી વગેરે ૨૪ દંડકના જીવોમાં તૈજસ, કાર્મણ, શ્વાસોચ્છ્વાસ પુ. પ. થાય છે.
ઔદારિક પુ . પ.ના દંડક ૧૦ : પાંચ સ્થાવર, ૩ વિક., ૧ તિર્યંચ પંચે., ૧ મનુષ્ય.
વૈક્રિય પુ. પ.ના દંડક ૧૭ : ૧ નારકી, ૧૩ દેવ, ૧ વાયુ, ૧ તિર્યંચ પંચે., મનુષ્ય.
તૈજસ, કાર્મણ અને શ્વાસો. પુદ્ગલ પરાવર્તનના ૨૪ દંડક.
ભાષા પુ. પ.ના દંડક ૧૯ : પાંચ સ્થાવરના છોડીને ૧૯ દંડક.
મન પુ. પ.ના ૧૬ દંડક : ૧ નારકી, ૧૩ દેવ, ૧ તિર્યંચ પંચે., ૧ મનુષ્ય.
(૪) ઔદારિક પુદ્ગલ પરાવર્તન વિસ્તારથી : ઔદારિક શરીરમાં રહેલ જીવે ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલોને ઔદારિક શરીરપણે ગ્રહણ (લેવા) કર્યા છે, બદ્ધ (એકમેક) કર્યા છે, સ્પૃષ્ટ કર્યા છે (શરીર પર રજની જેમ), પ્રસ્થાપિત (સ્થિર) કર્યા

છે, સ્થાપિત કર્યા છે, અભિનિવિષ્ટ (ચારેબાજુથી) કર્યા છે, અભિસમન્વાગત (સર્વથા પ્રાપ્ત, બધા અવયવોથી ગ્રહણ) કર્યા છે, પરિણામિત (તે શરીરરૂપે પરિણમાવ્યા) કર્યા છે, નિર્જર્યા (આત્મ-પ્રદેશોથી અલગ કર્યા) છે, આત્મ-પ્રદેશોથી છોડ્યા છે. તે ઔદારિક પુ. પ. છે. આમ સાતે પુ. પ.માં સમજવું.

**(૫) અલ્પબહુત્વની સમજણ :** અલ્પબહુત્વ : ૧. સર્વથી થોડા કાર્મણ પુદ્ગલ પરાવર્તનનો (અનંત) કાળ છે. ૨. તેથી તૈજસ પુ. પ.નો કાળ અનંતગુણો, ૩. તેથી ઔદારિક પુ. પ.નો કાળ અનંતગુણો, ૪. તેથી શ્વાસોચ્છ્વાસ પુ. પ.નો કાળ અનંતગુણો, ૫. તેથી મન પુ. પ.નો કાળ અનંતગુણો, ૬. તેથી વચન પુ. પ.નો કાળ અનંતગુણો, ૭. તેથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો છે.

**સમજણ :** કાર્મણ પુદ્ગલ પરાવર્તનનો કાળ સર્વથી થોડો છે કારણ કે કાર્મણ પુદ્ગલ સૂક્ષ્મ છે અને ઘણા પરમાણુઓથી બનેલા છે આથી એક જ વારમાં ઘણાં ગ્રહણ થાય છે, તથા નારકી વગેરે દરેક ગતિમાં રહેલા જીવો દરેક સમયે તેને તે રૂપે ગ્રહણ કરે છે. આથી બહુ જ ઓછા કાળમાં કાર્મણરૂપે બધાં પુદ્ગલો ગ્રહણ થઈ જાય છે.

તેથી તૈજસ પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો છે, કારણ કે તૈજસ પુદ્ગલ, કાર્મણ પુદ્ગલ કરતાં સ્થૂળ છે આથી એકવારમાં અલ્પ પુદ્ગલો ગ્રહણ થાય છે, તેમ જ અલ્પ પ્રદેશોથી બનેલા હોવાના કારણે એકવારમાં તે અલ્પઅણુઓ ગ્રહણ થઈ જાય છે, તેથી તે અનંતગુણા છે.

તેથી ઔદારિક પુ. પ.નો કાળ અનંતગુણો છે, કારણ કે ઔદારિક પુદ્ગલ તૈજસ પુદ્ગલ કરતાં અતિસ્થૂળ છે, તેથી અલ્પ જ ગ્રહણ થાય છે. તેના પ્રદેશ પણ અલ્પ છે, તેથી તેમને ગ્રહણ કરવા પર એક સમયમાં અલ્પઅણુ જ ગ્રહણ થાય છે. સર્વ સંસારી જીવો ઔદારિકનાં પુદ્ગલોને નિરંતર ગ્રહણ નથી કરતા. માત્ર ઔદારિક શરીરી જીવો જ તેને ગ્રહણ કરે છે. આથી ગ્રહણ કરતાં સમય વધુ લાગે છે.

તેથી શ્વાસોચ્છ્વાસ પુ. પ.નો કાળ અનંતગુણો છે. આમ તો શ્વાસો.નાં પુદ્ગલો ઔદારિકનાં પુદ્ગલોથી સૂક્ષ્મ અને બહુપ્રદેશી છે, તેથી અલ્પકાળમાં જ ગ્રહણ થઈ શકે છે. પરંતુ શ્વાસો. અપર્યાપ્ત અવસ્થામાં તે પુદ્ગલો ગ્રહણ ન થવાથી તથા શ્વાસો. પર્યાપ્તા અવસ્થામાં પણ ઔદારિક શરીર પુદ્ગલોની અપેક્ષાએ અલ્પ ગ્રહણ થતાં હોવાથી તેમનું બધાં જ પુદ્ગલોનું ગ્રહણ થવું શીઘ્ર પૂર્ણ થતું નથી માટે.

તેથી મન પુ. પ.નો કાળ અનંતગુણો છે, આમ તો શ્વાસો.નાં પુદ્ગલો મનનાં પુદ્ગલો કરતાં સૂક્ષ્મ અને બહુપ્રદેશી છે, આથી અલ્પકાળમાં જ ગ્રહણ થઈ શકે છે. પરંતુ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયના ભવોમાં મન હોતું જ નથી,

તેવા મન વિનાના ભવોમાં જીવનો ઘણો લાંબો કાળ પસાર થાય છે માટે.

તેથી વચન પુ. પ.નો કાળ અનંતગુણો છે. કારણ કે માત્ર એકેન્દ્રિય વર્જીને બાકીના ભવોમાં જીવને વચન હોય જ છે. મન દ્રવ્યોની અપેક્ષા ભાષા દ્રવ્ય અતિ સ્થૂળ છે, માટે એક સમયમાં બહુ જ થોડાં પુદ્ગલ ગ્રહણ થાય છે.

તેથી વૈક્રિય પુ. પ.નો કાળ અનંતગુણો છે, કારણ કે વૈક્રિય શરીર ઘણા લાંબા સમયે પ્રાપ્ત થાય છે માટે. વચનની અપેક્ષાએ વૈક્રિયનાં પુદ્ગલો અતિસ્થૂળ છે માટે.

(૭) સર્વ જીવે કેટલા પુ. પ. કર્યા તેનો અલ્પબહુત્વનો ક્રમ ઉપર બતાવ્યા કરતાં ઊલટો સમજવો અને તેનું કારણ પણ ઉપર બતાવેલાં કારણો જ છે.

# ૩. આયુષ્યના ૧૮૦૦ ભાંગા

## ❖ પન્નવણા સૂત્ર – પદ ૬ ❖

સંસારમાં રહેલા અનંતા જીવોનો સમાવેશ જીવના પ૬૩ ભેદમાં થાય છે.

તે જીવોને ઉત્પન્ન થવાના સ્થાન એટલે યોનિ. તે જીવાયોનિ ૮૪ લાખ છે.

તે યોની (સ્થાન) માં જીવો ઉત્પન્ન થતા હોય છે. જીવો ચવે (નીકળે) પણ છે. તે ઉત્પન્ન થતાં/ચવતાં જીવો દરેક સમયે ઉત્પન્ન થાય તેમાં અંતર પડે તે બતાવે છે.

જીવો બે પ્રકારે ઉત્પન્ન થાય/ચવે છે. ૧. સઅંતર, ૨. નિરંતર.

૧. સઅંતરઃ સમયના અંતરસહિત જીવો યોનિમાં ઉપજે તે. ઉદા. પ્રથમ સમયે ૧ જીવ ઉત્પન્ન થયો પછી બીજા સમયે કોઈ નવો જીવ ઉત્પન્ન ન થયો નહિં, ત્રીજા સમયે ફરી ૧ જીવ ઉત્પન્ન થયો, તેને સઅંતર જીવ ઉત્પન્ન થયો એમ કહેવાય.

૨. નિરંતરઃ સમયના અંતરરહિત જીવ ઉપજે તેને નિરંતર ઉપજે તેમ કહેવાય. ઉદા. પ્રથમ સમયે ૧ જીવ ઉત્પન્ન થયો પછી બીજા સમયે કોઈ ૧ નવો જીવ ઉત્પન્ન થયો, ત્રીજા સમયે ફરી જીવ ઉત્પન્ન થયો, તો નિરંતર જીવ ઉત્પન્ન થયો એમ કહેવાય.

આ જ પ્રમાણે જીવો સઅંતર, નિરંતર ચવે છે.

૨૪ દંડકનાં જીવોમાં બે પ્રકારનાં આયુષ્ય બાંધેલા જીવો હોય છે. તે પોતાના ભવમાં પરભવનું આયુષ્ય બાંધે છે. તેના પણ બે પ્રકાર છે. ૧. સોપક્રમી આયુષ્ય અને ૨. નિરૂપક્રમી આયુષ્ય. તે બન્નેના અર્થ વગેરે નીચે પ્રમાણે જાણવા.

| સોપક્રમી | નિરૂપક્રમી |
|---|---|
| ૧. જે આયુષ્ય કોઇ ઉપક્રમથી તૂટી શકે છે અથવા ન પણ તૂટે તેવું આયુષ્ય. | ૧. જે આયુષ્ય કોઇ ઉપક્રમથી તૂટતું નથી તેવું આયુષ્ય નિરૂપક્રમી છે. |
| ૨. જે આયુષ્ય પૂર્ણ ભોગવાય અથવા અપૂર્ણ (અધૂરું) ભોગવાય તે. | ૨. જે આયુષ્ય પૂર્ણ જ ભોગવાય ક્યારેય અપૂર્ણ (અધૂરું) ન જ ભોગવાય. |
| ૩. આયુષ્ય વહેલું પૂર્ણ થાય તો પણ તેમાં આયુષ્ય કર્મના દલિકો તો પૂર્ણ ભોગવાય છે. | ૩. આયુષ્ય તૂટતું જ ન હોવાથી, વહેલું પૂર્ણ થતું નથી. આયુષ્યના દલિકો તેના સમયે જ પૂર્ણ થાય છે. |
| ૪. બીજું નામ છે અપવર્તનીય આયુષ્ય. | ૪. બીજું નામ છે અનપર્વતનીય આયુષ્ય. |
| ૫. આ જીવ પરભવનું આયુષ્ય, વર્તમાન ભવના કુલ આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે પછી બાકી રહેલ ત્રીજા ભાગનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે એમ અંતિમ અંતમૂર્હૂત સુધીમાં બાંધી શકે છે. | ૫. નારકી, દેવ, જુગલીયા, શલાકા પુરુષો પરભવનું આયુષ્ય અંતિમ વર્તમાન ભવના છ માસ બાકી રહે ત્યારે અથવા ૧૦ ઔદારિકમાં નિરૂપક્રમી આયુનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુ બાંધે છે. |
| ૬. ૧૦ ઔદારિકના દંડકમાં કોઇ–કોઇ જીવ સોપક્રમી આયુષ્યવાળા હોય છે. ૧નારકી+દેવના ૧૩ દંડકમાં સોપક્રમી આયુષ્યવાળા જીવો હોતા નથી. | ૬. નારકી, દેવને ૧૪ દંડકમાં નિરૂપક્રમી આયુષ્યવાળા જીવો જ હોય છે. ૧૦ ઔદારિકના દંડકમાં કોઇ–કોઇ જીવ નિરૂપક્રમી આયુષ્યવાળા પણ હોય છે. |
| ૭. જે ઔદારિકના દંડકમાં જીવોનું આયુષ્ય જ. અંતર્મુહૂર્ત ઉ. ક્રોડપૂર્વ વર્ષ સુધીનું હોય છે તેમાં કોઇ જીવનું સોપક્રમી તથા કોઇ જીવનું આયુષ્ય નિરૂપક્રમી હોય છે. | ૭. ૧૦ ઔદારિકના દંડકમાં જે આયુષ્ય જ. ક્રોડપૂર્વ ઝાઝેરું (પલ્યનો અસંખ્યાતમો ભાગ)ઉ.૩ પલ્ય (અસંખ્ય વર્ષ)નું હોય તેમનું આયુષ્ય નિરૂપક્રમી જ હોય છે. |
| ૮. જે જીવનું આયુષ્ય સોપક્રમી હોય તેનું આયુષ્ય નિરૂપક્રમી ન હોય. પરભવનું આયુષ્ય કાં સોપક્રમી અથવા નિરૂપક્રમી બેમાંથી એક જ પ્રકારનું બાંધે છે. | ૮. જે જીવનું આયુષ્ય નિરૂપક્રમી હોય તેનું આયુષ્ય સોપક્રમી ન હોય. પરભવનું આયુષ્ય પણ કાં સોપક્રમી અથવા નિરૂપક્રમી બેમાંથી એક પ્રકારનું બાંધે છે. |

| | |
|---|---|
| ૯. અંતિમ ભવ ન હોય પણ સોપક્રમી કે નિરૂપક્રમી કોઈપણ આયુષ્ય હોઈ શકે છે. | ૯. મનુષ્યનો અંતિમ ભવ હોય તો આયુષ્ય નિરૂપક્રમી જ હોય છે. (ચરમ શરીરી જીવ.) |

આ જીવનું આયુષ્ય સોપક્રમી છે કે નિરૂપક્રમી તે આપણે નિશ્ચયથી જાણી શક્તા નથી પરંતુ ઉપર બતાવેલ પદ્ધતિથી અંદાજો કરી શકાય કે આયુષ્ય ક્યા પ્રકારનું હશે? ગજસુકુમાર, મેતારજ મુનિ વગેરે ઉપસર્ગ દ્વારા નિર્વાણ પામવા છતાં પણ તેઓ ચરમશરીરી હોવાથી આયુષ્ય નિરૂપક્રમી જ હતું. ધન્ના અણગાર, અભયકુમાર વગેરે જીવો અનુત્તર વિમાનમાં ગયા તેમનું આયુષ્ય સોપક્રમી હતું.

૨૪ દંડકમાં જીવો સઅંતર, નિરંતર ઉપજે છે તથા ૨૪ દંડકમાં જીવો સઅંતર, નિરંતર ચવે છે, સોપક્રર્મી–નિરૂપક્રર્મી આદિ વિસ્તાર નીચે આપેલ કોઠામાંથી સમજવો.

## ૨૪ દંડકમાં જીવો સઅંતર, નિરંતર- સોપક્રર્મી–નિરૂપક્રર્મી આદિ

| દંડક નામ | દંડક સંખ્યા | સંઅંતર/નિઅંતર ૧ ઉપજે/ચવે | સમયમાં ઉપજે/ચવે જઈન્ય\|\|ઉત્કૃષ્ટ | સોપક્રમી નિરૂપક્રમી | આયુ બંધ ક્યારે? |
|---|---|---|---|---|---|
| નારકી | ૧ | સંઅંતર/નિઅંતર | ૧,૨,૩.. અસંખ્યાતા | નિરૂપક્રમી | ૬ માસ પૂર્વે |
| દેવતા | ૧૩ | સંઅંતર/નિઅંતર | ૧,૨,૩.. અસંખ્યાતા | નિરૂપક્રમી | ૬ માસ પૂર્વે |
| પૃથ્વીકાય | ૧ | નિઅંતર ઉપજે/ચવે | જ. ઉ. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| અપ્કાય | ૧ | નિઅંતર ઉપજે/ચવે | જ. ઉ. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| તેઉકાય | ૧ | નિઅંતર ઉપજે/ચવે | જ. ઉ. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| વાઉકાય | ૧ | નિઅંતર ઉપજે/ચવે | જ. ઉ. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| વનસ્પતિ | ૧ | નિઅંતર ઉપજે/ચવે | જ. ઉ. અનંતા ઉપ/ચવે ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| બેઈન્દ્રિય | ૧ | સઅં/નિરં. ઉપજે/ચવે | ૧,૨,૩.. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| તેઈન્દ્રિય | ૧ | સઅં/નિરં. ઉપજે/ચવે | ૧,૨,૩.. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| ચૌરેન્દ્રિય | ૧ | સઅં/નિરં. ઉપજે/ચવે | ૧,૨,૩.. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| તિર્યંચ પંચે. % | ૧ | સઅં/નિરં. ઉપજે/ચવે | ૧,૨,૩.. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| મનુષ્ય % | ૧ | સઅં/નિરં. ઉપજે/ચવે | ૧,૨,૩.. અસંખ્યાતા ઉપજે કે ચવે | સોપક્રમી નિરૂપક્રમી | --- ત્રીજા ભાગે |
| %જુગલિયા મનુ/તિર્યંચ | -- | સઅં/નિરં. | ૧,૨,૩.. સંખ્યાતા | નિરૂપક્રમી | ૬માસ પૂર્વે |
| ૬૩ શલાકા | -- | સઅં/નિરં. | ૧,૨,૩.. સંખ્યાતા | નિરૂપક્રમી | ૬માસ પૂર્વે |
| સિદ્ધ -- | -- | સઅં/નિરં. | જ.૧,૨,૩.. ઉ.૧૦૮ | --- | --- |

**ઔદારિકના ૧૦ દંડકમાં સોપક્રમી આયુષ્યવાળા કુલ આયુષ્યના ત્રીજા ભાગે, બાકી વધેલા ⅓ આયુષ્યના ત્રીજા ભાગે, બાકી વધેલા ⅓ આયુષ્યના ત્રીજા ભાગે એમ આયુષ્યના અંતર્મુહૂર્ત સુધીમાં પરભવનું આયુષ્ય બંધાઈ શકે છે.**

**ત્રીજા ભાગે એટલે કુલ આયુષ્યનો ત્રીજો (⅓) ભાગ બાકી રહે ત્યારે.**

**પ્ર. (૨) કેટલા બોલ સાથે જીવ આયુષ્ય બાંધે છે? (જુઓ વિશિષ્ટ સમજણ)**

**ઉ. (૨) પરભવ જતાં જીવ છ બોલ સાથે આયુષ્ય નિદ્ધત કરે છે : ૧ જાતિનામ નિદ્ધત આયુ, ૨. ગતિ, ૩. સ્થિતિ, ૪. અવગાહના, ૫. પ્રદેશ અને ૬. અનુભાગ.**

**પ્ર. (૩) આયુષ્યના ભાંગા કેટલા?**

**ઉ. (૩) ૧ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એકેક જીવ ઉપરના છ બોલનો બંધ કરે, તેથી ૨૫ X ૬ = ૧૫૦ ભાંગા (પ્રકાર) થાય.**

**તેવી રીતે જ ૧ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના ઘણા જીવો છ બોલનો બંધ કરે, તેથી ૨૫ X ૬ = ભાંગા ૧૫૦ + ઉપરના ૧૫૦ = કુલ ૩૦૦ ભાંગા થાય.**

**નિદ્ધત આયુષ્યના ૩૦૦ અને નિકાચિત આયુષ્યના ૩૦૦ પ્રકારે બંધ થાય. એમ કુલ ૬૦૦ ભાંગા નામ કર્મ સાથે, ૬૦૦ ભાંગા ગોત્ર કર્મ સાથે અને ૬૦૦ ભાંગા નામ ગોત્રના ભેગા ગણવાથી આયુષ્ય કર્મના ૧૮૦૦ ભાંગા થાય.**

**પ્ર. (૪) જીવ જાતિ આદિ છ બોલે આયુષ્ય કેવી રીતે નિદ્ધત કરે છે?**

**ઉ. (૪) જીવ જાતિ નિદ્ધત આયુષ્ય બાંધે છે. જેમ ગાય પાણી પીતાં થોડું પાણી પીએ, પછી ભયથી પાછું જુએ, વળી પાછું બીજીવાર પાણી પીએ આમ અનેકવાર અટકીને પાણી પીએ, તેમ જીવ જાતિ નિદ્ધત વગેરે આયુષ્યને જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ આઠ આકર્ષે કરી બાંધે. આ સર્વ આકર્ષ અંતર્મુહૂર્તમાં પૂર્ણ કરે છે.**

**આકર્ષ એટલે આકર્ષણ થવું. જીવ પોતાના અધ્યવસાય પ્રમાણે કર્મ**

પુદ્‌ગલને થોડા થોડા ભાગમાં ગ્રહણ કરે, પોતાની તરફ ખેંચે તે આકર્ષ છે.

આકર્ષનો અલ્પબહુત્વ.

સર્વથી થોડા (અનંત) જીવ આઠ આકર્ષે કરી જાતિ નિદ્ધત આયુષ્ય બાંધનારા, તેથી સાત આકર્ષે કરી આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી છ આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી પાંચ આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી ચાર આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી ત્રણ આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી બે આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી એક આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા

(અલ્પબહુત્વમાં સંખ્યાતગુણા વગેરેની સમજણ માટે જુઓ શ્રેણી ૧૨ નો થોકડો મોટા બાસઠિયાનો વિશેષ સમજણ વિભાગ પાનું ૨૦૧)

## ❖ વિવેચન ❖

આ થોકડામાં ૧. ૨૪ દંડકમાં સઅંતર, નિરંતર, ઉદ્ધર્તન, ચ્યવનમાં સંખ્યાતા, અસંખ્યાતા વગેરે કેટલા? ૨. આયુષ્ય બંધ ક્યારે થાય અને તેના ભાંગા કેટલા? ૩. આયુષ્ય બંધ કેટલા આકર્ષે થાય? તે સમજાવેલ છે.

**ઉદાહરણ : ૮૧ વર્ષના સોપક્રમી આયુષ્યવાળાનો આયુષ્ય બંધ ક્યારે ક્યારે?**

| ક્યારે બંધ | ત્રીજો ભાગ આયુષ્યનો | બાકી વર્ષ આયુષ્ય | કુલ આયુષ્ય–બાકી આયુષ્ય | આયુષ્ય બંધે ઉંમર કેટલી હોય? |
|---|---|---|---|---|
| ૧લો | ૮૧/૩ | ૨૭ | ૮૧ –૨૭ | ૫૪ |
| ૨જો | ૨૭/૩ | ૯ | ૮૧ –૦૯ | ૭૨ |
| ૩જો | ૯/૩ | ૩ | ૮૧ –૩ | ૭૮ |
| ૪ થો | ૩/૩ | ૧ | ૮૧ –૧ | ૮૦ |
| ૫મો | ૧૨ માસ/૩ | ૪ માસ | ૮૧–૪ માસ | ૮૦ વર્ષ ૮ માસ |
| ૬ઠ્ઠો | ૪ માસ/૩ | ૪૦ દિવસ | ૮૧–૪૦ દિવસ | ૮૦ વર્ષ ૧૦ માસ ૨૦ દિ |

આ રીતે જો આયુષ્યનો બંધ ત્રીજા ત્રીજા ભાગે ન પડે તો છેલ્લું અંતર્મુહૂર્ત આવી જાય ત્યારે તો આયુષ્ય બંધાય જ છે. પરભવનું આયુષ્ય બંધાયા વિના કોઈપણ સંસારી જીવ મરતો નથી અને પરભવમાં જન્મતો નથી.

૪. આયુષ્ય બંધ એટલે શું? આયુષ્ય બાંધવું એટલે આ ભવ પૂરો કરી આવતા ભવમાં ઉત્પન્ન થવા માટે જાતિ, ગતિ આદિ ૬ બોલ બાંધવા તે આયુષ્ય બંધ છે. આપણે સમયે સમયે સાત કર્મ બાંધીએ છીએ. આયુષ્ય કર્મનો બંધ આખા ભવમાં એક જ વાર થાય છે. આથી જયારે આયુષ્ય બંધાય ત્યારે એક

સાથે ૮ કર્મ બંધાય છે. આ કર્મ બંધાય તે કઈ રીતે ગોઠવાય તે નિષેક છે.

**૫. સોપક્રમી આયુષ્ય સાત કારણથી તૂટે છે.** ૧ અધ્યવસાય – અતિ હર્ષ, અતિ શોક કે અતિ ભય વગેરેથી, ૨ નિમિત્ત – શસ્ત્ર, દંડ આદિથી, ૩ આહાર – વધારે, પ્રતિકૂળ કે અલ્પ કે શૂન્ય આહાર વગેરેથી, ૪ વેદના –જ્વર, (તાવ) રોગ આદિની પ્રાણનાશક વેદના વગેરેથી, ૫ પરાઘાત – વીજળી પડવી, ખાડામાં પડવું, વૃક્ષ કે મકાન વગેરે પડવાથી, ૬ સ્પર્શ – સર્પ, વીંછી વિ. ઝેરી પ્રાણીના કરડવાથી, ૭ શ્વાસોચ્છ્વાસ – શ્વાસના રૂંધાવાથી મરે.

**(વિશિષ્ટ સમજણ – પરીક્ષામાં પુછાશે નહીં)**

**પ્ર. (૧) સોપક્રમી આયુષ્ય ૭ કારણે તૂટી શકે છે તો શું આયુષ્ય ઘટી જાય છે?**

**ઉ. (૧)** ના, ઠાણાંગ સૂત્રના ૭મા સ્થાને ૭ કારણે આયુષ્ય તૂટી શકે છે તે બતાવેલ છે પણ આયુષ્ય ઘટી જતું નથી. જો ૭ કારણમાંથી કોઈ કારણે આયુષ્ય તૂટે તો પણ આયુષ્ય કર્મના બધા દલિકો એક સાથે ભોગવાઈ જાય છે.

ઉદાહરણ : જેમ ૫ મીટર લાંબી દોરી હોય તેને એક છેડાથી બાળવામાં આવે તો તેને બીજા છેડા સુધી બળવામાં કદાચ ૧૦ મિનિટનો સમય લાગે છે. પરંતુ તે દોરીને જો ગૂંચળું વાળીને બાળવામાં આવે તો કદાચ તે બે–ત્રણ મિનિટમાં બળી જાય છે અને તે દોરીનો એકપણ અંશ બચતો નથી. તેમ સામાન્ય સોપક્રમી આયુષ્ય લાંબી દોરી બળવાના ૧૦ મિનિટ સમાન છે, પરંતુ જે સોપક્રમી આયુને ૭ કારણમાંથી કોઈ કારણે ઉપઘાત થયો, તે ગૂંચળું વાળીને દોરી બાળવા સમાન છે. બન્ને પ્રકારે આયુષ્ય કર્મના સંપૂર્ણ દલિકો ભોગવાઈ જાય છે, આયુષ્ય ઘટતું નથી.

**પ્ર. (૨) પરભવ જતાં જીવ છ બોલ નિદ્ધત કેવી રીતે કરે?**

**ઉ. (૨) ૧. જાતિનામ નિદ્ધત આયુ :** એકેન્દ્રિયથી પંચેન્દ્રિય એ પાંચ જાતિમાંથી કોઈ એક જાતિનામ કર્મની ગોઠવણી થાય, જેથી આવતા ભવે એકેન્દ્રિય વગેરે જાતિ મળશે.

**૨. ગતિનામ નિદ્ધત આયુ :** નારકી, તિર્યંચ વગેરે ચાર ગતિમાંથી કોઈ એક ગતિનામ કર્મની ગોઠવણી થાય, જેથી આવતા ભવે નારકી વ. ગતિ મળશે.

**૩. સ્થિતિ નામ નિદ્ધત આયુ :** આયુ કર્મ દ્વારા જીવનું વિશિષ્ટ ભવમાં રહેવું તે સ્થિતિ છે. જાતિ, ગતિ વગેરેની સ્થિતિનો નિષેક થવો તે સ્થિતિનામ નિદ્ધત આયુ છે. જેથી આવતા ભવનું આયુષ્ય કેટલું હશે તે નક્કી થાય છે.

**૪. અવગાહના નામ નિદ્ધત આયુ :** ઔદારિક કે વૈક્રિય શરીર (નામ કર્મ) ને

અનુરૂપ અવગાહનાનો નિષેક થવો તે. આવતા ભવની અવગાહના નક્કી થવી તે.

**૫. પ્રદેશ નામ નિદ્ધત આયુ :** કર્મ પરમાણુને પ્રદેશ કહે છે. જાતિ, ગતિ આદિ નામ કર્મની પ્રકૃતિઓના પ્રદેશનો નિષેક થવો તે.

**૬. અનુભાવ નામ નિદ્ધત આયુ :** અનુભાવ એટલે વિપાક શક્તિ. કર્મના તીવ્ર મંદ વિપાક (ફળ) બંધને અનુભાવ નામ નિદ્ધત આયુષ્ય કહે છે.

**ઉદા :** કોઈ જીવ અપકાયનું આયુષ્ય બાંધે તો સાથે ૧. એકેન્દ્રિય જાતિ, ૨. તિર્યંચ ગતિ, ૩. જ. અંતર્મુહૂર્ત ઉ. ૭૦૦૦ વર્ષનું આયુષ્ય, ૪. જઘન્ય, ઉત. આંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના, ૫. જાતિ, ગતિ વગેરે કર્મ પ્રદેશોની ગોઠવણી, ૬. તે ગતિને અનુરૂપ શુભ અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અનાદેય વગેરે તીવ્ર-મંદ અનુભવ નક્કી થવો તે.

**નિષેક :** ફળ ભોગવવા માટે થવાવાળી કર્મ પુદગલોની રચના વિશેષ નિષેક છે.

એક સમયે બંધાયેલાં કર્મને અબાધાકાળ છોડીને બાકીની પૂરી સ્થિતિના દરેક સમયમાં ક્રમથી નિષેકમાં ગોઠવવામાં આવે છે, તેવી જ રીતે ઉદયમાં આવે છે. અબાધાકાળમાં પ્રથમ સમયમાં વધુ પ્રદેશ પછી તેનાથી આગળના સમયમાં તેથી ઓછા... તેથી ઓછા... યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીના ગોઠવી દેવામાં આવે છે.

# ૪. વિરહ પદ

## ❖ પન્નવણા સૂત્ર-પદ ૬ ❖

| ક્રમ | વિરહ પદનું નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય નરક ગતિનો | ૧ સમય | ૧૨ મુહૂર્ત |
| ૨ | સમુચ્ચય તિર્યંચ ગતિનો | ૧ સમય | ૧૨ મુહૂર્ત |
| ૩ | સમુચ્ચય મનુષ્ય ગતિનો | ૧ સમય | ૧૨ મુહૂર્ત |
| ૪ | સમુચ્ચય દેવ ગતિનો | ૧ સમય | ૧૨ મુહૂર્ત |
| ૫ | સિદ્ધમાં વિરહ પડે તો | ૧ સમય | ૬ માસનો |
| ૬ | પહેલી નરકે પડે તો | ૧ સમય | ૨૪ મુહૂર્તનો |
| ૭ | બીજી નરકે પડે તો | ૧ સમય | ૭ દિવસનો |
| ૮ | ત્રીજી નરકે પડે તો | ૧ સમય | ૧૫ દિવસનો |
| ૯ | ચોથી નરકે વિરહ પડે તો | ૧ સમય | ૧ માસનો |
| ૧૦ | પાંચમી નરકે વિરહ પડે તો | ૧ સમય | ૨ માસનો |

| ક્રમ | વિરહ પદનું નામ | જધન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧૧ | છઠ્ઠી નરકે વિરહ પડે તો | ૧ સમય | ૪ માસનો |
| ૧૨ | સાતમી નરકે વિરહ પડે તો | ૧ સમય | ૬ માસનો |
| ૧૩ | ભવનપતિ, વાણવ્યંતર વિરહ પડે તો | ૧ સમય | ૨૪ મુહૂર્તનો |
| ૧૪ | જ્યોતિષી, ૧, ૨ દેવલોક વિરહ પડે તો | ૧ સમય | ૨૪ મુહૂર્તનો |
| ૧૫ | ત્રીજે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | ૯ દિવસ, ૨૦ મુહૂર્તનો |
| ૧૬ | ચોથે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | ૧૨ દિવસ, ૧૦ મુહૂતનો |
| ૧૭ | પાંચમે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | ૨૨-૧/૨ દિવસનો |
| ૧૮ | છઠ્ઠે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | ૪૫ દિવસનો |
| ૧૯ | સાતમે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | ૮૦ દિવસનો |
| ૨૦ | આઠમે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | ૧૦૦ દિવસનો |
| ૨૧ | ૯ મે ૧૦ મે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | સંખ્યાતા મહિનાનો |
| ૨૨ | ૧૧મે ૧૨મે દેવલોકે વિરહ પડે તો | ૧ સમય | સંખ્યાતા વર્ષનો |
| ૨૩ | ૧-૨-૩ ગ્રેવેયકમાં વિરહ પડે તો | ૧ સમય | સંખ્યાતા સો વર્ષનો |
| ૨૪ | ૪-૫-૬ ગ્રેવેયકમાં વિરહ પડે તો | ૧ સમય | સંખ્યાતા હજાર વર્ષનો |
| ૨૫ | ૭-૮-૯ ગ્રેવેયકમાં વિરહ પડે તો | ૧ સમય | સંખ્યાતા લાખ વર્ષનો |
| ૨૬ | ૧ થી ૪ અનુત્તર વિમાને વિરહ પડે તો | ૧ સમય | પલ્યના અસંખ્યાતમા ભાગનો |
| ૨૭ | ૫ મા અનુત્તર વિમાને વિરહ પડે તો | ૧ સમય | પલ્યના સંખ્યાતમા ભાગનો |
| ૨૮ | પાંચે એકેન્દ્રિયમાં | અંતર નથી. | - |
| ૨૯ | ત્રણ વિકલેન્દ્રિય ને તિર્યંચ સંમૂચ્છિમમાં વિરહ પડે તો | ૧ સમય | અંતમુહૂર્તનો |
| ૩૦ | તિર્યંચ ગર્ભજ | ૧ સમય | ૧૨ મુહૂર્તનો |
| ૩૧ | મનુષ્ય ગર્ભજમાં પડે તો | ૧ સમય | ૧૨ મુહૂર્તનો |
| ૩૨ | મનુષ્ય સંમૂર્ચ્છિમમાં વિરહ | ૧ સમય | ૨૪ મુહૂર્તનો |
| ૩૩ | ૬૪ ઈન્દ્રોનો વિરહ | ૧ સમય | ૬ મહિના |
| ૩૪ | ચંદ્રગ્રહણ વિરહ | ૬ મહિના | ૪૨ મહિના |
| ૩૫ | સૂર્યગ્રહણ વિરહ | ૬ મહિના | ૪૮ વર્ષ |
| ૩૬ | સમુચ્ચયગ્રહણ | ૧૫ દિવસ | ૪૨ મહિના |
| ૩૭ | નવીન સમકિત | ૧ સમય | ૭ દિવસ |
| ૩૮ | નવીન શ્રાવક | ૧ સમય | ૧૨ દિવસ |
| ૩૯ | નવીન સાધુ | ૧ સમય | ૧૫ દિવસ |

| ક્રમ | વિરહ પદનું નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૪૦ | ભરત, ઈરવતમાં તીર્થંકર | ૮૪,૦૦૦ વર્ષ ઝાઝેરા | દેશે ઊણા ૧૮ કો. કો. સાગર |
| ૪૧ | ભરત, ઈરવતમાં ૪ તીર્થ | ૬૩,૦૦૦ વર્ષ ઝાઝેરા | દેશે ઊણા ૧૮ કો. કો. સાગર |
| ૪૨ | ભરત ઈરવતમાં સામાયિક છેદોપસ્થાપનીય ચારિત્ર | ૬૩,૦૦૦ વર્ષ ઝાઝેરા | દેશે ઊણા ૧૮ કો. કો. સાગર |
| ૪૩ | ભરત ઈરવતમાં પરિહાર વિશુદ્ધ ચારિત્રનો | દેશે ઊણા ૮૪,૦૦૦ | દેશે ઊણા ૧૮ કો. કો. સાગર |

## ❖ વૈરાગ્યબિંદુ ❖

(૧) મોડામાં મોડા ૧૨ મુહૂર્ત પછી બે ગતિમાંથી ઓછામાં ઓછો એક જીવતો નરક ગતિનો મહેમાન બને છે. ભયંકર દુઃખને ભોગવવા એક જીવ તો આવે જ છે. જગતમાં પાપ કરનાર કેટલા છે? પણ પાપ ન કરે તો નરકના મહેમાન ન જ થાય! આપણો નંબર પાપીમાં ન લાગી જાય સંભાળજે!!

(૨) જગતમાં પુણ્ય કરનારા પણ ઘણા જ છે, તેથી જ બાર મુહૂર્તે એક જીવ દેવ ગતિમાં આવે જ છે. વિચારો આપણો નબંર પુણ્ય કરનારમાં કે પાપ કરનારમાં છે?

(૩) છ મહિને એક જીવ મોક્ષે જાય જ છે! છતાં અનંતવાર આવા છ મહિના પસાર થઈ ગયા તો આપણો નંબર ન લાગ્યો? કેટલા છ મહિના હજી કાઢવા છે?

(૪) છ મહિને એક જીવ મોક્ષમાં અવશ્ય જાય અને છ મહિને એક જીવ સાતમી નરકે અવશ્ય જાય! આપણે કયાં જવું છે? જ્યાં જવું હોય તેવા કામ કરો.

(૫) સંખ્યાતા મહિને એક મનુષ્ય તો નવમા દેવલોકમાં જાય જ છે. આપણાં તો ૫૦, ૬૦ (સંખ્યાતા) વર્ષો પાપના કામમાં જ ગયાં કે? પરભવનો વિચાર કરો આંખ કયારે બંધ થશે તે ખબર નથી !!

(૬) અનુત્તર વિમાન જેવી સુંદર જગ્યાએ ક્યારેક તો અસંખ્ય વર્ષ સુધી કોઈ જીવ જતા જ નથી! સારી જગ્યાએ જવું હોય તો આરાધના, સાધના અને મહેનત વધારે જોઈએ. આપણું જીવન કેવું છે તે તપાસો?

(૭) માટી, પાણી, અગ્નિ કે વાયરા રૂપે દરેક સમયે અસંખ્ય જીવો ઊપજે છે અને મરે છે. માત્ર માટીમાં જ અસંખ્યાતા જીવો તે પણ ગર્ભજ મનુષ્ય કરતાં વધારે! જેટલા અઢીદ્વીપમાં મનુષ્યો છે તેના કરતાં તો વધારે જીવો ઊપજીને મરણ પામે છે એક જ સમયમાં

(૮) તેનાં કરતાં પણ વધુ વનસ્પતિમાં તો દર સમયે અનંતા જીવો જન્મ-મરણ કરે છે. આપણે શું કરવું છે જન્મ, મરણ કે જન્મ-મરણ બંધ?

(૯) મનુષ્યની અશુચિમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. માટે ગટરનો ઉપયોગ જેટલો બને તેટલો ટાળવો. પરસેવામાં કે થૂંકમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થતા નથી તે ધ્યાન રાખવું.

## (વિશિષ્ટ સમજણ)

**(૧ થી ૪) સમુચ્ચય નરક ગતિ કે દેવ ગતિનો ઉત્કૃષ્ટ વિરહ:** મનુષ્ય કે તિર્યંચ એ બે ગતિમાંથી કોઈ એકપણ જીવ નરકમાં ન આવતો હોય. ૧ થી ૭ નરકમાં કોઈપણ નવો જીવ ઉત્પન્ન ન થતો હોય તે સમુચ્ચય નરક ગતિનો વિરહ છે. સાતેય નરકમાંથી એકપણ નરકમાં નવો નારકી ઉત્પન્ન ન થતો હોય તેવું વધુમાં વધુ ૧૨ મુહૂર્ત સુધી બની શકે છે. આ જ રીતે દેવ ગતિનું પણ સમજવું.

૧. નરકમાં નીચે જતાં નારકીની સંખ્યા ઘટતી જાય માટે વિરહકાળ વધતો જાય.

૨. દેવલોકમાં ઊંચે જતાં દેવની સંખ્યા ઘટતી જાય માટે વિરહકાળ વધતો જાય.

**(૨-૩) સમુચ્ચય તિર્યંચ કે મનુષ્ય ગતિનો ઉત્કૃષ્ટ વિરહ :** નરક, દેવ કે મનુષ્ય આ ત્રણ ગતિમાંથી એકપણ જીવ તિર્યંચ ગતિમાં આવતો ન હોય તે કાળ ને તિર્યંચ ગતિનો વિરહ કહે છે. તિર્યંચ ગતિના કુલ ૯ દંડક છે. ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય અને ૧ તિર્યંચ પંચેન્દ્રિય. આ ૯ દંડકમાં પરસ્પર જન્મ-મરણ ચાલતું હોય પરંતુ અન્ય ૩ ગતિમાંથી એકપણ જીવ તિર્યંચ ગતિમાં ન જન્મતો હોય તે કાળ વિરહમાં ગણવો.

મનુષ્ય ગતિ માટે પણ નારકી, દેવ અને તિર્યંચ આ ત્રણ ગતિમાંથી એકપણ જીવ ઉત્પન્ન ન થતો હોય તે કાળને વિરહ સમજવો.

**(૫) સિદ્ધ ગતિનો ઉત્કૃષ્ટ વિરહ:** વર્તમાને મહાવિદેહ ક્ષેત્રના પ્રત્યેક ક્રોડ કેવળીમાંથી વધુમાં વધુ ૬ મહિનામાં તો કોઈ એક જીવ સિદ્ધ થશે જ તે અપેક્ષા ૬ મહિનાનો વિરહ સમજવો.

**(૬ થી ૧૨) ૧ થી ૭ નરકનો વિરહ:** પ્રથમ નરકે જઘન્ય વિરહ ૧ સમયનો એટલે ૧ નારકી ઉત્પન્ન થયો કે તરત બીજા જ સમયે નવો નારકી ઉત્પન્ન ન થઈ શકે અને જો કોઈ નવો નારકી ઉત્પન્ન ન થાય તો ઉ. ૨૪ મુહૂર્ત થતાં તો નવો નારકી ઉત્પન્ન થાય જ છે. ૧ થી ૭ નરકમાં ક્યારેક માત્ર ૧ સમયમાં જ. ૧,૨,૩ યાવત્ ઉ. અસંખ્યાતા નારકી ઉત્પન્ન થઈ શકે છે છતાં ક્યારેક પ્રથમ નરકમાં વધુમાં વધુ ૨૪

મુહૂર્ત સુધી કે સાતમી નરકે ૬ મહિના સુધી નવો જીવ જન્મ ધારણ નહીં કરે તેવું બને. પછી તો કોઈ એકજીવ નરકમાં જન્મ ધારણ કરશે જ.

(૧૩) દશ ભવનપતિનો વિરહઃ વધુમાં વધુ ૨૪ મુહુર્ત પછી તો કાઈ ૧ જીવ ભવનપતીમાં ઉત્પન્ન થશે. અસુરકુમાર, નાગકુમાર વગેરે ૧૦ ભવનપતિમાં વિરહ આ પ્રમાણે જ સમજવો. પ્રત્યેકના અલગ અલગ દંડક છે માટે.

(૧૩.૧૪) વાણવ્યંતર, જ્યોતિષીનો વિરહઃ વાણવ્યંતરના ૧૬ અને જ્યોતિષીના ૧૦ ભેદમાં સમુચ્ચય વિરહ સમજવો. તે બંનેનો એક એક દંડક છે માટે.

(૧૫ થી ૨૦) આઠ દેવલોક સુધી યથાયોગ્ય વિરહ સમજવો.

(૨૧ થી ૨૭) ૯ મા, ૧૦ મા દેવલોકથી પાંચમા અનુત્તર વિમાન સુધી :

૧. ૯ મા ૧૦ મા દેવલોકનો વિરહ સંખ્યાતા માસ છે તે બે વર્ષને સંખ્યાતા વર્ષ કહેવાય માટે બે વર્ષ = ૨૪ મહિનાથી ઓછો કાળ તે સંખ્યાતા માસ ગણવા.

૨. ૯મા દેવલોકનો સંખ્યાત માસનો વિરહ છે તેના કરતાં ૧૦મા દેવલોકનો સંખ્યાત માસનો વિરહ મોટો/વધારે સમજવો. તેવી રીતે ૧૧ મા કરતાં ૧૨ મા દેવલોકનો વિરહ મોટો/વધારે ગણવો.

૩. ૨૦૦ વર્ષને સંખ્યાતા સો વર્ષ કહેવાય, માટે ૧૧ મા-૧૨ મા દેવલોકનો વિરહ સંખ્યાતા વર્ષ તે ૨૦૦ વર્ષથી ઓછો ગણી શકાય.

૪. ચાર અનુત્તર વિમાનનો વિરહ સમજવા પલ્ય એટલે અસંખ્ય વર્ષ અને તેનો અસંખ્યાતમો ભાગ અસંખ્યાત વર્ષનો થાય. ૧ પલ્યથી બહુ ઓછો કાળ ગણવો.

૫. પાંચમા અનુત્તર સર્વાર્થસિદ્ધનો વિરહ પલ્યનો સંખ્યાતમો ભાગ છે તે ચાર અનુત્તર વિમાન કરતાં ઘણો મોટો અસંખ્યાતો કાળ. કારણ કે ૧ પલ્યના સંખ્યાતા ટુકડા કરીએ તો એક એક ટુકડો ઘણો મોટો થાય માટે તે એક ભાગમાં અસંખ્ય વર્ષ પસાર થઈ જાય.

(૨૮)પાંચ સ્થાવર : એકપણ સમય એવો નથી કે જ્યારે વનસ્પતિ સિવાયના ૪ સ્થાવરમાં એકસાથે અસંખ્ય જીવો જન્મ કે મરણ કરતાં ન હોય. વનસ્પતિમાં એક સમયમાં એકસાથે અનંતા જીવો જન્મ મરણ કરે છે માટે પાંચે સ્થાવરમાં વિરહ નથી.

(૩૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય : કુદરતી સ્વભાવથી ક્યારેક એવું બને છે જેને કારણે અઢીદ્વીપના ગર્ભજ મનુષ્યની અશુચિમાં ૨૪ મુહૂર્ત સુધી એકપણ નવા સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થતા નથી.

(૩૩) ૬૪ ઈન્દ્ર : ભવનપતિના ૨૦ વાણવ્યંતરના ૩૨ જ્યોતિષીના ૨ વૈમાનિકના ૧૦ ઈન્દ્ર એમ કુલ ૬૪ ઈન્દ્ર છે તેમાંથી કોઈપણ ઈન્દ્ર કાળ કરે ત્યારે

તેના સ્થાને નવા ઈન્દ્ર જ. ૧ સમય ઉ. ૬ મહિનામાં ઉત્પન્ન થઈ જાય જ છે.

(૩૪-૩૫) ગ્રહણઃ ચંદ્રગ્રહણ પૂનમે અને સૂર્યગ્રહણ અમાસે થાય છે. સમુચ્ચય ગ્રહણમાં જઘન્ય ૧૫ દિવસ અર્થાત્ પૂનમે ચંદ્રગ્રહણ થયું અને અમાસે સૂર્યગ્રહણ થયું તે અપેક્ષા. ૪૨ મહિને ચંદ્રગ્રહણ તો થવાનું જ છે માટે વધુમાં વધુ વિરહ ૪૨ માસનો.

સૂર્યગ્રહણનો ઉ. વિરહ પડે ત્યારે ૪૮ વર્ષ સુધી દર ૬ મહિને ચંદ્રગ્રહણ નિયમા થશે તેવી જ રીતે ચંદ્રગ્રહણનો ઉ. વિરહ ૪૨ મહિનાનો પડે ત્યારે ૪૨ મહિના સુધી દર ૬ મહિને સૂર્યગ્રહણ નિયમા થશે.

(૩૭ થી ૩૯) નવીન સમકિતી વગેરે : વધુમાં વધુ ૭ દિવસમાં કોઈ એક જીવ મિથ્યાત્વ છોડી નવીન સમકિતી, ૧૨ દિવસમાં કોઈ એક જીવ નવો શ્રાવક તથા ૧૫ દિવસમાં કોઈ એક જીવ નવો સાધુ બને જ છે.

(૪૦) ભરત, ઈરવતમાં તીર્થંકરઃ ૧. અવસર્પિણીકાળના પાંચમા, છઠ્ઠા આરાના તથા ઉત્સર્પિણીકાળના પહેલા, બીજા આરાના એમ ૨૧,૦૦૦ વર્ષ × ૪ = ૮૪,૦૦૦ વર્ષ તેથી કાંઈક વધુ કાળ તીર્થંકરનો જઘન્ય વિરહ હોય છે.

(૪૧-૪૨) અવસર્પિણી કાળના છઠ્ઠા આરાના તથા ઉત્સર્પિણી કાળના પહેલા, બીજા આરાના એમ ૨૧,૦૦૦ વર્ષ × ૩= ૬૩,૦૦૦ વર્ષ તેથી કાંઈક વધુ કાળ સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રનો જઘન્ય વિરહ હોય છે.

(૪૩) પરિ.વિ.ચા. તીર્થંકરની બે પેઢી સુધી જ હોય છે તેથી જઘ. દેશે ઊણું....

(૪૦ થી ૪૩) ૨. ઉત્સર્પિણી કાળના ચોથા આરાની શરૂઆતમાં અંતિમ ચોવીસમા તીર્થંકર તથા અવસર્પિણી કાળના ત્રીજા આરાના છેડે પ્રથમ તીર્થંકર થતાં હોય છે. તેની વચ્ચેના સમય ગાળામાં ઉત્સર્પિણીનો ચોથો આરો ૨ કો. કો.સા. પાંચમો આરો ૩ કો. કો.સા. છઠ્ઠો આરો ૪ કો. કો.સા. અવસર્પિણીનો પ્રથમ આરો ૪ કો. કો.સા. બીજો આરો ૩ કો. કો.સા. ત્રીજો આરો ૨ કો.કો.સા.નો હોય છે, તેથી કુલ ૧૮ કોડાકોડ સાગરનો કાળ પસાર થાય છે. તેમાં પ્રથમ અને અંતિમ. તીર્થંકર જેટલો કાળ હોય તેટલો કાળ ઊણો. આ જ સમજણ બાકીના બોલોમાં સમજવી.

# સંસ્કાર વિભાગ

## ૧. શું મારે આમ વિચારાય?
## શું મારે આમ બોલાય?

જો હું જૈનધર્મી છું ... જો હું શ્રાવકધર્મમાં છું.... તો મારે.......

ધર્મના સ્વરૂપને સમજીને જુદી જુદી પરિસ્થિતિમાં કેવું વિચારાય? કેવી રીતે બોલાય? તે શીખવું છે. જેથી હું આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી દૂર રહું અને ધર્મધ્યાનમાં રહું. તેમાંનાં કેટલાંક દ્રષ્ટાંતરૂપ પરિસ્થિતિ અહીં આપી છે, તેમાં કેવી રીતે વિચારવું? બોલવું? ન વિચારવું, ન બોલવું તે પણ પ્રતીકરૂપે અહીં આપેલ છે. પ્રથમ બે પરિસ્થિતિ શ્રેણી ૯મા આપણે જોઈ ગયા છીએ. હવે ......

### ❖ પરિસ્થિતિ – ૩ ❖

**જ્યારે કોઈ વસ્તુ બગડી જાય, તૂટી જાય કે નષ્ટ થઈ જાય ત્યારે..**
**આમ ન વિચારાય, આમ ન બોલાય...**

(૧) કામમાં ધ્યાન હોય નહીં પછી વસ્તુ બગડે જ ને !

(૨) તેને વસ્તુની કાંઈ કિંમત જ નથી.

(૩) આવા માણસને કાંઈ વસ્તુ દેવાય જ નહીં, તોડીને જ આવે છે.

(૪) વસ્તુ કાંઈ મફતમાં નથી આવતી.

(૫) આમ ધ્યાન ન રાખે અને બગાડી નાંખે તો ન ચાલે.

(૬) તેનાં બધાં કામ આવાં જ હોય છે, તેનામાં આવડત જ નથી.

(૭) તેની પાસેથી વસૂલ કરીએ તો જ એને ખબર પડે.

**મારો નવો પ્રયોગ ....આમ વિચારાય, આમ બોલાય...**

(૧) બીજા દ્વારા વસ્તુ બગડી જાય કે તૂટી જાય એવું ક્યારેક મારાથી પણ થઈ શકે છે.

(૨) વસ્તુ તૂટી ગઈ, બગડી ગઈ, તે પુદ્‌ગલ છે. પરિણામ શા માટે બગાડવાં?

(૩) જે વસ્તુનું સર્જન થાય છે તે એક દિવસ બગડે છે અને નાશ પણ થાય જ છે. પુદ્‌ગલનો સ્વભાવ જ એવો છે.

(૪) જેટલી સ્થિતિનાં પુણ્ય હોય તેટલાં સાધન આપણી પાસે રહે છે. સંયોગ છે એનો વિયોગ છે.

(૫) મને મળેલા બધા સંયોગો કર્મને આધીન છે. તેમાં મારું કે કોઈનું ચાલતું નથી.

(૬) કોઈની ભૂલ માફ કરવાથી તપ દ્વારા નિર્જરા તથા સંવરનો લાભ મળે.

(૭) વસ્તુ બગડી જાય તેનો શોક કરવાથી અશાંતિ થાય, સંબંધોમાં તિરાડ પડે, ઘણાં કર્મનો બંધ થાય માટે મારે શોક કરવો નહીં.

(૮) વસ્તુ બગડી જાય તો આત્માને નુકસાન નથી, પરંતુ ભાવ બગડે તો જરૂર નુકસાન છે.

(૯) કપિલમુનિએ 'મારે કાંઈ નથી જોઈતું' એવા પરિણામથી કેવળજ્ઞાન મેળવી લીધું. તો એવા પરિણામ કરવામાં હું શા માટે પાછળ રહી જઉં?

<u>અપેક્ષિત પ્રશ્નો</u>: (૧) વસ્તુ બગડી જાય તેનો શોક કરવાથી શું નુકસાન? (૨) કપિલમુનિએ કેવળજ્ઞાન કેવી રીતે લીધું? (૩) બંગડી (વસ્તુ) તૂટી જાય ત્યારે શું ન બોલાય? (૪) ટી.વી. બગડી જાય ત્યારે તમે નવો પ્રયોગ શું કરશો? ૪ મુદ્દા લખો. (૫)ભૂલ માફ કરવાથી શેનો લાભ મળે? (૬)વસ્તુ બગડે તો આત્માને કેટલું નુકસાન છે? આત્માને નુકસાન કેવી રીતે થાય?

## ૨. ચાલો કરીએ મન-વચન-કાયાનું ઘડતર

શિલ્પીને પ્રતિમાનું, વૈજ્ઞાનિકને ધાતુનું ઘડતર કરવું સહેલું છે, તેમ જીવ જો જીવનનું ઘડતર કરે તો પરમાત્માની જેમ પૂજાય. જીવન ઘડતર ન આવડે તો ક્યારેક પોતે જ પથ્થર બની જશે અથવા ધૂળ બની જશે કારણ કે સંયોગો અને શરીરનું ઘડતર કરવાવાળો પોતાનું જ ઘડતર કરતો નથી.

મન, વચન અને કાયા, આપણાં દુઃખનું અને સંસારનું તેમ જ સુખનું અને મોક્ષનું કારણ બને છે તેથી યોગોનું ઘડતર કરવા સ્વયં શિલ્પી બનીશું તો જીવન ઘડતર થશે. માત્ર કાયાથી કર્મ બંધાય તો ઉત્કૃષ્ટ ૧ સાગરોપમના, કાયા અને વચનના સંયોગથી ઉત્કૃષ્ટ ૧૦૦૦ સાગરોપમના અને ત્રણે યોગના સંયોગથી ઉત્કૃષ્ટ ૭૦ ક્રો.ક્રો. સાગરોપમનું કર્મ બાંધી શકાય છે. ત્રણે યોગના સમ્યક્ પ્રવર્તનથી શ્રેણી આરૂઢ થઈ મોક્ષ પામી શકાય છે.

### ❖ મનની દુર્લભતા ❖

(૧) અનંતા એકેન્દ્રિય, અસંખ્યાતા વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને તો મન મળ્યું જ નથી.

(૨) અસંખ્ય નારકીને મન મળ્યું છે પણ ધર્મનું ક્ષેત્ર નથી મળ્યું.

(૩) અસંખ્ય દેવતાને મન મળ્યું છે પણ ધર્મની પૂર્ણ સાધના કરી શકતાં નથી.

(૪) અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્ય તો મન મેળવતાં પહેલાં જ મરણ પામે છે!
(૫) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને મનની પ્રાપ્તિ શ્રાવકપણું અપાવે પણ સાધના માર્ગ અધૂરો જ રહે છે.
(૬) આમ, અનંતા જીવોને આ સંસારમાં મન નથી મળ્યું પણ મને મળ્યું છે.
(૭) મારા મન વિનાના અનંત ભૂતકાળ સામે મનનો કાળ ૧ મિનિટ જેટલો પણ નથી!
(૮) મનવાળા ગર્ભજ મનુષ્યો અંતર્મુહૂર્તમાં ફરી અનંતકાળ માટે મન વગરના થઈ શકે છે.
(૯) કેવળી મનની દુર્લભતા જાણે છતાં સંપૂર્ણ કહી શકતા નથી.

## ❖ મનની મહાનતા ❖

(૧) મન જો દીવો બને તો પ્રકાશ આપે... સુગતિ અને મોક્ષ અપાવે.
(૨) મન જો દાવાનળ બને તો દુર્ગતિમાં ધકેલી દે.
(૩) માનવનાં જીવનની સુખશાંતિ અને સમાધિનો આધાર મન જ છે.
(૪) દુઃખ, અશાંતિ અને સંસારનું કારણ મન જ છે.
(૫) મનનો સમ્યક્ ઉપયોગ મિથ્યાત્વથી મુક્ત કરાવી શકે છે.
(૬) મનનો પ્રશસ્ત ઉપયોગ ઊંચા પુણ્ય બંધાવી શકે છે.
(૭) મનથી મોક્ષમાર્ગ, સાધુધર્મ, શ્રાવકધર્મની આરાધના થઈ શકે છે.
(૮) એક અંતર્મુહૂર્તના મનનાં અપ્રશસ્તભાવથી અનંતકાળ મન મળતું નથી.
(૯) એક અંતર્મુહૂર્તનાં પ્રશસ્ત ભાવથી કરોડો ભવનાં પાપ નાશ થઈ શકે છે.
(૧૦) મનનાં વર્તુળોનું કેન્દ્ર જ્યારે સ્વ મટીને સર્વ બને છે ત્યારે વ્યક્તિ વ્યક્તિ મટીને વિભૂતિ બને છે.
તો ચાલો જીવનનાં સુખ-શાંતિ માટે મનનું ઘડતર કરીએ.

## ❖ મનનું ઘડતર ❖

મનથી ઈચ્છાઓ મોહભાવના કારણે થાય છે, પુણ્યોદય પ્રમાણે પૂર્ણ થાય છે. મનની ઈચ્છાઓ પાપ બંધાવે છે. પુણ્યના ઉદયથી વધારે મળતું નથી માટે ઈચ્છા કરી પાપ બાંધવાં કરતાં મનનાં ઘડતરથી પાપબંધ ઘટાડીએ.

(૧) મનનું નિરીક્ષણ : વિચારોમાં સારા અને ખરાબ કેટલા? સ્વ અને પરનું હિત અને અહિત કરે એવા કેટલા? તે વિચારવું.
(૨) મનનો કાબૂ : ખરાબ વિચારો દૂર કરો તો પાપ કરવાનું મન ન થાય.

ઈચ્છાઓને ઓછી કરવા પ્રયત્ન કરવો. 'શું મને આ જરૂરી છે?' તે વિચારી કાર્ય કરવાથી પાપ અટકશે.

(૩) અવગુણોથી મુક્તિઃ ઈર્ષ્યા, સ્વાર્થ, કદાગ્રહ, ઉતાવળ જેવા અવગુણોથી દૂર રહેવું.

ઈર્ષ્યા : બીજાનાં સુખને જોઈ મનમાં પોતે બળવું તે ઈર્ષ્યા છે. પૂર્વભવમાં કરેલાં પુણ્ય અને ધર્મના કાર્યથી સુખ મળે છે. પાપ અને અધર્મના કાર્યથી દુઃખ મળે છે. જેને પ્રતિષ્ઠા, સત્તા, રૂપ, સુખ, આવડત, કળા, જ્ઞાન, દાનશક્તિ વગેરે પુણ્યથી મળેલ છે, તેની મારે ઈર્ષ્યા કરવી નહીં.

**સ્વાર્થ :** માત્ર પોતાના સુખનો જ વિચાર કરવો તે સ્વાર્થ છે. પ્રાયઃ અન્યના દુઃખને જ સ્વાર્થી પોતાનું સુખ માને છે. સ્વાર્થી મનોવૃત્તિ અન્યના સુખદુઃખનો વિચાર કરતી નથી. હું અન્યના સુખનો વિચાર કરું અને તેને પણ સુખી બનાવું તેવો વિચાર કરું.

(૪) ગુણ પ્રાગટય : નિઃસ્વાર્થતા, સરળતા, નમ્રતા, ધીરજ, સહનશીલતા, જિનાજ્ઞાપાલન વગેરે ગુણ પ્રગટ કરવા ચિંતન કરવું.

(૫) વિવેક : જે વિચારોથી અશાંતિ ભોગવી હોય તેવા વિચાર ન કરવા. વિવેકથી વિચારી સામેની વ્યક્તિના વિચારોને સમજતાં શીખવું. કડવા પ્રસંગોને મનમાંથી ખંખેરી નાંખવા. જીવનની શાંતિ માટે ઘડતરથી મનને શાંત કરવું.

(૬) ધર્મસાધના : ૧. ધર્મનો સાર સમતાભાવ છે તે માટે જીવો પ્રત્યે મનમાં આત્મીયભાવ અને અજીવ પ્રત્યે મોહભાવ ન રાખવો. ૨. સંસારનાં કામમાં ધર્મને ભૂલું નહીં અને ધર્મનાં કામોમાં સંસારને ભૂલી જાઉં.

(૭) મનરૂપી દુષ્ટ અને સાહસિક ઘોડો ચારે તરફ ભાગતો રહે છે. મનની ગતિ પવનની ગતિથી પણ વધારે હોય છે.

(૮) મનને જો વશમાં ન રાખીએ તો ખરાબ રસ્તે દોડી જાય છે.

(૯) મનરૂપ દોડતા ઘોડાને શ્રુતજ્ઞાનની લગામથી સમ્યક્ પ્રકારે વાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષા એ ધર્મશિક્ષાથી બાંધી વશ કરવો.

ફળ : ૧. દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે ભક્તિ વધે. ૨. વિકલ્પો ઓછા થાય.
૩. એકાવતારી પદ અથવા મોક્ષ અપાવે.

## ❖ વચન (ભાષા)ની દુર્લભતા ❖

(૧) અનંતા એકેન્દ્રિયને મન અને વચન મળ્યાં જ નથી.

(૨) અસંખ્યાતા વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને વચન મળ્યું છે પરંતુ

માત્ર અવાજ કરવારૂપ વ્યવહાર વચન જ બોલી શકે છે.

(૩) અસંખ્ય નારકીને વચન મળ્યું છે પણ મારો, કાપો વગેરે અશુભ વચનો બોલવામાં તે શક્તિ વપરાઈ જાય છે.

(૪) અસંખ્ય દેવને વચન મળ્યું છે, પણ કામભોગનાં વચનોમાં જ મોટા ભાગે વપરાઈ જાય છે.

(૫) અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્ય બોલ્યા વિના જ મરણ પામે છે.

(૬) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને વચન મળ્યું છે, પણ ધર્મકથા કરી શકતા નથી. આમ અનંતા જીવોને વચન મળ્યાં નથી, પણ મને વચન મળ્યું છે.

(૭) અનંત ભૂતકાળ બાદ બોલવા માટે જીભ મળે છે. કદાચ એવું બને કે હવે પછીના અનંત ભવિષ્યકાળ સુધી બોલવા માટે જીભ ન પણ મળે. મારા જીભ વિનાના અનંત ભૂતકાળ સામે વચનનો કાળ ૧ મિનિટ જેટલો પણ નથી.

(૮) ગર્ભજ મનુષ્યને પુણ્યોદયથી પરિપૂર્ણ ઈન્દ્રિયો મળે ત્યારે બોલી શકે, સ્પષ્ટ ઉચ્ચાર થાય અને બોલતાં થાક લાગે નહીં.

(૯) આજે હું વર્તમાને પાપકર્મનો ઉદય ભોગવતાં મૂંગા માણસોને આંખ સામે રાખું. કાયા મળવા કરતાં પણ ભાષા મળવી ખૂબ દુર્લભ છે.

## ❖ વચન (ભાષા)ની મહાનતા ❖

(૧) વિવેકી ભાષા જીવનને શણગારે છે. અવિવેકી ભાષા જીવનને સળગાવે છે.

(૨) વિવેકપૂર્વક મીઠાશભર્યા શબ્દો અનંત વેરના અનુબંધોને તોડે છે. ધીરજ સહિત થોડીક ક્ષણોનું મૌન કષાયના અગ્નિને શાંત કરે છે.

(૩) સુંદર ભાષા મૈત્રી, અહોભાવ, પરસ્પર સદ્ભાવ, ભક્તિ અને વાત્સલ્ય વધારનાર છે.

(૪) વચનનો સમ્યક્ ઉપયોગ શ્રદ્ધાથી પડતાંને સ્થિર કરે છે.

(૫) વચનનો પ્રશસ્ત ઉપયોગ ઊંચું શાતાવેદનીય કર્મ બંધાવે છે.

(૬) વચનથી જ જિનેશ્વરની વાણીની પ્રભાવના અને સ્વાધ્યાય થઈ શકે છે.

(૭) એક ક્ષણની મીઠી ભાષા જીવનનું પરિવર્તન કરાવે છે.

(૮) દુઃખમાં આશ્વાસન આપે છે.

(૯) માટે વચનની શુદ્ધિ કરી જીવનની કિંમત વધારવા વચન ઘડતર કરીએ.

## ❖ વચન (ભાષા)નું ઘડતર ❖

વચનશુદ્ધિ માટે વચનનું ઘડતર કરીએ. મૌન રાખીને મનન કરતાં શીખીએ. બોલતાં પહેલાં તોલતાં શીખીએ. બોલતી વખતે વિવેક અને સંયમ શીખીએ. બોલ્યા પછી જાગૃતિ રાખતાં શીખીએ.

(૧) વચનનું નિરીક્ષણ : વચનથી હિત, મિત અને પ્રિયકારી વાણી વ્યવહાર થયો કે નહીં? તે જોવું.

(૨) વચનનો કાબૂ :

૧. કોઈપણ કારણથી જૂઠું ન બોલતાં સત્ય બોલવાનો આગ્રહ રાખવો.

૨. પોતાનું કાર્ય એકાગ્રતાથી કરવું પણ કોણ શું કરે છે? કેમ કરે છે? એ પંચાત ન કરવી.

૩. દરેકના વિચારો, અભિપ્રાયો જુદાં હોઈ શકે છે, માટે વિવાદમાં ન ઊતરવું.

૪. સામેની વ્યક્તિની યોગ્યતા જોઈને જ યોગ્ય સમયે, યોગ્ય રીતે, યોગ્ય શિખામણ આપવી.

૫. કદાચ સામેની વ્યક્તિ ન માને તો શબ્દોમાં ઉશ્કેરાટ ન લાવવો.

૬. અવાજ નીચો રાખી બોલવાથી કષાયોનું નિયંત્રણ થાય છે.

૭. એકવચન (તું વગેરે) તુચ્છકાર, તિરસ્કાર વધારે છે. બહુવચન (તમે વગેરે) આદર, બહુમાન વધારે છે.

(૩) અવગુણોથી મુક્તિ : નિંદા, ખોટી ખુશામત, ગુસ્સો, ચાડીચુગલી અને કલેશ જેવા અવગુણોથી દૂર રહેવું.

૧. નિંદા : બીજાના દોષ, અવગુણ તેની ગેરહાજરીમાં બોલવા તે નિંદા છે. આ આદતથી બીજાના દોષ જ દેખાય છે. સ્વજન શત્રુ બને, પાપ વધે, વેરભાવ વધે, અવગુણ દ્રષ્ટિ વધી જાય માટે બીજાના દોષ અને ભૂલ જોવાનું બંધ કરી પોતાના દોષો જોવા. આજે હું કોઈની નિંદા કરીશ તો કાલે કોઈ મારી નિંદા કરશે.

૨. ખોટી ખુશામત : કોઈકમાં જે ગુણો નથી તે બોલવા તે ખોટી ખુશામત છે. ખુશામત પાછળનો મુખ્ય હેતુ પોતાનું કામ પાર પડાવવાનો કે કોઈની દ્રષ્ટિમાં પોતાને સારા લગાડવાનો હોય છે.

(૪) ગુણ પ્રાગટ્ય : શાંત સ્વભાવ, વિશ્વાસ, ગંભીરતા, નિખાલસતા અને મૈત્રીભાવ વ. ગુણ પ્રગટ કરવા. અન્યના ગુણો બોલીને કહેવા પણ એક

ગુણ છે.

(૫) વિચાર અને વાણીમાં સમાનતા રાખવી. જે હૈયામાં હોય છે તે હોઠે આવે છે માટે જૂના પ્રસંગો યાદ કરી નવા વિવાદો ઊભા ન કરવા.

(૬) ધર્મસાધના : ૧. સવારે ઊઠીને સહુને જયજિનેન્દ્ર કહેવું.

૨. ધર્મશ્રવણ કરવું.

૩. ઉપાશ્રયમાં પ્રવેશતાં ત્રણવાર 'નિસ્સિહિ' શબ્દ બોલવો.

૪. ધર્મક્રિયાઓમાં સંસારની વાતો કરવી નહીં. ધાર્મિક વાતો જતનાથી કરવી.

૫. વાણીમાં જિનવચનની પ્રિયધર્મતા અને દ્રઢધર્મતા નીતરે તેવું બોલવું.

(૭) દુષ્કૃત ગર્હા : પોતાનાં ખરાબ કામને ધિક્કારવું.

(૮) સુકૃત અનુમોદના : કોઈનાં સુંદર કામને વખાણવું.

(૯) અભાષક ગુણ : આત્માનો મૂળ સ્વભાવ અભાષક છે. સિદ્ધ ભગવાન અભાષક છે. આ સ્વભાવને પ્રાપ્ત કરવો એ જ મારી સાધના છે.

ફળ : ૧. જતનાથી જાગૃતિ સહિત બોલવાથી જીવ ચાર અશુભ ઘાતીકર્મ બાંધતો નથી. પૂર્વે બાંધેલાંનો ક્ષય કરે છે.

૨. ચાર અશુભ અઘાતી કર્મ બંધાતા નથી.

૩. ઉપયોગ સહિત બોલવાથી શાતાવેદનીય, શુભઆયુષ્ય, શુભનામ અને ઉચ્ચ ગોત્ર આ ચાર શુભ અઘાતી કર્મ બાંધે છે.

૪. સંવર અને નિર્જરાનો લાભ મળે છે. મોક્ષ માર્ગની આરાધના થાય છે.

## ❖ કાયાની દુર્લભતા ❖

(૧) જ્યાં સુધી જીવ કર્મ સહિત છે ત્યાં સુધી શરીર સહિત જ છે માટે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સહુ જીવોને કાયા મળે જ છે. પરંતુ..

(૨) સાધારણ નામ કર્મના ઉદયે અનંતા જીવો વચ્ચે એક જ શરીર હોય છે.

(૩) અનંતા એકેન્દ્રિય જીવો સ્થાવર નામ ઉદયના કારણે એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકતા નથી.

(૪) અસંખ્ય વિકલેન્દ્રિય જીવોને વિચિત્ર આકારવાળાં શરીર મળ્યાં છે.

(૫) અસંખ્ય તિર્યંચ પંચેન્દ્રિય અને નારકીને શરીર તો છે પણ દુઃખ, પીડા, માર અને યાતના સહન કરે છે.

(૬) અસંખ્યાતા દેવોને શોભાયમાન અને દેખાવડાં શરીર મળ્યા છે પરંતુ તેઓ તેના દ્વારા તપ અને સંયમ ધર્મનું પાલન કરી શકતાં નથી.

(૭) અસંખ્ય અસંજ્ઞી મનુષ્યનાં શરીર વિષ્ટામાં જ જન્મી મરણ પામે છે.
(૮) સંખ્યાતા ગર્ભજ મનુષ્યો જ ધર્મસાધના કરી શકે તેવું શરીર પામ્યા છે.
(૯) આમ અનંતા જીવોને શરીર તો મળ્યું છે પણ તેનો સદ્ઉપયોગ નથી.
શરીરના સદ્ઉપયોગ વિનાના અનંત ભૂતકાળ સામે ગર્ભજ મનુષ્યપણું ૧ મિનિટ જેટલું પણ નથી.
(૧૦) અનંત સિદ્ધ પરમાત્મા કર્મ રહિત હોવાથી અશરીરી છે.
(૧૧) વિવિધ ગતિના જીવોનાં શરીર જાણીને અશરીરી બનવાનો પુરુષાર્થ કરવો એ સાધનાનો સાર છે.
અશરીરી બનવા માટે ચાલો કાયા અને ઈન્દ્રિયોનું ઘડતર કરીએ.

### ❖ કાયાની મહાનતા ❖

(૧) કાયા જો સાથ આપે તો શ્રાવકવ્રતનું પાલન થાય.
(૨) કાયાનાં સંગાથે સાધુનાં મહાવ્રતોનું પાલન સરળ બની જાય.
(૩) કાયાને શાતા સમાધિ હોય તો મન-વચન પણ સમાધિમાં રહે છે.
(૪) કાયાથી ઈન્દ્રિય વિષયોનું સેવન સંસાર વધારનાર છે.
(૫) કાયાનો પ્રશસ્ત ઉપયોગ તપ, સેવા, વૈયાવચ્ચ કરાવી શકે.
(૬) કાયાનો સમ્યક્ ઉપયોગ અશરીરી બનાવી શકે.
(૭) કાયાથી પરિષહ, ઉપસર્ગ સહન કરવાથી કર્મ નિર્જરા થઈ મોક્ષ મળે.
(૮) કાયાથી વિરક્તિના ભાવો કરોડો ભવનાં કાયાના દુઃખ, પીડા અને સંતાપથી બચાવી શકે.
તો ચાલો, સુખશીલતાને છોડવા, સહનશીલ બનવા કાયાનું ઘડતર કરીએ.

## ❖ કાયાનું ઘડતર ❖

તન અને ચેતનને જુદાં જાણી, દેહ અને આત્માને અલગ અનુભવી, દેહ મમત્વનાં બંધનો છોડવા, કાયાનું ઘડતર કરીએ.
(૧) કાયાનું નિરીક્ષણ : કાયા દ્વારા ફેશન, વ્યસન, વિકાર અને ઈન્દ્રિયોથી સુખ, સાધનનો ભોગવટો કર્યો તે સારું કે ખરાબ? જે કાયામાં માત્ર વિષ્ટા ભરી છે, તેને અનેક પ્રકારની હિંસાથી શુદ્ધ કરવાના પ્રયત્નો કર્યા તે હિંસાથી અને વિષયભોગથી ઉત્પન્ન થનાર દુઃખોનો વિચાર તો કરો !!
(૨) કાયા પર કાબુ : ૧. સુખ સગવડતાનાં સાધનો ઓછાં ઊભાં કરવાં.
૨. શરીરને કસવું, જેથી દરેક સંયોગોમાં સમભાવ રહે.

૩. સુખ કે દુઃખ આપવાનો શરીરનો સ્વભાવ નથી એ વિચારવું.

૪. કાયાથી નાનાં-મોટાં કોઈપણ કામ, કોઈનું પણ કામ કરવામાં આળસ ન કરવી. કામ કરવાથી કાયા ઘસાતી નથી. દરેક કામ મહત્વનાં છે, માટે દરેક કામ કરવા હંમેશાં તૈયાર રહેવું.

(૩) અવગુણોથી મુક્તિઃ સુખશીલતા, ફેશન અને વ્યસન, હિંસા, લડાઈ-ઝઘડા, શરીર-મમત્વ, ઈન્દ્રિયોની ગુલામી, બેદરકારી અને કામચોર જેવા અવગુણથી દૂર રહેવું.

**સુખશીલતા :** શરીરથી ઈન્દ્રિય-સુખને માણવું તે છે સુખશીલતા. તેને છોડવા માટે ... ૧. સુંવાળી માટી પર ન ચાલવું. ૨. ઠંડાં પાણી, ઠંડાં પીણાં, પંખા કે એરકન્ડિશનર (એ.સી.) ન વાપરવા. ૩. સોફા, પલંગ, ડનલોપ, પોચા તકિયા વગેરે સુંવાળાં સ્પર્શવાળાં સાધનો વિવેકથી વાપરવાં. ૪. બહુ ઠંડી છે, બહુ ગરમી છે, બહુ ભેજ છે આવી ફરિયાદ ન કરવી.

**ફેશન અને વ્યસન :** બીજાનું આંધળું અનુકરણ કરવું તે ફેશન છે. એવી ટેવ, લત કે આદત જેના વિના ન જ ચાલે તે વ્યસન. ૧. ટૂંકાં, ઝીણાં તથા વિકારવર્ધક કપડાં ન પહેરવાં. ૨. સંસ્કાર નાશ કરે તેવી ફેશનની જાળમાં ન ફસાવું. ૩. દારૂ, જુગાર, ડ્રગ્સ, લોટરી, તંબાકુ વગેરે વ્યસનમાં ન જોડાવું.

વ્યસનથી શરીર અને કુટુંબ બંનેનો વિનાશ થાય છે.

(૪) ગુણ પ્રાગટય : અહિંસા, ઉદારતા, ક્ષમા, કષ્ટ સહિષ્ણુતા, અપમાન સહન કરવું, સેવા-વૈયાવચ્ચ, પરોપકારીપણું, સાદાઈ અને નિર્વ્યસની વગેરે ગુણ પ્રગટ કરવા.

(૫) વિવેક : ૧. પાપનો ડર રાખવો. ૨. વિકાર વધે તેવી ટી.વી. ચેનલો ન જોવી. ૩. છ કાયની દયા પાળવી. ૪. એકટર, ક્રિકેટર વગેરેના ફોટા રાગથી ન રાખવાં. ૫. વડીલોની સેવા કરવામાં દુર્ગંછા ન કરવી. ૬. મનને ભાવે તે નહીં પણ શરીરને અનુકૂળ ખાવું. ૭. અશાતા, રોગ ભોગવતા શાંતિ રાખવી.

(૬) ધર્મસાધના : ૧. કાયાથી વધારે તપ કરવું. ૨. પરિસહ અને ઉપસર્ગને ખુમારીથી સહન કરવા. ૩. નીચે જોઈને, જીવદયા પાળીને ચાલવું. ૪. સારો સ્પર્શ શાતા આપી શકે પણ સુખ નહીં ! ખરાબ સ્પર્શ અશાતા આપી શકે પણ દુઃખ નહીં. ૫. તપ અને સંયમથી આત્માને નહીં દમું તો વધ અને બંધનથી છેદાવું, ભેદાવું પડશે. એ યાદ રાખવું. ૬. ભૂતકાળમાં આ કાયાએ જે કષ્ટ સહ્યાં છે તેની સામે આજે જે સહન કરું છું તે કષ્ટ જ નથી. આમ વિચારી વિરક્ત બનવું. ૭. સેવા, વૈયાવચ્ચ કરવાથી તીર્થંકર નામ કર્મ બંધાય

છે, માટે તે કાર્ય ઉત્સાહથી કરવા. ૮. ધર્મ આરાધનામાં પ્રમાદ ન કરવો. ૯. જ્ઞાનની આરાધના સ્વબળે કરવી.

ફળ : ૧. ૫ ઈન્દ્રિય, ૪ કષાય અને મન, કાયામાં જ રહે છે અને કાયાનો સંવર સહજ બને છે.

૨. વૈરાગ્ય વધે છે.

૩. શરીરનું આકર્ષણ છૂટે છે.

૪. આત્મલક્ષ્ય દ્રઢ બને છે.

૫. કષ્ટ સહન કરવાની શક્તિ વધે છે.

૬. સહનશીલ બનાય છે.

૭. તપનું આચરણ સરળતાથી થઈ શકે છે.

૮. કાયાની સ્થિરતા અને દ્રઢતાથી મન-વચનની સ્થિરતા અને દ્રઢતા વધે છે.

૯. કર્મક્ષયથી જલદીથી મોક્ષ મળે છે.

**યાદ રાખો આપણાં જીવનનાં શિલ્પી આપણે જ છીએ...**

**જીવન ઘડતરથી આત્મ ઘડતર સદા કરીએ...**

(૧) જો આભૂષણનું ઘડતર કરવામાં ન આવે તો સોનું કે ચાંદી કે હીરો દેહ પર લગાડવામાં આવે તો શોભે ખરાં?

(૨) ગમે તેટલાં આકર્ષક, સુંદર, સુંવાળાં વસ્ત્રનો તાકો પણ શરીરે વીંટીને બહાર ન નીકળી શકાય એનું પણ સિલાઈરૂપ ઘડતર કરવું જ પડે છે.

(૩) પેટમાં નંખાતો કોળિયો પણ અનાજ, શાક, કઠોળ વગેરેનું ઘડતર થાય છે પછી જ પેટમાં નંખાય છે, પણ જો ઘડતર ન થાય તો? શું રોજ કાચાં ખાઈશું?

(૪) દેહના સંપર્કમાં આવવાવાળી દરેક વસ્તુનું ઘડતર કરવામાં આવે છે, પણ આ ઘડતર કરવાવાળાં દેહનું ઘડતર કરવાનું ભૂલી જઈએ તો?

(૫) દેહનું ઘડતર નહીં દેહીનું ઘડતર, તનનું નહીં ચેતનનું, પરનું નહીં સ્વનું, પુદ્ગલનું નહીં આત્માનું ઘડતર કરવાનું છે.

(૬) સંયમ અને તપથી આત્માને ભાવિત કરવો. સમિતિ અને ગુપ્તિ વડે આત્માનું જતન કરવું. સ્વવશપણે પોતાના આત્માનું દમન કરવું એનું નામ આત્મ ઘડતર.

(૭) રાગ અને દ્વેષથી આત્માને બચાવવો. વિષય અને કષાયથી આત્માને અટકાવો. આરંભ અને પરિગ્રહથી આત્માને મુક્ત કરવો એનું નામ આત્મ

ઘડતર.

(૮) મોક્ષમાર્ગની આરાધના કરવા મિથ્યાત્વ, અવ્રત દૂર કરી અને પ્રમાદને ઘટાડવા અગ્રેસર બનવું તે જ સાચું આત્મ ઘડતર છે.

(૯) સુસંસ્કાર અને સદ્‌ગુણોને વધારવાથી કુસંસ્કાર અને દુર્ગુણ દૂર થશે.

(૧૦) મોક્ષમાર્ગમાં જ્ઞાન, દર્શન વગેરેમાં સદા શુદ્ધિ અને વધારો કરવો.

(૧૧) સમજણના ઘરમાં આવીએ ત્યારથી જીવનના છેલ્લા શ્વાસ સુધી જેનું ઘડતર કરવાનું છે તે છે પોતાનો આત્મા.

ચાલો તેનું પાકું ઘડતર કરી મોક્ષના માર્ગનું ચણતર કરીએ.

<u>**અપેક્ષિત પ્રશ્નો :**</u> (૧) યોગોથી કર્મ બંધાય તો કેટલી સ્થિતિનું બંધાય? (૨) મનની દુર્લભતા સમજાવો. (પાંચ મુદ્દા). (૩) ૧ મિનિટ માટે મન ક્યારે મળે? (૪) મનનાં અપ્રશસ્તભાવથી શું નુકસાન થાય? (૫) મન કઈ રીતે મહાન છે? (૬) ઈચ્છા કયા કારણે થાય છે? (૭) મનનું ઘડતર કેવી રીતે કરશો? (પાંચ મુદ્દા) (૮) મનનું ઘડતર કરવાથી કયા ગુણો પ્રાપ્ત થાય છે? (૯) વચનની દુર્લભતા સમજાવો. (પાંચ મુદ્દા)? (૧૦) વચનના કયા અવગુણોથી મુક્તિ મેળવવાની છે? (૧૧) ધર્મસાધના માટે વચનનું ઘડતર કેવી રીતે કરશો? (૧૨) આપણું આ શરીર દુર્લભ કઈ રીતે છે? (૧૩)કાયાના સહકારથી શું શું કરી શકાય છે? (૧૪) કાયા ઉપર કાબૂ કેવી રીતે મેળવશો? (૧૫) કાય ઘડતરનું ફળ શું? (૧૬) કાય ઘડતરનો વિવેક લખો. (૧૭) યોગોના ઘડતરથી અયોગી આત્માનું ઘડતર કેવી રીતે કરશો ? (૧૮) યોગોનું ઘડતર શા માટે કરવું?

# કથા વિભાગ

## ૧. તેતલીપુત્ર

### ❖ જ્ઞાતાધર્મ કથા સૂત્ર – અધ્યયન ૧૪ ❖

તેતલીપુર નામે એક નગર હતું. કનકરથ નામના રાજા અને તેમની પત્ની પદ્માવતી નામે રાણી હતી. કનકરથ રાજાના તેતલીપુત્ર નામે પ્રધાન હતા. તે સામ, દંડ વગેરે નીતિમાં નિપુણ હતા. રાજ્યની દેખરેખ કરતા હતા.

તે તેતલીપુર નગરમાં કલાદ નામે સોનીપુત્ર રહેતો હતો. તેને ભદ્રા નામની પત્ની હતી. તેમની શ્રેષ્ઠ રૂપવાન, ગુણવાન, યુવાન અને ઉત્તમ શરીરવાળી પોટ્ટિલા નામે એક દીકરી હતી.

**પોટ્ટિલા સાથે લગ્ન તથા કનકધ્વજનો જન્મ**

એક દિવસ પોટ્ટિલા સોનાના દડાથી રમતી હતી. સોનીપુત્રના ઘર પાસેથી પસાર થતાં તેતલીપુત્ર પ્રધાને તેને જોઈ. તેના રૂપ, લવણ્યથી આકર્ષિત થઈને સોની પાસે તેની પુત્રીની માગણી કરાવી. સોનીએ અતિ ઉત્સાહથી પોતાની પુત્રીને તેતલીપુત્ર પ્રધાન સાથે પરણાવી.

કનકરથ રાજા પોતાના રાજ્યમાં અને અંતઃપુરમાં મૂર્ચ્છિત, લોલુપ, આસક્ત થઈ ગયા હતા. તેથી તેઓ જન્મ પામતાં પોતાનાં પુત્રોને વિકલાંગ કરી દેતા હતા જેથી તે વિકલાંગ રાજકુમાર ભવિષ્યમાં રાજા બની શકે નહીં. કનકરાજાની રાણી પદ્માવતીને એકવાર વિચાર આવ્યો કે રાજ્યમાં આસક્ત રાજા પુત્રોને વિકલાંગ કરી દે છે તો હવે હું જ્યારે પુત્રને જન્મ આપું ત્યારે તેમને ખબર ન પડે તે રીતે બાળકને રાજાની કુદ્રષ્ટિથી બચાવવો. તેની મદદ માટે તેમણે તેતલીપુત્ર પ્રધાન સાથે વાત કરી લીધી.

ત્યાર પછી પદ્માવતી દેવીએ અને પોટ્ટિલાએ એક જ સાથે ગર્ભ ધારણ કર્યો. સવા નવ માસે રાણીએ પુત્રને અને પોટ્ટિલાએ મૃત બાળકીને જન્મ આપ્યો. તેતલીપુત્ર પ્રધાને રાણી સાથે વાત થયા પ્રમાણે અન્ય કોઈની જાણ વિના રાજાના પુત્રને અને પોતાની બાળકીને અદલાબદલી કરી દીધાં. પદ્માવતી રાણીની દાસીએ જઈને રાજાને મૃત બાલિકાના સમાચાર આપ્યા.

આ તરફ તેતલીપુત્રએ પોતાનાં ઘરે પુત્રજન્મની ખુશાલી મનાવી. તેનું નામ કનકધ્વજ રાખવામાં આવ્યું. ધીરે ધીરે તે યુવાન થતો ગયો અને કળાઓમાં કુશળ

થયો. આ તરફ ધીરે ધીરે તેતલીપુત્રનું મન પોટ્ટિલા પરથી ઊતરી ગયું. પોટ્ટિલા અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર થઈ ગઈ. તેતલીપુત્રને તેનું નામ ગોત્ર સાંભળવું પણ પસંદ ન હતું, તેથી પોટ્ટિલા ઉદાસ બનીને આર્ત્તધ્યાન કરવા લાગી હતી.

## પોટ્ટિલાને દાનશાળાની વ્યવસ્થા અને સુવ્રતા સાધ્વીનો પરિચય

પોટ્ટિલાને ઉદાસ જોઈને તેતલીપુત્રએ તેમને કહ્યુંઃ "તમે ઉદાસ થઈ આર્ત્તધ્યાન ન કરો. તમે મારી ભોજનશાળામાં વિપુલ પ્રમાણમાં અન્ન, પાણી, ખાદિમ વગેરે આહાર તૈયાર કરાવો અને શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, યાચકોને આપો અર્થાત્ દાનશાળા ખોલો. ત્યારે પોટ્ટિલા પ્રસન્ન થઈ અને દાનશાળા સંભાળવા લાગી.

અમુક કાળે ગુપ્ત બ્રહ્મચારિણી, બહુશ્રુત, વિશાળ પરિવાર ધારક સુવ્રતા નામના સાધ્વી અનુક્રમથી વિહાર કરતાં કરતાં તેતલીપુર પધાર્યા. તેમનાં સાધ્વીઓએ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય વગેરે કર્યો અને ત્યાર બાદ ગોચરી માટે ફરતાં ફરતાં તેતલીપુત્રના ઘરે પહોંચી ગયા. પોટ્ટિલાએ તેમને વંદન નમસ્કાર કર્યા અને આહારપાણી વહોરાવ્યા. પછી તેમણે કહ્યું : "પહેલાં હું મારા પતિને ઈષ્ટ, કાંત વગેરે હતી પરંતુ હવે અનિષ્ટ, અપ્રિય થઈ ગઈ છું. તમે ગામેગામ ફરો છો, જાણકાર અને ભણેલાં છો માટે તમે મને કોઈ મંત્રયોગ, કામણયોગ કે કોઈ ઔષધ વગેરે આપો, જેથી હું તેતલીપુત્રને પાછી ઈષ્ટ, પ્રિય બનું."

આ વાત સાંભળી તે સાધ્વીઓએ કહ્યું : "અમને આવી વાત સાંભળવી પણ કલ્પે નહીં. અમે તો માત્ર સાધુધર્મ અને શ્રાવકધર્મ રૂપ કેવળી પ્રરૂપિત ધર્મનો બોધ આપી શકીએ.'પોટ્ટિલાએ ધર્મ સાંભળવાની ઈચ્છા દર્શાવી અને સાધ્વીઓએ તેને સંક્ષેપમાં ધર્મબોધ આપ્યો. તેથી તે નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરનારી બની ગઈ. તેમણે સાધ્વીઓ પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ શ્રાવકધર્મને અંગીકાર કર્યો. હવે પોટ્ટિલા શ્રાવિકા બની ગઈ તથા આહાર આદિનું દાન આપી જીવન પસાર કરવા લાગી.

## પોટ્ટિલાની દીક્ષા

એકવાર પોટ્ટિલાને મધ્યરાત્રિએ વિચાર આવ્યો કે–'હું તેતલીપુત્રને અનિષ્ટ બની ગઈ છું, તેથી મારે સુવ્રતા સાધ્વી પાસે દીક્ષા ગ્રહણ કરી આત્મકલ્યાણ કરવું તે જ શ્રેષ્ઠ છે.' બીજે દિવસે સવારે તે તેતલીપુત્ર પાસે ગઈ અને પોતાનો વિચાર જણાવ્યો. તેતલીપુત્રએ કહ્યુંઃ "હે દેવાનુપ્રિય! તમે મુંડિત થઈને પછી કાળધર્મ

પામીને કોઈપણ દેવલોકમાં ઉત્પન્ન થશો માટે તમે મને જો દેવલોકમાંથી આવીને કેવલી પ્રરૂપિત ધર્મનો પ્રતિબોધ આપવાનો સ્વીકાર કરો તો મારી દીક્ષા લેવા માટે તમને આજ્ઞા છે." પોટ્ટિલાએ તેતલીપુત્રની વાતનો સ્વીકાર કર્યો. ત્યાર પછી તેતલીપુત્ર શિબિકામાં બેસાડીને પોટ્ટિલાને સાધ્વી સુવ્રતા પાસે લાવ્યાં અને કહ્યું "હે દેવાનુપ્રિયે! આ મારી પોટ્ટિલા ભાર્યા મને ઈષ્ટ છે પરંતુ તે સંસારના ભયથી વ્યાકુળ બનીને દીક્ષા અંગીકાર કરવા ઈચ્છે છે તો હું આપને શિષ્યારૂપે ભિક્ષા આપું છું તેનો આપ સ્વીકાર કરો." સુવ્રતા સાધ્વીની અનુમતિ મળતાં પોટ્ટિલાએ ઘરેણાં, માળા અને અલંકારો ઉતાર્યા. સ્વયં પંચમુષ્ટિ લોચ કર્યો. સુવતા સાધ્વી પાસે આવી વંદન નમસ્કાર કરીને દીક્ષિત થયાં. અગિયાર અંગસૂત્રોનું અધ્યયન કર્યું. ઘણાં વર્ષો ચારિત્રનું પાલન કર્યું. અંત સમયે એક મહિનાનો અણસણ કરી શરીરને પાતળું પાડી, પાપકર્મની આલોચના કરી, સમાધિપૂર્વક કાળ ધર્મ પામી કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈ.

### કનકધ્વજનો રાજ્યાભિષેક

ત્યાર પછી કોઈક સમયે રાજા કનકરથ મરણ પામ્યા. લોકોએ પરસ્પર મળી ને વિચાર કર્યો કે-"આપણે નવા રાજા બનાવવા માટે તેતલીપુત્રની સલાહ લઈએ." તેતલીપુત્રએ કહ્યું, "કનકધ્વજ એ રાજા કનકરથ અને રાણી પદ્માવતીનો જ પુત્ર છે માટે તેનો રાજ્યાભિષેક કરો." તેતલીપુત્રએ કનકરથથી કેવી રીતે આજ સુધી કનકધ્વજને બચાવી રાખેલો તે વાત લોકોને કહી. ત્યાર બાદ કનકધ્વજનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

તે સમયે રાણી પદ્માવતીએ કનકધ્વજને કહ્યું "હે પુત્ર! તમારું આ રાજ્ય અને તમે પોતે જે કાંઈ છો તે તેતલીપુત્રને કારણે છો, માટે તમે તેમનો આદર કરજો, તેમના કહેવા પ્રમાણે કાર્ય કરજો, તેમનો સત્કાર કરજો, તેમનું સન્માન જાળવજો. તેમના સુખસગવડની સામગ્રીમાં વધારો કરજો."

### પોટ્ટિલદેવ દ્વારા ધર્મ પમાડવા પ્રયત્ન

આ તરફ પોટ્ટિલ દેવ વારંવાર તેતલીપુત્રને કેવળી પ્રરૂપિત ધર્મનો પ્રતિબોધ આપવાનો પ્રયત્ન કરવા લાગ્યા પણ તેતલીપ્રધાનને બોધ થતો જ નહીં. પોટ્ટિલદેવે વિચાર કર્યો કે-'રાજા તરફથી સુખસગવડ વગેરે મેળવીને પ્રધાન ધર્મમાં પ્રતિબોધ પામતા નથી, માટે મારે હવે કનકધ્વજને તેતલીપુત્રથી વિરૂદ્ધ બનાવી દેવા પડશે.

બીજે દિવસે તેતલીપુત્ર ઘોડા પર બેસી ઘણા પુરુષો સાથે કનકધ્વજ રાજા

પાસે રાજસભામાં જવા નીકળ્યા. માર્ગમાં તેમને જોતાં જ અનેક લોકોએ તેમનો આદર સત્કાર કર્યો, કોઈએ હાથ જોડયા તો કોઈએ ઊભા થઈ સત્કાર કર્યો. કોઈ એમની આગળપાછળ ચાલવા લાગ્યા. ત્યાર બાદ તેતલીપુત્ર પ્રધાન રાજા પાસે આવ્યા. કનકધ્વજ રાજાએ તેમને આવતા જોયા, પણ તેમનો આદર કર્યો નહીં, ઊભા થયા નહીં, તેમના આગમનથી ખુશ થયા નહીં,. આ રીતે તેમનો આદર કર્યા વિના, ખુશ થયા વિના રાજા મૌનભાવે વિમુખ થઈ બેસી રહ્યા.

કનકધ્વજ રાજાને નારાજ જાણી પ્રધાનને મનમાં ભય થયો કે–'કનકધ્વજ મારાથી નારાજ થઈ ગયા છે. મારા પ્રત્યે માન ઓછું થઈ ગયું છે, કોણ જાણે રાજા ક્યારે મને કમોતે મરાવી નાંખે?' આવા વિચારથી તેઓ વધુ ભય પામ્યા, ત્રાસ પામ્યા અને ધીરેધીરે પોતાના ઘર તરફ પાછા રવાના થયા. માર્ગમાં પણ લોકોએ તેતલીપુત્રને આદર કર્યો નહીં, તેમના આગમનથી ન ખુશ થયા, ન હાથ જોડયા. તેતલીપુત્ર પોતાના ઘરે આવ્યા. ત્યાં પણ ઘરમાં નોકરો, ભાગીદારો, બહારની પરિષદના લોકો કોઈએ પણ તેમનો આદર ન કર્યો, ખુશ ન થયા, ઊભા થયા નહીં. ઘરના પણ સ્વજન સંબંધીઓ માતા પિતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રવધૂ વગેરે કોઈએ આદર કર્યો નહીં.

## આત્મઘાતના નિષ્ફળ પ્રયત્નો

તેતલીપુત્ર પોતાના શયનકક્ષમાં પોતાની પથારી પર આવી ગયા અને સ્વગત બોલ્યા કે–'આજે મારો કોઈએ સત્કાર કર્યો નહીં, કોઈ મારાં આગમનથી ખુશ નથી માટે મારે મરી જવું જ મારા માટે ઉત્તમ છે.'

આમ વિચારીને (૧) તેમણે તાલપુટ નામનું કાતિલ ઝેર ચૂસી લીધું. પરંતુ તે ઝેરની કોઈ અસર તેમને ન થઈ અને તેમનો પ્રયાસ નિષ્ફળ ગયો.

(૨) ત્યાર પછી તેમણે તલવારનો પ્રહાર પોતાના ગળા પર કર્યો પરંતુ તે તલવારની ધાર જ બુઠ્ઠિ થઈ ગઈ.

(૩) તેઓ ત્યાંથી પોતાની અશોકવાટિકામાં ગયા. ત્યાં જઈ દોરડાંનો ફાંસલો કરી ગળામાં નાંખ્યો. પછી ઝાડ પર ચડીને તે દોરડાંને બીજે છેડેથી ઝાડ સાથે બાંધ્યું અને પછી પોતે ઝાડ પરથી કૂદકો મારીને લટકી ગયા, પણ દોરડું તૂટી ગયું અને આત્મઘાતનો તેમનો ત્રીજો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો.

(૪) ત્યાર પછી તેમણે ઘણો વજનવાળો પથ્થર ડોક પર બાંધીને ઊંડાં પાણીમાં કૂદકો માર્યો, પણ પાણી છીછરૂં થઈ ગયું. અને આત્મઘાત ન થયો.

(૫) પછી તેમણે સૂકાં ઘાસના ઢગલામાં આગ લગાવી અને તે બળતી અગ્નિમાં

કૂદી પડયો, પણ તે અગ્નિ ઠરી ગઈ. આમ પાંચમો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો.

## પોટ્ટિલ દેવનો પ્રતિબોધ

આમ બધા જ પ્રયત્નો નિષ્ફળ જવા પર તે હતાશ થઈ ગયો. ત્યારે પોટ્ટિલ દેવે પોટ્ટિલાના રૂપની વિકુર્વણા કરી અને તેતલીપુત્રને કહ્યું: 'હે તેતલીપુત્ર! આગળ ખાડો હોય, પાછળ હાથીનો ભય હોય, બન્ને બાજુ કાંઈ જોઈ ન શકાય તેવું ગાઢ અંધારું હોય, વચ્ચે બાણોની વર્ષા થતી હોય, ત્યારે આપણે ક્યાં જવું? ગામમાં આગ લાગે તો માણસ વનમાં ભાગી જવાનો વિચાર કરે પરંતુ ગામ અને વન બન્ને ભડકે બળતાં હોય ત્યારે આપણે કયાં જવું?'

તેતલીપુત્રે પોટ્ટિલ દેવને કહ્યું: "સર્વત્ર ભયભીત પુરુષ માટે દીક્ષા જ શરણભૂત છે. જેમ પરદેશમાં રહેતી વ્યક્તિને માટે સ્વદેશ શરણભૂત છે. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, બીમારને ઔષધ, માયાવીને એકાંત, અપરાધીને વિશ્વાસ ઉપજાવવો, માર્ગના શ્રમથી થાકેલા મનુષ્યને માટે વાહનનો ઉપયોગ, સમુદ્ર વગેરે તરવા ઈચ્છુકને જહાજ અને શત્રુને પરાભવ કરવાના ઈચ્છુકને મિત્રોની સહાયતા શરણભૂત બને છે અર્થાત્ તેને શરણની આવશ્યક્તા રહે છે. પરંતુ ક્ષમાશીલ, આત્મ અધિકારી અને ઈન્દ્રિય વિજયીને કોઈ શરણની આવશ્યક્તા રહેતી નથી.

પોટ્ટિલ દેવે તેતલીપ્રધાનને કહ્યું: "હે તેતલીપુત્ર! ભયગ્રસ્તને માટે પ્રવ્રજ્યા (દીક્ષા) શરણભૂત છે, માટે તમારાં આ કથનને તમે આચરણમાં મૂકો અને તમે દીક્ષા ગ્રહણ કરો." આમ બે-ત્રણ વાર કહીને દેવ જે દિશામાંથી પ્રગટ થયો હતો તે દિશામાં પાછો ફરી ગયો.

## દીક્ષા, જાતિસ્મરણજ્ઞાન અને કેવળજ્ઞાન

ત્યાર પછી શુભ પરિણામથી તેતલીપુત્રને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પૂર્વભવમાં પોતે મહાપદ્મ નામે રાજા હતા અને પોતે દીક્ષા લઈ ૧૪ પૂર્વોનું અધ્યયન કરેલ. ઘણાં વર્ષ સાધુપણું પામીને એક માસનો અણસણ કરી પોતે સાતમા મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચ્યવીને તેતલીનગરમાં હવે હું જન્મ્યો છું તે જાણ્યું. મહાવ્રતોને સ્વીકાર કરવા તે જ મારા માટે શ્રેયસ્કર છે. આમ વિચારી તેમણે સ્વયં મહાવ્રત અંગીકાર કર્યા.

પ્રમોદવન ઉદ્યાનમાં આવી અશોકવૃક્ષની નીચે, પૂર્વભવમાં અધ્યયન કરેલ ૧૪ પૂર્વનું જ્ઞાન સ્વતઃ સ્મૃતિમાં આવી ગયું. શુભ પરિણામથી કર્મોનાં ક્ષયોપશમથી કર્મને નાશ કરનારા અપૂર્વકરણમાં પ્રવેશ કરીને, ક્ષપક શ્રેણીનો

પ્રારંભ કરીને, ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રાપ્ત કર્યું. વાણવ્યંતર દેવો અને દેવીઓએ દેવદુંદુભિઓ વગાડી, પાંચ વર્ણનાં અચેત ફૂલોની વર્ષા કરી, દિવ્ય ગીતો વગાડયાં અને કેવળ મહોત્સવ ઉજવ્યો.

**ઉપસંહારઃ** પ્રાયઃ મનુષ્યોને દુઃખ પ્રાપ્ત ન થાય, માનનું મર્દન ન થાય ત્યાં સુધી તેતલીપુત્રની જેમ તે ભાવપૂર્વક ધર્મને આરાધતો નથી.

**અપેક્ષિત પ્રશ્નો :** (૧) તેતલીપુત્ર કયા સૂત્રનો અધિકાર છે? તેઓ કોના પુત્ર હતા? (૨) કનકરથ રાજા પોતાના પુત્રોને શા માટે વિકલાંગ બનાવી દેતા હતા તેથી રાણીએ શું કર્યું? (૩) પોટ્ટિલા શા માટે ઉદાસ થઈ ગઈ હતી? તેણે ૧૨ વ્રત કેવી રીતે અંગીકાર કર્યા? (૪) તેતલીપુત્રએ શા માટે આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો? મરવાના કેવા કેવા અને કયા કયા પ્રયત્ન તેમણે કર્યા? (૫) તેતલીપુત્ર વાર્તાનો ઉપસંહાર શું છે? (૬) તેતલીએ પોટ્ટિલાને દીક્ષાની આજ્ઞા કેવી રીતે આપી? (૭) આત્મહત્યાના પ્રયાસ નિષ્ફળ કોણે કર્યા? તેણે તેતલીને શું કહ્યું? (૮) તેતલીપુત્રને કયું જ્ઞાન ઉત્પન્ન થયું? તેમાં તેમણે શું જાણ્યું? તેતલીએ પોતાનાં જીવન માટે શું નિર્ણય કર્યો? (૯) તેતલીએ દીક્ષા કયાં લીધી? દીક્ષા લીધા પછી શું થયું?

## ૨. જયંતિ શ્રમણોપાસિકા

### ❖ ભગવતી સૂત્ર - શતક ૧૨, ઉદ્દેશો ૨ ❖

કૌશામ્બી નામની નગરી હતી. ત્યાં ચંદ્રવતરણ નામનું ઉદ્યાન હતું. તે કૌશામ્બી નગરીમાં સહસાનીક રાજાના પૌત્ર, શતાનીક રાજાના પુત્ર, ચેટક રાજાના દોહિત્ર, મૃગાવતી રાણીના આત્મજ, જયંતી શ્રમણોપાસિકાના ભત્રીજા 'ઉદાયન' રાજા હતા.

તે કૌશામ્બી નગરીમાં ચેટક રાજાની પુત્રી, સહસાનીક રાજાની પુત્રવધૂ શતાનીક રાજાની પત્ની, ઉદાયન રાજાની માતા અને જયંતિ શ્રમણોપાસિકાના ભાભી મૃગાવતી રાણી હતાં. તે સુકોમળ અને રૂપવાન હતા. તે જીવ-અજીવના જાણકાર શ્રાવિકા હતાં. તપ-નિયમથી પોતાના આત્માને ભાવિત કરતાં હતાં.

તે કૌશામ્બી નગરીમાં જયંતિ શ્રમણોપાસિકા હતી. તે સહસાનીક રાજાની પુત્રી, શતાનીક રાજાનાં બહેન, ઉદાયન રાજાનાં ફૈબા અને મૃગાવતી દેવીનાં નણંદ હતાં. તેઓ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનાં વચન-શ્રવણની રુચિવાળાં,

તેમનાં પ્રથમ શય્યાતરી હતા.

તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. તેમનાં આગમનને જાણીને ઉદાયન રાજા, જયંતિબાઈ શ્રાવિકા તેમ જ મૃગાવતી વગેરે અનેક જીવો ભગવાનનાં દર્શન, વંદન, નમસ્કાર કરવા તથા તેમનાં ધર્મ-વચન સાંભળવા માટે ચંદ્રાવતરણ ઉદ્યાનમાં ગયા. શ્રમણ ભગવાન મહાવીર પાસે પહોંચી દર્શન, વંદન કર્યા તથા સહુ ધર્મદેશના સાંભળવા લાગ્યા. ભગવાને વિશાળ પરિષદને ધર્મ-ઉપદેશ સંભળાવ્યો.

ત્યાર પછી જયંતિ શ્રમણોપાસિકાએ હર્ષિત થઈને ભગવાનને વંદન નમસ્કાર કર્યા અને જયંતી શ્રાવિકા નીચે પ્રમાણે પ્રશ્ન ભગવાનને કરે છે.

જયંતિ : "હે ભગવન્! જીવ કયા કારણે ભારેપણાને પ્રાપ્ત થાય છે? સંસાર વધારે છે? સંસારમાં પરિભ્રમણ કરે છે?" (૧)

ભગવાન : "હે જયંતી! જીવ પ્રાણાતિપાત વગેરે ૧૮ પાપસ્થાનોનું સેવન કરીને ભારેપણાને પ્રાપ્ત થાય છે. સંસાર વધારે છે, પરિભ્રમણ કરે છે."

જયંતિ : "હે ભગવન્! જીવ કયા કારણે હળવાપણાને પ્રાપ્ત થાય છે ? સંસાર ઘટાડે છે? સંસારથી પાર પામી જાય છે?" (૨)

ભગવાન : "હે જયંતિ! જીવ પ્રાણાતિપાત વગેરે ૧૮ પાપસ્થાનોનો ત્યાગ કરીને હળવાપણાને પ્રાપ્ત થાય છે, સંસાર ઘટાડે છે, સંસારથી પાર પામી જાય છે.

જયંતિ : "હે ભગવન્! જીવોનું ભવસિદ્ધિકપણું સ્વાભાવિક છે કે પારિણામિક છે?" (૩)

ભગવાન : "હે જયંતિ! સ્વાભાવિક છે, પારિણામિક નથી. જે લક્ષણ કે ગુણ કોઈપણ પ્રકારના પરિવર્તન વિના સ્વભાવથી જ હોય તેને સ્વાભાવિક કહે છે. જેમ કે આત્મામાં ચૈતન્ય વગેરે. જે ભાવ કોઈપણ પ્રકારના પરિવર્તનથી પ્રાપ્ત થાય તે પારિણામિક છે. જેમ કે બાલ્ય અવસ્થા, યુવા અવસ્થા વગેરે. આ દ્રષ્ટિથી જીવનું ભવીપણું કે અભવીપણું સ્વાભાવિક છે, તેમાં કદાપિ કોઈપણ પરિવર્તન થતું નથી.

જયંતિ : "હે ભગવન્! શું સર્વ ભવસિદ્ધિક જીવ સિદ્ધ થશે?" (૪)

ભગવાન : "હા, જયંતિ સર્વ ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે."

જયંતિ : "હે ભગવન્! જો સર્વ ભવી જીવ સિદ્ધ થઈ જશે તો લોક ભવસિદ્ધિક

જીવોથી રહિત થઈ જશે?" (૫)

ભગવાન : "હે જયંતિ! તેમ શક્ય નથી!"

જયંતિ : "તેનું શું કારણ?"

ભગવાન : "જે રીતે આકાશની એક શ્રેણી જે અનાદિ અનંત અને એક પ્રદેશી હોવાથી બંને તરફથી પરિમિત તથા અન્ય શ્રેણીઓથી ચારેબાજુથી ઘેરાયેલી છે. તેમાંથી (અસત્ કલ્પનાએ) સમયે એક એક પરમાણુ પુદ્ગલ જેટલો ખંડ કાઢી એ તો અનંત ઉત્સર્પિણી અને અનત અવસર્પિણી સુધી કાઢવા છતાં તે શ્રેણી ખાલી થતી નથી તે જ રીતે હે જયંતી! સર્વ ભવી જીવો સિદ્ધ થશે, પરંતુ લોક-ભવી જીવોથી રહિત થશે નહીં."

જયંતિ : "હે ભગવન્! જીવોનું સૂતા રહેવું સારું કે જાગૃત રહેવું સારું છે ?

મહાવીર : "હે જયંતિ! કેટલાક જીવોનું સૂતા રહેવું સારું છે અને કેટલાક જીવોનું જાગૃત રહેવું સારું છે." (૬)

જયંતિ : "હે ભગવન્! તેનું શું કારણ છે? "

મહાવીર : "હે જયંતિ। જે જીવ અધાર્મિક, અધર્મનું અનુસરણ કરનાર, અધર્મપ્રિય, અધર્મનું કથન કરનાર છે તેવા જીવો સૂતા રહે તે સારું છે. તે જાગતા હોય તો અનેક પ્રાણી, ભૂત, જીવ અને સત્વના દુઃખ, શોક કે સંતાપનું કારણ બને છે.

"હે જયંતિ! જે જીવો ધાર્મિક, ધર્મનું અનુસરણ કરનાર, ધર્મપ્રિય, ધર્મનું કથન કરનાર છે, તેવા જીવો જાગૃત રહે તે સારું છે. તે જાગતા હોય તો અનેક પ્રાણી, ભૂત, જીવ અને સત્વના દુઃખ, શોક કે સંતાપનું કારણ બનતા નથી. તે પોતાને, પરને તથા સ્વપર સર્વને ધર્મમાં જોડે છે. માટે અમુક જીવોનું સૂતા રહેવું અને અમુક જીવોનું જાગૃત રહેવું સારું છે."

જયંતી : "હે ભગવન્! જીવોની સબળતા શ્રેષ્ઠ છે કે દુર્બળતા શ્રેષ્ઠ છે?" (૭)

મહાવીર : "હે જયંતિ! કેટલાક જીવોની સબળતા શ્રેષ્ઠ છે અને કેટલાક જીવોની દુર્બળતા."

જયંતિ : "તેનું શું કારણ?"

મહાવીર : "સૂતા અને જાગતા જીવની જેમ સબળતા, દુર્બળતા માટે સમજવું જોઈએ."

જયંતિ : "જીવો ઉદ્યમી સારા કે આળસુ સારા? શા માટે ?" (૮)

મહાવીર : "હે જયંતિ! જે જીવ અધાર્મિક વગેરે છે તે આળસુ સારા અને જેઓ ધાર્મિક વગેરે છે તે ઉદ્યમી સારા. તેવા ઉદ્યમી જીવો અનેક આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, નવદીક્ષિત, કુળ, ગણ, સંઘ અને સાધર્મિકની વૈયાવચ્ચ કરનાર બને છે."

જયંતિ : "શ્રોત્રેન્દ્રિયને યાવત્ સ્પર્શેન્દ્રિયને પાંચે ઈન્દ્રિયોને વશ જીવ શું બાંધે છે ?" (૯ થી ૧૩)

મહાવીર : "હે જયંતિ! આયુષ્ય કર્મને છોડી બાકીનાં ૭ કર્મની પ્રકૃતિ ઢીલી હોય તો ગાઢી કરે છે. થોડાં કાળની સ્થિતિ હોય તો ઘણાં કાળની સ્થિતિ કરે છે. મંદ રસવાળી હોય તો તીવ્ર રસવાળી કરે છે. અલ્પપ્રદેશી હોય તો બહુપ્રદેશી કરે છે. આયુષ્ય બાંધે છે અથવા નથી બાંધતો. અશાતાવેદનીય કર્મ વારંવાર બાંધે છે અને ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. આવી જ રીતે ચક્ષુ વગેરે પાંચે ઈન્દ્રિયોને વશ જીવો પણ સંસારમાં પરિભ્રમણ કરે છે."

આ રીતે જયંતી શ્રાવિકા શ્રમણ ભગવાન મહાવીર પાસેથી પોતાનાં પ્રશ્નોના ઉત્તર સાંભળીને હૃદયમાં ધારણ કરીને ખૂબ પ્રસન્ન થયાં અને સંતુષ્ટ થયાં. તેમણે ત્યાં જ સંસાર છોડી તરત જ દીક્ષા ગ્રહણ કરી લીધી. ભાવપૂર્વક સંયમ અને તપની આરાધના કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે જ ભવે સર્વ કર્મોથી, સર્વ દુઃખોથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કર્યો.

**અપેક્ષિત પ્રશ્નો :** (૧) જીવ કયા કારણે ભારેપણાને અને કયા કારણે હલકાપણાને પ્રાપ્ત કરે છે? (૨) જયંતિ શ્રમણોપાસિકા કોણ હતાં? (૩) જીવ સૂતા સારા કે જાગતા સારા? શા માટે ? (૪) જીવ પાંચ ઈન્દ્રિયને વશ થઈને શું બાંધે છે? (૫) સર્વ ભવી જીવો સિદ્ધ થઈ જશે તો લોક ભવસિદ્ધિક જીવોથી રહિત થઈ જશે? શા માટે? (૬) જીવ ઉદ્યમી સારા કે આળસુ? શા માટે? (૭) જીવનું ભવ્ય સિદ્ધિકપણું સ્વાભાવિક છે કે પારિણામિક? (૮) ભગવાન પાસે ઉત્તર સાંભળી જયંતી શ્રવિકાએ શું કર્યું ? (૯) જયંતિએ ભગવાનને કેટલા પ્રશ્ન કર્યા ?

# ૩. તામલી તાપસ

## ❖ ભગવતી સૂત્ર-શતક ૩, ઉદ્દેશક ૧ ❖

### તામલી પરિચય તથા પ્રાણામા દીક્ષા

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તિ નામની નગરી હતી. તે નગરીમાં તામલી નામના મૌર્યપુત્ર (મૌર્યવંશમાં ઉત્પન્ન) રહેતા હતા. તે તામલી ધનાઢ્ય અને દિપ્તિવાન વગેરે ગુણવાન હતા. કોઈ એક સમયમાં તામલીને રાત્રિના પાછલા પ્રહરમાં વિચાર ઉત્પન્ન થયો કે-'મારા પૂર્વભવના પુણ્યના પ્રભાવે મારા ઘરમાં સોનું, ચાંદી, ધન, ધાન્ય, કનક, રત્ન, મણિ, મોતી, શંખ વગેરે વધતાં જ રહેલ છે. તે પૂર્વે કરેલાં પુણ્ય મારાં ખર્ચાઈ રહેલ છે. વર્તમાનના લાભમાં મારા ભવિષ્યની ઉપેક્ષા કરવી યોગ્ય નથી, માટે મારે આત્મકલ્યાણ કરી લેવું તે મારા માટે શ્રેયસ્કર છે.'

સૂર્યોદય થતાં જ સ્વયં લાકડાના પાત્ર બનાવીને અસણં (અન્ન) આદિ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવ્યો. પોતાનાં મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સગાસંબંધી અને દાસદાસી સાથે તે ચારે પ્રકારના આહારનો સ્વાદ લીધો. તે સર્વનું યથાયોગ્ય બહુમાન પણ કર્યું. પોતાના મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપીને તામલીએ મુંડિત થઈને 'પ્રાણામા' નામની દીક્ષા અંગીકાર કરી.

### પ્રાણામા નામની દીક્ષાના વિશેષ નિયમો

તે જ સમયે તેણે આ પ્રકારનો અભિગ્રહ કર્યો કે- 'હું જાવજ્જીવ સુધી છઠ છઠની તપસ્યા કરીશ. ભિક્ષાવિધિ દ્વારા લાવેલા શુદ્ધ ઓદણને (રાંધેલા ચોખા) ૨૧ વાર પાણીથી ધોઈને તેનો આહાર કરીશ.' આ રીતે અભિગ્રહ ધારણ કરીને છઠ છઠની તપસ્યાપૂર્વક બંને હાથ ઊંચા રાખીને સૂર્યની સન્મુખ આતાપના લેતા તે તામલી તાપસ વિચરવા લાગ્યા. છઠના પારણાના દિવસે આતાપના ભૂમિમાંથી સ્વયં નીચે ઊતરીને કાષ્ટપાત્ર લઈને નગરીમાં ઊંચ, નીચ અને મધ્યમ કુળોમાં વિધિપૂર્વક ભિક્ષા માટે ફરતા. ભિક્ષામાં માત્ર ઓદણ લેતા અને તેને ૨૧ વાર પાણીથી ધોતા. તે દરેક વખતનું ધોયેલું પાણી પોતે પી જતાં અને ૨૧ વાર ધોવાયા પછી જે ચોખાનો કૂચો રહેતો, તેનો છેલ્લે આહાર કરતા.

આ પ્રવજ્યામાં તેઓ જેને જ્યાં જૂએ ત્યાં પ્રણામ કરે. ઈન્દ્ર, રાજા, સાર્થવાહ, કાગડાં, કૂતરાં, ચાંડાળ વગેરે જે જ્યાં મળે તેને પ્રણામ કરે છે. તેથી તેને પ્રાણામા પ્રવ્રજ્યા (દીક્ષા) કહે છે.

## પાદોપગમન અણસણનો સ્વીકાર

ત્યાર પછી તે તામલી તાપસ આવા વિશાળ બાળ તપ દ્વારા શુષ્ક થઈ ગયા, રૂક્ષ થઈ ગયા, એટલા દુર્બળ થઈ ગયા કે તેમની નાડીઓ બહાર દેખાવા લાગી. ત્યાર પછી એક રાત્રિના પાછલા પ્રહરમાં અનિત્ય જાગરણ કરતાં તેમને વિચાર આવ્યો કે–'મારું શરીર એટલું શુષ્ક અને રૂક્ષ થઈ ગયું છે કે હવે મારામાં જેટલી શક્તિ છે તેનાથી તામલિપ્તિ નગરીના ઉત્તર પૂર્વ દિશા ભાગમાં 'નિવર્તનિક' મંડળ અર્થાત્ ૪૦ ધનુષ્ય પ્રમાણ મંડળ આકારે ક્ષેત્ર મર્યાદા રાખી, સંલેખના તપ કરું. આહાર–પાણીનો ત્યાગ કરી શાંત ચિત્તે સ્થિર થાઉં તે મારા માટે શ્રેયસ્કર છે.' સવારે પોતાનાં ઉપકરણોને એકાંતમાં મૂકી દીધાં અને આહાર–પાણીનો ત્યાગ કરીને પાદોપગમન અણસણનો સ્વીકાર કર્યો.

## બલિચંચાના દેવોનું ઈન્દ્રપદ માટે નિવેદન

તે કાળે બલિચંચા(ઉત્તર દિશાના અસુરેન્દ્ર અસુરરાજ બલિ)ની રાજધાની ઈન્દ્ર અને પુરોહિત રહિત હતી, ત્યારે બલિચંચાના અનેક દેવદેવીઓએ તામલી બાળ તપસ્વીને અવધિજ્ઞાન દ્વારા જોયા. તે જોઈને તેમણે અંદરોઅંદર વાતચીત કરીને નક્કી કર્યું કે–'આપણી બલિચંચા રાજધાનીમાં ઉત્પન્ન થવા માટે આ બાળ તાપસનો સંકલ્પ કરાવીએ.' આવો વિચાર કરીને તેઓ બલિચંચાની રાજધાનીમાંથી નીકળીને ઉત્તર વૈક્રિય બનાવીને દિવ્ય ગતિ દ્વારા તિર્ચ્છાલોકના અસંખ્ય દ્વીપ સમુદ્રોની મધ્યમાં થઈને તામલી તાપસ પાસે આવ્યા. પોતાની દિવ્ય ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દિવ્ય દેવ પ્રભાવ અને ૩૨ પ્રકારનાં દિવ્ય નાટક બતાવ્યાં. તામલી તપસ્વીને ત્રણવાર વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું : "હે દેવાનુપ્રિય! અમે બલિચંચા રાજધાનીમાં રહેનારાં અસુરકુમાર દેવદેવીઓ તમને વંદન કરીએ છીએ.

અમારી બલિચંચા રાજધાની ઈન્દ્ર અને પુરોહિતથી રહિત છે, માટે આપ બલિચંચાનો આદર કરો, મનમાં તેનું સ્મરણ કરો, તેના માટે નિયાણું કરો, બલિચંચાના સ્વામી બનવાનો દ્રઢ નિર્ણય કરો. જો આપ આમ કરશો તો આપ અહીંથી કાળ કરીને અમારા ઈન્દ્ર બનશો અને અમારી સાથે દિવ્ય ભોગ ભોગવવાનો આનંદ અનુભવશો."

## તામલી દ્વારા નિવેદનનો અસ્વીકાર અને ઈશાનેન્દ્ર તરીકે ઉત્પત્તિ

બલિચંચાના દેવોના કથનનો તામલી તપસ્વીએ આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો પરંતુ મૌન રહ્યા. ત્યારે તે બલિચંચા રાજધાનીના દેવોએ બીજીવાર, ત્રીજીવાર

પોતાની વાતનું કથન તામલીને કર્યું, છતાં પણ તામલી દ્વારા તેમનો કોઈ આદર ન થયો, તેથી પોતાનું અપમાન થયું જાણી દેવો જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ચાલ્યા ગયા.

તે કાળે ઈશાન નામનું બીજું દેવલોક પણ ઈન્દ્ર અને પુરોહિત રહિત હતું. તે તામલી બાલતપસ્વી ૬૦,૦૦૦ વર્ષની પર્યાયનું પાલન કરીને બે માસની સંલેખનાથી આત્માને શુદ્ધ કરીને કાળનો અવસર આવતાં કાળધર્મ પામીને ઈશાનાવતંસક વિમાનની ઉપપાત સભાની દિવ્ય વસ્ત્રથી ઢાંકેલી દેવશય્યામાં (આંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહનાથી), ઈશાન દેવલોકના ઈશાનેન્દ્રરૂપે ઉત્પન્ન થયા.

તપસાધનામાં કોઈ પણ પ્રકારનો સંકલ્પ, નિયાણું અનિષ્ટકારક છે. નિયાણા રહિત કરેલી તપસાધના ફળની સિદ્ધિ કરાવે છે. નિયાણું એટલે ફળની મર્યાદા બાંધી લેવી. નિયાણું તપનું અવમૂલ્યન કરે છે. જો તામલી જેવા બાલ તપસ્વી પણ નિયાણું કરત તો ભવનપતિના ઈન્દ્ર તરીકે ઉત્પન્ન થાત પરંતુ નિયાણું ન કરવાના ફળરૂપે વૈમાનિકના ઈન્દ્ર તરીકે (વધુ સારું ફળ) ઉત્પત્તિ થઈ. આ દ્રષ્ટાંત દરેક સાધકોને નિયાણું ન કરવાની તથા ધર્મ અનુષ્ઠાનનું ફળ ન માંગવાની પ્રેરણા કરે છે.

### તામલીના દેહની કદર્થના તથા ઈશાનેન્દ્રનો કોપ

બલિચંચાના દેવોએ તામલીને કાળ થયા જાણી બાલ તપસ્વીના મૃતશરીર પાસે આવી ડાબા પગને દોરીથી બાંધ્યો. તેના મુખ પર ત્રણવાર થૂંક્યા. તામ્રલિપ્તિ નગરીના સર્વ માર્ગ પર મૃતદેહને ઢસડવા લાગ્યા. મુખેથી બોલવા લાગ્યા કે–"આ તામલી બાલ તપસ્વી અમારી સામે શું વિસાતમાં છે? દેવેન્દ્ર દેવરાજ તરીકે ઉત્પન્ન થયેલ ઈન્દ્ર પણ અમારી સામે શું વિસાતમાં છે?" આમ મડદાંની હિલના, નિંદા, તર્જના, તાડના કરવા લાગ્યા. પોતાની ઈચ્છાનુસાર મૃતદેહને ઢસડી એકાંતમાં ફેંકી દીધો અને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

તામલી બાલ તપસ્વીના મૃતશરીર સાથે કરેલ આવાં કૃત્યનો અહેવાલ ઈશાનેન્દ્રને મળતાં તે કોપિત થયા. ક્રોધથી દાંત કચકચાવતાં, દેવશય્યામાં રહેલા, તે ઈશાનેન્દ્ર ભૃકુટી ચઢાવીને બલિચંચા તરફ એકીટસે જોવા લાગ્યા. ક્રોધ સાથે નેણ (દ્રષ્ટિ) કરી, તેજોલબ્ધિનો પ્રયોગ કરી, તેના દિવ્ય પ્રભાવથી બલિચંચા રાજધાની બળવા લાગી.

પોતાની ભૂલથી ગુસ્સે થઈને ઈશાનેન્દ્રએ તેજોલબ્ધિ ફોરવી છે તે જાણી બલિચંચાના દેવોએ વિનયપૂર્વક ક્ષમાયાયના માંગતાં કહ્યું : "આપ ક્ષમા પ્રદાન કરો. અમે આ પ્રકારની ભૂલ કરશું નહીં." ઈશાનેન્દ્રએ ક્ષમા આપી અને તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી.

## ઈશાનેન્દ્રનું ભવિષ્ય

ગૌતમ : "હે ભગવન્! ઈશાનેન્દ્રની સ્થિતિ કેટલી છે?"

મહાવીર : "હે ગૌતમ! ઈશાનેન્દ્રની સ્થિતિ બે સાગરોપમથી કાંઈક અધિક છે."

ગૌતમ : "હે ભગવન્! ઈશાનેન્દ્ર દેવલોકનું આયુષ્ય, ભવ અને સ્થિતિને પૂર્ણ કરીને ક્યાં જશે?"

મહાવીર : "હે ગૌતમ! તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે, સિદ્ધ થશે અને સર્વ કર્મનો અંત કરશે."

તામલી તાપસના ભવમાં ઈશાનેન્દ્ર મિથ્યાત્વી હતા. અજ્ઞાન તપનાં ફળરૂપે શુભ કર્મ ઉપાર્જનના ફળસ્વરૂપે તેને ઈન્દ્રપદની પ્રાપ્તિ થઈ. ત્યારબાદ તેમને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ. તેથી મિથ્યાજ્ઞાન સમ્યકજ્ઞાનરૂપે પરિણત થઈ ગયું. હવે તેઓ દેવલોકમાંથી મહાવિદેહમાં જન્મ ધારણ કરીને સિદ્ધ દશાને પ્રાપ્ત કરશે."

**અપેક્ષિત પ્રશ્નો :** (૧) તામલી તાપસ કોણ હતા? તેમણે કઈ પ્રવ્રજ્યા ધારણ કરી હતી? (૨) પ્રાણામા પ્રવ્રજ્યાના નિયમો શું છે? (૩) તામલીએ કોના નિવેદનનો અસ્વીકાર કર્યો? તેઓ ક્યાં ઉત્પન્ન થયા? (૪) તામલી તાપસ છઠનું પારણું કેવી રીતે કરતા? (૫) બલિચંચાના દેવોએ તામલીને શું વિનંતી કરી? શા માટે? (૬) તામલીના શરીર સાથે બલિચંચાના દેવોએ કેવું વર્તન કર્યું? ઈશાનેન્દ્રએ શું કોપ કર્યો? (૭) નિયાણું શા માટે ન કરવું? (૮) ઈશાનેન્દ્રનું ભવિષ્ય શું છે?

# કાવ્ય વિભાગ

## ૧. રાણી પદ્માવતીની જીવરાશિ

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે,
જાણપણું જુગત ભલું, એણી વેળાએ આવે ... તે મુજ મિચ્છામિ દુક્કડં..૧
ભવ અનંતાએ કરી, અરિહંતની સાખ,
જે મેં જીવ વિરાધિયા, ચોર્યાશી લાખ... તે મુજ...૨
સાત લાખ પૃથ્વી તણા, સાત લાખ અપકાય,
સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય... તે મુજ...૩
દશલાખ પ્રત્યેક વનસ્પતિ, ચૌદ લાખ સાધારણ,
બે તે ચૌરિંદ્રિય જીવના, બે બે લાખ વિચાર... તે મુજ...૪
દેવતા, તિર્યંચ નારકી, ચાર ચાર લાખ પ્રકાશી,
ચૌદ લાખ મનુષ્યના, એમ લાખ ચોર્યાશી... તે મુજ...૫
ઈણ ભવે, પરભવે સેવિયાં, જે પાપ અઢાર,
ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરું, દુર્ગતિના દાતાર... તે મુજ... ૬
હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ,
દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ... તે મુજ...૭
પરિગ્રહ મેળવ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ,
માન, માયા, લોભ મેં કર્યાં, વળી રાગ ને દ્વેષ... તે મુજ...૮
કલહ કરી જીવ દૂભવ્યા, દીધાં કૂડાં કલંક,
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક ... તે મુજ...૯
ચાડી કીધી પારકી, કીધો થાપણ મોસો,
કુદેવ કુગુરુ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો... તે મુજ...૧૦
ખાટકીને ભવે મૈં કર્યા, જીવ નાનાવિધ ઘાત,
ચડીમાર ભવે ચકલાં, માર્યા દિન ને રાત... તે મુજ ...૧૧

---

**જાણપણું** : જ્ઞાન. **જુગત** : સાથે. **ભલું** : સારું. **એણી વેળાએ** : તે અંતિમ સમયે. **સાખ** : સાક્ષી. **પ્રકાશી** : પ્રકાર કહ્યા. **ઈણ ભવે** : આ ભવે. **ત્રિવિધે** : ત્રણ યોગે. **પરિહરું** : છોડું. **દાતાર** : દેનારા. **ઉન્માદ** : તીવ્ર મોહના પરિણામ. **કારમો** : ભયંકર. **કૂડાં** : ખોટાં. **ખાટકી** : કસાઈ. નાનાવિધ : વિવિધ પ્રકારના. **ચડીમાર** : પક્ષીને મારનાર.

કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર,
જીવ અનેક જબ્બે કર્યાં, કીધાં પાપ અઘોર ... તે મુજ ...૧૨
માછીના ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ,
ધીવર, ભીલ, કોળી ભવે, મૃગ પાડયા પાશ... તે મુજ ...૧૩
કોટવાલના ભવે મેં કીધાં, આકરાં કર દંડ,
બંદીવાન મરાવીયાં, કોરડાં, છડી, દંડ... તે મુજ ... ૧૪
પરમાધામીના ભવે, દીધાં નારકી દુઃખ,
છેદન, ભેદન, વેદના, તાડન અતિ તીક્ખ ... તે મુજ ...૧૫
કુંભારના ભવે મેં કીધાં, કાચા નિંભાડા પકવ્યાં,
તેલી ભવે તલ પીલ્યાં, પાપે પિંડ ભરાવ્યાં ... તે મુજ ...૧૬
ખેડુતના ભવે હળ ખેડાવ્યાં, ફોડયાં પૃથ્વીનાં પેટ,
સૂડ નિંદણ કીધાં ઘણાં, દીધાં બળદ ચપેટ ... તે મુજ ...૧૭
માળીના ભવે રોપ રોપિયાં, નાનાવિધ વૃક્ષ,
મૂળ, પત્ર, ફળ, ફૂલનાં, લાગ્યાં પાપ અલક્ષ ... તે મુજ ...૧૮
અધોવાઈયાનાં ભવે, ભર્યાં અધિકા ભાર,
પોઠી ઊંટ કીડાં પડયાં, દયા ન લાવી લગાર... તે મુજ ...૧૯
છીપાના ભવે છેતર્યાં, કીધાં રંગણ પાશ,
અગ્નિ આરંભ કીધાં ઘણાં, ધાતુર્વાદ અભ્યાસ ... તે મુજ ... ૨૦
શૂરપણે રણ ઝૂંઝતાં, માર્યાં માણસ વૃંદ,
મદિરા, માંસ, માખણ ભક્ષ્યાં, ખાધાં મૂળ ને કંદ ... તે મુજ ...૨૧

---

**જબ્બે/ઝાલ્યાં :** પકડયા. **ધીવર** : પારધિ. **ભીલ, કોળી** : આદિવાસી જાતિ. **જળવાસ :** જાળ, જળસમાધિ. મૃગ પાડયા **પાશ :** હરણને બંધનમાં નાંખ્યા. **તાડન અતિ તીક્ખ :** તીવ્ર અવાજ સાથે તીક્ષ્ણ શસ્ત્રથી મારવું. **નિંભાડા :** માટીનાં વાસણ પકવવાની કુંભારની જગ્યા. **પાપે પિંડ ભરાવ્યાં :** આત્માને પાપથી ભારી કરેલ. **સૂડ નિંદણ :** વધારાનું ઘાસ કાપવું. **બળદ ચપેટ :** થપાટ મારવી. **અલક્ષ :** અદ્રશ્ય, અગોચર. **અધોવાઈયા :** માલ ભરનાર. **પોઠી ઊંટ :** ઊંટની ખૂંધ. **લગાર :** જરાપણ. **છીપાના ભવે :** કપડા પર છાપકામ કરનાર, **ધાતુર્વાદ :** ખાણ ખોદાવી, ધાતુને શુદ્ધ કરવા. **શૂરપણે :** શૂરવીરતાથી સૈનિકના ભવે. **ઝૂંઝતા :** લડતાં. ઉલેચ્યાં : કાઢયાં.

ખાણ ખણાવી ધાતુની, અણગળ પાણી ઉલેચ્યાં,
આરંભ કીધાં અતિ ઘણાં, પોતે પાપ જ સિંચ્યા ... તે મુજ ...૨૨
અંગાર કર્મ કર્યા વળી, ઘણાં દવ જ દીધાં,
સમ ખાધા વીતરાગના, કૂડાં કોશ જ કીધાં ... તે મુજ ...૨૩
બીલ્લી ભવે ઉંદર ગળ્યાં, ગરોળી હત્યારી,
મૂઢ ગમાર તણાં ભવે, મેં જૂ લીંખ મારી ... તે મુજ ...૨૪
ભાડભૂંજા તણાં ભવે, એકેંદ્રિય જીવ,
જાર, ચણા, ઘઉં શેકિયાં, પાડતા રીવ ... તે મુજ ...૨૫
ખાંડણ પીસણ ગારનાં, આરંભ કીધાં અનેક,
રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ વિશેષ ... તે મુજ ...૨૬
વિકથા ચાર કીધી વળી, સેવ્યાં પાંચ પ્રમાદ,
ઈષ્ટ વિયોગ પાડ્યા ઘણાં, કિયા રૂદન વિખવાદ ... તે મુજ ...૨૭
સાધુ અને શ્રાવક તણાં, વ્રત લઈને ભાંગ્યા,
મૂળ અને ઉત્તર તણાં, મુજ દૂષણ લાગ્યાં ... તે મુજ ...૨૮
સાપ વીંછી સિંહ ચિત્તરા, શકરા ને સમડી,
હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી ... તે મુજ ...૨૯
સુવાવડી દૂષણ ઘણાં, વળી કાચાં ગર્ભ ગળાવ્યાં,
જીવાણી ઢોળ્યા ઘણાં, શિયળ વ્રત ભંગાવ્યાં ... તે મુજ ...૩૦
ધોબીના ભવે જે કર્યા, જળના જીવ સુંવાળાં,
ધૂળે કરી જળ રેડિયાં, દાન દેતાં નિવાર્યાં ... તે મુજ ...૩૧
લુહારના ભવ જે કર્યાં, ઘડયાં શસ્ત્ર અપાર,
કોસ કોદાળાં ને પાવડા, ધગધગતી તલવાર ... તે મુજ ...૩૨
ગુર્જ્જર ભવ જે કર્યાં, લીલાં ભારાં વઢાવ્યાં,
પાડીને બેળે મેલિયાં,પાવક ઊડી જે જવાળા ... તે મુજ ...૩૩

---

**અંગાર કર્મ :** અગ્નિ આરંભનાં કામ. **દવ :** આગ. **કોશ :** કૂવામાંથી પાણી ખેંચવાનું પાત્ર. **ગમાર :** મૂર્ખ. **ભાડભૂંજા :** અગ્નિથી ચણા શેકવા વગેરે કામ કરનાર. **પાડંતા રીવઃ** **ખાંડણઃ** મરચાં વગેરે ખાંડવાં, **પીસણ :** ઘંટીમાં દળવું. **ગારનાં :** ગોબર(છાણ)નાં. **મૂળ અને ઉત્તર તણાં :** સાધુના મહાવ્રતના મૂળગુણ અને ઉત્તરગુણ. **ચિત્તરા :** ચિત્તો. **શકરાઃ** શિયાળ. **ગુર્જ્જર :** બ્રાહ્મણ, સુતારની એક કોમ. **લીલા ભારા :** લીલા ઘાસ. વઢાવ્યા : કપાવ્યાં. બેળે : પરાણે. **પાવક :** અગ્નિ.

ઓડનાં ભવ જે કર્યાં, કૂવા વાવ ખોદાવ્યા,
સરોવર, તળાવ ગળાવિયાં, વળી ટાંકા બંધાવ્યા,... તે મુજ ...૩૪
વાણિયાના ભવ જે કર્યાં, કૂડાં લેખ લખાવ્યાં,
ઓછું આપી, અધિકું લીધું, કૂડાં માપ રખાવ્યાં ... તે મુજ ...૩૫
હાથીના ભવ જે કર્યાં, વેલુડી વલૂર્યાં,
પંખી માળા ચૂંથીયા, પાપે પેટ જ ભર્યા ... તે મુજ ... ૩૬
કેરી ને કોઠીંબડાં, વળી લીંબુ જ સમાર્યા,
રાઈ ચઢાવી સેલણે, પોતે પાપ જ સિંચ્યા ... તે મુજ ...૩૭
અણગળ આંધણ મેલિયાં, અણપૂંજયે ચૂલે,
અણસોયા કણ ઓરિયા, તેનાં પાપ કેમ ભૂલે?... તે મુજ ...૩૮
ભવ અનંત ભમતાં થકાં, કીધો કુટુંબ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, તેણે શું પ્રતિબંધ ... તે મુજ ... ૩૯
ભવ અનંત ભમતાં થકાં, કીધો દેહ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, તેણે શું પ્રતિબંધ?... તે મુજ ...૪૦
ભવ અનંત ભમતાં થકાં, કીધો પરિગ્રહ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, તેણે શું પ્રતિબંધ ... તે મુજ ... ૪૧
એણી પેરે ઈહ ભવે, પર ભવે, કીધાં પાપ અખત્ર,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરું, કરું જન્મ પવિત્ર ... તે મુજ ... ૪૨
હવે રાણી પદ્માવતીએ, કીધાં શરણાં ચાર,
સાગારી સંથારો કર્યો, જાણપણા અનુસાર ... તે મુજ ...૪૩
રાગ વૈરાગી જે સુણે, એ ત્રીજી ઢાળ,
'સમયસુંદર' કહે, પાપથી છૂટે તત્કાળ તે મુજ ... ૪૪

## શ્રેણી ૧૦ સમાપ્ત

**ઓડ :** માટી ખોદવાનું કામ કરનારાં. **વેલુડી વલૂર્યાં :** લીલી વેલને જડમૂળથી ઉખાડવી. **સેલણે :** એક પ્રકારનું કંદમૂળ. **અણસોયા કણ ઓરિયા :** ઝાટકયા વિનાનું અનાજ રાંધવું. **અખત્ર :** ઘણાં. **વૈરાગી :** ગાવાના એક રાગનું નામ. **'સમયસુંદર' :** જીવરાશિની રચના કરનારનું નામ.

# શ્રેણી ૧૧


| | વિષય | | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | સૂત્ર વિભાગ : | | ૧૫ | |
| | જૈન પાઠાવલી ભાગ '૧' અને ભાગ '૨' ના સર્વ પ્રશ્નોત્તર સહિત સામાયિક, પ્રતિક્રમણના પાઠ અને અર્થનું પુનરાવર્તન | | | |
| ૨. | તત્વ વિભાગ : | | ૫૫ | |
| | ૧. શ્રી ગુણસ્થાન દ્વાર | ૪૦ | | 117 |
| | ૨. જીવ પરિણામ (વિવેચન સહિત) | | | 158 |
| | ૩. અજીવ પરિણામ (વિવેચન સહિત) | ૧૫ | | 160 |
| ૩. | સંસ્કાર વિભાગ : | | ૧૦ | |
| | ૧. શું મારે આમ વિચારાય? શું મારે આમ બોલાય? | | | 164 |
| | ૨. આજને બગાડી ના બગાડું અનંત | | | 166 |
| | ૩. .... તો ક્રોધ શૂન્ય થઈ જાય | | | 169 |
| | ૪. ... તો માનના દાંડિયાં ડૂલ થઈ જાય | | | 171 |
| ૪. | કથા વિભાગ : | | ૧૦ | |
| | ૧. મહાશતક શ્રાવક | | | 174 |
| | ૨. જિનપાલ જિનરક્ષિત | | | 178 |
| ૫. | કાવ્ય વિભાગ : | | ૧૦ | |
| | ૧. કરી સમતાનાં પાન | | | 184 |
| | ૨. નરકે નથી જાવું | | | 184 |
| | ૩. ભ્રમમાં જીવે છે દુનિયા | | | 185 |
| | ૪. પાપ અને પ્રાયશ્ચિત્તનો ચકરાવો | | | 186 |
| | કુલ ગુણ | | ૧૦૦ | |

# શ્રેણી ૧૧ : તત્વ વિભાગ

## ૧. શ્રી ગુણસ્થાન દ્વાર

ગુણસ્થાન : (૧) મોહ અને યોગના કારણે આત્માનાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણોની વધતી-ઘટતી અવસ્થા તે ગુણસ્થાન છે. અથવા
(૨) જ્ઞાન આદિ ગુણોનું સ્થાન તે ગુણસ્થાન છે. અથવા
(૩) આત્માના વિકાસ કે પતનની ક્રમિક અવસ્થા તે ગુણસ્થાન.

### ગુણસ્થાનનાં ૨૨ દ્વારનાં નામની ગાથા

**નામ[૧], લખ્ખણ ગુણ[૨], ઠિઈ[૩], કિરિયા[૪], સત્તા[૫], બંધ[૬], વેદે ય[૭]।**
**ઉદય[૮], ઉદિરણા[૯] ચેવ, નિજ્જરા[૧૦], ભાવ[૧૧], કારણા[૧૨] ।।૧।।**
**પરિસહ[૧૩], મગ્ગ[૧૪], આયાય[૧૫], જીવાય ભેદે[૧૬], જોગ[૧૭], ઉવઓગ[૧૮],**
**લેસ્સા[૧૯], ચરણ[૨૦], સમ્મત્તં[૨૧], અપ્પાબહુચ્ચ[૨૨], ગુણઠાણેહિં ।।૨।।**

### ❋ ગુણસ્થાનનાં ૨૨ દ્વારનાં નામ ❋

| | | | |
|---|---|---|---|
| ૧. નામ દ્વાર, | ૭. વેદ દ્વાર, , | ૧૩. પરિષહ દ્વાર | ૧૯. લેશ્યા દ્વાર, |
| ૨. લક્ષણગુણ દ્વાર | ૮. ઉદય દ્વાર, | ૧૪. માર્ગણા દ્વાર | ૨૦. ચારિત્ર દ્વાર, |
| ૩. સ્થિતિ દ્વાર, | ૯. ઉદિરણા દ્વાર, | ૧૫. આત્મા દ્વાર | ૨૧. સમકિત દ્વાર, |
| ૪. ક્રિયા દ્વાર, | ૧૦. નિર્જરા દ્વાર, | ૧૬. જીવભેદ દ્વાર | ૨૨. અલ્પબહુત્વ દ્વાર. |
| ૫. સત્તા દ્વાર, | ૧૧. ભાવ દ્વાર, | ૧૭. યોગ દ્વાર, | |
| ૬. બંધ દ્વાર, | ૧૨. કારણ દ્વાર. | ૧૮. ઉપયોગ દ્વાર, | |

### ❋ પહેલો નામ દ્વાર ❋

ગુણસ્થાન ૧૪ તેનાં નામ :
૧ મિથ્યાત્વ ગુણસ્થાન,
૨ સાસ્વાદન ગુણસ્થાન,
૩ મિશ્ર (સમા મિથ્યાત્વ) ગુણસ્થાન,
૪ અવિરતિ સમ્યગ્ દ્રષ્ટિ ગુણસ્થાન,
૫ દેશવિરતિ ગુણસ્થાન,
૬ પ્રમત્ત સંયતિ ગુણસ્થાન,
૭ અપ્રમત્ત સંયતિ ગુણસ્થાન,
૮ નિવર્તિ બાદર ગુણસ્થાન,
૯ અનિવર્તિ બાદર ગુણસ્થાન,
૧૦ સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન,
૧૧ ઉપશાંત મોહનીય ગુણસ્થાન,
૧૨ ક્ષીણ મોહનીય ગુણસ્થાન,
૧૩ સયોગી કેવળી ગુણસ્થાન,
૧૪ અયોગી કેવળી ગુણસ્થાન.

## ❋ બીજો લક્ષણગુણ દ્વાર ❋

**❋ પહેલાં મિથ્યાત્વ ગુણસ્થાનનાં લક્ષણ :**

**શ્રી વીતરાગની વાણીથી ઓછી, અધિક, વિપરીત શ્રદ્ધા, પ્રરૂપણા કે સ્પર્શના કરે, તેને મિથ્યાત્વ કહે છે.**

**૧. ઓછી શ્રદ્ધા/પ્રરૂપણા : જીવ અંગૂઠા જેટલો છે, તંદુલ (ચોખા) જેટલો છે, શામા(અનાજનો ઝીણો દાણો) જેટલો છે, દીપક (દીવાની જ્યોત) જેટલો છે તે.**

**૨. અધિક શ્રદ્ધા/પ્રરૂપણા : એક જીવ સર્વ લોક બ્રહ્માંડ (જગત)માં વ્યાપી રહ્યો છે તે.**

**૩. વિપરીત શ્રદ્ધા/પ્રરૂપણાઃ પંચભૂત (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ)માંથી જીવ ઉત્પન્ન થાય છે અને તે પાંચના વિનાશે જીવ પણ વિનાશ પામે છે. તે પાંચ ભૂત જડ છે તેના દ્વારા ચૈતન્ય (જીવ) ઊપજે અને વિનાશ પામે તે.**

**જૈન માર્ગે તો આત્મા અકૃત્રિમ, અખંડ, અવિનાશી, નિત્ય, શરીર વ્યાપક છે.**

**આમ નવ તત્વની ઓછી, અધિક કે વિપરીત શ્રદ્ધા, પ્રરૂપણા કે સ્પર્શના કરે તેને મિથ્યાત્વ ગુણસ્થાન કહીએ. આ ગુણ.ને જીવ કૃષ્ણપક્ષી[3]'માંથી શુક્લપક્ષી બને છે.**

**પ્રકૃતિ : મિથ્યાત્વ ગુણસ્થાને મોહનીયની કુલ ૨૬ પ્રકૃતિનો ઉદય હોય છે.**

**ફળ : ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે.**

**(અકૃત્રિમ : કુદરતી, જેને બનાવનાર કોઈ નથી. અખંડ : જેના ટુકડા ન થાય તે, અવિનાશી : જેનો કદી નાશ ન થાય તે. નિત્ય : જે હંમેશાં ટકી રહે તે.)**

---

પરીક્ષામાં પુછાશે નહીં

૧. અવ્યવહારરાશિ : જે જીવોએ એકવાર પણ નિગોદ અવસ્થાને છોડીને અન્ય સ્થાને જન્મ લીધો ન હોય તેવા જીવો.

૨. વ્યવહારરાશિ : જે જીવોએ એકવાર નિગોદ અવસ્થાને છોડીને અન્ય સ્થાને જન્મ લીધો હોય તેવા જીવો.

જ્યારે જેટલા જીવ મોક્ષે જાય ત્યારે તેટલા જીવો અવ્યવહારરાશિ (નિગોદ)ની બહાર આવી અન્ય સ્થાને જન્મ લે છે તે વ્યવહારરાશિ છે. એકવાર વ્યવહારરાશિમાં આવેલો જીવ ફરી પાછો અવ્યવહારરાશિમાં જતો નથી.

નિગોદ : તેમાં સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્તા અને પર્યાપ્તા તથા બાદર સાધારણ વનસ્પતિના અપર્યાપ્તા અને પર્યાપ્તા જીવોનો સમાવેશ થાય છે. અવ્યવહારરાશિમાં માત્ર નિગોદના જ જીવો હોય છે, જ્યારે વ્યવહારરાશિમાં સર્વ જીવો હોય છે.

૩. કૃષ્ણપક્ષી : જેમનો સંસાર પરિભ્રમણકાળ અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધારે કાળ બાકી હોય તેવા સર્વ જીવો. તેમાં ભવ્ય, અભવ્ય બંને પ્રકારના જીવો હોય છે. ભવ્ય કૃષ્ણપક્ષી જીવોમાંથી જ શુક્લપક્ષી બને છે. તેમને પહેલું ગુણસ્થાન હોય.

આ ગુણસ્થાને કયા જીવો હોય? ૧. અનાદિકાળનાં મિથ્યાત્વી, (અવ્યવહારરાશિના, વ્યવહારરાશિના, કૃષ્ણપક્ષી કે શુક્લપક્ષી) ૨. મિશ્ર ગુણસ્થાનેથી પાછા ફરેલા, ૩. ઉપશમ સમકિતથી પાછા ફરેલા, ૪. ક્ષયોપશમ સમકિતથી પાછાં ફરેલા (પડિવાઈ સમકિતી) જીવો મિથ્યાત્વ ગુણસ્થાને હોય છે.

**❋ બીજા સાસ્વાદન ગુણસ્થાનનાં લક્ષણ :**

ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાનેથી પાછા ફરતા ઉપશમ સમકિતને છોડીને મિથ્યાત્વમાં પ્રવેશ કરતાં પહેલાંની જે અવસ્થા તે સાસ્વાદન સમકિત છે. આ ગુણસ્થાન જો પ્રાપ્ત થાય તો ઉપશમ સમકિતથી[1] પાછા ફરતાં જીવને જ પ્રાપ્ત થાય. પ્રથમ ગુણસ્થાનથી ચડતાં પ્રાપ્ત ન થાય. (કારણ કે અનાદિકાળનો મિથ્યાત્વી પ્રથમવાર સમકિત પ્રાપ્તિ વખતે પહેલે ગુણ.થી ચોથે આદિ ગુણ. જાય છે.)

ઉદા. ૧. જેમ કોઈ પુરુષ ખીરનું ભોજન જમ્યો, ત્યાર પછી વમન (ઉલટી) કર્યું ત્યારે કોઈ પુરુષે પૂછ્યું, ''ભાઈ, કાંઈ સ્વાદ રહ્યો?'' તો કહે ''થોડો સ્વાદ રહ્યો.'' સ્વાદ રહ્યો તે સમાન સાસ્વાદન સમકિત રહ્યું. વમન થયું તે સમાન ઉપશમ સમકિત ગયું.

૨. જેવો ઘંટાનો અવાજ પહેલાં જોરથી થયો, પછી થોડો ધીમો અવાજ રહ્યો, જોરથી અવાજ થયો તે સમાન ઉપશમ સમકિત ગયું અને ધીમો અવાજ રહ્યો તે સમાન સાસ્વાદન સમકિત રહ્યું.

૩. જીવરૂપી કેરીના ઝાડની, પરિણામરૂપી ડાળથી, સમકિતરૂપી ફળ, મોહરૂપી પવનથી તૂટયું. તે ફળ વચમાં છે, ત્યાં સુધી સાસ્વાદન સમકિત અને જ્યારે મિથ્યાત્વરૂપી ધરતી પર આવે ત્યારે મિથ્યાત્વ.

(જેમ કેરીના ઝાડની ડાળ પરથી પવનથી તૂટીને કેરીનું ફળ ધરતી તરફ આવે છે, તેમ જીવ મોહના પરિણામથી મિથ્યાત્વ તરફ આવે છે એટલે કે ઉપશમ સમકિતથી પડીને જીવ સાસ્વાદન સમકિતમાં થઈને મિથ્યાત્વમાં આવે છે.)

પ્રકૃતિ : (૧) સાસ્વાદન ગુણસ્થાને અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિનો ઉદય અને દર્શન મોહનીયની ૩ પ્રકૃતિનો (મિથ્યાત્વ મોહનીય, સમકિત મોહનીય,

---

પરીક્ષામાં પુછાશે નહીં

૨. શુક્લપક્ષી : ૧) જેમનો ઉત્કૃષ્ટ સંસાર પરિભ્રમણકાળ અર્ધપુદ્‌ગલ પરાવર્તન જ બાકી હોયપછી જ તે મોક્ષમાં જાય છે. ૨) માત્ર ભવ્ય જીવો જ શુકલપક્ષી બને છે. અભવ્ય જીવો મોક્ષ

જવાની લાયકાત ન ધરાવતા હોવાથી શુકલપક્ષી બનતાં નથી. ૩) બંને રાશિમાં જીવ શુક્લપક્ષી બની શકે છે. ૪) ગુણ. ૨ થી ૧૪ સુધી માત્ર શુક્લપક્ષી જીવો જ હોય છે. ૫) એકવાર શુક્લપક્ષી બનેલ જીવ ફરી પાછો કૃષ્ણપક્ષી બનતો નથી. ૬) શુક્લપક્ષી થયા પછી જીવ અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં ગમે ત્યારે સમકિત પ્રાપ્ત કરે છે.

મિશ્ર મોહનીય) ઉપશમ હોય. (૨) અથવા અનંતાનુબંધી ૪નો ઉદય અને ૧ મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ હોય છે. (સિદ્ધાંતના મતે) સાથે મોહનીયની શેષ ૨૧ પ્રકૃતિનો ઉદય હોય છે. (વ્યાખ્યા વગેરે જુઓ વિશેષ સમજણ-૧)
ફળ : ઉત્કૃષ્ટ દેશે ઊણું (કાંઈક ઓછું) અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે. (પુદ્ગલ પરાવર્તન વિસ્તાર જુઓઃ શ્રેણી ૧૦) ઉપશમથી પાછા ફરતાં જો સાસ્વાદન સમકિત આવે તો એક ભવમાં જઘન્ય ૧, ઉત્કૃષ્ટ બે વાર આવે. અનેક ભવમાં ઉત્કૃષ્ટ પાંચવાર આવે. જો ન આવે તો કોઈને ન આવે.
ઉદા., જેમ કોઈ મનુષ્યને ૧ ક્રોડ રૂપિયાનું દેવું હતું, તે પાછું દેતાં ઘટીને અડધા રૂપિયા (પચાસ પૈસા)નું વ્યાજ થયું તેથી પણ ઓછું બાકી રહ્યું, તેમ સાસ્વાદન સમકિતી જીવને થોડો જ સંસાર પરિભ્રમણ કરવાનો બાકી રહ્યો.

**❋ ત્રીજા મિશ્ર ગુણસ્થાનનું લક્ષણ [૨]:**

જેમ શ્રીખંડ ખાટાં મીઠાં સ્વાદવાળો હોય તેમ સમકિત અને મિથ્યાત્વનાં મિશ્ર પરિણામ હોય તે મિશ્ર ગુણસ્થાન.
જ્યારે મિશ્ર મોહનીયનો ઉદય હોય છે ત્યારે જીવને જૈન ધર્મમાં રાગ કે દ્વેષ હોતો નથી. 'શ્રી વીતરાગ પ્રભુએ જે ધર્મ કહ્યો છે તે જ સાચો છે, એવી શ્રદ્ધારૂપ રાગ કે જૈન ધર્મ ખોટો છે, અવિશ્વાસપાત્ર છે' એવો દ્વેષ નથી હોતો. સમકિત અને મિથ્યાત્વમાં તટસ્થ વૃત્તિ હોય તે મિશ્ર ગુણસ્થાન.
૧. અનાદિનો મિથ્યાત્વી જીવ પહેલે ગુણસ્થાનેથી સીધો ત્રીજે ગુણસ્થાને આવતો નથી. ૨. ભૂતકાળમાં જેણે સમકિતની સ્પર્શના કરી હોય તે જ જીવ ત્રીજે ગુણસ્થાને આવે છે. ૩. તેથી સમકિત કે મિથ્યાત્વ બંને બાજુથી જીવ મિશ્ર ગુણસ્થાને આવી શકે છે.
પ્રકૃતિ : અનંતાનુબંધી ૪. મિથ્યાત્વ મોહનીય અને સમકિત મોહનીય એ ૬નો ક્ષયોપશમ તથા મોહનીયની બાકીની ૨૨ પ્રકૃતિનો ઉદય હોય છે.
ફળ : ઉત્કૃષ્ટ દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે.

**❋ ચોથા અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાનનું લક્ષણ :**

જે જીવ કર્મના ઉદયે કરી વ્રત પચ્ચક્ખાણ કરી ન શકે પણ વીતરાગના વચનની શ્રદ્ધા, પ્રરૂપણા કરે તે અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ છે.

---

૧. ઉપશમ સમકિત ઉત્કૃષ્ટ પાંચ વાર આવે.
૨ : ત્રીજે ગુણસ્થાને નવો આયુ બંધ કે મરણ થતું નથી, સમકિત કે મિથ્યાત્વને પ્રાપ્ત થયા પછી જ આયુ બંધ કે મરણ થઈ શકે છે.

મોહનીયની ૭ પ્રકૃતિનો ક્ષયોપશમ કે ઉપશમ કે ક્ષય તથા વ્રતના અભાવને કારણે પ્રાપ્ત થતી અવસ્થા તે અવિરતિ સમ્યક્ દ્રષ્ટિ.

**પ્રકૃતિ :** અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય એ ૭ પ્રકૃતિમાંથી (દર્શન સપ્તક) જે ઉદયમાં આવે તેને ક્ષય કરે અને સત્તામાં દળ છે તેને ઉપશમાવે તો ક્ષયોપશમ સમકિત આવે. મોહનીયની શેષ ૨૧ પ્રકૃતિનો ઉદય હોય. આ સમકિત અસંખ્યવાર આવે.

દર્શન સપ્તકની ૭ પ્રકૃતિના દળને સર્વથા ઉપશમાવે[1], તો ઉપશમ સમકિત (જુઓ વિશેષ સમજણ-૩) આવે. તે ઉપશમ સમકિત ઉત્કૃષ્ટ પાંચવાર આવે.

દર્શન સપ્તકની ૭ પ્રકૃતિના દળનો સર્વથા ક્ષય કરે તો ક્ષાયક સમકિત આવે. ક્ષાયક સમકિત એકવાર આવે. આવ્યા પછી જાય નહીં. (વિશેષ સમજણ-૪)

સમકિત મોહનીયના છેલ્લાં દલિકોનું જ્યારે જીવ વેદન કરે છે ત્યારે વેદક સમકિત કહેવાય છે. વેદક સમકિત એક વાર આવે, તેની સ્થિતિ ૧ સમયની છે.

ચોથા ગુણસ્થાનવાળો જીવ, નવ તત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી ૬ માસ સુધીનું તપ જાણે, શ્રદ્ધે, પ્રરૂપે પણ પાલન કરી શકે નહીં. કારણ તેને અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોય છે.

સમકિત પ્રાપ્ત થયા પહેલાં જો પરભવના આયુષ્યનો બંધ કર્યો ન હોય તો તે સમકિતી જીવ નીચેના ૭ બોલમાં જાય નહીં. ૧. નરકનું આયુષ્ય, ૨. તિર્યંચનું આયુષ્ય, ૩. ભવનપતિનું આયુષ્ય, ૪. વાણવ્યંતરનું આયુષ્ય, ૫. જ્યોતિષીનું આયુષ્ય, ૬. સ્ત્રીવેદ, ૭. નપુંસકવેદ. પરંતુ જો પહેલાં આવું આયુષ્ય બાંધેલું હોય તો ભોગવવું જ પડે છે.

**ફળ :** જઘન્ય ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટ પંદર ભવે મોક્ષે જાય (જો આ ગુણસ્થાનમાં આયુષ્યનો બંધ કરે તો જ). અથવા ઉત્કૃષ્ટ દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષે જાય. (જુઓ વિશેષ સમજણ-૨)

**ગતિ :** જઘન્ય પહેલે દેવલોકે ઊપજે, ઉત્કૃષ્ટ બારમે દેવલોકે ઊપજે.

**ગુણ :** સમકિતના આઠ આચાર આરાધે. [જૈન પાઠાવલી ભાગ-૨, પૃષ્ઠ ૧૫૩.] ચતુર્વિધ સંઘની ઉત્સાહથી ભક્તિ કરે.

---

૧. ઉપશમ : કર્મપ્રકૃતિ ઉદયમાં ન આવી જાય કે તેની ઉદીરણા પણ ન થઈ જાય તેવી રીતે કર્મને અમુક કાળ માટે દબાવી રાખવા તે કર્મનો ઉપશમ છે. ઉપશમ કરેલી કર્મ પ્રકૃતિનો વિપાકોદય કે પ્રદેશોદય હોતો નથી. ઉપશમ માત્ર ૧ મોહનીય કર્મનો જ થાય છે. ક્ષયોપશમ માત્ર ચાર ઘાતી કર્મનો જ થાય છે. ઉદય અને ક્ષય આઠે કર્મનો થઈ શકે છે.

**❋ પાંચમા દેશવિરતિ ગુણસ્થાનનું લક્ષણ :**

**પ્રકૃતિ :** ચોથા ગુણસ્થાને કહી છે તે ૭ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોય તથા અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ એ ૪નો ક્ષયોપશમ[૧] એમ કુલ ૧૧ પ્રકૃતિનો ક્ષયોપશમ વગેરે કરે ત્યારે દેશવિરતિ ગુણસ્થાને આવે. (ક્ષાયિક સમકિતીને ૭નો ક્ષય છે+૪નો ક્ષયોપશમ કરે. ઉપશમ સમકિતીને ૭ ઉપશમ છે +૪નો ક્ષયોપશમ કરે. ક્ષયોપશમ સમકિતીને ૭નો ક્ષયોપશમ છે+૪ નો ક્ષયોપશમ કરે. જુઓ વિશેષ સમજણ કોષ્ટક)

સાધુના મહાવ્રતની જેમ સંપૂર્ણ વિરતિ ન હોવાથી દેશવિરતિ કહેવાય છે.

પાંચમે ગુણસ્થાને જીવ, નવ તત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી નવકારશીથી ૬ માસ સુધીનું તપ જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે. એક પચ્ચક્ખાણથી લઈને શ્રાવકના ૧૨ વ્રત, શ્રાવકની ૧૧ પડિમા આદરે, યાવત્ સંલેખના સુધી અણસણ કરી આરાધના કરે.

**ફળ :** ૧. તે જીવ જઘન્ય ત્રીજે ભવે, ઉત્કૃષ્ટ ૧૫ ભવે મોક્ષે જાય[૨]. શ્રાવકપણું એક ભવમાં જઘન્ય ૧ વાર, ઉત્કૃષ્ટ પ્રત્યેક (૨ થી ૯) હજારવાર આવે.

**ગતિ :** જઘન્ય પહેલે દેવલોકે ઊપજે, ઉત્કૃષ્ટ બારમે દેવલોકે ઊપજે.

**ગુણ :** બે વખત આવશ્યક પ્રતિક્રમણ કરે, મહિનામાં બે, ચાર, છ પૌષધ કરે, સમકિત સહિત બાર વ્રતધારી હોય, ત્રણ મનોરથ ચિંતવે, જીવદયા પાળે, શ્રાવકના ૨૧ ગુણ સહિત, દ્રઢધર્મી, પ્રિયધર્મી હોય[૩].

---

૧. ઉદય પ્રાપ્ત દર્શન સપ્તકનો ક્ષય ને અનુદય પ્રાપ્તનો ઉપશમ તે ક્ષયોપશમ સમકિત. તેમાં ક્ષયોપશમ બે પ્રકારનો હોય છે.

૧. શુદ્ધ ક્ષયોપશમ : જે પ્રકૃતિનો શુદ્ધ ક્ષયોપશમ હોય તે પ્રકૃતિનો માત્ર પ્રદેશોદય જ હોય. વિપાકોદય ન હોય. જેમ ક્ષયોપશમ સમકિતમાં અનંતાનુબંધીનો ચોક અને મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયનો ક્ષયોપશમ.

૨. ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ : જે પ્રકૃતિનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય તે પ્રકૃતિનો ઉદય પણ હોય અને ક્ષયોપશમ પણ હોય. તેમાં તે પ્રકૃતિનો રસ ઘટાડીને એટલો હલકો કરીને ઉદયમાં લાવે કે જેથી તે જીવના ગુણની સંપૂર્ણ ઘાત ન કરી શકે. આંશિકરૂપે ખુલ્લો રહે. જેમ આપણને મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે સાથે મતિજ્ઞાનનો ઉદય પણ ચાલે છે તેમ. તેથી ક્ષયોપશમ સમકિતમાં સમકિત મોહનીયનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય છે.

૨. ૭ ભવ વૈમાનિક દેવના ૮ ભવ મનુષ્યનાં કરે. ૩. પાંચમે ગુણસ્થાને અનાદેય, દુર્ભાગ્ય અને અયશોકીર્તિ નામ કર્મનો ઉદય હોતો નથી. (કર્મગ્રંથ)

❋ છઠ્ઠા પ્રમત્તસંયતિ ગુણસ્થાનનું લક્ષણ :

જે પાપ વ્યાપારથી વિધિપૂર્વક સર્વથા નિવૃત્ત થઈ જાય તે સંયત, પરંતુ પ્રમાદનું સેવન કરે તે પ્રમત્તસંયત.

પ્રકૃતિ : ચોથા ગુણસ્થાને કરી છે તે ૭ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વગેરે હોય તથા અપ્રત્યાખ્યાની ૪ અને પ્રત્યાખ્યાનાવરણીય ૪ એ ૮ કષાયના ક્ષયોપશમથી જીવ છઠું ગુણ. પ્રાપ્ત કરે. (૭નો ક્ષય+૮નો ક્ષયોપશમ અથવા ૭નો ઉપશમ+૮નો ક્ષયોપશમ અથવા ૭ +૮ એમ ૧૫નો ક્ષયોપશમ)

[૭મે ગુણસ્થાનેથી પાછા ફરતાં આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે તેથી છઠ્ઠા અને ૭મા ગુણસ્થાનની ક્ષય, ઉપશમ, ક્ષયોપશમની પ્રકૃતિ સરખી જ હોય છે.]

છઠ્ઠે ગુણસ્થાને જીવ, નવ તત્ત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી છ માસ સુધીનું તપ જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે.

ફળ : સાધુપણું એક ભવમાં જ. એક વાર ઉત્કૃષ્ટ પ્રત્યેક (૨ થી ૯)સો વાર આવે.
ઘણા ભવમાં જ. બેવાર, ઉત્કૃષ્ટ પ્રત્યેક હજારવાર આવે.
તે જીવ જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ ૧૫ ભવે મોક્ષે જાય.

ગતિ : જઘન્ય પહેલે દેવલોકે, ઉત્કૃષ્ટ ૯ ગ્રૈવેયકમાં ઊપજે.(પન્નવણા પદ ૬)

ગુણ : ૫ મહાવ્રત પાળે, ૫ સમિતિ, ૩ ગુપ્તિ સહિત, છ કાયાના રક્ષક, ૭ ભય ટાળે, ૮ મદ ગાળે, ૯ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય અને ૧૦ સાધુધર્મ પાળે, ૧૨ તપ કરે, સાધુની ૧૨ પડિમા આદરે, ૧૭ ભેદે સંયમ પાળે, સાધુના ૨૭ ગુણ સહિત, ચરણ સિત્તેરી, કરણ સિત્તેરીના ધારક, વગેરે યાવત્ સંલેખના કરી અણસણ કરી આરાધના કરે.

❋ સાતમા અપ્રમત્તસંયતિ ગુણસ્થાનનું લક્ષણ [1]:

પ્રકૃતિ : ચોથા ગુણસ્થાને કરી છે તે ૭ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વગેરે હોય તથા અપ્રત્યાખ્યાની ૪ અને પ્રત્યાખ્યાનાવરણીય ૪ એ ૮ કષાયના ક્ષયોપશમથી જીવ સાતમું ગુણસ્થાન પ્રાપ્ત કરે. (૭નો ક્ષય +૮નો ક્ષયોપશમ અથવા ૭નો ઉપશમ+૮નો ક્ષયોપશમ અથવા ૭+૮ એમ ૧૫નો ક્ષયોપશમ) પાંચ પ્રમાદ છોડે ત્યારે આ ગુણસ્થાને આવે. મદ્ય : જેની આદત પડી જાય તેવું પીણું. (ચા, કોફી વગેરે)/ઔષધરૂપ આસવ.)

મજ્જવિસયકસાયા નિદ્દા, વિકહાય પંચમી ભણિયા,
એ એ પંચપ્પમાયા, જીવા પાડંતિ સંસારે॥પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે. ૧. મધ, ૨. વિષય, ૩. કષાય, ૪. નિદ્રા, ૫. વિકથા.

સાતમે ગુણસ્થાને જીવ, નવ તત્ત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી

---

૧. દીક્ષા વખતે સાતમું ગુણસ્થાન સ્પર્શે છે. અંતર્મુહૂર્ત પછી છઠ્ઠે ગુણસ્થાને આવે.

છ માસ સુધીનું તપ જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે.
**ફળ :** તે જીવ જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ પંદરમે ભવે મોક્ષે જાય.
**ગતિ :** જ. પહેલે દેવલોક, ઉ. પાંચ અનુત્તર વિમાનમાં ઊપજે.
**ગુણ :** પાંચ મહાવ્રત પાળે, ૫ સમિતિ, ૩ ગુપ્તિ આરાધે. ૨૦ અસમાધિ ટાળે, ૨૨ પરિષહ જીતે, ૩૩ આશાતના ટાળે, ૫૨ અનાચાર ટાળે, સચેતના ત્યાગી, અચેતના ભોગી, માયા મમતાના ત્યાગી, મહાવૈરાગી, સમતાના સાગર વગેરે અનેક ગુણ હોય.

**❋ આઠમા નિવર્તિ બાદર ગુણસ્થાનનું લક્ષણ :**

જે ગુણસ્થાનમાં સમ સમયવર્તી જીવોના પરિણામમાં (નિવર્તિ) ભિન્નતા હોય અથવા બાદર સંજ્વલન કષાયનો ઉદય હોય તેને નિવર્તિબાદર ગુણસ્થાન કહે છે.
**પ્રકૃતિઃ** ૧. પૂર્વેના ક્ષાયિક સમકિતીને ૭નો ક્ષય, ૮નો ક્ષયોપશમ હતો તે ૧) ઉપશમ-શ્રેણી અથવા ૨) ક્ષપક-શ્રેણી કરે છે.
૨. પૂર્વેના ઉપશમ સમકિતીને ૭નો ઉપશમ અને ૮નો ક્ષયોપશમ હતો તે માત્ર ઉપશમ-શ્રેણી કરે છે.
૩. પૂર્વેના ક્ષયોપશમ સમકિતી દર્શન સમકનો ઉપશમ-શ્રેણીમાં ઉપશમ કરે. અથવા ક્ષપક-શ્રેણીમાં ક્ષય કરે.
શુક્લધ્યાનની પ્રાપ્તિ કરી તેના પ્રથમ પાયા દ્વારા પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિના પરિણામથી સ્થિતિઘાત આદિ પાંચ અપૂર્વકરણ કરી, કોઈ કાળે પૂર્વે તે પરિણામ આવ્યાં ન હતાં, તે આવ્યાં, તેથી બીજું નામ અપૂર્વકરણ ગુણસ્થાન છે.
**ગુણ :** તે જીવ અજીવ આદિ નવ તત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી ૬ માસ સુધીનું તપ જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાળે.
અહીંથી શ્રેણી બે કરે. ૧. ઉપશમ-શ્રેણી, ૨. ક્ષપક-શ્રેણી.
**૧. ઉપશમ-શ્રેણીઃ** ઉપશમ-શ્રેણીવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશમ કરતો વર્ધમાન (વધતાં) પરિણામે ૯મે, ૧૦મે ગુણઠાણે થઈ ૧૧મા ગુણસ્થાન સુધી જાય. ૧૧મા ગુણસ્થાને અવસ્થિત પરિણામે રહીને ત્યાંની સ્થિતિ પૂર્ણ થતાં ૧૦મે આવે. દશમાથી પછી હિયમાન (ઘટતાં) પરિણામ થાય. આ શ્રેણીથી ઊતરતાં, પ્રથમ ગુણસ્થાન સુધી પણ જઈ શકે છે.
**૨. ક્ષપક-શ્રેણી :** ક્ષપક-શ્રેણીવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિના દળને ક્ષય કરતો, શુદ્ધ મૂળમાંથી નિર્જરા કરતો ૯મે, ૧૦મે ગુણસ્થાને થઈને ૧૨મે ગુણસ્થાને જાય. અપડિવાઈ (નીચે નહીં પડનાર) જ હોય. વર્ધમાન પરિણામ જ પરિણમે. (શ્રેણીઓનો વિસ્તાર વિશેષ સમજણ-૫ માં આપેલ છે.)

ફળ : આ ગુણસ્થાન એક ભવમાં જઘન્ય એકવાર ઉત્કૃષ્ટ ચારવાર આવે. ઘણા ભવમાં જઘન્ય બેવાર, ઉત્કૃષ્ટ નવવાર આવે.
તે જીવ જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય.
ગતિ : શ્રેણીમાં કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઊપજે.

**❋ નવમા અનિવર્તિ બાદર ગુણસ્થાનનું લક્ષણ :**

જે ગુણસ્થાનમાં સમ સમયવર્તી જીવોના પરિણામમાં (અનિવર્તિ) સમાનતા હોય તથા બાદર સંજ્વલન કષાયનો ઉદય હોય, તેને અનિવર્તિબાદર ગુણસ્થાન કહે છે.

પ્રકૃતિઃ ક્ષપક–શ્રેણીવાળા સંજ્વલનના લોભ સિવાયની હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુઃગંછા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા એ ૧૨ અને પૂર્વેની ૧૫ એમ કુલ મોહનીયની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરે. ઉપશમ–શ્રેણીવાળા એ ૨૭ પ્રકૃતિનો ઉપશમ કરે.

ગુણ : જીવ અજીવ આદિ નવ તત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી ૬ માસ સુધીનું તપ, નિર્વિકાર, અમાયી, વિષય નિર્વાંછાપણે (અનાશક્તપણે) જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે.
ફળ : આ ગુણસ્થાન એક ભવમાં જઘન્ય એકવાર ઉત્કૃષ્ટ ચારવાર આવે.
ઘણા ભવમાં જઘન્ય બેવાર, ઉત્કૃષ્ટ નવવાર આવે.
તે જીવ જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય.
ગતિ : શ્રેણીમાં કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઊપજે.

**❋ દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનનું લક્ષણ :**

જેમાં માત્ર સંજ્વલનના લોભ કષાયનો સૂક્ષ્મ ઉદય (વિપાકોદય) હોય છે, તેને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન કહે છે. જ્યાં સૂક્ષ્મ, થોડીક, પાતળી સંપરાય (કષાય) ક્રિયા રહી છે તેને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન કહે છે.

પ્રકૃતિ : સંજ્વલનના લોભ સિવાયની મોહનીયની ૨૭ પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ પૂર્વે થયેલ હોય છે.

ગુણઃ જીવ અજીવ આદિ નવ તત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી ૬ માસ સુધીનું તપ, નિરાભિલાષ, અવેદકપણે, જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે.
ફળ : એક ભવમાં જઘન્ય એકવાર ઉત્કૃષ્ટ ચારવાર આવે.
ઘણા ભવમાં જઘન્ય બેવાર, ઉત્કૃષ્ટ નવવાર આવે.
તે જીવ જઘન્ય તે જ ભવે મોક્ષે જાય, ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય.

ગતિ : શ્રેણીમાં કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઊપજે.

**❋ અગિયારમા ઉપશાંત મોહનીય ગુણસ્થાનનું લક્ષણ :**

ઉપશાંત એટલે પાણી દ્વારા સંપૂર્ણ અગ્નિ બુઝાવ્યાની જેમ નહીં, પણ રાખ વડે ઢાંકેલ અગ્નિની જેમ મોહ ઉપશાંત છે, તેને ઉપશાંત મોહ ગુણસ્થાન કહે છે. ઉપશમ-શ્રેણીમાં રહેલા જીવ આ ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે, ક્ષપક-શ્રેણીવાળા નહીં.

**પ્રકૃતિઃ** આ ગુણસ્થાનના પ્રથમ સમયે સંજ્વલનના લોભનો ઉપશમ કરે તેથી મોહનીયની સર્વ ૨૮ પ્રકૃતિનો ઉપશમ હોય છે તેથી ઉપશાંત મોહનીય ગુણસ્થાન. ૧૧મા ગુણસ્થાનની સ્થિતિ પૂરી થતાં દશમે ગુણસ્થાને આવે. અગિયારમેથી ચડવું નથી. દશમે ગુણસ્થાને પહેલા જ સમયે સંજ્વલનના લોભનો ઉદય થાય.

ગુણઃ જીવ અજીવ આદિ નવ તત્વ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નવકારશીથી ૬ માસી સુધીનું તપ, શુક્લધ્યાનનો બીજો પાયો ધ્યાયીને, વીતરાગ ભાવે, યથાખ્યાત ચારિત્રપણે જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે.

ફળ : એક ભવમાં જઘન્ય એકવાર ઉત્કૃષ્ટ બેવાર આવે.

ઘણાં ભવમાં જઘન્ય બેવાર, ઉત્કૃષ્ટ ચારવાર આવે.

તે જીવ ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય.

ગતિ : આ ગુણસ્થાને જો કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઉપજે.

**❋ બારમા ક્ષીણમોહનીય ગુણસ્થાનનું લક્ષણ :**

પ્રકૃતિ : મોહનીયની સર્વ ૨૮ પ્રકૃતિનો ક્ષય થવાથી જે ગુણસ્થાન પ્રાપ્ત થાય તેને ક્ષીણ મોહનીય ગુણસ્થાન કહે છે.

ક્ષપક-શ્રેણીવાળા જીવ જ આ ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે.

ગુણ : ક્ષપક-શ્રેણી, ક્ષાયકભાવ, ક્ષાયક સમકિત, ક્ષાયક યથાખ્યાતચારિત્ર, ભાવ સત્ય, કરણ સત્ય, જોગ સત્ય, અમાયી, અકષાયી, વીતરાગી, ભાવનિગ્રંથ, સંપૂર્ણ ભાવિતાત્મા, મહા તપસ્વી, મહાસુશીલ, મહાજ્ઞાની, મહાધ્યાની, વર્ધમાન પરિણામી, અપડિવાઈપણે અંતર્મુહૂર્ત રહે. શુક્લધ્યાનનો બીજો પાયો ધ્યાયીને ૧૩મે જાય.

ફળ : તે જ ભવે મોક્ષ પ્રાપ્ત થાય.

ગતિ : આ ગુણસ્થાને કાળ થતો નથી. પુનર્ભવ થાય નહીં.

**❋ તેરમા સયોગી કેવળી ગુણસ્થાનનું લક્ષણ :**

કેવળજ્ઞાન, કેવળદર્શન સહિત, શુભ મન, વચન, કાયાના યોગ સહિત જે વિચરે તે સયોગી કેવલી.

પ્રકૃતિઃ તેરમાના પ્રથમ સમયે પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, પાંચ

અંતરાય કર્મની પ્રકૃતિ ક્ષય કરતાં કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટે.

ગુણ : ૧૦ બોલ સહિત તેરમે ગુણસ્થાને વિચરે. ૧. સયોગ, ૨. સશરીર, ૩. કેવળજ્ઞાન, ૪. કેવળદર્શન, ૫. યથાખ્યાત ચારિત્ર, ૬. ક્ષાયક સમકિત, ૭. શુક્લધ્યાન, ૮. શુક્લલેશ્યા, ૯. પંડિત વીર્ય, ૧૦. અનંતવીર્ય.

જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશે ઊણા પૂર્વક્રોડ વર્ષ સુધી વિચરે. ઘણા જીવોને તારી, પ્રતિબોધિ, શુક્લધ્યાનના ત્રીજા પાયાને ધ્યાઈને, શ્વાસોચ્છ્વાસ અને મન, વચન, કાયાના યોગનું રૂંધન કરીને ચૌદમે જાય.

ફળ : તે જ ભવે મોક્ષ પ્રાપ્ત થાય.

ગતિ : આ ગુણસ્થાને કાળ થતો નથી. પુનર્ભવ થાય નહીં.

**❋ ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનનું લક્ષણ :**

જે ગુણસ્થાનમાં કેવળજ્ઞાનીના યોગનો સંપૂર્ણ નિરોધ થઈ જવાથી અયોગી અવસ્થા પ્રાપ્ત થાય, તેને અયોગી કેવળી ગુણસ્થાન કહે છે.

ગુણઃ તે જીવ રૂપાતીત પરમ શુક્લધ્યાનના ચોથા પાયાને ધ્યાઈને [સમુચ્છિન્ન ક્રિયા (સર્વ ક્રિયા રહિત), અનિવૃત્તિ/અપ્રતિપાતિ] જોગ, લેશ્યા અને શ્વાસોચ્છ્વાસ રહિત બને છે. સકલગિરિના રાજા મેરુ પર્વતની જેમ અડોલ, અચલ, સ્થિર અવસ્થાને પામે છે. શૈલેશીપણે (પર્વતની જેમ નિશ્ચલ) રહી, પંચ લઘુ અક્ષર (અ, ઈ, ઉ, ઋ, લૃ) ઉચ્ચાર કાલ પ્રમાણ રહી, શેષ વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર એ ચાર અઘાતી કર્મ ક્ષય કરીને મોક્ષ પામે.

ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીર સર્વથા છોડીને સમશ્રેણી, ઋજુગતિ, અન્ય આકાશ પ્રદેશને ન અવગાહતો, ન સ્પર્શતો, એક સમય માત્રમાં ઊર્ધ્વગતિ અવિગ્રહગતિએ મોક્ષ જાય છે.

એરંડબીજ બંધન મુક્તવત્, નિર્લેપ તુંબીવત્, કોદંડ મુકત બાણવત્, ઈંધનવન્હિ મુક્ત ધુમ્રવત્, ત્યાં સિદ્ધ ક્ષેત્રે જઈ, સાકાર ઉપયોગે સિદ્ધ થાય, બુદ્ધ થાય, પારંગત થાય, પરંપરાગત થાય, સકલ કાર્ય અર્થ સાધી કૃતકૃતાર્થ (સંપૂર્ણ કાર્યની સિદ્ધિ), નિષ્ઠિતાર્થ, (હવે કાંઈ જ કરવાનું બાકી નથી) અતુલ સુખમાં નિમગ્ન, સાદિ અનંત ભાંગે સિદ્ધ થાય છે.

---

પરીક્ષામાં પુછાશે નહીં

૧. એરંડબીજ બંધન મુક્તવત્ : એરંડાનાં બંધનમાંથી મુક્ત થયેલ બીજ જેમ ઊર્ધ્વ દિશામાં જાય છે તેમ. ૨. નિર્લેપ તુંબીવત્ : જેમ માટીનાં લેપ કરેલી તુંબડીને પાણીમાં ડુબાડતાં માટીના લેપ નીકળી જતાં તે પાણીની સપાટી ઉપર આવી તરવા લાગે છે તેમ. ૩. કોદંડ મુક્ત બાણવત્ : આકાશ તરફ તાકેલાં ધનુષ્યમાંથી બાણ નીકળીને આકાશની દિશામાં/ઊર્ધ્વદિશામાં જાય છે તેમ. ૪. ઈંધનવન્હિ મુક્ત ધુમ્રવત્ : અગ્નિમાંથી નીકળીને ધુમાડો ઊર્ધ્વદિશામાં જાય છે તેમ. કર્મમુકત આત્મા લોકાગ્રે જાય છે.

એ સિદ્ધ પદનું ભાવસ્મરણ, ચિંતન, મનન સદા કાળે મુજને હોજો. તે ઘડી, પળ ધન્ય, સફળ થશે.

## ❋ ત્રીજો સ્થિતિ દ્વાર ❋

**પહેલા ગુણસ્થાનની સ્થિતિ ૩ પ્રકારની :**

**(અ) અનાદિ અનંત : તે જે મિથ્યાત્વની આદિ (શરૂઆત) નથી ને અંત પણ નથી તે અભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રી. (બ) અનાદિ સાંત : તે જે મિથ્યાત્વની આદિ નથી પણ અંત છે, તે ભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રી. (ક) સાદિ સાંત : તે જે મિથ્યાત્વની આદિ પણ છે અને અંત પણ છે, પડિવાઈ સમકિતીના મિથ્યાત્વ આશ્રી. સાદિ સાંતની સ્થિતિ જ. અંતર્મુહૂર્તની ઉ. અર્ધપુદ્‌ગલ પરાવર્તનથી દેશ (થોડી) ઊણી (ઓછી). પછી સમકિત પામીને અવશ્ય મોક્ષે જાય.**

| ગુણ. | જઘન્ય | ઉત્કૃષ્ટ સ્થિતિ | ગુણ. | જઘન્ય | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૨ જા | ૧ સમય | ૬ આવલિકા | ૭[૩]મા | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૩ જા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ૮ થી ૧૧ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૪[૧]થા | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર ઝાઝેરી | ૧૨મા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૫મા | અંતર્મુહૂર્ત | દેશે ઊણી ક્રોડ પૂર્વ | ૧૩મા | અંતર્મુહૂર્ત | દેશે ઊણી ક્રોડ પૂર્વ |
| ૬[૨]ઠ્ઠાં | ૧ સમય | દેશે ઊણી ક્રોડ પૂર્વ | ૧૪મા | પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચારકાળ | |

૩. સ્થિતિ દ્વાર : તે તે ગુણસ્થાનમાં રહેલો જીવ તેમાં કેટલો સમય રહી શકે તે સ્થિતિ છે.

(૧) ચંદ્રમહર્ષિ રચિત પંચસંગ્રહ ભાગ ૨, ગાથા ૪૩મા ચોથા ગુણ.ની ૩૩ સાગર ઝાઝેરીની સ્થિતિ બતાવી છે. ક્ષયોપશમ સમકિતની સ્થિતિ ૬૬ સાગર ઝાઝેરી છે. ચોથા ગુણસ્થાનની સ્થિતિ પૂર્ણ થવા પર ચોથું ગુણ. છોડીને જીવ સાધુ કે શ્રાવક થઈને ક્ષયોપશમ સમકિતની સ્થિતિ પૂર્ણ કરી શકે છે. ૩૩ સાગર પૂરા કરવા અનુત્તર વિમાનમાં જ ઊપજે તેમ ન માનવું, પરંતુ કોઈપણ દેવલોકોમાં ઉત્પન્ન થઈને પણ ૩૩ સાગર પૂર્ણ થઈ શકે છે.

(૨) પંચ સંગ્રહ ભાગ ૨, ગાથા ૪૪ પ્રમાણે પ્રમત્ત અને અપ્રમત્ત બંને ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ અંત. બતાવી છે. છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન ઝૂલા સમાન બતાવેલ છે. આ બંને ગુણસ્થાનની અલગ અલગ સ્થિતિ અંતર્મુહૂર્ત છે, પરંતુ બંનેની ભેગી સ્થિતિ દેશે ઊણી ક્રોડ પૂર્વ વર્ષની છે.

(૩) સાતમું ગુણસ્થાન જ્યારે સહુ પ્રથમવાર પ્રાપ્ત થાય ત્યારે જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત માટે આવે. ત્યાર પછી જઘન્ય ૧ સમયની સ્થિતિ હોઈ શકે છે.

## ❋ ચોથો ક્રિયા દ્વાર ❋

| ગુણસ્થાને | ક્રિયા | વિસ્તાર/સમજણ |
|---|---|---|
| ૧લા,૨જા[૧],૩જા[૨] | ૨૪ | ઈરિયાવહિયા ક્રિયા વર્જીને. |
| ૪થા | ૨૩ | ઈરિયાવહિયા, મિચ્છાદંસણ વત્તિયા ક્રિયા એ બે વર્જીને. |
| ૫મા[૩] | ૨૨ | ૨૩માંથી ૧ અપચ્ચક્ખાણ વત્તિયા ક્રિયા વર્જીને. |
| ૬ઠ્ઠા[૪] | ૨૧ | ૨૨માંથી ૧ પરિગ્ગહિયા ક્રિયા વર્જીને |
| ૭થી ૧૦મા[૫] | ૧૫ | ૨૧માંથી કાઈયા વ. પાંચ, ૧ આરંભીયા ક્રિયા એ ૬ વર્જીને. |
| ૧૧થી ૧૩મા[૬] | ૧ | ઈરિયાવહિયા ક્રિયા લાભે. |
| ૧૪મા[૭] | -- | એકેય નહીં. |

## ❋ પાંચમો સત્તા દ્વાર❋

| | |
|---|---|
| ૧ થી ૧૧[૮] ગુણ. | ૮ કર્મની સત્તા. |
| ૧૨મા ગુણ. | ૭ કર્મની સત્તા તે ૧ મોહનીય વર્જીને. |
| ૧૩[૯], ૧૪ ગુણ. | ૪ અઘાતી કર્મની સત્તા. (વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર). |

---

૪. ક્રિયા દ્વાર : જેના દ્વારા કર્મ પુદ્ગલનો આશ્રવ જીવમાં આવે તે ક્રિયા. ક્રિયા પચીસ છે. જુઓ : જૈન પાઠાવલી–૨, પાનું ૯૯.

(૧) ભગવતી સૂત્ર શતક ૩૦મા વિકલેન્દ્રિયમાં સાસ્વાદન ગુણ. હોવા છતાં ક્રિયાવાદી સમોસરણ માનેલ નથી. પ્રજ્ઞાપના સૂત્ર પદ ૧૭ના ૧લા ઉદ્દેશામાં અનંતાનુબંધી કષાયનો ઉદય હોવાથી તથા મિથ્યાત્વ અભિમુખ હોવાથી સાસ્વાદન સમકિતમાં મિથ્યાત્વની ક્રિયા બતાવી છે. (૨) ત્રીજા ગુણ.માં મિશ્ર પરિણામીને મિથ્યાત્વનો અંશ છે, તેથી મિથ્યાત્વની ક્રિયા છે. (૩) જેમ એક કોળિયો પણ ખાવાથી પેટનો કોઠો નયણો (ભૂખ્યો) ન કહેવાય તેમ પાંચમે ગુણસ્થાને ૧ પચ્ચક્ખાણથી પણ અપચ્ચક્ખાણની ક્રિયા બંધ થઈ જાય છે. (૪) છઠ્ઠા ગુણ.માં સાધુને ભાવ પરિગ્રહ ન હોય તેથી પરિગ્રહની ક્રિયા વર્જી. (૫) અપ્રમત્ત અવસ્થામાં જીવ કાઈયા વગેરે, આરંભ વગેરે પાપકાર્યમાં ન હોય તેથી તેની ક્રિયા વર્જી. (૬) વીતરાગીના ગુણસ્થાન ૧૧ થી ૧૪. વીતરાગીને કષાયના અભાવમાં, યોગના નિમિત્તથી ઈરિયાવહિયા ક્રિયા હોય. (૭) યોગ, કષાયના અભાવે કોઈ ક્રિયા નથી.

૫. સત્તા દ્વાર : બંધાયેલા કર્મ જેટલો કાળ આત્માની સાથે રહે તેને સત્તા કહે છે. કર્મ સંપૂર્ણ ક્ષય ન થઈ જાય ત્યાં સુધી તેની સત્તા રહે છે. (૮) ૧૧મે ગુણસ્થાને મોહનીયનો ઉદય નથી હોતો પણ સત્તામાં તો હોય જ છે. (૯) ૧૩ માના પ્રથમ સમયે ત્રણ ઘાતી કર્મનો ક્ષય થતો હોવાથી ૧૩મે ૧૪મે માત્ર ૪ અઘાતી કર્મની સત્તા.

## ❋ છઠ્ઠો બંધ દ્વાર ❋

પહેલા ગુણ.થી તે સાતમા ગુણ. સુધી ત્રીજું ગુણ. વર્જીને ૭[1] અથવા ૮[2] કર્મ બાંધે અને જો સાત બાંધે તો આયુષ્ય વર્જીને. ત્રીજે[2], આઠમે નવમે ગુણ. ૭ કર્મ બાંધે તે આયુષ્ય વર્જીને. દશમે ગુણ. ૬ કર્મ બાંધે તે આયુષ્ય અને મોહનીય વર્જીને. અગિયારમે, બારમે, તેરમે[3] ગુણ. ૧ શાતા વેદનીય બાંધે. ચૌદમે[4] ગુણ. અબંધ.

## ❋ સાતમો વેદ, આઠમો ઉદય અને દશમો નિર્જરા દ્વાર ❋

પહેલાથી દશમા ગુણ. સુધી ૮ કર્મનો વેદ, ઉદય અને નિર્જરા.
અગિયારમે, બારમે ગુણ. ૭ કર્મનો વેદ, ઉદય અને નિર્જરા. ૧ મોહનીય વર્જીને.
તેરમે, ચૌદમે ગુણ. ૪ કર્મનો વેદ, ઉદય, નિર્જરા. વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર.

## ❋ નવમો ઉદીરણા દ્વાર ❋

| ગુણસ્થાન | ઉદીરણા | કયા કયા કર્મની? |
|---|---|---|
| ૧ લાથી ૬ઠ્ઠા ગુણસ્થાને | ૬, ૭ કે ૮ ની ઉદીરણા | ૬ ની કરે તો આયુષ્ય, વેદનીય વર્જીને.<br>૭ ની કરે તો આયુષ્ય વર્જીને. |
| ૭મે, ૮મે, ૯મે | ૬ ની ઉદીરણા | આયુષ્ય અને વેદનીય વર્જીને. |
| ૧૦મે ગુણ. | ૬ કે ૫[2] ની ઉદીરણા | ૬ ની કરે તો આયુષ્ય અને વેદનીય વર્જીને.<br>૫ ની કરે તો આયુ, વેદ. અને મોહનીય વર્જીને. |
| ૧૧મે ગુણ. | ૫ ની ઉદીરણા | આયુષ્ય, વેદનીય અને મોહનીય વર્જીને. |
| ૧૨મે ગુણ. | ૫ કે ૨ ઉદી. | ૨ ની કરે તો નામ અને ગોત્રની. |
| ૧૩મે ગુણ. | ૨[3] ની ઉદીરણા | નામ અને ગોત્રની. |
| ૧૪મેગુણ. | -------- | કોઈ કર્મની ઉદીરણા નથી. |

૬. બંધ દ્વાર : મિથ્યાત્વ આદિ કારણોથી જીવ અને કર્મોનું એકમેક થવું તે બંધ. દૂધ અને પાણીની જેમ કે લોખંડમાં અગ્નિની જેમ. કર્મ બંધનાં મુખ્ય બે કારણ યોગ અને કષાય છે. (૧) છદ્મસ્થ જીવ સમયે સમયે સાત કર્મ બાંધતો હોય છે અને જ્યારે આયુષ્ય બાંધે ત્યારે આઠ કર્મ બંધક હોય છે. 卐 પરભવનું આયુષ્ય કર્મ એક ભવમાં એક જ વાર બંધાય છે. (૨) શ્રેણીમાં તથા મિશ્ર ગુણસ્થાને નવું આયુષ્ય બંધાતું નથી. (૩) વીતરાગી અવસ્થામાં માત્ર શાતા વેદનીય જ બંધાય. (૪) યોગના અભાવમાં કોઈ કર્મ બંધાય નહીં માટે ૧૪મે ગુણસ્થાને અબંધ.

૭. વેદ દ્વાર : કર્મના ફળનો અનુભવ કરવો તે વેદ છે.

૮. ઉદય દ્વાર : કર્મનો અબાધાકાળ પૂરો થતાં તે ફળ આપવા માંડે તે ઉદય. જે કર્મ ઉદયમાં આવે તેનું જ જીવ વેદન કરે છે. અને તે જ કર્મ જ્યારે જીવથી છૂટું પડે ત્યારે નિર્જરા થાય છે.

## ❋ અગિયારમો ભાવ દ્વાર ❋

ભાવ છ છે. (૧) ઉદયભાવ, (૨) ઉપશમભાવ, (૩) ક્ષાયિક ભાવ, (૪) ક્ષયોપશમભાવ, (૫) પારિણામિકભાવ, (૬) સન્નિવાઈભાવ.

| ગુણસ્થાન | ભાવ | ભાવના નામ (જુઓ વિશેષ સમજણ) |
|---|---|---|
| ૧, ૨, ૩ જે ગુણ. | ૩ | ઉદયભાવ, ક્ષયોપશમભાવ અને પારિણામિકભાવ. |
| ૪ થી ૧૧મે ગુણ. ઉપશમ શ્રેણીવાળાને | ૪ | ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવ, પારિણામિકભાવ. |
| ૪ થી ૧૦, ૧૨મે ગુણ. ક્ષપક શ્રેણીવાળાને | ૪ | ઉદય, ક્ષાયિક, ક્ષયોપશમ અને પારિણામિકભાવ. |
| ૧૩મે, ૧૪મે ગુણ. | ૩ | ઉદય, ક્ષાયિક અને પારિણામિકભાવ. |
| સિદ્ધમાં | ૨ | ક્ષાયિક અને પારિણામિકભાવ. |

---

૯. **ઉદીરણા દ્વાર** : જે કર્મ ભવિષ્યમાં ઉદયમાં આવવાના છે તેને તપ અને અધ્યવસાય વગેરે દ્વારા પ્રયત્ન વિશેષથી ખેંચીને ઉદયમાં લાવીને ભોગવવા તેને ઉદીરણા કહે છે. 卐જે કર્મો ઉદય આવલિકામાં ન આવ્યા હોય તેની જ **ઉદીરણા** થઈ શકે છે.

(૧) આયુષ્ય અને વેદનીય કર્મની ઉદીરણા નિરંતર ન થાય. જો ઉદીરણા થાય તો છઠ્ઠા ગુણસ્થાન સુધી જ થાય. 卐ભગવતી સૂત્ર–શતક ૧૧ ઉદ્દેશો ૧, **શતક ૨૫ ઉદ્દેશો** ૬ તથા શતક ૩૫ થી ૪૦ પ્રમાણે પ્રમાદિ ગુણસ્થાનોમાં ૬ કર્મની નિરંતર ઉદીરણા થાય છે. પુલાક નિયંઠો (ગુણસ્થાન ૬) પણ પુલાકપણામાં કાળ ન કરે તેમ જ આયુષ્યની ઉદીરણા ન કરે. 卐 કર્મગ્રંથ ભાગ ૬મા આયુષ્યની અંતિમ આવલિકાને છોડીને શેષ સમયમાં નિયમથી આયુષ્યની ઉદીરણા બતાવી છે. અપ્રમત્ત અવસ્થા આવવા પૂર્વે પણ આયુષ્ય અને વેદનીયની ઉદીરણા નથી હોતી. માટે ત્રીજા ગુણસ્થાને પણ આયુ, વેદનીયની ઉદીરણા ન કરે. (૨) જે કર્મનો ઉદય જે ગુણસ્થાનમાં કાયમ માટે વિચ્છેદ (નાશ) થવાનો હોય તેની છેલ્લી ઉદય આવલિકામાં તેની ઉદિરણા ન થાય માટે ૧૦મે ગુણસ્થાને અંતિમ આવલિકામાં ૫ કર્મની ઉદીરણા હોય. (૩) કર્મગ્રંથ ભાગ ૬, સપ્તતિકા પ્રકરણ ટીકા પાનું ૨૪૩માં સયોગી કેવળી ગુણસ્થાનનાં સંપૂર્ણ કાળ દરમિયાન નામ અને ગોત્ર આ બન્ને કર્મની ઉદીરણા બતાવી છે.

૧૧ મો ભાવ દ્વાર : ૪) ૮થી ૧૧ ગુણ.માં ક્ષાયિક સમકિતી ઉપશમ શ્રેણીવાળાને પાંચ ભાવ. 卐 ઉપશમ સમકિતી ઉપશમ–શ્રેણીવાળાને ક્ષાયિક વર્જીને ચાર ભાવ.

## ❋ બારમો કારણ દ્વાર ❋

કર્મબંધનનાં કારણ પાંચ તે મિથ્યાત્વ, અવત, પ્રમાદ, કપાય અને જોગ. પહેલે, ગુણસ્થાને પાંચે કારણ હોય. બીજે, ત્રીજે, ચોથે ગુણ. ૪ કારણ હોય, અવ્રત, પ્રમાદ, કષાય અને જોગ. પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ૩ કારણ હોય, પ્રમાદ, કપાય અને જોગ. સાતમાથી દશમા ગુણસ્થાન સુધી બે કારણ હોય તે કષાય અને જોગ એ બે. અગિયારમે, બારમે, તેરમે ૧ કારણ હોય તે જોગ. ચૌદમે કોઈ કારણ નથી.

## ❋ તેરમો પરિષહ દ્વાર ❋

ચાર કર્મના ઉદયે ૨૨ પરિષહ લાભે.

૧. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે બે પરિષહ – (૨૦) પ્રજ્ઞા અને (૨૧) અજ્ઞાન.

૨. વેદનીય કર્મના ઉદયે ૧૧ પરિષહ – (૧) ક્ષુધા, (૨) તૃષા, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) દંશમસગ, (૯) ચર્યા, (૧૧) સેજ્ઞા, (૧૩) વધ, (૧૬) રોગ, (૧૭) તૃણસ્પર્શ, (૧૮) મેલ.

૩. મોહનીય કર્મના ઉદયે ૮ પરિષહ – તેમાં દર્શન મોહનીયના ઉદયે એક (૨૨) દંસણનો. ચારિત્ર મોહનીયના ઉદયથી ૭ પરિષહ – (૬) અચેલ, (૭) અરતિ, (૮) સ્ત્રી, (૧૦) બેસવાનો, (૧૨) આક્રોશવચન, (૧૪) યાચના, (૧૯) સત્કાર પુરસ્કાર.

૪. અંતરાય કર્મના ઉદયે એક પરિષહ તે (૧૫)અલાભ.

પહેલેથી ચોથા[1] ગુણ. સુધી ૨૨ પરિષહ હોય.તે દુઃખરૂપ છે, નિર્જરા રૂપ નહીં.

૫, ૬, ૭ ગુણ. ૨૨ પરિષહ લાભે. એક સમયે ૨૦ વેદે (અનુભવે). ટાઢનો પરિષહ હોય ત્યાં તાપનો નહીં, તાપનો ત્યાં ટાઢનો નહીં. ચાલવાનો પરિષહ હોય ત્યાં બેસવાનો નહીં અને બેસવાનો ત્યાં ચાલવાનો નહીં.

આઠમે[2] ગુણ. ૨૧ પરિષહ લાભે તે દંસણનો[3] વર્જીને. એક સમયે ૧૯ વેદે.

---

૧૨. કારણ દ્વાર : કર્મ બંધના હેતુને કારણ કહે છે.

૧૩. પરિષહ દ્વાર : મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી જે સમભાવપૂર્વક સહન કરવામાં આવે છે તે પરિષહ છે. 卐પરિષહ જીવનની સ્વાભાવિક પરિસ્થિતિઓમાંથી ઉદ્ભવતાં(આવતાં) કષ્ટો છે. જ્યારે ઉપસર્ગ મનુષ્ય, તિર્યંચ કે દેવ તરફથી ઉદ્ભવતાં(આવતાં) કષ્ટો છે.

(૧) ચોથા ગુણસ્થાનમાં અવિરતિ સમકિતી હોવાથી દર્શનનો પરિષહ હોય છે.

(૨) ભય મોહને કારણે આઠમા ગુણસ્થાન સુધી બેસવાનો પરિષહ માનેલ છે.

(૩) આઠમા ગુણસ્થાને ક્ષયોપશમ સમકિત ન હોવાથી દર્શનનો પરિષહ નથી.

(૪) ૧૦, ૧૧, ૧૨મે મોહનીયના ઉદયના જેટલા પરિષહ હતા તે છૂટી જાય.

નવમે ગુણસ્થાને ૧૮ પરિષહ તે અચેલ, અરતિ અને બેસવાનો એ ત્રણ વર્જીને. દશમે, અગિયારમે, બારમે ગુણસ્થાને ૧૪ પરિષહ. સ્ત્રી, આક્રોશવચન, યાચના ને સત્કાર પુરસ્કાર એ ચાર વર્જીને. એક સમયે ૧૨ વેદે. (મોહના ૮ વર્જી)
તેરમે, ચૌદમે ગુણસ્થાને ૧૧ પરિષહ લાભે તે માત્ર વેદનીયના ઉદયના ૧૧. એક સમયે ૯ વેદે. ટાઢનો પરિષહ હોય ત્યાં તાપનો નહીં અને તાપનો ત્યાં ટાઢનો નહીં. ચાલવાનો પરિષહ હોય ત્યાં સેજ્જાનો નહીં અને સેજ્જાનો ત્યાં ચાલવાનો નહીં. (ત્રણ ઘાતી કર્મના ઉદયના સર્વ ૧૧ વર્જીને)

## ❋ ચૌદમો માર્ગણા દ્વાર ❋

| ગુણ. માર્ગણા | ચડે તો માર્ગણા | પડે તો માર્ગણા |
|---|---|---|
| ૧લે થી ૪ | ૩, ૪, ૫, ૭મે જાય. | નીચે પડવું નથી. |
| ૨જે થી ૧[1] | ચડવું નથી | પહેલે ગુણ. આવે. |
| ૩જે થી ૪ | ૪થે, ૫મે, ૭મે જાય. | પહેલે ગુણ. આવે. |
| ૪થે થી ૫ | ૫મે, ૭મે જાય. | ૧લે, ૨જે, ૩જે આવે. |
| ૫મે થી ૫ | ૭મે જાયે | ૧લે, ૨જે, ૩જે, ૪થે આવે. |
| ૬ઠ્ઠે થી ૬[1] | ૭મે જાય. | ૧લે, ૨જે, ૩જે, ૪થે, ૫મે આવે. |
| ૭મે થી ૩[2] | ૮મે જાય. | ૬ઠ્ઠે, ૪થે આવે. (૪થે કાળ અપેક્ષાએ આવે) |
| ૮મે થી ૩ | ૯મે જાય. | ૭મે, ૪થે આવે. ('') |
| ૯મે થી ૩ | ૧૦મે જાય. | ૮મે, ૪થે આવે. ('') |
| ૧૦મે થી ૪ | ૧૧મે, ૧૨મે જાય. | ૯મે, ૪થે આવે. ('') |
| ૧૧મે થી ૨ | ચડવું નથી. | ૧૦મે, ૪થે આવે. ('') |
| ૧૨મે થી ૧ | ૧૩મે જાય. | પડવું નથી. |
| ૧૩મે થી ૧ | ૧૪મે જાય. | પડવું નથી. |
| ૧૪મે થી | મોક્ષે જાય. | પડવું નથી. |

---

૧૪. માર્ગણા દ્વાર : માર્ગણા એટલે જીવ જે ગુણસ્થાને હોય ત્યાંથી સીધા અન્ય ગુણસ્થાને જવાનો માર્ગ. માર્ગણાથી જીવ કયા ગુણસ્થાનેથી કયા ગુણસ્થાને ચડશે અને કયા ગુણસ્થાને ઊતરશે તે બતાવાય છે. (૧) ઉપર ચડતાં જીવને બીજું તથા છઠ્ઠું ગુણસ્થાન આવતું નથી, માત્ર નીચે ઊતરતાં જ આવે છે. (૨) અપ્રમત્ત અવસ્થા પ્રાપ્ત થયા પછી એક જ ગુણસ્થાનની ઊતર–ચડ થઈ શકે છે. પણ કાળ કરે તો દેવલોકમાં ઉત્પન્ન થવાથી ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

## ❋ પંદરમો આત્મા દ્વાર ❋

**આત્મા ૮ છે. ૧ દ્રવ્યઆત્મા, ૨ કષાયઆત્મા, ૩ યોગઆત્મા, ૪ ઉપયોગઆત્મા, ૫ જ્ઞાનઆત્મા, ૬ દર્શનઆત્મા, ૭ ચારિત્રઆત્મા, ૮ વીર્યઆત્મા.**

| ગુણસ્થાન | આત્મા | ૮માંથી કયા કયા આત્મા હોય? |
|---|---|---|
| ૧લે, ૩જે ગુણસ્થાને | ૬ આત્મા | જ્ઞાનઆત્મા, ચારિત્રઆત્મા એ બે વર્જીને ૬. |
| ૨જે, ૪થે ગુણસ્થાને | ૭ આત્મા | ચારિત્રઆત્મા વર્જીને ૭. |
| ૫મે ગુણસ્થાને | ૭ આત્મા | ચારિત્રઆત્મા વર્જીને. દેશ (આંશિક) ચારિત્ર. |
| ૬ઠ્ઠે થી ૧૦મે ગુણ. | ૮ આત્મા | --------------------------- |
| ૧૧, ૧૨, ૧૩મે ગુણ. | ૭ આત્મા | કષાયઆત્મા વર્જીને ૭. (જુઓ વિશેષ સમજણ) |
| ૧૪મે ગુણસ્થાને | ૬ આત્મા | કષાયઆત્મા ને જોગઆત્મા વર્જીને ૬. |
| સિધ્ધમાં | ૪ આત્મા | જ્ઞાન, દર્શન, દ્રવ્ય અને ઉપયોગઆત્મા. |

## ❋ સોળમો જીવ ભેદ દ્વાર ❋

| ગુણસ્થાન | જીવના ૧૪ ભેદમાંથી કેટલા ભેદ હોય? |
|---|---|
| ૧લે ગુણસ્થાને | ૧૪ ભેદ |
| ૨જે ગુણસ્થાને | ૬[1] ભેદ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયએ ૪ અપર્યાપ્તા ને સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા,પર્યાપ્તા એ ૬. |
| ૩જે ગુણસ્થાને | ૧[2] ભેદ સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો. |
| ૪થે ગુણસ્થાને | ૨ ભેદ સંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો, પર્યાપ્તો એ બે. |
| ૫થી ૧૪મે ગુણ. | ૧[3] ભેદ સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો. |

---

**૧૫. આત્મા દ્વાર :** જે નિરંતર જ્ઞાન, દર્શન વગેરે પર્યાયમાં રહે છે તેને આત્મા કહે છે. આત્મા જે જે ગુણોમાં પ્રવર્તે તે તે ગુણના નામથી આત્મા ઓળખાય છે.

**૧૬. જીવભેદ દ્વાર :** જીવના ૧૪ ભેદમાંથી કયા ગુણસ્થાને કેટલા અને કયા ભેદ હોય તે બતાવે છે. (૧) કોઈ જીવે પહેલાં વિકલેન્દ્રિય કે અસંજ્ઞી તિર્યંચ પંચે.નું આયુષ્ય બાંધી લીધું હોય પછી ઉપશમ સમકિત પ્રાપ્ત કરીને સાસ્વાદન સમકિતમાં જાય. તેમાં જ કાળ કરે પછી વિકલેન્દ્રિય કે અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં ઉત્કૃષ્ટ ૬ આવલિકામાં કાંઈક ઓછું સુધી સાસ્વાદન સમકિત રહી શકે છે તેથી બીજા ગુણસ્થાનમાં જીવના ૬ ભેદ છે.

(૨) મિશ્ર અવસ્થા માત્ર સંજ્ઞી પર્યાપ્તા જીવને જ હોય છે.

(૩) શ્રાવકના ૧૨ વ્રત, સાધુના મહાવ્રત વગેરે વ્રત, નિયમ, જઘન્ય ગર્ભ સહિત ૯ વર્ષની ઉંમરના પર્યાપ્તા મનુષ્યો જ ગ્રહણ કરી શકે છે.

## ❋ સત્તરમો યોગ દ્વાર ❋

| | | |
|---|---|---|
| ૧લે, ૨જે, ૪થે | ૧૩ યોગ[4] | બે આહારકના વર્જીને. |
| ૩જે ગુણસ્થાને | ૧૦ યોગ[1] | બે આહારક, ઔ.મિશ્ર, વૈ.મિશ્ર, કાર્મણ, ૫ વર્જી. |
| પાંચમે ગુણસ્થાને | ૧૨ યોગ | આહારકના બે અને કાર્મણનો એક, ૩ વર્જીને. |
| છઠ્ઠે ગુણસ્થાને | ૧૪ યોગ[2] | ૧ કાર્મણનો વર્જીને. |
| ૭મે થી ૧૨મે | ૯ યોગ[3] | ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિક કાયયોગ. |
| ૧૩મે ગુણસ્થાને | ૫ યોગ[4] | ૨ મનના, ૨ વચનના, ૧ ઔદારિકનો એ પાંચ. |
| અથવા | ૭ યોગ[5] | ૧ ઔદારિક મિશ્ર, ૧ કાર્મણ કાયયોગ ઉમેરીને. |
| ૧૪મે ગુણસ્થાને | ----- | અયોગી |

## ❋ અઢારમો ઉપયોગ દ્વાર ❋

| ગુણસ્થાન | ભેદ સંખ્યા | ૧૨માંથી કયા કયા ઉપયોગ ૧/૨ હોય? |
|---|---|---|
| ૧લે, ૩જે ગુણ. | ૬ ઉપ. | ૩ અજ્ઞાન ને ૩ દર્શન. (મતિ, શ્રુત, વિભંગજ્ઞાન) |
| ૨જે, ૪થે, ૫મે | ૬ ઉપ. | ૩ જ્ઞાન ને ૩ દર્શન. (મતિ, શ્રુત, અવધિજ્ઞાન) |
| ૬ થી ૧૨ ગુણ. | ૭ ઉપ. | ૪ જ્ઞાન ને ૩ દર્શન. (દશમા ગુણસ્થાને લબ્ધિની અપેક્ષાએ ઉપયોગ ૭. પરંતુ ૧૦મે માત્ર સાકાર ઉપયોગ હોવાથી ૪ ઉપયોગ જ્ઞાનના.) |
| ૧૩મે, ૧૪મે, સિદ્ધ | ૨ ઉપ. | કેવળજ્ઞાન અને કેવળદર્શન. |

---

**૧૭. યોગ દ્વાર :** યોગની વ્યાખ્યા વ. જુઓ જૈન પાઠાવલી- ૨, પાનું ૧૯૪. (૧) મિશ્ર ગુણસ્થાન માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને જ હોવાથી ત્યાં મિશ્ર યોગ કે કાર્મણ યોગ ન હોય. (૨) આહારક કાયયોગ માત્ર છઠ્ઠા ગુણસ્થાનવાળા પ્રમાદિ સાધુને જ હોય છે. (૩) અપ્રમાદિ સાધુ લબ્ધિ ફોરવે નહીં તેથી ૭મે ગુણસ્થાને આહારકના બે, વૈક્રિયના બે તથા ઔદારિકમિશ્ર કાયયોગ ન હોય. પ્રજ્ઞાપના સૂત્ર-૨૧મું શરીર પદ, બીજો કર્મગ્રંથમાં આહારક શરીર કે તેના અંગોપાંગ માત્ર પ્રમાદિ સાધુમાં (છઠ્ઠું ગુણ.) જ બતાવ્યા છે. (૪) કાર્મણ કાયયોગ વિગ્રહગતિએ વાટે વહેતામાં (ગુણ. ૧, ૨, ૪) તથા કેવળ સમુદ્ઘાતના ૩, ૪, ૫ મા સમયે જ હોય. (૫) જે કેવળી ૧૩મે ગુણસ્થાને કેવળ સમુદ્ઘાત કરે તેમને જ કાર્મણ કાયયોગ તથા ઔદારિક મિશ્ર કાયયોગ હોય અન્ય કોઈ કેવળીને ન હોય. (૬) પંચસંગ્રહ, કર્મગ્રંથ ચોથો વ.માં ૭મે ગુણ. ૧૧ યોગ માને છે.

**૧૮. ઉપયોગ દ્વાર :** ઉપયોગની વ્યાખ્યા વ. જુઓ જૈન પાઠાવલી-૨, પાનું ૧૯૨. (૧) સમકિતી જીવને જ્ઞાન તથા મિથ્યાત્વી જીવને અજ્ઞાન હોય. (૨) કેવળદર્શન આવે તો અચક્ષુદર્શન જાય અન્યથા ચારે ગતિના સર્વ જીવોને અચક્ષુ દર્શન તો હોય જ.

## ❋ ઓગણીસમો લેશ્યા દ્વાર ❋

| ગુણસ્થાન | સંખ્યા | કઈ કઈ લેશ્યા હોય? |
|---|---|---|
| ૧ થી ૬ ગુણસ્થાને | ૬[૧] લેશ્યા | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ લેશ્યા. |
| ૭મે ગુણસ્થાને | ૩ લેશ્યા | તેજો, પદ્મ, શુકલ લેશ્યા. (માત્ર શુભ લેશ્યા) |
| ૮મે થી ૧૨મે ગુણ. | ૧[૨] લેશ્યા | શુક્લ લેશ્યા. |
| ૧૩મે ગુણસ્થાને | ૧[૩]લેશ્યા | પરમ શુક્લ લેશ્યા. |
| ૧૪મે ગુણસ્થાને | ----- | અલેશી. |

## ❋ વીસમો ચારિત્ર દ્વાર ❋

| ગુણસ્થાન | સંખ્યા | પાંચમાંથી કયા કયા ચારિત્ર હોય? |
|---|---|---|
| ૧ થી ૪ ગુણ. | --- | કોઈ ચારિત્ર નથી. |
| ૫મે ગુણ. | --- | દેશથી સામાયિક ચારિત્ર છે. |
| ૬ટ્ઠે, ૭મે ગુણ. | ૩[૪] ચા | સામાયિક, છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ ચારિત્ર. |
| ૮મે, ૯મે ગુણ. | ૨ ચા | સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર. |
| ૧૦મે ગુણ. | ૧ ચા | સૂક્ષ્મસંપરાય ચારિત્ર. |
| ૧૧મે થી ૧૪મે | ૧[૫] ચા | યથાખ્યાત ચારિત્ર લાભે. |

## ❋ એકવીસમો સમકિત દ્વાર ❋

| ગુણસ્થાન | સંખ્યા | પાંચ સમકિતમાંથી કયા કયા? |
|---|---|---|
| ૧લે, ૩જે ગુણ. | -- | સમકિત નથી. (જુઓ વિશેષ સમજણ) |
| ૨જે ગુણ. | ૧ | સાસ્વાદન સમકિત. |
| ૪થે, ૫મે, ૬ઠ્ઠે, ૭મે | ૪ | ઉપશમ, ક્ષયોપશમ, વેદક અને ક્ષાયિક સમકિત. |
| ૮મે થી ૧૧મે | ૨ | ઉપશમ સમકિત અને ક્ષાયિક સમકિત. |
| ૧૨ થી ૧૪, સિદ્ધ | ૧ | ક્ષાયિક સમકિત. |

---

૧૯. લેશ્યા દ્વાર : લેશ્યાની વ્યાખ્યા વ. જુઓ જૈન પાઠાવલી-૨, પાનું ૧૯૦.
(૧) પ્રમાદ અવસ્થા સુધી ૬ લેશ્યા. (૨) શ્રેણીમાં માત્ર ૧ શુક્લ લેશ્યા હોય.
(૩) ૧૩મે થી ૧૪મે જતાં પરમશુક્લ લેશ્યા.
૨૦. ચારિત્ર દ્વાર : ચારિત્રની વ્યાખ્યા વ. જુઓ જૈન પાઠાવલી-૨, પાનું ૧૦૨. ચારિત્ર એટલે દીક્ષા/સંયમ. (૪) પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળા સાધુ શ્રેણી કરે નહીં તેથી ગુણસ્થાન ૬ અને ૭. (૫) વીતરાગી જીવોમાં માત્ર યથાખ્યાત ચારિત્ર હોય.
૨૨. અલ્પબહુત્વ દ્વાર : અલ્પ એટલે ઓછું અને બહુત્વ એટલે વધારે. જેમાં ક્રમથી ઓછા કરતાં વધતાપણું બતાવ્યું છે.

## ❃ બાવીસમો અલ્પબહુત્વ દ્વાર ❃

સર્વથી થોડા ૧૧મા ગુણસ્થાનવાળા, પ્રથમ સમયે ઉપશમ-શ્રેણીવાળા ૫૪ જીવ લાભે.
તેથી ૧૨મા ગુણ.વાળા સંખ્યાતગુણા, પ્રથમ સમયે ક્ષપક-શ્રેણીવાળા ૧૦૮ લાભે.
તેથી ૮મા, ૯મા, ૧૦મા ગુણ.વાળા સંખ્યાતગુણા, પ્રત્યેક સો (૨૦૦ થી ૯૦૦)
તેથી ૧૩મા ગુણસ્થાનવાળા સંખ્યાતગુણા, પ્રત્યેક ક્રોડ (૨ ક્રોડ થી ૯ કોડ)
તેથી ૭મા ગુણ.વાળા સંખ્યાતગુણા, પ્રત્યેક સો કોડ (૨૦૦ ક્રોડ થી ૯૦૦ કોડ)
તેથી ૬ટ્ઠા ગુણ.વાળા સંખ્યાતગુણા, પ્રત્યેક હજાર ક્રોડ (૨૦૦૦ થી ૯૦૦૦ ક્રોડ)
તેથી પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્યાતગુણા, તિર્યંચ શ્રાવક ભળ્યા માટે.
તેથી બીજા ગુણસ્થાનવાળા અસંખ્યાતગુણા, ૪ ગતિમાં હોય માટે.
તેથી ત્રીજા ગુણસ્થાનવાળા અસંખ્યાતગુણા, ૪ ગતિમાં વિશેષ છે માટે.
તેથી ચોથા ગુણસ્થાનવાળા અસંખ્યાતગુણા, સ્થિતિ લાંબી છે માટે.
તેથી ચૌદમા ગુણસ્થાનવાળા ને સિદ્ધ ભગવંત અનંતગુણા.
તેથી પહેલા ગુણસ્થાનવાળા અનંતગુણા, એકેન્દ્રિય વ. સર્વ મિથ્યાદષ્ટિ ઉમેરતાં.

卐卐 ઈતિ ગુણસ્થાનના ૨૨ દ્વાર સંપૂર્ણ 卐卐

## ૧૪ ગુણસ્થાન ઉપર ૯ ક્ષેપક દ્વાર

પ્રથમ હેતુ દ્વાર : કર્મબંધનના મૂળ હેતુ પાંચ છે તેના ઉત્તર હેતુ ૫૭ છે.
૫ મિથ્યાત્વ (પ્રથમ પાંચ), ૧૨ અવ્રત (૬ કાયની અયત્ના, ૫ ઈન્દ્રિય તથા ૧ મન વશમાં ન રાખવા), ૨૫ કષાય (૧૬ કષાય ૯ નોકષાય) અને ૧૫ યોગ.

| | | |
|---|---|---|
| ૧લે | ૫૫ | ૫૭માંથી આહારકના બે વર્જીને. (કારણ દ્વારના આધારે સમજવું) |
| ૨જે | ૫૦ | ૫૫માંથી ૫ મિથ્યાત્વના વર્જીને. |
| ૩જે | ૪૩ | ૫૦માંથી અનંતાનુબંધીના ૪ અને ૨ મિશ્ર, ૧ કાર્મણ યોગ વર્જીને, |
| ૪થે | ૪૬ | ઉપરના ૪૩માં ૨ મિશ્ર, ૧ કાર્મણ યોગ ઉમેરીને. |
| ૫મે | ૪૦ | ત્રસકાય અયત્ના, ૪ અપ્રત્યાખ્યાની કષાય, ૧ કાર્મણ યોગ વર્જીને. |
| ૬ઠ્ઠે | ૨૭ | ૧૩ કષાય (સંજવલનના ૪, ૯ નોકષાય), ૧૪ યોગ/કાર્મણ વર્જી. |
| ૭મે | ૨૨ | ૧૩ કષાય અને ૯ યોગ (૪ મનનાં, ૪ વચનના, ૧ ઔદારિક). |
| ૮મે | ૨૨ | ૧૩ કષાય અને ૯ યોગ (૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિક). |
| ૯મે | ૧૬ | ૭ કષાય (૪ સંજ્વલનના અને ૩ વેદ) અને ૯ યોગ ઉપર પ્રમાણે. |
| ૧૦મે | ૧૦ | ૧ સંજ્વલનનો લોભ અને ૯ યોગ ઉપર પ્રમાણે. |
| ૧૧/૧૨મે | ૯ | ૯ યોગ ઉપર પ્રમાણે. |
| ૧૩મે | ૭ | ૭ યોગ (૨ મનના, ૨ વચનના, ૨ ઔદારિક, ૧ કાર્મણ કાયયોગ). |
| ૧૪મે | -- | અબંધક. 卐 પ્રમાદના પેટાભેદ નથી તેથી ઉત્તરગુણ ગણેલ નથી. |

## ❋ બીજો દંડક દ્વાર ❋

| | | |
|---|---|---|
| ૧લે ગુણસ્થાને | ૨૪ દંડક | ----------- |
| ૨જે ગુણસ્થાને | ૧૯ દંડક | ૫ સ્થાવરના દંડક વર્જીને. |
| ૩જે, ૪થે ગુણ. | ૧૬ દંડક | ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિયના ૮ દંડક વર્જીને. |
| ૫મે ગુણસ્થાને | ૨ દંડક | ૧ મનુષ્ય, ૧ તિર્યંચ પંચેન્દ્રિય. (બન્ને સંજ્ઞી) |
| ૬ઠ્ઠા થી ૧૪મા | ૧ દંડક | ૧ મનુષ્યનો દંડક. |

## ❋ ત્રીજો જીવાયોનિ દ્વાર ❋

| | | |
|---|---|---|
| ૧લે ગુણસ્થાને | ૮૪ લાખ | જીવાયોનિ. |
| ૨જે ગુણસ્થાને | ૩૨ લાખ | એકેન્દ્રિયની ૫૨ (બાવન) લાખ વર્જીને. |
| ૩જે, ૪થે ગુણ. | ૨૬ લાખ | ૩૨ લાખમાંથી વિકલેન્દ્રિયની ૬ લાખ વર્જીને. |
| ૫મે ગુણસ્થાને | ૧૮ લાખ | ૪ લાખ તિર્યંચ પંચે.૧૪ લાખ મનુષ્યની. |
| ૬ઠ્ઠા થી ૧૪મા | ૧૪ લાખ | મનુષ્યની. |

## ❋ ચોથો અંતર દ્વાર ❋

પહેલે[1] ગુણસ્થાને જ. અંતર્મુહૂર્ત ઉ. ૬૬ સાગર ઝાઝેરાનું. બીજા[2] ગુણસ્થાનથી અગિયારમા ગુણસ્થાનનું અંતર જ. અંતર્મુહૂર્તનું ઉ. દેશે ઊણું અર્ધપુદ્ગલ. બારમે, તેરમે ને ચૌદમે ગુણસ્થાને આંતરું નથી. એ એક જીવ આશ્રી.

## ❋ પાંચમો ધ્યાન દ્વાર ❋

પહેલે, બીજે, ત્રીજે ગુણસ્થાને બે ધ્યાન, આર્ત્ત, રૌદ્રધ્યાન. ચોથે, પાંચમે ગુણસ્થાને પ્રથમના ત્રણ ધ્યાન. છઠ્ઠે ગુણસ્થાને બે ધ્યાન તે આર્ત્તધ્યાન અને ધર્મધ્યાન. સાતમે ગુણસ્થાને ૧ ધર્મધ્યાન. આઠમેથી ચૌદમે ગુણ. સુધી ૧ શુક્લધ્યાન.

---

૨. દંડક દ્વાર : પ્રત્યેક ગુણસ્થાનમાં પ્રવર્તતો જીવ કયા દંડકોમાં મળી શકે તે બતાવતો દ્વાર.

૩. જીવાયોની દ્વાર : જીવોના ઉત્પત્તિસ્થાનને જીવાયોનિ કહે છે. જીવ જ્યાં ઉત્પન્ન થઈ પ્રથમ આહાર કરે છે તેને યોનિ કહે છે.

દંડક અને જીવાયોનિ દ્વાર : ૧૬મા જીવભેદ દ્વારના આધારે સમજવા.

૪. અંતર દ્વાર : જીવ જે ગુણસ્થાને હોય તે ગુણસ્થાનને છોડયા પછી ફરી પાછો કેટલા સમયમાં તે ગુણસ્થાને આવી શકે તે બતાવતો દ્વાર. (૧) ક્ષયોપશમ સમકિતની ઉ. સ્થિતિ ૬૬ સાગર ઝાઝેરી છે તે અપેક્ષા પ્રથમ ગુણસ્થાનનું અંતર છે. (૨) એકવાર પ્રથમ ગુણસ્થાન છોડેલ જીવ ઉ. દેશે ઊણું અર્ધપુલમાં મોક્ષ પામી જાય છે તે અપેક્ષા ૨ થી ૧૧ ગુણસ્થાનનું અંતર બતાવેલ છે.

## ❋ છઠ્ઠો સ્પર્શના દ્વાર ❋ (જુઓ વિશેષ સમજણ)

પહેલું ગુણસ્થાન ૧૪ રાજલોક[૧] સ્પર્શે.
બીજું ગુણસ્થાન નીચી દિશામાં છઠ્ઠી નરકથી તે પંડગવન સુધી સ્પર્શે તથા ઊંચી દિશામાં ૯ ગ્રૈવેયકથી અધોલોકમાંની વપ્રા અને સલિલાવતી[૨] વિજય સુધી સ્પર્શે.
ત્રીજું ગુણસ્થાન[૩] લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે.
ચોથું ગુણસ્થાન[૨] અધોલોકમાંની વપ્રા, સલિલાવતી વિજયથી અનુત્તર વિમાન સુધી સ્પર્શે અથવા નીચી દિશામાં પંડગવનથી છઠ્ઠી નરક સુધી સ્પર્શે.
૫મું ગુણ. અધોલોકમાંની વપ્રા, સલિલાવતી વિજયથી ૧૨મા દેવલોક સુધી.
છઠ્ઠું ગુણ. અધોલોકમાંની વપ્રા, સલિલાવતી વિજયથી ૯ ગ્રૈવેયક સુધી.
૭માથી ૧૨મું ગુણસ્થાન[૩] લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે.
૧૩મું ગુણસ્થાન[૪] સર્વલોક સ્પર્શે (તે કેવળસમુદ્ઘાત અપેક્ષા) વિશેષ સમજણ
૧૪મું ગુણસ્થાન[૩] લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે.

## ❋ સાતમો દ્વાર ❋

(૧) વાટે વહેતા[૫] જીવના ગુણસ્થાન ત્રણ તે ૧, ૨, ૪.
(૨) અપડિવાઈ[૬] ગુણસ્થાન ત્રણ તે ૧૨, ૧૩, ૧૪.

---

૬. સ્પર્શના દ્વાર : જીવ જે ગુણસ્થાને હોય તે ગુણસ્થાનમાં રહીને જ આત્મપ્રદેશના વિસ્તાર દ્વારા ૧૪ રાજલોકમાંથી જેટલાં ક્ષેત્રને સ્પર્શે તે સ્પર્શના. 卐છદ્મસ્થ જીવની મારણાંતિક સમુદ્ઘાત અને કેવળીની કેવળ સમુદ્ઘાત અપેક્ષાએ સ્પર્શના દ્વાર બતાવેલ છે. (૧) ૧લા ગુણસ્થાનવાળા એકેન્દ્રિય જીવ મારણાંતિક સમુદ્ઘાત દ્વારા લોકના એક છેડેથી લોકના બીજે છેડે સ્પર્શે તે અપેક્ષા. (૨) પંડગવનમાં રહેલ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ મારણાંતિક સમુદ્ઘાત કરી છઠ્ઠી નરકના નારકીપણે ઉત્પન્ન થાય ત્યારે. 卐ઊંચે વપ્રા તથા સલિલાવતી વિજયમાંથી મારણાંતિક સમુદ્ઘાત કરીને ૯મી ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય ત્યારે. [ચોથા ગુણ.ની સ્પર્શના અનુત્તર વિમાનથી મનુષ્યની અપેક્ષાએ બતાવી છે.] (૩) ૩જું ગુણ., ૭ થી ૧૨ અને ૧૪મા ગુણસ્થાનમાં મારણાંતિક સમુદ્ઘાત નથી હોતી તેથી પોતપોતાના શરીરની અવગાહના પ્રમાણે જ સ્પર્શના. (૪) ૧૩મા ગુણસ્થાને કેવળ સમુદ્ઘાત અપેક્ષા સર્વલોકને સ્પર્શે.
૭. મો દ્વાર : (૫) જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય ત્યારે તેને વાટે વહેતા કહે છે. (૬) જે ગુણ કે અવસ્થાની પ્રાપ્તિ પછી જીવ પાછો ફરતો નથી તે અપડિવાઈ છે.

(૩) અમર ગુણસ્થાન ત્રણ તે ૩, ૧૨, ૧૩.

(૪) તીર્થંકરનામ[૪] ગોત્ર ૫ ગુણસ્થાને બાંધે ૪, ૫, ૬, ૭, ૮.

(૫) તીર્થંકર[૫] પાંચ ગુણસ્થાન ન સ્પર્શે તે ૧, ૨, ૩, ૫, ૧૧.

(૬) શાશ્વતા[૬] ગુણસ્થાન ૧, ૪, ૫, ૬, ૧૩.

(૭) અણાહારક[૭] ગુણસ્થાન પાંચ તે ૧, ૨, ૪, ૧૩, ૧૪.

(૮) તદ્‌ભવ મોક્ષગામી[૮] જીવ ૧૩ ગુણસ્થાન સ્પર્શે. તે ૧૧મું વર્જીને બધા. કોઈ અંતકૃત જીવ ૧-૨-૩-૫-૬-૧૧ વર્જીને ૮ ગુણસ્થાન સ્પર્શે.

## ❃ આઠમો સંઘયણ દ્વાર ❃

૧ થી ૭ ગુણસ્થાને ૬ સંઘયણ લાભે.

૮ થી ૧૧ ગુણસ્થાને ૩ ઉપશમ શ્રેણીવાળાને પ્રથમ ૩ સંઘયણ લાભે.

૮ થી ૧૪ ગુણસ્થાને ૧ ક્ષપક શ્રેણીવાળાને સંઘયણ ૧ વજ્રઋષભનારાચ સંઘયણ.

## ❃ નવમો સાહરણ દ્વાર ❃

આર્યાજી (સાધ્વી), અવેદી, પરિહાર વિશુદ્ધ ચારિત્રવંત, પુલાક લબ્ધિવંત, અપ્રમત્ત સાધુ, ૧૪ પૂર્વી સાધુ, આહારક શરીર અને કેવળીનું કોઈ દેવતા સાહરણ કરી શકે નહીં.

(૩) <u>અમર</u> એટલે જે ગુણ.ને જીવ કાળ કરતો નથી, મરતો નથી. (૪) જેને કારણે જીવ આવતે ભવે તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે તે <u>તીર્થંકર નામગોત્ર</u> છે. (૫) તીર્થંકર ભગવાન શ્રાવકધર્મ સ્વીકારતા નથી તથા ઉપશમ શ્રેણી પણ કરતા નથી. (૬) <u>શાશ્વતા</u> એટલે સદાકાળ રહેવાવાળા, કયારેય તે ગુણસ્થાનમાં કોઈ જીવ ન હોય તેવું ન બને. <u>શાશ્વતા</u> એટલે જે કાયમ ટકી રહે તે. જેનો નાશ ન થાય તે. (૭) <u>અણાહારક</u> એટલે ઓજ, રોમ કે કવળ ત્રણમાંથી કોઈપણ એક અથવા અનેક પ્રકારનો આહાર ન કરવાવાળા જીવો. <u>અણાહારક</u> એટલે ઔદારિક આદિના પુદ્‌ગલોને ગ્રહણ ન કરવાવાળા. ૧) વાટે વહેતાં જીવ વિગ્રહ ગતિમાં, ૨) કેવળી સમુદ્‌ઘાતનાં ૩, ૪, ૫મા સમયે તથા ૩) ૧૪મા ગુણસ્થાને જીવ <u>અણાહારક</u> હોય છે. (૮) <u>તદ્‌ભવ મોક્ષગામી</u> એટલે તે જ ભવમાં મોક્ષમાં જવાવાળો જીવ. જેનો મનુષ્ય ગતિમાં અંતિમ ભવ છે અને હવે મોક્ષ પધારી જશે તે. તે જીવ ૧૧મું છોડીને બધાં જ ગુણસ્થાન આ ભવમાં સ્પર્શી શકે છે. <u>૯મો દ્વાર</u> : <u>સાહરણ</u> એટલે દેવ આદિ દ્વારા બળજબરીથી ઉપાડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકી દેવું.

| | દ્વાર ૩ | ૪ | ૫ | ૬ | ૭,૮,૧૦ | ૯ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુણ | સ્થિતિ દ્વાર | ક્રિયા દ્વાર | સત્તા | બંધ દ્વાર | વેદ,ઉ, નિર્જરા | ઉદીરણા દ્વાર | ભાવ દ્વાર | કારણ દ્વાર | પરિષહ દ્વાર | માર્ગણા દ્વાર | આત્મા દ્વાર | જીવભેદ દ્વાર | યોગ દ્વાર | ઉપયોગ દ્વાર | લેશ્યા દ્વાર | ચારિત્ર દ્વાર | સમકિત દ્વાર | અલ્પબહુત્વ દ્વાર |
| ૧ | અઅ,અ,સાં,સા.સા. જ.અંત. ઉ.દેશે ઊણું અર્ધ પુ.પ. | ૨૪,ઈરિયા વહિયા વર્જીને | ૮ | ૮ કે ૭ આયુ વર્જી | ૮ | ૮, ૭, ૬ આયુ, વેદ વર્જી | ૩, ઉદય, ક્ષયોપશમ પરિણમિક | ૫ | ૨૨, દુઃખરૂપ, નિર્જરા નહીં | ૩,૪, ૫,૭ ચડે | ૬,જ્ઞાન. ચરિત્ર વર્જીને, | ૧૪ | ૧૩, આહારક વર્જીને | ૬,૩ અજ્ઞાન, ૩ દર્શન પ્રથમ | ૬ | ૦ | ૦ | અંસ.ગુણ એકેન્દ્રિય વધ્યા (૧૨) |
| ૨ | જ. ૧ સમય ઉ. ૬ અવલિકા | ૨૪,ઈરિયા વહિયા વર્જીને | ૮ | ૮ કે ૭ આયુ વર્જી | ૮ | ૮, ૭, ૬ આયુ, વેદ વર્જી | ૩, ઉદય, ક્ષયોપશમ પરિણમિક | ૪ મિ વર્જી | ૨૨, દુઃખરૂપ, નિર્જરા નહીં | ૧ લે જાય | ૭, ચરિત્ર વર્જીને | ૬,બે,તે,ચૌ, અસં પઅ., પંસંજ્ઞી અપપ | ૧૩, આહારક વર્જીને | ૬,૩ જ્ઞાન, ૩ દર્શન પ્રથમ | ૬ | ૦ | ૧, સાસ્વા. | અંસખ્યગુણ ચારે ગતિમાં છે. (૮) |
| ૩ | જ. અંત ઉ. અંત | ૨૪,ઈરિયા વહિયા વર્જીને | ૮ | ૭ આયુ વર્જી | ૮ | ૮, ૭, ૬ આયુ, વેદ વર્જી | ૩, ઉદય, ક્ષયોપશમ પરિણમિક | ૪ મિ વર્જી | ૨૨, દુઃખરૂપ, નિર્જરા નહીં | ૪,૫,૭ જાય ૧ આવે | ૬,જ્ઞાન. ચરિત્ર વર્જીને, | ૧, સંજ્ઞી પંચે પર્યા, | ૧૦ ૪મ,૪વ, ૧ઔ૧વૈ, | ૬,૩ અજ્ઞાન, ૩ દર્શન પ્રથમ | ૬ | ૦ | ૦ | અંસખ્યગુણ ચારે ગતિમાં છે. (૯) |
| ૪ | જ. અંત ઉ. ૩૩ સાગર ઝઝેરી | ૨૩,ઈરિયા મિથ્યાત્વ વર્જીને | ૮ | ૮ કે ૭ આયુ વર્જી | ૮ | ૮, ૭, ૬ આયુ, વેદ વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૪ મિ વર્જી | ૨૨, દુઃખરૂપ, નિર્જરા નહીં | આવે ૧,૨,૩, ૫,૭,જાય | ૭,ચરિત્ર વર્જીને | ૨ સંજ્ઞી પંચે અપ અને પર્યા | ૧૩, આહારક વર્જીને | ૬,૩ જ્ઞાન, ૩ દર્શન | ૬ | ૦ | ૪, સાસ્વા વર્જી, | અસંખ્યગુણ સ્થિતિ લાંબી છે(૧૦) |
| ૫ | જ. અંત. ઉ. દેશે ઊણી પૂર્વ ક્રોડ વર્ષ | ૨૨,ઈરિયા મિથ્યા અપચ્ચા. વર્જી | ૮ | ૮ કે ૭ આયુ વર્જી | ૮ | ૮, ૭, ૬ આયુ, વેદ વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૩ મિ અવ્ર.વર્જી | ૨૨, ૨૦ વેદે | ૧,૨,૩, ૪,આવે ૭મે જાય | ૭, ચારિત્ર વર્જી દેશ ચારિત્ર | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૧૨, આહારક કાર્મણ વર્જીને | ૬,૩ જ્ઞાન, ૩ દર્શન | ૬ | દેશ સા. | ૪, સાસ્વા વર્જી, | અસંખ્યગુણ (૭) |
| ૬ | જ.૧ સમય ઉ. દેશે ઊણી પૂર્વ ક્રોડ વર્ષ | ૨૧ પરિગ્રહ વર્જીને | ૮ | ૮ કે ૭ આયુ વર્જી | ૮ | ૮, ૭, ૬ આયુ, વેદ વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૩ મિ અવ્રત વર્જી | ૨૨, ૨૦ વેદે | ૧,૨,૩, ૪,આવે ૭મે જાય | ૮ | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૧૪, કાર્મણ વર્જીને | ૭,૪ જ્ઞાન, ૩ દર્શન | ૬ | ૩, સા, છે,પરિ | ૪, સા. વર્જી, | સંખ્યાત પ્રત્યેક હજાર કોડ (૬) |
| ૭ | જ. ૧ સમય. ઉ. અંતમુર્હૂત | ૧૫ આરંભી, કાઈયા આદિ પંચ વર્જી | ૮ | ૮ કે ૭ આયુ વર્જી | ૮ | ૬ આયુ વેદ વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૨ કષાય ને યોગ | ૨૨, ૨૦ વેદે | ૪,૬, આવે ૮મે જાય | ૮ | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૯, ૪ મન, ૪ વચન, ૧ઔ, | ૭,૪ જ્ઞાન, ૩ દર્શન | ૩ શુભ | ૩, સા, છે,પરિ | ૪, સા. વર્જી, | સંગુણપ્રત્યેક સૌ ક્રોડ (૫) |
| ૮ | જ. ૧ સમય. ઉ. અંતમુર્હૂત | ૧૫ | ૮ | ૭ આયુ વર્જી | ૮ | ૬ આયુ વેદ વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૨ કષાય ને યોગ | ૨૧ દર્શન વર્જી | ૪,૭, આવે ૯મા જાય | ૮ | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૯, ૪ મન, ૪ વચન, ૧ઔ, | ૭,૪ જ્ઞાન, ૩ દર્શન | શુકલ, | ૨, સા,છે, | ૨, ઉ, ક્ષ | અસંગુણ પ્રત્યેક સૌ (૩) |

| | દ્વાર ૩ | ૪ | ૫ | ૬ | ૭,૮,૧૦ | ૯ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુણ | સ્થિતિ દ્વાર | ક્રિયા દ્વાર | સત્તા | બંધ દ્વાર | વેદ,ઉ, નિર્જરા | ઉદીરણા દ્વાર | ભાવ દ્વાર | કારણ દ્વાર | પરિષહ દ્વાર | માર્ગણા દ્વાર | આત્મા દ્વાર | જીવભેદ દ્વાર | યોગ દ્વાર | ઉપયોગ દ્વાર | લેશ્યા દ્વાર | ચારિત્ર દ્વાર | સમક્તિ દ્વાર | અલ્પબહુત્વ દ્વાર |
| ૯ | જ. ૧ સમય. ઉ. અંતમુર્હૂત | ૧૫ | ૮ | ૭ આયુ વર્જી | ૮ | ૬ આયુ વેદ વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૨ કષાય ને યોગ | ૧૮, અ અ બે | ૪,૮, આવે ૧૦ મે જાય | ૮ | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૯, ૪ મન, ૪ વચન, ૧ઔ, | ૭,૪ જ્ઞાન, ૩ દર્શન | શુકલ, | ૨, સા,છે, | ૨, ઉ, ક્ષા | સંગુણ પ્રત્યેક સો (૩) |
| ૧૦ | જ. ૧ સમય. ઉ. અંતમુર્હૂત | ૧૫ | ૮ | ૬ મોહ વર્જી | ૮ | ૬ આયુ વેદ મોહ. વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૨ કષાય ને યોગ | ૧૪ મોહ વર્જી, | ૪,૯,૧૧, ૧૨, | ૮ | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૯, ૪ મન, ૪ વચન, ૧ઔ, | ૭,૪ જ્ઞાન, ૩ દર્શન | શુકલ | ૧, સુક્ષ્મ સં | ૨, ઉ, ક્ષા | અસંગુણ પ્રત્યેક સો (૩) |
| ૧૧ | જ. ૧ સમય. ઉ. અંતમુર્હૂત | ૧, ઈરિયા વિહયા | ૮ | ૧શાતા વેદનીય | ૭ મોહ વર્જી | ૫ અ,વે, મોહ વર્જી | ઉપશમના ૫ ક્ષપક શ્રેણી ૪ લેવાના | ૧ | ૧૪ મોહના વર્જીને, ૧૨ વેદે, | ૪, ૧૦, | ૭, કષાય વર્જી, | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૯, ૪ મન, ૪ વચન, ૧ઔ, | ૭,૪ જ્ઞાન, ૩ દર્શન | શુકલ | ૧,યથા | ૨, ઉ, ક્ષા | સર્વથી થોડા ૫૪ (૧) |
| ૧૨ | જ. અંત ઉ. અંત | ૧, ઈરિયા વિહયા લાભે | ૭ | ૧શાતા વેદનીય | ૭ મોહ વર્જી | ૫/૨, ના,ગો, | ૪ ઉપશમ વર્જી | ૧ | ૧૪મોહ વર્જી, | ૧૩ મેજાય | ૭ | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૯, ૪ મન, ૪ વચન, ૧ઔ, | ૭,૪ જ્ઞાન, ૩ દર્શન | શુકલ | ૧,યથા | ૧, ક્ષાયિક | સંગુણ૧૦૮ (૨) |
| ૧૩ | જ. અંત ઉ. દેશે ઊણી પૂર્વ ક્રોડ વર્ષ | ૧, ઈરિયા વિહયા લાભે | ૪ | ૧ શાતા વેદનીય | ૪ અઘાતી | બેની કરે નામ અને ગોત્રની | ૩, ઉદય ક્ષયિ, પરિણમિક | ૧ | ૧૧ વેદનીય, ૯ વેદે | ૧૪ મે જાય | ૭, કષાય વર્જી, | ૧, સંજ્ઞી પંચે પર્યા | ૭/૫ ૨મ+ ૨વ+ ૧કા | ૨ કેવળજ્ઞાન, કેવળદર્શન | શુકલ | ૧,યથા | ૧, ક્ષાયિક | સંગુણપ્રત્યેક કોડ (૪) |
| ૧૪ | અ, ઈ, ઉ, ઋ, લૃ ઉચ્ચાર કાળ પ્રમાણે | એક પણ નહીં લાભે | ૪ | અબંધ | ૪ અઘાતી | ન કરે | ૩, ઉ, ક્ષ, પા, | ૦૦૦ | ૧૧ વેદનીય | મોક્ષે જાય | ૬ કષાય યોગ વર્જીને | ૧, સંજ્ઞી પંચે પર્યા | અયોગી | ૨, કેવળજ્ઞાન | અલેશી | ૧,યથા | ૧, ક્ષાયિક | સંખ્યાતા (૧૧) |

## નીચે આપેલ પદ્ધતિ પ્રમાણે પ્રશ્ન પૂછી શકાય

પ્ર. ૧) મિથ્યાત્વને ગુણસ્થાન કેમ કહ્યું?

ઉ. ૧) ૭૦ ક્રોડા ક્રોડી સાગર સુધીનાં કર્મ બાંધનાર જીવ અંતો ક્રોડા ક્રોડી સાગરના કર્મસત્તા સુધી આવે પછી જ સમકિત પામી શકે છે. આત્માનો આ વિકાસ મિથ્યાત્વ અવસ્થામાં જ થાય છે, તેથી મિથ્યાત્વને ગુણસ્થાન કહ્યું.

પ્ર. ૨) ૮ કર્મ ની સત્તા, બંધ, વેદ, ઉદય, ઉદિરણા અને નિર્જરા કેટલા ગુણસ્થાન સુધી હોય?

| ઉ. (૨)કર્મ-નામ | સત્તા | બંધ | વેદ/ઉદય/નિર્જરા | ઉદિરણા |
|---|---|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | ૧ થી ૧૨ | ૧ થી ૧૦ | ૧ થી ૧૨ | ૧ થી ૧૨ |
| ૨. દર્શનાવરણીય | ૧ થી ૧૨ | ૧ થી ૧૦ | ૧ થી ૧૨ | ૧ થી ૧૨ |
| ૩. વેદનીય | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ | ૧ થી ૧૪ | ૧ થી ૬ |
| ૪. મોહનીય | ૧ થી ૧૧ | ૧ થી ૯ | ૧ થી ૧૦ | ૧ થી ૧૦ |
| ૫. આયુષ્ય | ૧ થી ૧૪ | ૧ થી ૭-૩જું વર્જી | ૧ થી ૧૪ | ૧ થી ૬ |
| ૬. નામ | ૧ થી ૧૪ | ૧ થી ૧૦ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ |
| ૭. ગોત્ર | ૧ થી ૧૪ | ૧ થી ૧૦ | ૧ થી ૧૪ | ૧ થી ૧૩ |
| ૮. અંતરાય | ૧ થી ૧૨ | ૧ થી ૧૦ | ૧ થી ૧૨ | ૧ થી ૧૨ |

પ્ર. ૩) નીચેના ભાવ કેટલા ગુણસ્થાનમાં હોય?

ઉ. ૩) ૧) ઉદયભાવ : ૧ થી ૧૪. ૨) ઉપશમભાવ : ૮ = ૪ થી ૧૧.
૩) ક્ષાયિકભાવ: ૧૧ = ૪ થી ૧૪, સિદ્ધ. ૪) ક્ષયોપશમભાવ : ૧૨ = ૧ થી ૧૨.
૫)પારિણામિકભાવ : ૧ થી ૧૪, સિદ્ધ. ૬) સન્નિવાઈભાવ : ૧ થી ૧૪, સિદ્ધ.

પ્ર. ૪) કર્મબંધના નીચેનાં કારણો કેટલાં ગુણસ્થાનમાં હોય?

ઉ. ૪) (૧) મિથ્યાત્વ : ૧ = ૧લું. (૨) અવ્રત : ૪ = ૧ થી ૪ ગુણ.
(૩) પ્રમાદ : ૬ =૧ થી ૬ ગુણ. (૪) કષાય : ૧૦ = ૧ થી ૧૦.
(૫) યોગ : ૧૩ = ૧ થી ૧૩.

પ્ર. ૫) નીચેના પરિષહો નિર્જરારૂપે કેટલા ગુણસ્થાનમાં હોય?

ઉ. ૫) (૧) દંસણ- ૧ : ૩ = ૫ થી ૭. (૨) અચેલ, અરતિ, બેસવાનો- ૩ : ૪ = ૫ થી ૮. (૩) સ્ત્રી, આક્રોશ, યાચના, સત્કાર પુરસ્કાર એ ૪ : ૫ = ૫ થી ૯. ૪) પ્રજ્ઞા, અલાભ, અજ્ઞાન- ૩ : ૮ = ૫ થી ૧૨ (૫) ક્ષુધા વ.-૧૧ : ૧૦ = ૫ થી ૧૪

પ્ર. ૬) જીવ જે ગુણસ્થાને હોય ત્યાંથી તે કયા ગુણસ્થાનમાં જઈ શકે તથા કયા ગુણસ્થાનથી સ્વ ગુણસ્થાનમાં પાછો આવી શકે તે બતાવો?

| ગુણ સ્થાન | કયા ગુણ. થી આવી શકાય? | થી કયા ગુણ જઈ શકાય? | ગુણ સ્થાન | કયા ગુણ.થી આવી શકાય? | થી કયા ગુણ. જઈ શકાય? |
|---|---|---|---|---|---|
| ૧લા | ૨, ૩, ૪, ૫, ૬ | ૩, ૪, ૫, ૭ | ૮મા | ૭, ૯ | ૭, ૯, ૪ |
| ૨જા | ૪, ૫, ૬ | ૧ લા | ૯મા | ૮, ૧૦ | ૮, ૧૦, ૪ |
| ૩જા | ૧, ૪, ૫, ૬ | ૧, ૪, ૫, ૭ | ૧૦મા | ૯, ૧૧ | ૯, ૧૧, ૧૨, ૪ |
| ૪થા | ૧, ૩, ૫ થી ૧૧ | ૧, ૨, ૩, ૫, ૭ | ૧૧મા | ૧૦ | ૧૦, ૪ થા |
| ૫મા | ૧, ૩, ૪, ૬ | ૧ થી ૪, ૭ | ૧૨મા | ૧૦ | ૧૩ મા |
| ૬ઠ્ઠા | ૭મા | ૧ થી ૫, ૭ | ૧૩મા | ૧૨ | ૧૪ મા |
| ૭મા | ૧, ૩, ૪, ૫, ૬, ૮ | ૬, ૮, ૪ | ૧૪મા | ૧૩ | મોક્ષમાં |

પ્ર. ૭) નીચેના આત્મા કેટલા ગુણસ્થાનમાં હોય?

ઉ. (૧) કષાય આત્મા : ૧૦ = ૧ થી ૧૦. (૨) યોગ આત્મા : ૧૩ = ૧ થી ૧૩. (૩) જ્ઞાન આત્મા : ૧૨ = ૨, ૪થી ૧૪.સિદ્ધ (૪) ચારિત્ર આત્મા : ૯ = ૬ થી ૧૪ ગુ. (૫) દ્રવ્ય, ઉપ., દર્શન આત્મા : ૧૪ ગુણસ્થાન. સિદ્ધ. વીર્ય આત્મા ૧૪ ગુણ.

પ્ર. ૮) જીવના ૧૪ ભેદમાં કયા અને કેટલા ગુણસ્થાન?

ઉ. (૧) સૂક્ષ્મ એકે. અપ. પ., બાદર એકે. અપ. પ., બેઈન્દ્રિયના પર્યાપ્તા, તેઈન્દ્રિયના પર્યાપ્તા, ચૌરેન્દ્રિય પર્યાપ્તા, અસંજ્ઞી પંચે. પર્યાપ્તા : ૧લું. (૨) બેઈન્દ્રિય અયપર્પાપ્તા, તેઈન્દ્રિયના અયપર્પાપ્તા, ચૌરેન્દ્રિયના અપર્યાપ્તા, અસંજ્ઞી પંચે. અપર્યાપ્તા : ૨ (૧લું, ૨જું). (૩) સંજ્ઞી પંચે. અપર્યાપ્તા : ૩ (૧, ૨, ૪). (૪) સંજ્ઞી પંચે. પર્યાપ્તા. ૧૪.

પ્ર. ૯) ચાર ગતિ અને જીવના ૫૬૩ ભેદ પ્રમાણે ગુણસ્થાન ગોઠવો.

ઉ. ૪ ગતિ : (૧) નરક : ૧ થી ૪ ગુણસ્થાન, (૨) તિર્યંચ : ૧ થી ૫ ગુણ. (૩) મનુષ્યઃ ૧ થી ૧૪ ગુણસ્થાન, (૪) દેવઃ ૧ થી ૪ ગુણસ્થાન

## ૧૪. ગુણસ્થાન ઉપર જીવના ૫૬૩ ભેદ

| | | |
|---|---|---|
| ૧લે ગુણ. | ૫૫૩ | અનુત્તર વિમાનનાં ૧૦ ભેદ વર્જીને. |
| ૨જે ગુણ. | ૨૧૩ | નારકી ૧૩+તિર્યંચના ૧૮+મનુષ્યના ૩૦+દેવના ૧૫૨. |
| ૩જે ગુણ. | ૧૦૩ | નારકી૭+તિર્યંચ ૫+મનુષ્ય ૧૫+દેવ ૭૬ પર્યાપ્તા. |
| ૪થે ગુણ. | ૨૭૫ | નારકી ૧૩+તિર્યંચના ૧૦+મનુષ્યના ૯૦+દેવના ૧૬૨. |
| ૫મે ગુણ. | ૨૦ | તિર્યંચના ૫+મનુષ્યના ૧૫ પર્યાપ્તા. |
| ૬ થી ૧૪ | ૧૫ | ૧૫ કર્મભૂમિના મનુષ્ય પર્યાપ્તા. |

પ્ર. ૧૦) નીચેના યોગ કેટલાં ગુણસ્થાનમાં હોય?

ઉ. (૧) સત્ય મન-વચન, વ્યવહાર મન-વચન,ઔદા.,: ૧૩ પ્રથમ. (૨)

ઔદા.મિશ્ર કાયયોગ ૧,૨,૪,૫,૬,૧૩ (૩) અસત્ય મન-વચન, મિશ્ર મન-વચનઃ ૧ થી ૧૨. (૪) આહારક કાયયોગઃ ૧=૬ટ્ઠું. (૫) વૈક્રિય કાયયોગઃ ૧થી ૬. (૬) આહારક મિશ્ર કાયઃ ૧= છટ્ઠું (૭) વૈક્રિય મિશ્ર કાય.: ૫= ૧,૨,૪,૫,૬. (૮) કાર્મણ કાયયોગઃ ૪ = ૧,૨,૪,૧૩,

પ્ર. ૧૧) નીચેના ઉપયોગમાં કેટલા ગુણસ્થાનવાળા હોય?

ઉ. ૧૧) (૧) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન : ૧૦ (૨જું અને ૪ થી ૧૨) (૨) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન : ૧ થી ૧૨ ગુણ. (૩) મતિ, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન : ૧લું અને ૩જું. (૪) કેવળજ્ઞાન, કેવળદર્શન : ૨ = ૧૩, ૧૪. સિદ્ધ. (૫) મનઃપર્યવજ્ઞાન : ૬ થી ૧૨.

પ્ર. ૧૨) નીચેની લેશ્યા કેટલા ગુણસ્થાનમાં લાભે?

ઉ. (૧) કૃષ્ણ, નીલ અને કાપોત : ૧ થી ૬. (૨) તેજો, પદ્મ : ૧ થી ૭ ગુણ. (૩) શુકલ : ૧ થી ૧૩ ગુણ. (૪) અલેશી : ૧૪મું, સિદ્ધ.

પ્ર. ૧૩) નીચેના ચારિત્ર કેટલા ગુણસ્થાનમાં લાભે?

ઉ. (૧) સામાયિક, છેદોપ. : ૪ = ૬ થી ૯. (૨) પરિહાર વિશુદ્ધ : ૨ = ૬, ૭ ગુણ. (૩) સૂક્ષ્મ સંપરાય : ૧= ૧૦મું ગુણ. (૪) યથાખ્યાત : ૪ = ૧૧ થી ૧૪. (૫) દેશ સામાયિક : ૧ = પાંચમું.

પ્ર. ૧૪) નીચેના સમકિત કેટલા ગુણસ્થાનમાં લાભે?

ઉ. ૧૪) (૧) સાસ્વાદન : બીજું ગુણ. (૨) ઉપશમ : ૮ =૪ થી ૧૧ ગુણ. (૩) વેદક સમકિત : ૪ = ૪ થી ૭ ગુણ. (૪) ક્ષયોપશમ : ૪ = ૪ થી ૭ ગુણ. (૫) ક્ષાયક : ૧૧ = ૪ થી ૧૪ ગુણ.

પ્ર. ૧૫) નીચેના દંડકમાં ગુણસ્થાન કેટલા?

(૧) દેવના ૧૩ દંડક : ૪ = ૧ થી ૪. (૨) નારકી ૧ દંડક : ૪ = ૧ થી ૪.
(૩) સ્થાવરના ૫ દંડક : ૧લું ગુણ. (૪) વિકલેન્દ્રિયના ૩ દંડક : ૧લું, બીજું
(૫) તિર્યંચ પંચેન્દ્રિય ૧ દંડકઃ ૧ થી ૫. (૬) મનુષ્યનો ૧ દંડકઃ ૧ થી ૧૪ ગુણ.

પ્ર. ૧૬) નીચે જણાવેલ જીવાયોનિવાળાનાં ગુણસ્થાન કેટલા?

ઉ. ૧૬) (૧) ૫૨ લાખ એકેન્દ્રિય : ૧ પ્રથમ. (૨) ૬ લાખ વિકલેન્દ્રિય : ૧લું, બીજું. (૩) ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય : ૧ થી ૫. (૪) ૪ લાખ દેવઃ ૪ = ૧ થી ૪ ગુણ. (૫) ૧૪ લાખ મનુષ્ય : ૧ થી ૧૪ ગુણ. (૬) ૪ લાખ નારકી : ૪ = ૧ થી ૪.

પ્ર. ૧૭) નીચેનું આંતરું કેટલા કેટલા ગુણસ્થાનમાં લાભે?

૧) જ. અંતર્મુહૂર્ત : ૧૧- ૧ થી ૧૧. ૨) ઉ. અનંતકાળ : ૧૦=૨ થી ૧૧.

પ્ર. ૧૮) નીચેના ધ્યાન કેટલા ગુણસ્થાનમાં લાભે?

ઉ. ૧૮) (૧) આર્ત્તધ્યાન : ૧ થી ૬ ગુણ. (૨) રૌદ્રધ્યાન : ૧ થી ૫ ગુણ.
(૩) ધર્મધ્યાન : ૪ થી ૭ ગુણ. (૪) શુક્લધ્યાન : ૮ થી ૧૪ ગુણ.
પ્ર. ૧૯) નીચેની સ્પર્શનાવાળા ગુણસ્થાન કેટલા?
ઉ. (૧) ૧૪ રાજલોક : ૨ = ૧લું. (૨) અધો વિજયથી ૧૨મું દેવલોક : ૧ = ૫મું.
(૩) લોકનો અસંખ્યાતમો ભાગ : ૮ = ૩, ૭ થી ૧૨ અને ૧૪મું ગુણ.
(૪) અનુત્તર વિમાનથી અધોવિજય : ૧ = ૪થું ગુણ. (૫) પંડગવનથી ૬ઠ્ઠી નરક : ૨ = ૨જું અને ૪થું ગુણ. (૬) અધોવિજયથી ૯ ગ્રૈવેયક : ૨ = ૨અને ૬.
(૭) સર્વલોક : ૧ = ૧૩મું ગુણ.
પ્ર. ૨૦) નીચેના જીવો કેટલા ગુણસ્થાનને ન સ્પર્શે?
ઉ. ૨૦) (૧) વાટે વહેતાં : ૧૧ = ૩, ૫ થી ૧૪ વર્જીને. (૨) અંતઃકૃત : ૬ =૧, ૨, ૩, ૫, ૬, ૧૧. (૩) ચરમ શરીરી : ૧ = ૧૧મું.
પ્ર. ૨૧) નીચેના સંઘયણ કેટલા ગુણસ્થાનમાં લાભે?
(૧) વજ્રૠષભનારાચ : ૧૪. (૨) ૠષભનારાચ, નારાચ સંઘયણ : ૧૧ = ૧ થી ૧૧ (૩) અર્ધનારાચ, કિલકુ (કિલિકા) અને સેવાર્ત સંઘયણ : ૭ = ૧ થી ૭.
પ્ર. ૨૨) નીચેના બોલમાં કેટલા ગુણસ્થાન લાભે?

| | | |
|---|---|---|
| ૧. મિથ્યાત્વ ૧ પ્રથમ | ૭. કષાયી ૧ થી ૧૦ | ૧૩. સયોગી ૧ થી ૧૩ |
| ૨. અવિરતિ પ્રથમ ૪ | ૮. અકષાયી ૧૧ થી ૧૪ | ૧૪. અયોગી ૧૪મું |
| ૩. શ્રાવક ૫મું | ૯. સવેદી ૧ થી ૯ | ૧૫. શ્રેણીના ૮ થી ૧૨ |
| ૪. સાધુ ૬ થી ૧૪ | ૧૦. અવેદી ૯ થી ૧૪ | ૧૬. અનિવર્તિ ૯ થી ૧૪ |
| ૫. પ્રમાદી ૧ થી ૬ | ૧૧. વીતરાગી ૧૧ થી ૧૪ | ૧૭. સમકિત : ૧૨-૧, ૩વર્જીને |
| ૬. અપ્રમાદી ૭ થી ૧૪ | ૧૨. સરાગી ૧ થી ૧૦ | ૧૮. એકાંત નોસંજ્ઞાબહુત્તા : ૭ થી ૧૪ ગુણ. |

પ્ર. ૨૩) નીચે પ્રમાણેના જીવ કેટલા ગુણસ્થાનમાં લાભે?
ઉ. (૧) સંખ્યાતાઃ ૯ = ૬ થી ૧૪. (૨) અસંખ્યાતાઃ ૪ = ૨ થી ૫.
(૩) અનંત : ૧લું.
પ્ર. ૨૪) મિથ્યાત્વમાં આયુષ્ય બાંધનાર જઘન્ય ઉત્કૃષ્ટ કેટલા ભવ કરે?
ઉ. ૨૪) જઘન્ય બીજા ભવે મોક્ષે જાય અથવા ઉત્કૃષ્ટ અનંત કાળ ભ્રમણ કરે છે.
પ્ર. ૨૫) નીચેની સ્થિતિવાળા ગુણસ્થાન કેટલા? કયા કયા?

| | |
|---|---|
| (૧) અનાદિ અનંત : ૧લું ગુણ. | (૩) સાદિ સાંત : ૧ થી ૧૪. |
| (૨) અનાદિ સાંત : ૧ પ્રથમ. | (૪) જ. ૧ સમય : ૨, ૬ થી ૧૧. |

(૫) ઉ. ૬ આવલિકા : બીજું.
(૬) જઘન્ય અંતર્મુહૂર્ત : ૧, ૩, ૪, ૫, ૧૨મું અને ૧૩મું.
(૭) જ. ઉ. અંત. : ૩જું, ૧૨મું.
(૮) ઉ. ક્રોડ પૂર્વ ઊણું : ૫મું, ૬ઠ્ઠું, ૧૩મું.
(૯) ઉ. ૩૩ સાગર ઝાઝેરું : ૪થું.
(૧૦)૫ હ્રસ્વ અક્ષર : ૧૪મું.
(૧૧) અર્ધ પુ. પ. દેશે ઊણું : ૧લું– પડિવાઈ સમકિતી

પ્ર. ૨૬) સમકિત, શ્રાવકપણામાં કે સાધુપણામાં આયુષ્ય બાંધનારનાં જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવ કેટલા?

જ. ૨૬) જઘન્ય ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટ ૧૫મા ભવે મોક્ષે જાય.

---

## વિશેષ સમજણ પરીક્ષામાં પૂછાશે નહીં.

૧. ઉદય : કર્મનો અબાધાકાળ પૂરો થવા પર ફળ આપવા માંડે તેને ઉદય કહે છે. ઉદય બે પ્રકારના છે :

(૧) <u>પ્રદેશોદય</u> : જે કર્મનો ઉદય આત્મપ્રદેશે આવીને ખરી જાય છે, પણ જીવને પ્રત્યક્ષ અનુભવમાં આવતાં નથી તેને પ્રદેશોદય કહે છે. ઉદા., એક ટાંકી ભરીને પાણીમાં એક ચમચી સાકર નાંખી હોય તો તે પાણી પીવાથી સાકરના સ્વાદનો અનુભવ ન થાય તેમ.

(૨) <u>વિપાકોદય</u> : જે કર્મનું ફળ શુભ કે અશુભરૂપે જીવને પ્રત્યક્ષ અનુભવમાં આવે તે વિપાકોદય છે. ઉદા., એક ગ્લાસ પાણીમાં ૪ ચમચી સાકર ભળેલી હોય તો સાકરનો સ્વાદ આવે તેમ.

૨. બીજાથી અગિયારમા ગુણસ્થાન સુધી દરેક ગુણસ્થાનવર્તી જીવોનો ઉત્કૃષ્ટ સંસારકાળ દેશે ઊણું અર્ધપુલ પરાવર્તનનો સમજવો. તેટલા કાળની અંદર તે તે ગુણસ્થાનમાં બતાવ્યા પ્રમાણે જઘન્ય કે ઉત્કૃષ્ટ ભવ કરે.

૩. ઉપશમ સમકિતમાં દર્શન મોહનીયનો ઉપશમ નિયમા થાય છે. અન્ય ઉપશમ આ પ્રમાણે સંભવે છે. પ્રથમવાર ઉપશમ : (૧) ૪ નો ક્ષયોપશમ, ૩નો ઉપશમ. (ત્રણ પુંજ–ભાગ કરશે) ત્રણ પુંજ : ૧. મિથ્યાત્વ પુંજ, ૨. મિશ્ર પુંજ, ૩. સમકિત પુંજ. (૨) ચારનો ક્ષયોપશમ, ૧ મિથ્યાત્વ મોહનો ઉપશમ. (સિદ્ધાંતના મતે અહીં ત્રણ પુંજ નથી થતાં)

દ્વિતીયવાર ઉપશમ : ૧. ૭નો ઉપશમ. ૨. ચાર અનંતાનુબંધીની વિસંયોજના અને ૩નો ઉપશમ. (આ ઉપશમ સમકિતથી શ્રેણી માંડી શકાય છે.)

૪. સમકિત પ્રાપ્તિ વખતે જીવ કયા કરણ કરે?

આત્માના વીર્ય વિશેષને કરણ કહે છે. અનાદિકાળથી પરિભ્રમણ કરતાં કરતાં જીવ અનેક દુઃખોને પ્રાપ્ત કરે છે. જેમ નદીમાં રહેલો પથ્થર આમતેમ અથડાઈને ગોળ અને સુંવાળો બની જાય છે, તેમ જીવ પણ અનેક દુઃખ સહેતાં કોમળ અને શુદ્ધ પરિણામી બને છે. પરિણામે એટલો શુદ્ધ થઈ જાય કે જેના બળથી આયુષ્ય છોડીને શેષ સાત કર્મની સ્થિતિ એક પલ્યોપમમાં સંખ્યાતભાગ ન્યૂન ક્રોડાક્રોડી સાગરોપમ પ્રમાણ કરી દે. આ પરિણામને **યથાપ્રવૃત્તીકરણ** કહે છે. આ કરણથી જીવ રાગદ્વેષની મજબૂત ગાંઠ સુધી પહોંચે છે પરંતુ ગાંઠને ભેદી નથી શક્તો. તેને **'ગ્રંથિદેશ'**ની પ્રાપ્તિ કહે છે એટલે કે કર્મની ઘણી મોટી સ્થિતિ ઘટાડીને અંતઃ ક્રોડા ક્રોડી સાગર પ્રમાણ કરી દેવી. અભવ્ય જીવ પણ આ કરણને અનંતવાર પ્રાપ્ત કરી શકે છે.

ભવ્યજીવ યથાપ્રવૃત્તીકરણ નામના પરિણામથી પણ વિશેષ શુદ્ધ પરિણામથી રાગદ્વેષની દુર્ભેદ્ય ગ્રંથીને તોડી નાંખે છે તેને **અપૂર્વકરણ** કહે છે. આમાં પાંચ અપૂર્વકાર્ય કરે છે. પહેલાં ગુણસ્થાને અસંખ્યાતીવાર થાય છે.

અપૂર્વકરણ પરિણામથી જયારે રાગદ્વેષની ગ્રંથી તૂટી જાય છે ત્યારે અધિક શુદ્ધ પરિણામ થાય છે તેને અનિવૃત્તીકરણ કહે છે. આ પરિણામના બળથી જીવ સમકિત પ્રાપ્ત કર્યા વિના પાછો નથી ફરતો. આ ત્રણે કરણની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. શ્રેણી પહેલાં પણ જીવ આ ત્રણે કરણ કરે છે.

અનિવૃત્તીકરણની અંતઃમુહૂર્ત પ્રમાણ સ્થિતિમાં જ્યારે એકભાગ વ્યતીત થઈ જાય અને એક ભાગ બાકી રહે ત્યારે **અંતઃકરણની** ક્રિયા શરૂ થાય છે. આ ક્રિયામાં મિથ્યાત્વ મોહનીય જે ઉદયમાં છે તેના દલિકોને અનિવૃત્તીકરણ પછીના અંતર્મુહૂર્ત સુધીમાં ઉદયમાં આવવાવાળા છે તેને આગળપાછળ કરી દેવા, એટલે કે અનિવૃત્તીકરણ પછીના અંતર્મુહૂર્ત કાળમાં મિથ્યાત્વ મોહનીય કર્મનાં દલિકોને ઉદયમાં ન આવવાં દેવાં. આ અંતર્મુહૂર્ત સુધી **ઉપશમ સમકિત** પ્રાપ્ત હશે, કારણ કે તે સમયે મિથ્યાત્વ મોહનીયનો પ્રદેશોદય કે વિપાકોદય નથી. આથી જીવનો સ્વાભાવિક સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત કરે છે, તેને ઉપશમ સમકિત કહે છે.

સમકિત પ્રાપ્ત થતાં જ જીવને નવ પદાર્થોની પ્રતીતિ થાય છે. અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. જેમ જન્માંધ મનુષ્યને આંખ મળી જાય કે બીમાર માણસને સારી ઔષધિ મળે. ઉપશમ સમકિતની શાંત-પ્રશાંત સ્થિતિમાં છેલ્લો જઘન્ય એક સમય અથવા ઉત્. છ આવલિકા જ્યારે બાકી રહે ત્યારે કોઈ કોઈ ઉપશમ સમકિતીજીવની શાંતિમાં ભંગ પડે છે, કારણ કે તે સમયે અનંતાનુબંધી કષાયનો ઉદય થઈ જાય છે, અનંતાનુબંધી કષાયનો ઉદય થતાં જ જીવ સમકિત

પરિણામને છોડીને મિથ્યાત્વ તરફ ઝૂકી જાય છે પરંતુ જયાં સુધી મિથ્યાત્વને પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી સમકિત ગુણના આસ્વાદનો અનુભવ કરે છે તે **'સાસ્વાદન સમકિત'** છે.

અંતઃકરણની ક્રિયામાં જેનો અબાધાકાળ પૂરો થઈ ગયો છે એવા મિથ્યાત્વ મોહનીય કર્મના બે ભાગ થઈ જાય છે. એક ભાગ અનિવૃત્તીકરણના ચરમ સમય સુધી ઉદયમાં રહે છે ત્યાં સુધી જીવ મિથ્યાત્વી કહેવાય છે. આ ચરમ સમયે જીવ મિથ્યાત્વના ત્રણ પુંજ કરે છે.

જેમ કોદો નામનું ધાન્ય ઔષધિથી સાફ કરતાં તેનો એક ભાગ શુદ્ધ થઈ જાય છે જેનાથી ખાનારને નશો ચડતો નથી. એક ભાગ અર્ધશુદ્ધ રહી જાય છે અને કેટલોક ભાગ અશુદ્ધ જ રહે છે જેનાથી ખાનારને નશો થાય છે. તે જ પ્રકારે સમકિત પ્રાપ્ત પછી જે મિથ્યાત્વ મોહનીય કર્મ ઉદયમાં આવવાનું છે, તેના ત્રણ પુંજ (ભાગ) થાય છે. તેમાંથી એક પુંજ એટલો **વિશુદ્ધ પુંજ** થાય છે જેનાથી મિથ્યાત્વનો અભાવ થાય છે. એટલે કે ઉપશમમાંથી ક્ષયોપશમ સમકિતમાં જાય છે. બીજો પુંજ **અર્ધશુદ્ધ પુંજ** છે તેનાથી મિશ્ર પરિણામ થાય છે. ત્રીજો **અશુદ્ધ પુંજ** છે તેનાથી જીવ ફરી મિથ્યાદ્રષ્ટિ બની જાય છે.

પહેલાં ગુણસ્થાનમાં અધ્યવસાયોની જેટલી શુદ્ધિ હોય છે તેની અપેક્ષા આઠમા ગુણસ્થાને અધ્યવસાયોની શુદ્ધિ અત્યંત અધિક હોય છે, માટે આઠમા ગુણસ્થાનને અપૂર્વકરણ કહે છે. **સમકિત પ્રાપ્તિ પહેલાં અને આઠમા ગુણસ્થાનના સમયે પાંચ અપૂર્વ કાર્ય કરે છે, તે નીચે પ્રમાણે છે :**

(૧) <u>સ્થિતિઘાત</u> : જે કર્મદલિક ભવિષ્યમાં ઉદયમાં આવવાના છે, તેને અપવર્તન (પૂર્વે બાંધેલા કર્મની સ્થિતિ અને અનુભાગ (રસ)ને ઘટાડવા) દ્વારા પોતપોતાના ઉદયના નિયત સમયથી હટાવી દેવા એટલે કે જ્ઞાનાવરણીય આદિ કર્મોની લાંબી સ્થિતિને અપવર્તન દ્વારા ઘટાડી દેવી તે.

(૨) <u>રસઘાત</u> : તીવ્ર અશુભ રસથી બાંધેલાં જ્ઞાનાવરણીય આદિ સાત કર્મને અપવર્તન દ્વારા મંદ રસના કરવા તે. (ફળ દેવાની તીવ્ર શક્તિ ઘટાડવી તે.)

(૩) <u>ગુણશ્રેણી</u>: જે કર્મદળનો સ્થિતિઘાત કરવામાં આવ્યો છે, તેને અનિવૃત્તીકરણના અંતર્મુહૂર્તમાં પહેલા થોડા પછી ક્રમથી વધુ વધુ અસંખ્યાતગુણ સ્થાપિત કરવા તે.

(૪) <u>ગુણ સંક્રમણ</u>: જે શુભ કર્મ પ્રકૃતિઓ વર્તમાને બંધ થઈ રહ્યો છે, તેમાં પહેલાં બાંધેલી અશુભ પ્રકૃતિઓનું સંક્રમણ કરી દેવું તે.

(૫) <u>અપૂર્વ સ્થિતિ બંધ</u>: પહેલાંની અપેક્ષા અત્યંત અલ્પ સ્થિતિનાં કર્મ બાંધવા.

## ૫. બે પ્રકારની શ્રેણીનું વિવેચન

**૧. ઉપશમ-શ્રેણી :** દર્શન સપ્તકનો ઉપશમ કરેલા ઉપશમ સમકિતી જીવો, દર્શન સપ્તકનો ક્ષય કરેલા, બદ્ધાયુ અચરમ શરીરી ક્ષાયિક સમકિતી જીવો અથવા અનંતાનુબંધી ચતુષ્કની વિસંયોજના અને દર્શન ત્રિકનો ઉપશન કરીને ક્ષયોપશમ સમકિતમાંથી ઉપશમ સમકિત પ્રાપ્ત કરણારા જીવો. આ ત્રણે પ્રકારના જીવો ચારિત્ર મોહનીયના ઉપશમ માટે ત્રણ કરણ કરે છે. ૧. યથાપ્રવૃત્તીકરણ, ૨. અપૂર્વકરણ, ૩. અનિવૃત્તીકરણ.

સાતમા ગુણસ્થાને યથાપ્રવૃત્તીકરણ કરીને અપૂર્વકરણ સહિત આઠમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. પછી અનિવૃત્તીકરણથી નવમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. દર્શનમોહની સાત પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય પૂર્વે કરેલો છે તેથી અહીં સંજ્વલનના લોભ સિવાયની ૨૦ પ્રકૃતિનો ઉપશમ કરે છે. એમ ૨૭ પ્રકૃતિનો ઉપશમ અથવા ૭નો ક્ષય અને ૨૦ પ્રકૃતિનો ઉપશમ થશે. ત્યારપછી જીવ ૧૦મે ગુણસ્થાને આવીને સંજ્વલનના લોભનો ઉપશમ કરીને ૧૧મા ગુણસ્થાને જશે.

૧૧મા ગુણસ્થાનની અંતર્મુહૂર્તની સ્થિતિ પૂર્ણ કરી ૧૦મા ગુણસ્થાને પાછો ફરે છે. ત્યાં પૂર્વે ઉપશમ કરેલ સંજ્વલનના લોભનો ઉદય થાય છે. રાખથી ઢાંકેલ અગ્નિ જેમ પવનથી ફરીથી પ્રજ્વલિત થઈ જાય છે તેમ.

૧૦મે ગુણસ્થાને આવેલ જીવ નવમા આદિ ગુણસ્થાને થઈ પ્રથમ ગુણસ્થાન સુધી પણ નીચે આવી શકે છે, આવે જ તેવું નહીં.

તે જ ઉપશમ-શ્રેણીવાળો જીવ તે જ ભવમાં જ. અંતર્મુહૂર્તમાં ઉત્. દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષમાં બીજી વાર ઉપશમ-શ્રેણી કરી શકે છે. એક ભવમાં વધુમાં વધુ બેવાર શ્રેણી કરી શકે છે તે બંને ઉપશમ-શ્રેણી જ હોય. એક ભવમાં એકવાર ઉપશમ-શ્રેણી અને બીજીવાર ક્ષપક-શ્રેણી કરે તેવું સંભવે નહીં. (આધાર ભગવતી સૂત્ર-શતક ૯, ઉદ્દેશો ૩૧)

શ્રેણી ચડવાનો અને શ્રેણી ઊતરવાનો કુલ કાળ અંતર્મુહૂર્તનો છે. ૮ થી ૧૧ ગુણસ્થાનની દરેકની સ્થિતિ અંતર્મુહૂર્તની છે. તે બધાં અંતર્મુહૂર્તનો સરવાળો પણ અંતર્મુહૂર્ત છે.

આમ, ઉપશમ સમકિતી કે ક્ષાયિક સમકિતી બન્ને ઉપશમ-શ્રેણી કરી શકે છે. પરંતુ ઉપશમ સમકિતી ક્ષપક-શ્રેણી કરે નહીં. ઉપશમ-શ્રેણી ચઢતાં કે ઊતરતાં બન્ને અવસ્થામાં કાળ થઈ શકે છે. ઉપશમ-શ્રેણી ચઢતાં ૧૧મું ગુણસ્થાન પ્રાપ્ત થતાં પહેલાં જીવ નીચે પડતો નથી. શ્રેણીમાં કાળ કરવાવાળા જીવ અનુત્તર વિમાનમાં જ જાય છે. ૩૩ સાગરની સ્થિતિ પામે છે. (નિયંઠા/સંજયા)

**૨. ક્ષપક શ્રેણી :** ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા એ ચાર ગુણસ્થાનમાંથી કોઈપણ ગુણસ્થાનમાં રહેલ જીવ પ્રથમ ચાર અનંતાનુબંધી કષાય અને દર્શનમોહની ત્રણ પ્રકૃતિનો એમ સાતે પ્રકૃતિનો ક્ષય કરી ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે. ત્યાર પછી ચારિત્ર મોહનીયના ક્ષય માટે ત્રણ કરણ કરે છે.

સાતમા ગુણસ્થાને યથાપ્રવૃત્તીકરણ કરીને અપૂર્વકરણ દ્વારા આઠમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે અને પછી અનિવૃત્તીકરણથી નવમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. અહીં સંજ્વલનના લોભ સિવાયની ૨૦ પ્રકૃતિનો ક્ષય કરશે, એમ કુલ ૨૭નો ક્ષય કરશે. ત્યાર પછી જીવ ૧૦મે ગુણસ્થાનના છેડે સંજ્વલનના લોભનો ક્ષય કરીને ૧૨મા ગુણસ્થાને જશે. (૧૧મે ગુણસ્થાને ઉપશમ-શ્રેણીવાળો જીવ જ જાય છે તેથી ક્ષપક -શ્રેણીવાળો ૧૧મું ગુણસ્થાન છોડી દેશે.) ૧૨માના અંતિમ સમયમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ ઘાતી કર્મનું અંતિમ વેદન દ્વારા ક્ષય કરીને ૧૩માના પ્રથમ સમયે કેવળજ્ઞાની, કેવળદર્શની બનશે.

ક્ષપક-શ્રેણી અપડિવાઈ હોવાથી ક્ષપક-શ્રેણીથી જીવ નીચે પડતો નથી. અંતર્મુહૂર્ત માત્રમાં કેવળી થઈ જાય છે તથા તે જ ભવે મોક્ષ પામે છે.

**ઉપશમ/ક્ષપક શ્રેણી યંત્રઃ** નીચે આપેલા બે યંત્રમાં કયા ગુણસ્થાને જીવ મોહનીય કર્મની કઈ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય કરે છે તે બતાવવામાં આવ્યું છે.

## ઉપશમ-શ્રેણી યંત્ર

| મોહનીયની પ્રકૃતિ | ગુણસ્થાન |
|---|---|
| સંજ્વલન લોભ-૨૮ નો ઉપશમ ↑ | ૧૧મા ગુણ. પ્રથમ સમયે |
| અપ્રત્યાખ્યાની લોભ-૨૬, પ્રત્યાખ્યાની લોભ-૨૭ | ૯મે ગુણસ્થાને |
| સંજ્વલન માયા-૨૫ | ૯મે ગુણસ્થાને |
| અપ્રત્યાખ્યાની માયા-૨૩, પ્રત્યાખ્યાની માયા-૨૪ | ૯મે ગુણસ્થાને |
| સંજ્વલન માન-૨૨ | ૯મે ગુણસ્થાને |
| અપ્રત્યાખ્યાની માન-૨૦, પ્રત્યાખ્યાની માન-૨૧ | ૯મે ગુણસ્થાને |
| સંજ્વલન ક્રોધ-૧૯ | ૯મે ગુણસ્થાને |
| અપ્રત્યાખ્યાની ક્રોધ-૧૭, પ્રત્યાખ્યાની ક્રોધ-૧૮ | ૯મે ગુણસ્થાને |
| પુરુષવેદ-૧૬ | ૯મે ગુણસ્થાને |
| હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુઃગંછા એ ૬-૧૫ | ૯મે ગુણસ્થાને |
| સ્ત્રીવેદ-૯ | ૯મે ગુણસ્થાને |
| ↑ નપુંસક વેદ-૮ | ૯મે ગુણસ્થાને |
| ↑ મિથ્યાત્વ મોહ-૫, મિશ્ર મોહનીય-૬, સમકિત મોહનીય-૭ | ૪ થી ૭ ગુણસ્થાને |
| અનંતાનુબંધી ક્રોધ-૧ માન-૨ માયા-૩ લોભ-૪ (ઉપશમ) | ૪ થી ૭ ગુણસ્થાને |

| ક્ષપક-શ્રેણી યંત્ર | |
|---|---|
| તતઃ સિદ્ધ્યતિ (સિદ્ધ થાય છે)<br>ક્ષપયતિ ૧૪૮ (૮ કર્મની પ્રકૃતિ ક્ષય કરે છે)<br>૧૨ પ્રકૃતિ ક્ષય<br>↑<br>૭૩ પ્રકૃતિ<br>↑ | ગુણસ્થાન<br>૧૪મે અંતિમ સમયે<br><br>૧૪મે અંતિમ<br>૧ સમય પહેલાં |
| જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫=૧૩.<br>નિદ્રા, પ્રચલા - ૨<br>↑ | ૧૩ મે પ્રથમ સમયે<br>૧૨ મે અંતિમ<br>૧ સમયે પહેલાં |
| સંજ્વલન લોભ-૧<br>↑ | ૧૦ ના અંત સમય<br>૧૨ નો પ્રથમ સમયે |
| સંજ્વલન માયા-૧<br>સંજ્વલન માન-૧<br>સંજ્વલન ક્રોધ-૧<br>પુરુષવેદ-૧<br>હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુઃગંછા -૬<br>સ્રીવેદ-૧<br>નપુંસકવેદ-૧<br>અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ-૪<br>પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, લોભ-૪<br>એકેન્દ્રિય આદિ-૧૬<br>↑ | ૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને<br>૯મે ગુણસ્થાને |
| દેવ, નારકી, તિર્યંચ આયુષ્ય-૩<br>સમકિત મોહનીય-૧<br>મિશ્ર મોહનીય-૧<br>મિથ્યાત્વ મોહનીય-૧<br>અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ-૪ (ક્ષય) | ૪ થી ૭ ગુણસ્થાને<br>૪ થી ૭ ગુણસ્થાને<br>૪ થી ૭ ગુણસ્થાને<br>૪ થી ૭ ગુણસ્થાને<br>૪ થી ૭ ગુણસ્થાને |

દરેક ગુણસ્થાને મોહનીયની ૨૮ પ્રકૃતિમાંથી ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય, ઉદય અને સત્તા કેટલી છે? તે બતાવતો કોઠોઃ

૯. ઉદીરણા દ્વાર : ૮ કર્મની શુભ, અશુભ ઉદીરણા કેવી રીતે થાય? તે બતાવેલ છે.
જ્ઞાનાવરણીય : ભણવાના સમયે ભણે નહીં, શીખે નહીં તો અશુભ ઉદીરણા થાય. અથવા ભણવા માટે સખત મહેનત કરે તેનાથી શુભ ઉદિરણા થાય.
દર્શનાવરણીય : ખૂબ સૂએ તો અશુભ ઉદીરણા. નિદ્રા ત્યાગે તો શુભ.
વેદનીય : ગાદલાં, વ. શાતાકારી સાધનો ભોગવે તો અશુભ. ત્યાગે તો શુભ.
મોહનીય : જિનવાણીમાં શંકા કરે, મિથ્યાત્વીનો પરિચય કરે વ. અશુભ. ક્ષમા, નમ્રતા વ. ગુણથી ક્રોધ, માન વ.ની શુભ ઉદીરણા થાય.
આયુષ્ય : ગુસ્સામાં ઝેર ખાય, જીભ કચરી નાંખે, ફાંસી ખાય વ. અશુભ. ઉપસર્ગ દૂર ન કરે, સંથારો વ. કરે તો શુભ ઉદીરણા થાય.
નામ : શરીર શોભા વ. કરવાથી અશુભ. સ્નાન, શરીર શોભા ત્યાગથી શુભ.
ગોત્ર : હીન કૂળ, પાખંડી વ. નો સમાગમ કરે તો અશુભ.
તપસ્વી, જ્ઞાની વ. નો સંગ કરે તો શુભ.
અંતરાય : સમભાવ ન રાખે તો અશુભ.
ખાવાપીવામાં કોઈ અંતરાય કરે ને ક્ષમા રાખે તો શુભ.
આ સર્વ માત્ર દ્રષ્ટાંતરૂપે છે તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદા સમજવી.
૧૧. ભાવ દ્વાર : (૧) ઉદયભાવ – જ્ઞાનાવરણીય આદિ ૮ કર્મોના ઉદયને અથવા જીવની પર્યાય(અવસ્થા)ને ઉદયભાવ કહે છે. જેમ કે ક્રોધ વ.
(૨) ઉપશમભાવ : કર્મોના ઉપશમથી થવાવાળા ભાવ. જેમ કે ઉપશમ સમકિત.
(૩) ક્ષાયિકભાવ : કર્મોનો ક્ષય થવાથી જે ભાવ ઉત્પન્ન થાય છે તે ક્ષાયિકભાવ છે. જેમ કે કેવળજ્ઞાન.
(૪) ક્ષયોપશમભાવ : કર્મોના ક્ષયોપશમથી થતો ભાવ. જેમકે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વ.
(૫) પારિણામિકભાવ : જે દ્રવ્યનો જે સ્વભાવ છે તે જ રૂપમાં તેનું પરિણમન થાય તે પારિણામિકભાવ છે. પારિણામિક ભાવમાં કર્મની અપેક્ષા હોતી નથી. જેમ કે જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ વ. પારિણામિક ભાવ છે.
(૬) સન્નિવાઈભાવ : ઉપરોક્ત પાંચ ભાવોમાંથી કોઈપણ બે, ત્રણ, ચાર કે પાંચ ભાવોનું ભેગા થવું તે સન્નિવાઈભાવ છે. સન્નિવાઈભાવના ૨૬ ભંગ થાય છે. તેમાંથી ૨૦ ભંગમાં ક્યારેય કોઈ જીવ હોતા નથી. માત્ર ૬ ભંગમાં જીવો હોઈ શકે છે. તે ભંગ નીચે પ્રમાણે છે.

| ભંગ | ભાવ | તેના સ્વામી કોણ? |
|---|---|---|
| બે સંયોગી | ક્ષાયિક, પારિણામિક : | સિદ્ધ ભગવાન. |

સિદ્ધમાં ક્ષાયિકભાવ તે કેવળજ્ઞાન, કેવળદર્શન વિ. પારિણામિકભાવ તે જીવત્વ.
ત્રણ સંયોગી ઉદય, ક્ષાયિક, પારિણામિક : ૧૩મા, ૧૪મા ગુણસ્થાને.

ઉદય મનુષ્ય ગતિનો, ક્ષાયિકભાવ જ્ઞાન, દર્શન વ., પારિણામિકભાવ જીવત્વ.
ત્રણ સંયોગી ઉદય, ક્ષયોપશમ, પારિણામિક ૪ ગતિમાં(૧ થી ૭ ગુણ. સુધી)
ઉદય મનુષ્ય વિ. ગતિનો, ક્ષયોપશમ ઈન્દ્રિય વ.નો, પારિણામિકભાવ જીવત્વ.
ચાર સંયોગી ઉદય, ઉપશમ, ક્ષયો., પારિણા. ૪ ગતિમાં અને ૪ થી ૧૧ ગુણ.

ઉદય મનુષ્ય વ. ૪ ગતિનો, ઉપશમ મિથ્યાત્વનો, ક્ષયોપશમ ઈન્દ્રિય વ.નો, પરિણામિકભાવ જીવત્વ.
ચાર સંયોગી ઉદય, ક્ષાયિક, ક્ષયો., પારિણા. ૪ ગતિમાં, ૪ થી ૧૨ ગુણસ્થાનમાં.

ઉદય ગતિ વ.નો, ક્ષાયિકભાવ સમકિતનો, ક્ષયોપશમ ઈન્દ્રિય વ.નો, પારિણામિકભાવ જીવત્વપણું.
પાંચ સંયોગી સન્નિવાઈ વર્જીને પાંચ ભાવ. ક્ષાયિક સમકિતિ–ઉપશમ શ્રેણીવાળાને.

ઉદય ગતિનો, ઉપશમ ચારિત્ર મોહનીયનો, ક્ષાયિક સમકિત, ક્ષયોપશમ ઈન્દ્રિયોનો, પારિણામિક ભાવ જીવત્વ.

**૧૫. આત્મા દ્વાર :**

**૧. દ્રવ્ય આત્મા :** ત્રિકાળી, અસંખ્યાત પ્રદેશી મૂળ દ્રવ્ય રૂપ આત્મા.
**૨. કષાય આત્મા :** ક્રોધ, માન, માયા કે લોભમાં જોડાયેલ આત્મા.
**૩. યોગ આત્મા :** મન, વચન કે કાય યોગમાં જોડાયેલ આત્મા.
**૪. ઉપયોગ આત્મા :** ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન કે ૪ દર્શનમાં જોડાયેલ આત્મા.
**૫. જ્ઞાન આત્મા :** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે પાંચ જ્ઞાનરૂપ આત્મા.
**૬. દર્શન આત્મા :** ચક્ષુદર્શન, અચક્ષુદર્શન વગેરે ચાર દર્શનરૂપ આત્મા.
**૭. ચારિત્ર આત્મા :** સામાયિક, છેદોપસ્થા. વગેરે પાંચ ચારિત્રરૂપ આત્મા.
**૮. વીર્ય આત્મા :** ઉત્થાન, બળ વગેરે શક્તિરૂપ આત્મા.

**૨૧. સમકિત દ્વાર :** ૧. ઉપશમ સમકિત : અનંતાનુબંધી ૪ અને દર્શનની ૩ એ ૭ પ્રકૃતિનાં પ્રદેશોદય તથા વિપાકોદયને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી સર્વથાઢાંકે.
૨. ક્ષયોપશમ સમકિત : ઉદય પ્રાપ્ત દર્શન સપ્તકનો ક્ષય અને અનુદયનો ઉપશમ તે ક્ષયોપશમ સમકિત છે.
૩. ક્ષાયિક સમકિત : ૭ પ્રકૃતિનો સર્વથા ક્ષય.
૪. સાસ્વાદન સમકિત : અનંતાનુબંધી ચોકનો વિપાકોદય તથા દર્શનત્રિકનો ઉપશમ.

૫. વેદક સમકિત : ક્ષાયિકનો પૂર્વ સમય, ક્ષયોપશમનો છેલ્લો સમય.

છ ભાવનો દ્વાર (અનુયોગ દ્વાર સૂત્ર)

<u>છ ભાવનાં નામ</u> : ૧ ઉદયભાવ, ૨ ઉપશમભાવ, ૩ ક્ષાયિકભાવ, ૪ ક્ષયોપશમભાવ, ૫ પારિણામિકભાવ, ૬ સન્નિવાઈભાવ.

**૧. ઉદયભાવના બે ભેદ – (૧) જીવ ઉદય નિષ્પન્ન અને (૨) અજીવ ઉદય નિષ્પન્ન.**

**(૧) જીવ ઉદય નિષ્પન્નમાં ૩૨બોલ પામે.** ચાર ગતિ (૪), છ કાય (૧૦), ચાર કષાય (૧૪), ત્રણ વેદ (૧૭), છ લેશ્યા (૨૩), મિથ્યાદ્રષ્ટિપણું (૨૪), અવ્રતીપણું (૨૫), અસંજ્ઞીપણું (૨૬), અજ્ઞાન (૨૭), આહારકપણું (૨૮), છદ્મસ્થપણું (૨૯), સજોગીપણું (૩૦), સંસારપરિયટ્ટણા (૩૧), અસિદ્ધપણું બોલ જીવ ૮ કર્મના ઉદયથી પામે છે.

**(૨) અજીવ ઉદય નિષ્પન્નમાં ત્રીસ બોલ પામે.** ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ શરીર, ૫ શરીરના વ્યાપાર એ ૩૦.૮ કર્મના ઉદય થી જે જે પદાર્થ નીપજે તે અજીવ ઉદય.

આમ બંનેના મળીને ૩૨+૩૦ = ૬૨ બોલ ઉદયભાવના કહ્યા.

**૨. ઉપશમ ભાવના ૧૧ બોલ :** મોહનીય ઉપશમ – ૪ કષાય, ૫ રાગ, ૬ દ્વેષ, ૭ દર્શન મોહનીય, ૮ ચારિત્ર મોહનીય, એ આઠનો ઉપશમ, ૯ ઉપશમ સમકિત, ૧૦ ઉપશમ યથાખ્યાત ચારિત્ર, ૧૧ ઉપશમ અકષાય છદ્મસ્થ વીતરાગી.

**૩. ક્ષાયિક ભાવના ૩૭ બોલ :** ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૨ વેદનીયની, ૧ રાગની, ૧ દ્વેષની, ૪ કષાયની, ૧ દર્શનમોહનીયની, ૧ ચારિત્રમોહનીયની, ૪ આયુષ્યની, ૨ નામની, ૨ ગોત્રની, ૫ અંતરાયની એમ ૩૭ પ્રકૃતિનો ક્ષય કરે, તેને ક્ષાયકભાવ કહીએ. તે ૯ બોલ પામે ક્ષાયિક સમકિત, ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન અને ક્ષાયિક દાનાદિ પાંચ લબ્ધિ એમ ૯.

**૪. ક્ષયોપશમ ભાવે ૪૬ બોલ :** પ્રથમ ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૩ દ્રષ્ટિ, પ્રથમ ૪ ચારિત્ર, ૧ ચરિત્તાચરિત્ત (શ્રાવકપણું), ૧ આચાર્યગણિની પદવી, ૯ ૧૪ પૂર્વના જ્ઞાનની પ્રાપ્તિ, ૫ ઈન્દ્રિયની પાંચ લબ્ધિ, ૫ દાનાદિ લબ્ધિ એ ૩૦. ૩ વીર્ય, ૧૨ અંગસૂત્ર ધારવા, ક્ષયોપશમગળી, ક્ષયોપશમવાચક.

**૫. પારિણામિક ભાવના બે ભેદ :** (૧) સાદિ પારિણામિક, (૨) અનાદિ પારિણામિક. સાદિ વિણસે, અનાદિ વિણસે નહીં.

(૧) સાદિ પારિણામિકના અનેક ભેદ છે તે જૂની સુરા, મદિરા, જૂનો ગોળ, તંદુલ

એ આદિ ૭૩ બોલ ભગવતી સૂત્રમાં છે.

(૨) અનાદિ પારિણામિકના દશ બોલ. ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ જીવાસ્તિકાય, ૫ પુદ્ગલાસ્તિકાય, ૬ કાળ, ૭ લોક, ૮ અલોક ૯ ભવ્ય, ૧૦ અભવ્ય.

૬. **સન્નિવાઈ ભાવના ૨૬ ભાંગા :** બે સંયોગીના ૧૦, ત્રણ સંયોગીના ૧૦, ચાર સંયોગીના ૫, પાંચ સંયોગીનો ૧. (વિસ્તાર : બૃહદ્ જૈન થોક સંગ્રહ, થોકડો નં. ૧૦ જીવસ્થાનક, પાનું ૧૭૮.)

**વપ્રા, સલિલાવતી વિજયની સમજણ :** આપણે રહીએ છીએ તે ભરતક્ષેત્ર જેમાં છે તે જંબૂદ્વીપમાં એક મહાવિદેહ ક્ષેત્ર છે, તેની મધ્યમાં મેરૂપર્વત તથા દેવુકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રને કારણે પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહ એમ તેના બે વિભાગ છે. મહાવિદેહક્ષેત્ર પૂર્વ પશ્ચિમ ૧ લાખ યોજન લાંબુ છે. મહાવિદેહની ઉત્તરમાં નીલવંત પર્વત અને દક્ષિણમાં નિષધ પર્વત સીમા કરે છે. નીલવંત પર્વતમાંથી સીતા નદી અને નિષધ પર્વત પરથી સીતોદા નદી નીકળે છે, તેથી પૂર્વ પશ્ચિમ મહાવિદેહના પણ બે ભાગ થઈ જાય છે. આમ મહાવિદેહ ક્ષેત્ર ચાર ભાગમાં વિભાજિત થઈ જાય છે. (૧) પૂર્વ ઉત્તર, (૨) પૂર્વ દક્ષિણ, (૩) પશ્ચિમ ઉત્તર અને (૪) પશ્ચિમ દક્ષિણ.

તે દરેક ભાગમાં ૮ વિજય (ખંડ) છે. તેથી મહાવિદેહના ૮×૪ = ૩૨ વિજય (ખંડ) છે. આ ૩૨માંથી ૮મી પુષ્કલાવતી વિજયમાં શ્રી સીમંધર સ્વામી, ૯મી વત્સ વિજયમાં શ્રી બાહુસ્વામી, ૨૪મી સલીલાવતી વિજયમાં શ્રી યુગમંધર સ્વામી તથા ૨૫મી વપ્રા વિજયમાં શ્રી સુબાહુસ્વામી તીર્થંકર વર્તમાને બિરાજે છે. ૨૪મી વપ્રા અને ૨૫મી સલિલાવતી વિજય કુદરતી રીતે ઢાળવાળી હોવાથી ૧,૦૦૦ યોજન ઊંડે ઊતરેલી છે, તેથી તે બંને વિજય ૯૦૦ યોજન મધ્યલોકમાં છે અને ૧૦૦ યોજન અધોલોકમાં ઊંડી ઉતરેલી છે.

**પંડગવન :** આપણા જંબૂદ્વીપમાં બધી દિશાથી મધ્યમાં એક મેરુ પર્વત છે. મેરુ એટલે '<u>કેન્દ્રસ્થાન</u>'. તે મેરુ અનાદિ, શાશ્વત અને ૧ લાખ યોજન ઊંચો છે.

મેરુ પર્વત પર ચાર વન છે – (૧) <u>ભદ્રશાલવન</u> : તે સમભૂમિ (જમીન) પર આવેલું છે. (૨) <u>નંદનવન</u> : ભદ્રશાલ વનથી ૫૦૦ યોજન ઉપર મેરુ પર્વતની ચારે બાજુ ઘેરાયેલું વલયાકાર ૫૦૦ યોજન પહોળું છે. (૩) <u>સોમનસવન</u> : ત્યાંથી ૬૨,૫૦૦ યોજન ઉપર ત્રીજું વલયાકારે ૫૦૦ યોજન પહોળું છે. (૪) <u>પંડગવન</u> : સોમનસવનથી ઊંચાઈમાં ૩૬,૦૦૦ યોજન ઉપર ચોથું પંડગવન છે. તે ૪૯૪ યોજન ચક્રવાલ પહોળું છે.

**લોક :** લુક્ ધાતુ પરથી 'લોક' શબ્દ બનેલો છે. લોક એટલે 'જોવું'. જેમાં જીવ, પુદ્ગલાસ્તિકાય આદિ છ દ્રવ્યો જોવામાં આવે છે તેને લોક કહે છે. જ્યાં જીવ, પુદ્ગલ વ. દ્રવ્યો ન મળે, પણ માત્ર આકાશ જ હોય તેને અલોક કહે છે.

જેમ કોઈ વિશાળ શીકું લટકાવ્યું હોય તેમ અલોકના મધ્યમાં લોક રહેલો છે. લોકનો આકાર સુપઈઠિક સરાવલાને આકારે છે, એટલે કે એક કોડિયું ઊંધુ રાખીને તેના પર બીજું સૂલટું કોડિયું મૂકી અને તેના પર ત્રીજું ઊંધું કોડિયુ મૂકવાથી જેવો આકાર બને તેવો આકાર લોકનો છે અથવા કોઈ પુરુષ બે પગ પહોળા કરી બે હાથ કોણીથી પહોળા રાખી કમ્મરે લગાડી ઊભા રહેવાથી જે સંસ્થાન બને તેવો આકાર લોકનો બધી બાજુથી છે.

જેમ ઘરનાં મધ્યભાગમાં થાંભલો ઊભો હોય તેમ લોકના મધ્યભાગમાં ૧ રજ્જુ પહોળી અને ૧૪ રજ્જુ નીચેથી ઉપર સુધી ઊંચી ત્રસનાડી છે. આ ત્રસનાડીની અંદર ત્રસ અને સ્થાવર જીવો હોય છે, ત્રસનાડીની બહારની જગ્યામાં માત્ર એકેન્દ્રિય (સ્થાવર) જીવો હોય છે. જેને સ્થાવરનાડી કહે છે.

લોકના મુખ્ય ત્રણ ભેદ છે. (૧) ઊર્ધ્વલોક, (૨) તિર્ચ્છાલોક (મધ્યલોક), (૩) અધોલોક. લોક ત્રણ ભાગમાં મળીને કુલ ૧૪ રજ્જુ ઊંચો છે.

(૧) **ઊર્ધ્વલોક :** ઊર્ધ્વલોકમાં ૧૨ દેવલોકથી પાંચ અનુત્તર વિમાન એ વૈમાનિક દેવોનાં સ્થાન છે. લોકના અગ્રભાગે સિદ્ધક્ષેત્રમાં સિદ્ધ ભગવંતો છે. ઊર્ધ્વલોક ઊંચાઈમાં ૭ રજ્જુમાં ઓછો છે.

(૨) **તિર્ચ્છાલોક (મધ્યલોક) :** મધ્યલોકમાં જ્યોતિષ દેવો, મેરુ પર્વત, જંબૂદ્વીપ આદિ અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર છે. વાણવ્યંતર દેવોના અને જૃંભકદેવોનાં નગરો છે. તિર્ચ્છાલોક ૧૮૦૦ યોજનનો ઊંચો છે.

(૩) **અધોલોક :** અલોધોકમાં ૧ થી ૭ નરક છે તેમાં નારકી રહે છે. ૧ લી નરકના ૩જાથી ૧૨મા આંતરાંમાં ભવનપતિ દેવોના ભવનો છે. મધ્યલોકના જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રની બે વિજય ૧૦૦ યોજન ઊંડી નીચે અધોલોકમાં ગયેલ છે, તે અપેક્ષા અધોલોકમાં મનુષ્ય અને તિર્યંચ પણ છે. અધોલોક ૭ રજ્જુ ઝાઝેરો છે.

**કેવળ સમુદ્‌ઘાત :** તે ૮ સમયની હોય છે. આયુષ્ય સિવાયના ત્રણ અઘાતી કર્મ ખપાવવા માટે ૪ સમયમાં આત્મ-પ્રદેશોને આખા લોકમાં ફેલાવવા તથા ૪ સમયમાં તેને સંકોચી લેવા તે. કેવળ સમુદ્‌ઘાતના અંતર્મુહૂર્ત પછી અવશ્ય મોક્ષ થાય છે. જેમનું આયુષ્ય ૬ મહિના અથવા તેથી ઓછું બાકી હોય તેવા કેવળી વેદનીય, નામ અને ગોત્ર કર્મની સ્થિતિ વધારે હોય અને આયુષ્ય કર્મ ઓછું હોય,

તેને સમ કરવા માટે કરે છે.

કે.સમુ.ના પ્રથમ સમયે જ્યારે આત્મ-પ્રદેશોનો દંડ કરે ત્યારે ઔદારિક કાયયોગ, બીજા સમયે કપાટ કરે ત્યારે ઔદારિક મિશ્ર કાયયોગ,
ત્રીજા સમયે મંથન કરે, ચોથા સમયે અંતરાલ ભરે, પાંચમાં સમયે અંતરાલથી આત્મ-પ્રદેશોને સંકોચે, તે ત્રીજા, ચોથા, પાંચમા સમયે કાર્મણ કાયયોગ,

છઠ્ઠા સમયે મંથન સંકોચે, સાતમા સમયે કપાટ સંકોચે ત્યારે તે છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ,

આઠમા સમયે દંડ સંકોચે ત્યારે ફરી ઔદારિક કાયયોગ હોય છે.

## ૨. જીવ પરિણામ પદ

### ❖ પન્નવણા સૂત્ર-પદ ૧૩ ❖

જીવ પરિણામ : (૧) પરિણામ એટલે દ્રવ્યનું વિવિધ પર્યાયરૂપે પરિણમન થવું તે. (૨) જીવની ગતિ વગેરેની પર્યાયના પરિવર્તનથી થવાવાળી અવસ્થા તે જીવ પરિણામ. (૩) જીવ પરિણામ ૧૦ પ્રકારના છે.

૧. ગતિ ૪ : નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ.
૨. ઈન્દ્રિય ૬ : શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય, અણિન્દ્રિય
૩. કષાય ૫ : ક્રોધ, માન, માયા, લોભ, અકષાયી.
૪. લેશ્યા ૭ : કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ, અલેશી
૫. યોગ ૪ : મનયોગ, વચનયોગ, કાયયોગ, અયોગી.
૬. ઉપયોગ ૨ : સાકાર ઉપયોગ, અનાકાર ઉપયોગ.
૭. જ્ઞાન ૮ : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન.
૮. દ્રષ્ટિ ૩ : સમકિત દ્રષ્ટિ, મિથ્યાત્વ દ્રષ્ટિ, મિશ્ર દ્રષ્ટિ.
૯. ચારિત્ર ૭ : સામાયિક ચા., છેદોપસ્થાપનીય ચા., પરિહારવિશુદ્ધ ચા., સૂક્ષ્મસંપરાય ચા., યથાખ્યાત ચા., દેશ વિરતિ (શ્રાવક), અવિરતિ.
૧૦. વેદ ૪ : સ્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, અવેદી.

આમ કુલ ૫૦ પરિણામ થાય તેમાંથી ૨૪ દંડકના બોલમાં કેટલા અને ક્યા ક્યા પરિણાંમ લાભે તે આ થોકડામાં કોષ્ટક દ્વારા બતાવવામાં આવે છે.

| | દંડકના જીવો | ગતિ | ઈન્દ્રિય | કષાય | લેશ્યા | યોગ | ઉપયોગ | જ્ઞાન | દષ્ટિ | ચારિત્ર | વેદ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ૨૪ દંડક | ૪ | ૫+૧ | ૪+૧ | ૬+૧ | ૩+૧ | ૨ | ૫+૩ | ૩ | ૫+૧+૧ | ૩+૧ | ૫૦ |
| ૦૧ | સાત નારકી | ૧,ના | ૫ | ૪ | પ્રથ ૩ | ૩ | ૨ | ૩+૩ | ૩ | ૧, અવિરતી | ૧, નપું | ૨૯ |
| ૦૨ | ભવન, વાણવ્યં | ૧, દે | ૫ | ૪ | પ્રથ ૪ | ૩ | ૨ | ૩+૩ | ૩ | ૧, અવિરતી | ૨ | ૩૧ |
| ૦૩ | જ્યોતિષ, ૧લું,<br>૨ જું દેવલોક | ૧, દેવ | ૫ | ૪ | ૧,તેજો | ૩ | ૨ | ૩+૩ | ૩ | ૧, અવિરતી | ૨,<br>પુરૂ સ્ત્રી | ૨૮ |
| ૦૪ | ૩, ૪, ૫ દેવલોક | ૧, દે | ૫ | ૪ | ૧,પદ્મ | ૩ | ૨ | ૩+૩ | ૩ | ૧, અવિરતી | ૧, પુ | ૨૭ |
| ૦૫ | ૬ દેવથી ૯ ગ્રૈવે | ૧, દે | ૫ | ૪ | ૧, શુ | ૩ | ૨ | ૩+૩ | ૩ | ૧, અવિરતી | ૧, પુ | ૨૭ |
| ૦૬ | પાંચ અનુત્તર | ૧, દે | ૫ | ૪ | ૧, શુ | ૩ | ૨ | ૩+૦ | ૧, સ | ૧, અવિરતી | ૧, પુ | ૨૨ |
| ૦૭ | પૃ,પાણી,વન. | ૧, તિ | ૧,સ્પર્શ | ૪ | પ્રથ ૪ | ૧, કા | ૨ | ૦+૨ | ૧, મિ | ૧, અવિરતી | ૧, નપું | ૧૮ |
| ૦૮ | તેઉ,વાઉકાય | ૧, તિ | ૧,સ્પર્શ | ૪ | પ્રથ ૩ | ૧, કા | ૨ | ૦+૨ | ૧, મિ | ૧, અવિરતી | ૧, નપું | ૧૭ |
| ૦૯ | બેઈન્દ્રિય | ૧, તિ | ૨ | ૪ | પ્રથ ૩ | ૨ | ૨ | ૨+૨ | ૨ | ૧, અવિરતી | ૧, નપું | ૨૨ |
| ૧૦ | તેઈન્દ્રિય | ૧, તિ | ૩ | ૪ | પ્રથ ૩ | ૨ | ૨ | ૨+૨ | ૨ | ૧, અવિરતી | ૧, નપું | ૨૩ |
| ૧૧ | ચૌરેન્દ્રિય | ૧, તિ | ૪ | ૪ | પ્રથ ૩ | ૨ | ૨ | ૨+૨ | ૨ | ૧, અવિરતી | ૧, નપું | ૨૪ |
| ૧૨ | તિર્યંચ પંચેન્દ્રિય | ૧, તિ | ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૩+૩ | ૩ | ૦+૧+૧ | ૩ | ૩૫ |
| ૧૩ | મનુષ્ય | ૧, મ | ૫+૧ | ૪+૧ | ૬+૧ | ૩+૧ | ૨ | ૫+૩ | ૩ | ૫+૧+૧ | ૩+૧ | ૪૭ |

## : <u>વિવેચન</u> :

૧. પરિણામ : પરિણામ એટલે પરિણમન થવું. એ જીવ અને અજીવ બંનેને હોય છે. (૧) જીવ ક્યારેય અજીવ રૂપે પરિણમે નહીં. (૨) અજીવ ક્યારેય જીવરૂપે પરિણમે નહીં. (૩) કોઈપણ દ્રવ્યનો સર્વથા વિનાશ ન થતાં એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવું તે પરિણામ છે. અજીવ સદા અજીવ રૂપે જ પરિણમે છે.

# ૩. અજીવ પરિણામ પદ

## ❖ પન્નવણા સૂત્ર-પદ ૧૩ ❖

અજીવ, પુદ્ગલનો સ્વભાવ પણ પરિણમનનો છે. અજીવમાં બંધન, ગતિ, વર્ણ, ગંધ વગેરે અવસ્થાઓ દ્વારા થતાં પરિણામોને અજીવ પરિણામ કહે છે. તેના પરિણામના ૧૦ ભેદ છે.– (૧) બંધન પરિણામ, (૨) ગતિ પરિણામ, (૩) સંસ્થાન પરિણામ, (૪) ભેદ પરિણામ, (૫) વર્ણ પરિણામ, (૬) ગંધ પરિણામ, (૭) રસ પરિણામ, (૮) સ્પર્શ પરિણામ, (૯) અગુરુલઘુ પરિણામ, (૧૦) શબ્દ પરિણામ.

(૧) બંધન પરિણામ : અજીવમાં બે પરમાણુ પુદ્ગલથી માંડીને અનંત પ્રદેશી પુદ્ગલનું જોડાવું તે બંધન છે.

પરમાણુ પુદ્ગલ બે પ્રકારનાં હોય છે. ૧. સ્નિગ્ધ, ૨. રૂક્ષ.

બંધ પ્રાયોગ્ય પરમાણુથી સ્કંધોમાં સ્નિગ્ધતા અને રૂક્ષતાના સમગુણ અને વિષમ ગુણ કેવા પ્રકારે હોય તો બંધ થાય કે ન થાય તે સમજાવેલ છે.

તેમાં

૧. સમાન ગુણ સ્નિગ્ધનું સ્નિગ્ધની સાથે બંધન ન થાય.
   જેમકે બે ગુણ સ્નિગ્ધનું બે ગુણ સ્નિગ્ધ સાથે બંધન ન થાય.
   ત્રણ ગુણ સ્નિગ્ધનું ત્રણ ગુણ સ્નિગ્ધ સાથે બંધન ન થાય.
૨. સમાન ગુણ રૂક્ષનું રૂક્ષની સાથે બંધન ન થાય.
   જેમકે બે ગુણ રૂક્ષનું બે ગુણ રૂક્ષ સાથે બંધન ન થાય.
   ત્રણ ગુણ રૂક્ષનું ત્રણ ગુણ રૂક્ષ સાથે બંધન ન થાય.
૩. સ્નિગ્ધનું સ્નિગ્ધ સાથે બે ગુણ કે તેથી વધુ ગુણ અધિક અંતર હોય તો બંધન થાય.
   એક ગુણ સ્નિગ્ધનું ૩, ૪, ૫ કે તેથી વધુ ગુણ સ્નિગ્ધ સાથે બંધન થાય.
   બે ગુણ સ્નિગ્ધનું ૪, ૫, ૬ કે તેથી વધુ ગુણ સ્નિગ્ધ સાથે બંધન થાય.

ઉદા : ઘીનું થીજી જવું તે. પાણીનું બરફ બની જવું તે.

૪. રૂક્ષનું રૂક્ષ સાથે બે કે તેથી વધુ ગુણ અધિક અંતર હોય તો બંધન થાય.
   એક ગુણ રૂક્ષનું ૩, ૪, ૫ કે તેથી વધુ ગુણ રુક્ષ સાથે બંધન થાય.
   બે ગુણ રૂક્ષનું ૪, ૫, ૬ કે તેથી વધુ ગુણ રૂક્ષ સાથે બંધન થાય.
   ઉદા : રાખનું ઢેફું, ચુનાનું ઢેફું અથવા સિમેન્ટનો ગટ્ઠો થવો તે.
૫. જઘન્ય ગુણ સ્નિગ્ધનું જઘન્ય ગુણ રુક્ષનું બંધન ન થાય.
   એક ગુણ સ્નિગ્ધનું ૧ ગુણ રૂક્ષ સાથે બંધન ન થાય.
૬. સ્નિગ્ધ અને રૂક્ષમાં બંને જઘન્ય વર્જીને વિષમ ગુણ હોય કે સમગુણ હોય તો બંધન થાય.

એક ગુણ સ્નિગ્ધનું ૨, ૩, ૪ કે અધિક ગુણ રૂક્ષ સાથે બંધન થાય.
બે ગુણ સ્નિગ્ધનું ૨, ૩, ૪ કે અધિક ગુણ રૂક્ષ સાથે બંધન થાય.
એક ગુણ રૂક્ષનું ૨, ૩, ૪ કે અધિક ગુણ સ્નિગ્ધ સાથે બંધન થાય.
બે ગુણ રૂક્ષનું ૨, ૩, ૪ કે અધિક ગુણ સ્નિગ્ધ સાથે બંધન થાય.

**(૨) ગતિ પરિણામ :** અજીવમાં ગતિ પરિણામ બે પ્રકારે થાય.

૧. <u>ફુસમાણ ગતિ</u> : પુદ્ગલ આકાશ-પ્રદેશને સ્પર્શી સ્પર્શી(એક સમય રોકાઈ)ને ગતિ કરે. જેમ કોઈ પુદ્ગલ અમુક આકાશ-પ્રદેશને સ્પર્શ કરતાં કરતાં એક સ્થાનેથી બીજે સ્થાને ગતિ કરે છે. જેમ ટપ્પી પડતો બોલ ગતિ કરે છે તેમ.
૨. <u>અફુસમાણ ગતિ</u> : પુદ્ગલ આકાશ-પ્રદેશને સમ શ્રેણી એ સ્પર્શ કર્યા વિના (રોકાયા વિના એક સમયમાં) ગતિ કરે. જેમ કોઈ પુદ્ગલ રાજલોકના ૧ છેડેથી બીજે છેડે જાય પણ વચ્ચે એકપણ આકાશ-પ્રદેશને ન સ્પર્શે. જેમ હવામાં ઘા કરેલ બોલને સામેવાળાએ ટપ્પી પડે તે પહેલાં જ હવામાં પકડી લીધો.

અથવા અન્ય બે પ્રકાર આ પ્રમાણે છે :

૧. હ્રસ્વ ગતિ : નાની ગતિ. જેમ કોઈ પુદ્ગલ તેની પાસેના જ પહેલા, બીજા કે ત્રીજા આકાશ-પ્રદેશને સ્પર્શ કરી ચાલે તો તે હ્રસ્વ ગતિ થઈ.
૨. દીર્ઘ ગતિ : મોટી/લાંબી ગતિ : જેમ કોઈ પુદ્ગલ દૂરના આકાશ-પ્રદેશને સ્પર્શ કરે, વચ્ચેના ઘણા પ્રદેશોને સ્પર્શ ન કરે અથવા રાજલોકના એક છેડેથી બીજે છેડે એક સમયમાં જાય તેવી ગતિ.

**(૩) સંસ્થાન પરિણામ :** સંસ્થાન એટલે આકાર. ઓછામાં ઓછા બે પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સ્કંધમાં પાંચમાંથી કોઈને કોઈ એક સંસ્થાન હોય છે.

૧. <u>પરિમંડળ</u> : ચૂડી, બંગડીના આકારે. (વચ્ચે પોલાણ હોય તેવું) જઘન્ય ૨૦ આકાશ-પ્રદેશ.

૨. <u>વટ્ટ</u> : રૂપિયાનો સિક્કો કે લાડવાના આકારે. (ઘન વટ્ટ, વચ્ચે પોલાણ ન હોય). જઘન્ય પાંચ આકાશ–પ્રદેશ.

૩. <u>ત્રંસ</u> : ત્રિકોણના આકારે. જઘન્ય ૩ આકાશ–પ્રદેશ.

૪. <u>ચઉરંસ</u> : ચોરસના આકારે. જઘન્ય ૪ આકાશ–પ્રદેશ.

૫. <u>આયત</u> : લાકડીના આકારે. જઘન્ય બે આકાશ–પ્રદેશ.

(૪) **ભેદ પરિણામ :** અજીવ પુદ્‌ગલ પાંચ પ્રકારે ભેદાય છે. આ ભેદ સ્વયંમેવ અથવા અન્યના પ્રયત્નથી પણ થાય છે.

૧. <u>ખંડભેદ</u> : કટકાની જેમ. લોઢું, તાંબુ, સીસું, સોના, ચાંદી વગેરેના ટુકડાં(કટકા)ના રૂપમાં જે ભેદ થાય છે, તે ખંડભેદ છે.

૨. <u>પ્રતર ભેદ</u> : વાંસ, નેતર, કેળનું ઝાડ અને અબરખ વગેરેના પ્રતર (પડ)ની જેમ જે ભેદ થાય છે, તે પ્રતર ભેદ છે.

૩. <u>ચૂર્ણ ભેદ</u> : મગ, અડદ, ઘઉં, મરચું, સૂંઠ આદિના ચૂર્ણ(લોટ)ની જેમ જે ભેદ થાય છે, તે ચૂર્ણ ભેદ છે.

૪. <u>અનુતટિકા ભેદ</u> : કૂવા, તળાવ, સરોવર સુકાતાં તિરાડ પડે તેવા જે ભેદ થાય છે, તે અનુતટિકા ભેદ છે.

૫. <u>ઉત્કારિકા ભેદ</u> : મસૂર, મગ, અડદની ફળી અને એરંડ બીજનાં સુકાવાથી તેમાંથી દાણા ઉછળીને બહાર નીકળે છે, તેમ ઉત્કારિકા ભેદ.

(૫) **વર્ણ પરિણામ :** મૂળ વર્ણ પાંચ છે–કાળો, નીલો, રાતો, પીળો, ધોળો. એ પાંચ વર્ણના સંયોજનથી અનેક વર્ણ બની શકે છે. જેમ બદામી, કેસરી, જાંબલી, ગુલાબી વ. દરેક દેખાતાં પુદ્‌ગલમાં આ પાંચે વર્ણ હોય છે.

(૬) **ગંધ પરિણામ :** સુરભિગંધ અને દુરભિગંધ. દરેક દેખાતાં પુદ્‌ગલમાં બે ગંધ હોય છે.

(૭) **રસ પરિણામ :** મૂળ રસ પાંચ છે–તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો. ખારો રસ બધાં પુલોમાં હોય છે અને તે પાંચે રસમાં ભળે છે માટે તેને સબરસ કહે છે. દરેક દેખાતાં પુદ્‌ગલમાં પાંચ રસ હોય છે.

(૮) **સ્પર્શ પરિણામ :** આઠ પ્રકારના સ્પર્શ. શીત, ઉષ્ણ, લુખો, સ્નિગ્ધ, ભારે, હળવો, ખરખરો, સુંવાળો. આમાંથી ચાર કે આઠ સ્પર્શ પુદ્‌ગલોમાં હોય છે.

(૯) **અગુરુ લઘુ પરિણામ :** ગુરુ એટલે ભારે અને લઘુ એટલે હલકો. અગુરુલઘુ એટલે ભારે કે હલકો નહીં તેવા અજીવ પુદ્‌ગલ પરિણામ. જેમ કે અરૂપી અજીવ અને ચાર સ્પર્શીરૂપી અજીવ. પરમાણુ, કર્મ પુદ્‌ગલ, કાર્મણ શરીર, મનયોગ, વચનયોગ વગેરે અગુરુલઘુ પરિણામવાળા છે. આ પરિણામ દરેક

પુદ્ગલમાં હોય છે.

(૧૦) શબ્દ પરિણામ : બે પ્રકારે છે. શુભસ્વર, અશુભસ્વર.

## વિવેચન

૧. લોક જીવ અને અજીવથી ભરેલો છે. જીવ વિશે આપણે ખૂબ જાણ્યું, પરંતુ અજીવ વિશે જાણવું જરૂરી છે. અજીવ દ્રવ્ય પાંચ છે–ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ. તેમાં પ્રથમ ચાર અરૂપી છે માટે તે દેખાતાં નથી. માત્ર પુદ્ગલ રૂપી છે તેથી દેખાય છે. તેમાં પરિણમન થાય છે, તેનું પરિણમન અહીં સમજાવ્યું છે.

૨. શરીરમાં આઠે સ્પર્શ કયાં અંગોમાં છે? : ખરબચડો : પગની એડી. સુંવાળો : તાળવું. હલકો : વાળ, ભારે : હાડકાં, ઠંડો : કાનની બૂટ, ગરમ : કલેજું, રૂક્ષ : જીભ, સ્નિગ્ધ : આંખની કીકી.

બંધન પરિણામને કોષ્ટક દ્વારા સમજાવવામાં આવે છે.

| ક્રમ | બંધન કોની સાથે થાય? | કેટલા ગુણ | સ્નિગ્ધનું સ્નિગ્ધ સાથે | રૂક્ષનું રૂક્ષથી | સ્નિગ્ધનું રૂક્ષ સાથે | રૂક્ષનું સ્નિગ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | સમાન ગુણનું સમાન ગુણ સાથે | ૨–૨ | ન થાય | ન થાય | થાય | થાય |
| | | ૩–૩ | × | × | ✓ | ✓ |
| | | ૪–૪ | × | × | ✓ | ✓ |
| ૦૨ | બે કે અધિક ગુણ અંતર સાથે | ૧–૩ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૧–૪ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૧–૫ | ✓ | ✓ | ✓ | ✓ |
| ૦૩ | જઘન્ય એક ગુણનું એક ગુણથી | ૧–૧ | × | × | × | × |
| ૦૪ | એક ગુણ અધિક સાથે | ૧–૨ | × | × | ✓ | ✓ |
| | | ૨–૩ | × | × | ✓ | ✓ |
| | | ૩–૪ | × | × | ✓ | ✓ |
| | | ૪–૫ | × | × | ✓ | ✓ |
| ૦૫ | બે ગુણ કે અધિક ગુણ અંતર સાથે | ૨–૪ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૨–૫ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૩–૫ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૩–૬ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૪–૬ | ✓ | ✓ | ✓ | ✓ |
| | | ૪–૭ | ✓ | ✓ | ✓ | ✓ |

૩. ગતિ પરિણામ પુદ્‌ગલોમાં પણ હોય છે તેથી ગતિ કરે તે બધાં જ જીવ જ છે તેમ ન સમજી શકાય. જીવનું લક્ષણ ચૈતન્ય છે ગતિ નહીં.
દૂધનું દહીંમાં પરિણમન થવું તે અજીવ પુદ્‌ગલોનાં બંધન, ગતિ વગેરે પરિણમનને કારણે થાય છે. તેમાં આગમકારો બેકટેરિયાની ઉત્પત્તિ માનતા નથી. આગમમાં દહીંને અચેત બતાવેલ છે.
૪. અસંખ્ય દ્વીપ-સમુદ્રમાં પ્રથમ જંબૂદ્વીપ વટ્ટ આકારે છે. તેની ફરતે બાકીના સર્વ સમુદ્ર અને દ્વીપ ચૂડીના આકારે અર્થાત્ પરિમંડલ સંસ્થાને છે.
૫. જે પુદ્‌ગલ આજે શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રૂપે છે તે જ પુદ્‌ગલનું પરિણમન અશુભમાં થઈ જશે માટે. તે પુલો જીવને સુખરૂપ કે શરણરૂપ થતાં નથી. માટે તેમાંથી મોહ કે આસક્તિ દૂર કરવી.
૬. વૈરાગ્ય બિંદુ : વિવિધ અજીવ પરિણામોને જાણીને અજીવ પ્રત્યેથી મોહ ઘટાડવો, નિર્મમત્વ ભાવ કેળવવો. પુદ્‌ગલની આસક્તિ, પ્રીતિનો ત્યાગ કરવો.

# સંસ્કાર વિભાગ

## ૧. શું મારે આમ વિચારાય? શું મારે આમ બોલાય?

જો હું જૈનધર્મી છું ... જો હું શ્રાવકધર્મમાં છું ... તો મારે ...
ધર્મના સ્વરૂપને સમજીને જુદી જુદી પરિસ્થિતિમાં કેવું વિચારાય? કેવું બોલાય? તે શીખવું છે. જેથી હું આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી દૂર રહું અને ધર્મધ્યાનમાં રહું. તેમાંની કેટલીક દ્રષ્ટાંતરૂપ પરિસ્થિતિ અહીં આપી છે.
પ્રથમ ત્રણ પરિસ્થિતિ શ્રેણી ૧૦ સુધીમાં આપણે જોઈ ગયા. હવે ....

### પરિસ્થિતિ - ૪

**નાનાં જ્યારે અવિનય કરે ત્યારે વડીલો દ્વારા...**
**આમ ન વિચારાય, ન બોલાય.**

(૧) મેં ઘણાં કષ્ટો સહન કરી ભણાવ્યાં, ગણાવ્યાં છતાં મારી સાથે આવું વર્તન કરે છે?
(૨) હું કહું તે કેમ ન માને? મારી સામું કેમ બોલે?
(૩) કોઈપણ કાર્ય મને પૂછ્યા વગર કેમ કરે?
(૪) હિત માટે કહેવા છતાં પણ હિતશિક્ષા સાંભળવા કોઈ તૈયાર નથી.

(૫) મારી બધી અપેક્ષાઓ અને આશાઓ પર પાણી ફરી વળ્યું છે.
(૬) પુત્રવધૂ આવ્યા ત્યારથી ઘરમાં શાંતિ નથી.

**મારો નવો પ્રયોગ... આમ વિચારાય, આમ બોલાય...**

(૧) પુત્રના અવિનીત ભાવથી તેમના પર દ્વેષ કરી નવાં કર્મ ન બાંધું.
(૨) મારા જ અનાદેય કર્મનો ઉદય છે. મેં જ ધર્મ સંસ્કારો આપવામાં ઊણ રાખી છે, તેથી માનતા નથી, સામે થાય છે.
(૩) મારામાં વિનયના સંસ્કાર ન હતા, કદાચ તેનું જ આ પરિણામ છે.
(૪) મેં ક્યારેક પુત્રરૂપે વડીલોનાં દિલ દુભાવી કર્મો બાંધેલાં છે. તેના ફળરૂપે અવિનીત પુત્ર કે પુત્રવધૂ મળ્યાં છે. બધો દોષ મારાં કર્મનો છે.
(૫) પાંચમા આરામાં મારો જન્મ થયો, એનો અર્થ જ એ કે મારાં એટલાં સારાં પુણ્ય છે જ નહીં, માટે જ પુત્ર કે પુત્રવધૂ પાસે મારે અપેક્ષા ન રાખવી.
(૬) તે પુત્ર વગેરે મારી સાથે અયોગ્ય વર્તન કરશે તો પાપકર્મનો બંધ તેને થશે. ભવિષ્યમાં એ દુઃખી થશે, માટે કરુણા કરું પણ દ્વેષ ન કરું.
(૭) મારે સમભાવ કેળવી જાતને સુધારવાની છે.
(૮) દેવ, ગુરુ, ધર્મ તથા વડીલો પ્રત્યે હું બહુમાન અને ભક્તિ વધારું, જેથી પૂર્વે બાંધેલાં કર્મ ક્ષય થાય.
(૯) જુઓ રાજા શ્રેણિકે... પુત્ર કોણિકના ફટકા ખાઈને જરા પણ દ્વેષ ન કર્યો અને ભાવિમાં તેઓ તીર્થંકર બનશે.

**<u>પરિસ્થિતિ – ૫</u>**

**લઘુજનો(નાનાં)ને વડીલો પ્રત્યે અણગમો થાય ત્યારે ...**

**આમ ન વિચારાય, આમ ન બોલાય.**

(૧) શું બધું વડીલોને પૂછીને જ કરવું જોઈએ?
(૨) બધાં કાર્યો વડીલોની ઈચ્છા પ્રમાણે કરવા એ કાંઈ જરૂરી નથી.
(૩) વડીલોને ન ગમે એટલે ન કરવું એવું કોણે કહ્યું?
(૪) વડીલોને તો મારી ભૂલ જ દેખાય છે, સારું કરીએ છીએ એ દેખાતું જ નથી.
(૫) મારે જે કરવું હોય તે હું કરું, તેમાં વડીલોએ માથું મારવાની જરૂરત નથી.
(૬) મને ગમે તે હું કરું. તમને ગમે તે તમે કરો. હું ક્યાં કોઈને અટકાવું છું!
(૭) ભણાવ્યાં, ગણાવ્યાં, મોટાં કર્યા એમાં શું ઉપકાર કરી દીધો? જન્મ દીધો એટલે મોટાં તો કરે જ ને?

**મારો નવો પ્રયોગ ... આમ વિચારાય, આમ બોલાય.**

(૧) વડીલોને સમાધિ આપીશ તો જીવન સફળ થશે. વડીલોનાં હૃદય બાળીશ તો અશાંતિ મળશે.

(૨) વડીલોનાં હૈયામાં નાનાનું હિત જ હોય છે. તેમની અમીદ્રષ્ટિથી કામ પાર પડે.

(૩) વડીલોનાં અવિનય કે અનાદરથી નીચગોત્ર કર્મ બંધાય. નીચું કુળ, નોકરપણું, ગરીબાઈ મળે. વિનય ને આદરથી ઉચ્ચ ગોત્ર બંધાય. ઊંચું કુળ, દેવ, ગુરુ, ધર્મ, ઊંચું પદ, લબ્ધિ અને ધનસંપત્તિ મળે.

(૪) મારાં અશુભ કર્મોને કારણે જ વડીલોના વિચાર મારાથી વિરુદ્ધ છે.

(૫) વડીલો ભૂલ બતાવીને ઉપકાર જ કરે છે. મારા કામમાં સુધારો થાય છે.

(૬) વિનય ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે. મારા વિનયથી જ સંતાનોમાં વિનયના સંસ્કાર આવશે.

(૭) અવિનયનો અવગુણ દુર્ગુણો લાવે છે, માટે સહન કરવું અને વિનય ચૂકવો નહીં.

(૮) વડીલોનો સ્વભાવ ન જોવાય, તેમના ઉપકારનો વિચાર કરાય. પરસ્પરના વિનય વ્યવહારોથી શાંતિ રહે છે.

(૯) સતી અંજના, સતી ચંદનબાળા વ. કટુ વચન સહન કરી મોક્ષે ગયા, મારે પણ તેમના જેવું બનવું છે.

<u>અપેક્ષિત પ્રશ્નો :</u> (૧) વડિલોનો અવિનય કરવાથી કે વિનય કરવાથી શું ફળ મળે? (૨) કયા પુત્રના ફટકા ખાઈને કયા પિતાએ દ્વેષ ન કર્યો? (૩) નાનાં જ્યારે અવિનય કરે ત્યારે વડીલોએ શું ન વિચારાય? ચાર મુદ્દા લખો. (૪) નાનાં જ્યારે અવિનય કરે ત્યારે વડીલોએ કયો નવો પ્રયોગ કરવો? (૫) પૂર્વે બાંધેલાં કર્મક્ષય કેવી રીતે થાય? (૬) નાનાંને વડીલો પ્રત્યે અણગમો થાય તો શું વિચારાય? (૭) નાનાંને વડીલો પ્રત્યે અણગમો થાય તો શું ન વિચારાય? ચાર મુદ્દા લખો. (૮) કટુવચનો સહન કરી કયા સતી મોક્ષમાં ગયાં?

## ૨. આજને બગાડી ના બગાડું અનંત

અનંતો ભૂતકાળ મારો બગડેલો છે, હવે જાગ્યા ત્યારથી સવાર. હજુ અનંત ભવિષ્યને સુધારવાનો મોકો આજના હાથમાં છે. આજનું જીવન એ નાનું જીવન છે. એ ના બગડે, મૃત્યુને મહોત્સવ બનાવી શકું માટે હું ગંભીર બની કંઈક વિચારું.!

૧. સમય ન બગાડું, જીવન ન બગાડું.
૨. શરીર ન બગાડું, મન ન બગાડું.
૩. સંતાનોને ન બગાડું, સંબંધો ન બગાડું.
૪. પૈસા ના બગાડું, પુણ્ય ના બગાડું.
૫. સંસ્કાર ના બગાડું, ધર્મ ના બગાડું.
૬. ભાવ ન બગાડું, મૃત્યુ ન બગાડું.

### ૧. સમય ન બગાડું, જીવન ન બગાડું

કરોડો ભવ દુઃખ સહન કર્યું ત્યારે આ કીંમતી સમય મળ્યો છે. આ સમય સોના, રત્ન કરતાં કીંમતી છે. જે સમય સંસારમાં તે સમય બગડવાનો. જે સમય ધર્મમાં તે સમય સુધરવાનો. માટે હું આળસ, પ્રમાદ, પાપનાં કામો ન કરું. સમયનો સદુપયોગ ધર્મમાં કરું. સમય બગડશે તો જીવન બગડશે.

માનવજીવન અનંતા ભવોમાં એકવાર મળે, અનંતા કાળમાં થોડીવાર મળે, અનંતા જીવોમાં એકને મળે, માટે દુર્લભ છે. તેમાં હું પાપ કરી કર્મ બાંધી પરભવનાં જન્મ-મરણ ન વધારું. ધર્મ કરી, આરાધક થઈ, મોક્ષ મેળવું. આ જીવન આત્મકલ્યાણ કરવા છે.

### ૨. શરીર ન બગાડું, મન ન બગાડું

આ શરીર તો ધર્મ અને મોક્ષનું સાધન છે, માટે ખા ખા કરીને, મોજશોખ કરીને, વિષયસુખ સેવીને, ભૌતિક સાધનો વાપરીને શરીર-ઈન્દ્રિય ન બગાડાય. ધર્મ કરવા માટે શરીર તો કસાયેલું, સહનશીલ, મનોબળવાળું, થનગનતું રાખું. અને મન...

મનથી વાતેવાતે દુઃખી ના થઉં, સંકુચિત ને સ્વાર્થના વિચાર ન કરું. મન બગડતાં જીવન બગડે માટે સારા વિચાર કરું, બીજાનું હિત ચિંતવું, શાંતિ, સંતોષ અને આનંદમાં રહું. મન તો ચિંતામણિ છે, સંયમ સંથારાના મનોરથ કરીશ તો મોક્ષ મળશે.

### ૩. સંતાનોને ન બગાડું, સંબંધો ન બગાડું

સંતાનોનું હિત શેમાં છે? એ સુખી કઈ રીતે થાય? તે વિચારું. ધનના ઢગલા, ભોગનાં ખડકલા, મોજશોખનાં સાધનો આપી, ખોટા લાડ લડાવી સંતાનની જિદ્દો પૂરી ન કરું. સંતાનોને વિનીત, સંસ્કારી, સંયમિત, નિયંત્રિત, ધર્મી બનાવું. સંતાનોને મારો સમય આપી, સંબંધોની કિંમત સમજાવું.

ધનની મૂડી કરતાં સંબંધોની મૂડી ઊંચી છે. માટે સ્વાર્થી બની, નિંદા કરી કે બોલીને સંબંધ ન બગાડું. પ્રેમ, આત્મીયતા, ત્યાગ, સમર્પણતા સંબંધ

સાચવવાની ચાવી છે. બીજાનું સુખ તે મારું સુખ માટે સહન કરીને પણ સંબંધ સાચવું.

### ૪. પૈસા ના બગાડું, પુણ્ય ના બગાડું

પૈસો અનેક પાપ કર્યા પછી મળે છે. પૈસો એટલે પાપ અને દુઃખની કમાણી. માટે ખોટા ખર્ચા, દેખાડો અને ફેશન-વ્યસન ન કરું. જે છે તેનાથી ચલાવતાં શીખું. ખર્ચામાં વિવેક કરી પૈસાની જરૂરિયાત ઘટાડું, પુણ્ય વધારું.

માનવભવ, આર્યક્ષેત્ર, જૈનકુળ, વ. અઢળક પુણ્ય મારાં ખર્ચાઈ રહ્યાં છે. જો આ પુણ્યના ઉદયમાં ધર્મ ના કર્યો તો નુકસાન. પાપ કર્યું તો બમણું નુકસાન. પુણ્યોદયમાં સુખનો ઉદય કરવા ધર્મ કરું. પુણ્યથી મળેલાં ધન, વૈભવને પચાવું. જરૂરિયાત ઘટાડી પુણ્ય બચાવું.

### ૫. સંસ્કાર ના બગાડું, ધર્મ ના બગાડું

હું તો જૈન. મેં માતાપિતા પાસેથી જીવદયાના, જૈનશાળામાંથી ધર્મના, ગુરુ પાસેથી આત્મકલ્યાણના સંસ્કાર મેળવ્યા છે. આ સંસ્કાર સોનાના ઘરેણાં કરતાં કીંમતી છે. માટે હું કુમિત્રોની સોબત ન કરું, દેખાદેખી ન કરું, મર્યાદા ન તોડું. ખાનદાની અને ધર્મને યાદ રાખી જૈનધર્મીને શોભે તેવા વ્યવહાર કરું.

મારો જૈન ધર્મ તો અનંતા તીર્થંકરોનો. ચક્રવર્તીઓએ ધર્મને માટે છ ખંડના રાજ્યનો ત્યાગ કર્યો. અરે! મહાપુરુષોએ ધર્મને માટે પોતાના પ્રાણ દઈ દીધા. આવા ઊંચા ધર્મને ન બગાડું. જૈન બનું તો સાચો જૈન બનું. શ્રાવક બનું તો સાચો શ્રાવક બનું. સાધુ બનું તો સાચો સાધુ બનું.

### ૬. ભાવ ન બગાડું, મૃત્યુ ન બગાડું

આત્માના પરિણામ, લેશ્યા, અધ્યવસાય એટલે કે ભાવ ન બગાડું. ભાવ બગડે તો ભવ બગડે. આખા ભવની મહેનત ક્ષણમાં પાણીમાં જાય. ખરાબ ભાવમાં આયુષ્ય બંધાય તો અનંતકાળનું ભાવિ અંધારામાં. માટે ઊંચા ભાવ રાખું. શ્રદ્ધા અને સાધના કરું, સમ્યક્ પરાક્રમ કરું. ભાવ ના બગડે તેનું કાંઈ ના બગડે. ભાવ બગડે તેનું મરણ બગડે.

આયુષ્યનો બંધ અંતિમ સમયે પણ થાય, માટે અંત સમય સુધારું. જીવવાનો મોહ ન રાખું. પૈસા કે પરિવારમાં જીવ ના રાખું. વેરઝેર છોડું. મરતાં પહેલાં મમતા મૂકી દઉં. ખામેમિ, મિચ્છામિ, વંદામિની આરાધનાથી સંલેખના સંથારો કરું. મારા પરભવને સુધારવા સિવાય કોઈની ચિંતા ન કરું. મોત અટકાવી ના શકાય પણ સુધારી તો શકાય છે. મોતને મહોત્સવ બનાવવા આજને સુધારું.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> :

(૧) સમય ન બગાડું, જીવન ન બગાડું. મુદ્દો સમજાવો.

(૨) શરીર ન બગાડું, મન ન બગાડું. તે શું કહે છે?

(૩) સંતાનોને ન બગાડું, સંબંધો ન બગાડું. તે શું સમજાવે છે?

(૪) પૈસા ના બગાડું, પુણ્ય ના બગાડું. તમે શું કરશો? કેવી રીતે?

(૫) સંસ્કાર ના બગાડું, ધર્મ ના બગાડું. આ સંદેશ શું બતાવે છે? લખો.

(૬) ભાવ ન બગાડું, મૃત્યુ ન બગાડું. કેવી રીતે આ કરશો?

(૭) આજને બગાડી ન બગાડું અનંત કેવી રીતે? ટૂંકમાં સમજાવો.

## ૩. .... તો ક્રોધ શૂન્ય થઈ જાય

ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે,
માયં ચ અજ્જવભાવેણ, લોભં સંતોસએ જિણે' દશવૈકાલિક સૂત્ર-અધ્યયન ૮.

ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રતાનો અને લોભ સર્વ સુણોનો નાશ કરે છે. માટે ક્રોધને ઉપશમભાવથી, ક્ષમાથી જીતવાની સાધના કરવા.

૧. માલિકી ભાવને છોડું, આવશ્યક્તાને ઘટાડું.
૨. ઈચ્છાઓને ઘટાડું, અપેક્ષાઓને તોડું.
૩. સમયની પકડ ના રાખું, સમય, ક્ષેત્ર, સંયોગ અને કામ બદલું.
૪. વસ્તુ ઓછી વધુ ન ચલાવું તો શરીર, મન અને આત્માનું નુકસાન થાય.
૫. ઉતાવળ ના કરું, બીજાને પહેલાં કરવા દઉં.
૬. અવાજ ધીમો રાખું, મૌન રાખું.

### ૧. માલિકી ભાવને છોડું, આવશ્યકતાને ઘટાડું

માલિકી ભાવ એટલે અધિકાર, સત્તા, મોટાઈની વાત. 'હું કહું તેમ કરો. મારું તો બધાંએ માનવું જ પડે' એવા ભાવ તે માલિકી ભાવ. તેને દૂર કરવા હું મોટો ખરો પરંતુ મારાં પુણ્ય ખોટાં હોય તો મારું કહ્યું ન માને. આમ વિચારવું. પોતાનું ધાર્યું ન થાય એટલે ક્રોધ આવે. માલિકી ભાવ ઘટશે તો ક્રોધ ઓછો થશે.

આવશ્યક્તા વધતી જાય ત્યારે દરેક સમયે દરેક વ્યક્તિઓ આપણી સેવામાં રહી શકતી નથી. દરેક વસ્તુ આપણી પાસે હોતી નથી, માટે તેના અભાવે ગુસ્સો આવે છે. ક્રોધને ભગાડવા આવશ્યક્તા ઘટાડી સાદાઈ વધારવી. લાવો ને બદલે ચલાવો એમ વિચારવાથી ક્રોધનાં નિમિત્ત ઘટશે.

### ૨. ઈચ્છાઓ ને ઘટાડું, અપેક્ષાઓ ને તોડું

ઈચ્છાઓ થાય છે આપણા મોહ પ્રમાણે, ઈચ્છાઓ પૂરી થાય છે આપણાં પુણ્ય પ્રમાણે. મોહ અધિક અને પુણ્ય ઓછાં હોય ત્યારે ઈચ્છા પૂરી ન થાય, માટે ગુસ્સો આવે. ચક્રવર્તી અને ઈન્દ્રોની ઈચ્છા પણ કયાં પૂરી થાય છે? 'ઈચ્છા તો આકાશ સમાન અનંત છે.' માટે ઈચ્છા જ ઘટાડી દઉં.

ઈચ્છાઓ વસ્તુઓની વધારે હોય છે, અપેક્ષાઓ વ્યક્તિ પાસેથી વધારે હોય છે. અપેક્ષા પ્રમાણે કોઈ કામ ન કરે, જવાબ ન આપે અથવા પોતાનું ધાર્યું જ કરે તેથી અપેક્ષા તૂટે, ગુસ્સો આવે. 'સુખી થવું હોય તો અપેક્ષા કોઈની રાખવી નહીં' અપેક્ષા નહીં તો ક્રોધ નહીં.

### ૩. સમયની પકડ ના રાખું, સમય, ક્ષેત્ર, સંયોગ અને કામ બદલું

બધું જ ટાઈમ ટુ ટાઈમ, ઘડિયાળના કાંટે થવું જ જોઈએ, આવો આગ્રહ હશે તો જરાક વહેલું-મોડું થશે તો ક્રોધ આવશે. સમય સચવાય, પરંતુ સમતા ન સચવાય તો શું કામનું? બધું આપણા જ સમયે કેવી રીતે થાય? ઘડિયાળના કાંટાને પકડી રાખે, તેના મગજના કાંટા છટકવાના સહુની સમજણ અલગ હોય. માટે સમયની પકડ ન રાખું.

અમુક સમયે બધાંને ઉતાવળ હોય. અમુક સમયે આપણે જ પહેલાં પ્રમાદ કરીને પછી ઝડપ કરવામાં કષાય કરીએ છીએ. ક્યારેક સમયમાં, સંયોગમાં કે ક્ષેત્રમાં બદલાવ લાવવો. જરાક જગ્યા બદલો, રૂમ છોડો, વસ્તુ કે વ્યક્તિને છોડો. કંટાળાજનક કામને થોડીવાર માટે બદલો તો સમયની પકકડ છૂટતા ક્રોધ કાબૂમાં રહેશે.

### ૪. વસ્તુ ઓછી વધુ ન ચલાવું તો શરીર, મન ને આત્માનું નુકસાન થાય

વ્યક્તિમાં સમયની પકડ, વસ્તુમાં સંખ્યાની પકડ, આ બંને અશાંતિ સર્જે છે. વસ્તુ ગમતી હોય તે ક્યારેક ઓછી હોય તો ચલાવો. પરિવારને વાતેવાતે ઝઘડાવતી ઝંખના છે 'બધું મારા મનને અનુકૂળ જ મળવું જોઈએ.'

પરિણામે શરીરનું નુકસાન : આંખ લાલ, લોહી ગરમ, ફિટ, ધ્રુજારી, બી.પી. હાઈ-લો, હાર્ટ એટેક. મનનું નુકસાનઃ અશાંતિ, ઉદ્વેગ, અજંપો, આર્ત્તધ્યાન. આત્માનું નુકસાન : કર્મબંધન, નરક અને તિર્યંચના આયુષ્ય બંધ, વિરાધકપણું. ક્ષમા, સમતા ગુણનો નાશ, મોક્ષ દૂર. ક્રોધના પરિણામ નજર સામે રાખી ક્રોધથી બચવું.

### ૫. ઉતાવળ ના કરું, બીજાંને પહેલાં કરવા દઉં

જવાબ દેવામાં, પોતાનું ધાર્યું કરવામાં, પોતાની આવડત બતાવી દેવામાં, ઉતાવળ ના કરવી. થોડી શાંતિ રાખવી, થોડી ધીરજ રાખવી. થોડું મનને કાબૂમાં

રાખતાં શીખવું. થોડો આત્મસંયમ સાચવતા શીખવું. જરાક ધીરા પડો તો ક્રોધ સાવ શાંત.

ઘરમાં છાપું એક અને વાંચનારા અનેક... ચાલો છાપાનાં પાનાં તો જુદાં કરી શકાય, પરંતુ ઘરમાં બાથરૂમ એક અને ઉતાવળાં અનેક... માટે ઘરમાં ઉતાવળના સમયમાં પોતાનાં કામ ઓછાં રાખવાં. બીજાંને જગ્યા આપી દો, એનો ક્રોધ બંધ થશે. બધાંને શાંતિ રહેશે. "વસ્તુ અને કામ કરતાં વ્યક્તિ પ્રેમ વધે તો જતું કરી શકાય."

### ૬. અવાજ ધીમો રાખું, મૌન રાખું

ધીમા અવાજે ક્રોધ થઈ શકતો જ નથી. જેમ કોઈ રેડિયો, ટેપ, ટી.વી.નો અવાજ એકદમ વધારે કરે તેમ ક્રોધ આવતા અવાજ મોટો થાય છે. વ્યક્તિ બૂમ પાડવા લાગે છે. 'સામાં તો બહેરાં નથી હોતાં પરંતુ પોતે આંધળો થઈ જાય છે.' માટે અવાજ ધીમો હોય તો ક્રોધને કાબૂ કરી શકાય.

ગરમાગરમ કૂકરને તરત ખોલો તો શું થાય? ... થોડીવાર ઠંડુ પડવા દેવું પડે ને! મગજ ગરમાગરમ હોય ત્યારે મોટું ના ખોલો. પહેલાં મગજને ઠંડું પડવા દો પછી બોલો. એ છે ક્રોધથી બચવાનો સરળ ઉપાય.

<u>અપેક્ષિત પ્રશ્નો :</u> (૧) માલિકી ભાવને છોડું, આવશ્યક્તાને ઘટાડું. તે શું કહે છે? (૨) ઈચ્છાઓને ઘટાડું, અપેક્ષાઓને તોડું. મુદ્દો સમજાવો. (૩) સમયની પકડ ના રાખું, સમય, ક્ષેત્ર, સંયોગ અને કામ બદલું. તે શું સમજાવે છે? (૪) 'વસ્તુ ઓછી-વધુ ન ચલાવું તો શરીર, મન અને આત્માનું નુકસાન થાય.' આ સંદેશ શું બતાવે છે? લખો. (૫) ઉતાવળ ના કરું, બીજાંને પહેલાં કરવા દઉં. તમે શું કરશો? કેવી રીતે? (૬) અવાજ ધીમો રાખું, મૌન રાખું. કેવી રીતે આ કરશો? (૭) ક્રોધને શૂન્ય કરવાના ઉપાય શું છે? ટૂંકમાં લખો.

## ૪. .. તો માનના દાંડિયા ડૂલ થઈ જાય

"ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે,
માયં ચ અજ્જવભાવેણ, લોભં સંતોસએ જિણે' દશવૈકાલિક સૂત્ર-અધ્યયન ૮.

ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રતાનો અને લોભ સર્વ સુણોનો નાશ કરે છે. માટે માનને વિનયભાવથી જીતવાની સાધના...

૧. મને જે મળ્યું તે મારું નથી, પહેલાં હતું નહીં, પછી રહેવાનું નથી.
૨. આત્મપ્રશંસા ના કરું, પરનિંદા ના સાંભળું.
૩. હુકમો ન ચલાવું, પરિસ્થિતિ સ્વીકારું.

૪. યોગ્ય પાત્રને પ્રોત્સાહન આપું, પુણ્યને પડછાયો માનું.
૫. પ્રશંસાને કીચડ માનું! વિનયને વર્ધમાન બનાવું!
૬. ઉપકારીના ઉપકાર પ્રગટ કરું, અપકારી પર ઉપકાર કરું.

### ૧. મને જે મળ્યું તે મારું નથી, પહેલાં હતું નહીં, પછી રહેવાનું નથી

બીજાંનાં ધન, વૈભવ, ગાડી કે બંગલાનું અભિમાન કોઈ ન કરે! જ્યાં વસ્તુમાં મારાપણું આવે ત્યારે અભિમાન આવે. મને જે મળ્યું છે તે પુણ્યથી મળ્યું છે. એકપણ નાશવંત ચીજ જ્યાં મારી છે જ નહીં ત્યાં એનું અભિમાન શેનું? "મારો તો એક આત્મા, મારા ગુણો અને જ્ઞાન-દર્શન તે જ મારાં."

આજે જે તન, ધન, વતન, સાધનનું અભિમાન કરીએ છીએ એ આપણી પાસે ક્યારથી છે? શું ગયા ભવમાંથી બધું સાથે લઈને આવેલા? અને એ રહેશે ક્યાં સુધી? 'જે સ્મશાનમાં પણ સાથે ના આવે તે પરભવમાં સાથે ન આવે' જેના પહેલાં ખાલી હાથ! તેના છેલ્લા ખાલી હાથ! એ હાથના માન શા માટે?

### ૨. આત્મપ્રશંસા ના કરું, પરનિંદા ના સાંભળું

પોતાના ગુણો ના ગાવ. 'હું હું' ની વાતો ના કરવી. બંધ જ ના થાય તેવી આપણી પોતાની ટેપ ના ચલાવવી. પોતાની મોટાઈ ન કરવી. પોતાની ઓળખાણ દીધા ના કરવી, આત્મપ્રશંસા એ માન છે. લઘુતાને ધારણ કરવી. દરેક ક્ષેત્રમાં પોતાનાથી હોંશિયારને જોઈને નમ્રતાને ધારણ કરવી. હંમેશાં શેરને માથે સવા શેર હોય જ છે.

પરનિંદા સાંભળવામાં રસ લેવો એ પણ છૂપી આત્મપ્રશંસા છે. બીજાને હલકા બતાવવા એ પોતાને ઊંચાં બતાવવાની વાત છે. પોતાના મોઢેથી પારકી નિંદા કરવી નહીં. પોતાના કાનેથી પારકી નિંદાનું ઝેર પીવું નહીં. બીજાના વિશે જેટલું ઓછું જાણીએ એટલા પરનિંદાથી બચી શકાય.

### ૩. હુકમો ન ચલાવું, પરિસ્થિતિ સ્વીકારું

હુકમો કરવામાં માન પોષાય છે. આપણો અધિકાર હોય, મોટા હોઈએ તો પણ હુકમો ચલાવ્યા વિના પ્રેમ, મીઠાશ અને નરમાશથી બીજાં પાસેથી કામ લઈ શકાય છે. તિરસ્કાર ભરેલાં કે નિશ્ચયકારી વચનો બોલવાં નહીં. બીજાંને નીચું જોવડાવવામાં માન જ પોષાય છે.

એક ઘા અને બે કટકા, તડ અને ફડ કરવું-આ બધું પણ માન કરાવે છે. આઘાપાછા થવું પડે, જતું કરવું પડે, ગમ ખાવો પડે, વસ્તુ અને વ્યક્તિ ન ગમે તો પણ ચલાવવા પડે. અભિમાન હોય તો આ શક્ય નથી. માટે માનથી બચવા ગમે તે પરિસ્થિતિ સ્વીકારવી, પરંતુ હુકમ કરાય નહીં.

### ૪. યોગ્ય પાત્રને પ્રોત્સાહન આપું, પુણ્યને પડછાયો માનું

અભિમાની વ્યક્તિ પોતાને જ પહેલે નંબરે માને, આગળ માને, ઊંચો માને, સ્વાર્થમાં રહે છે. અન્યનો પહેલો નંબર ન આવે, આગળ ન જાય કે ઊંચો ન આવે તે માટે પ્રયત્ન કરે છે. પરંતુ સરળ વ્યક્તિ યોગ્ય પાત્રને પોત્સાહન આપી શકે છે. માટે અભિમાની ન બનવું.

સવારે અને સાંજે સૂરજના પ્રકાશમાં ટૂંકા શરીરનો પડછાયો મોટો દેખાવાથી ખરેખર મોટા નથી થતા. તેમ પુણ્યનો ઉદય હોય તો ઊંચું ગોત્ર, જાતિ, કુળ, બળ, રૂપ, તપ, સૂત્ર, લાભ, ઐશ્વર્ય વ. બધું ઊંચું મળે. તેમાં અભિમાન ન કરવું. કારણ પુણ્યનો પડછાયો ગમે ત્યારે ટૂંકો થશે અને પાપનાં અંધારામાં અદ્રશ્ય થઈ જશે તો ખબર નહીં પડે. માટે પુણ્યના ઉદયથી મળ્યું એમાં માન શું કરવું?

### ૫. પ્રશંસાને કીચડ માનું! વિનયને વર્ધમાન બનાવું!

કીચડમાં પડે તેનું શરીર બગડે. પોતાની પૂજા, પ્રશંસા, માન, સન્માન આ બધું કીચડ જેવું છે. જીવ તેમાં પડે ત્યારે આત્મા, ગુણો, ધર્મ, સાધના અને મોક્ષ બધું બગડે. અરે! આખો ભવ બગડે. પ્રશંસાથી અભિમાન વધે, વિનયગુણ નાશ પામે છે. માન હશે તો અવિનય, અભક્તિ, આશાતના થશે. માનને જીતવા નમ્રતા રાખવી, ગુણીજનો પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ વધારવી. વિનયમાં વધુ જાગૃત બનવું. જેમ વિનયના વ્યવહાર વધારતા જશું તેમ માન, અહંકાર, મોટાઈ ઘટતાં જશે.

### ૬. ઉપકારીના ઉપકાર પ્રગટ કરું, અપકારી પર ઉપકાર કરું

અભિમાની વ્યક્તિ આત્મપ્રશંસા કરે. પોતે મૌન રહેશે પરંતુ પોતાના મોઢે બીજાના ગુણ નહીં ગાઈ શકે. ગુણીજનોના ગુણ અને ઉપકારીજનોના ઉપકારને અહોભાવથી, પ્રસન્નતાથી પ્રગટ કરવા. તેથી આપણું માન ઘટે, ગુણવાન બનીએ.

જો વિચારોમાં વિશાળતા હશે તો અપકારી પર દ્વેષ નહીં આવે. મેં પૂર્વે તેનું ખરાબ કર્યું હશે, માટે આજે તેનું વર્તન ખરાબ છે. વીંછી તેનો ડંખ દેવાનો સ્વભાવ ન ભૂલે તો સંત સજ્જનતા ન ભૂલે, તેમ હું પણ અપકાર ભૂલી ઉપકાર કરું. મારી સરળતા વધશે તો માન ઘટશે.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) માન ઘટાડવા શું વિચારશો? (૨) અભિમાન ક્યારે આવે? (૩) પરનિંદાથી કેવી રીતે બચી શકાય? (૪) કેવાં વચનો ન બોલવાં? (૫) માન કેવી રીતે પોષાય છે? (૬) માન કેવી રીતે ઘટશે? (૭) વીંછીના ઉદાહરણથી શું સમજાવેલ છે? (૮) હુકમો ન ચલાવું .. સમજાવો કેવી રીતે?

# કથા વિભાગ

## ૧. મહાશતક શ્રાવક

### ❖ ઉપાસક દશાંગ સૂત્ર–અધ્યયન ૮ ❖

**સંઘર્ષમાં સમજણથી સાધના કરી... તેનું આદર્શ દ્રષ્ટાંત એટલે રાજગૃહીના નિવાસી મહાશતક શ્રાવક હતા. તે નગરીના રાજા શ્રેણિકના રાજ્યમાં લોકો સુખ–શાંતિથી જીવન વ્યતીત કરતા હતા.**

### મહાશતક અને તેમના પરિવારનો પરિચય

મહાશતકે આઠ કરોડ કાંસ્ય–પ્રમાણ સોનામહોર સુરક્ષિત ખજાનામાં, આઠ કરોડ કાંસ્ય–પ્રમાણ સોનામહોર વ્યાપારમાં, આઠ કરોડ ઘરના વૈભવમાં રાખી હતી. આઠ વ્રજ, ગોકુળ હતા. પ્રત્યેક ગોકુળમાં દસ દસ હજાર ગાય હતી. આમ મહાશતક પ્રચુર ધનસંપત્તિના સ્વામી હતા.

મહાશતકને રેવતી વગેરે તેર રૂપવતી પત્નીઓ હતી. તેઓનાં શરીર પાંચે ઈન્દ્રિયોથી સુંદર, અખંડિત, સંપૂર્ણ હતાં. સદાચાર, પતિવ્રતા વગેરે ગુણોથી યુક્ત હતી. મહાશતકની પત્ની રેવતી પાસે પોતાના પિયરથી લાવેલ આઠ કરોડ સોનામહોર તથા દસ દસ હજાર ગાયોના આઠ ગોકુળ વ્યક્તિગત સંપત્તિના રૂપમાં હતા. શેષ બાર પત્નીઓ પાસે તેના પિયરથી લાવેલ એક એક કરોડ સોનામહોર તથા દસ દસ હજાર ગાયોનું એક ગોકુળ સંપત્તિના રૂપમાં હતું.

એક સમયે ભગવાન મહાવીર સ્વામીનું રાજગૃહીમાં આગમન થયું. પરિષદ તેમના દર્શન માટે નીકળી. મહાશતક પણ ભગવાન પાસે પહોંચ્યા. ભગવાન પાસે ધર્મનું સ્વરૂપ સાંભળી તેમણે આગારધર્મ રૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. તેર પત્નીઓ સિવાયની સ્ત્રીઓ સાથે મૈથુન સેવનનો ત્યાગ કર્યો. ત્યાર પછી તેઓ જીવ, અજીવ વગેરે નવ તત્વોના જાણકાર શ્રાવક થઈ ગયા.

### રેવતીની આસક્તિ અને ક્રૂર કાર્ય

એક દિવસ તેમની પત્ની રેવતીને મનમાં એવો વિચાર આવ્યો કે–'જો હું મારી બાર શોક્યો(મહાશતકની અન્ય ૧૨ પત્ની)ને મારી નાંખુ તો તેની સંપત્તિ પર મારો સહજ અધિકાર થઈ જાય અને મહાશતકની સાથે હું એકલી જ મનુષ્ય જીવનનાં વિપુલ સુખોને ભોગવું.' રેવતી કામાંધ બની ગઈ હતી. તેણે પોતાના કુળ અને ગોત્રનો વિચાર કર્યા વગર સત્તાના જોરે અત્યંત ક્રૂર કાર્ય કરાવ્યું. છ શોક્યોને શસ્ત્ર દ્વારા અને છને વિષપ્રયોગથી મારી નાંખી. આમ કરી તેમની બધી સોનામહોર અને ગોકુળની પોતે એકલી માલિક બની બેઠી.

પાંચ ઈન્દ્રિયોના વિષયનું સતત ચિંતન-આસક્તિનો ભાવ જાગૃત કરે છે. જે વિષયની આસક્તિ જાગૃત થાય તેની કામના પૂર્તિ માટે જીવ વિવિધ પ્રયત્નો કરે છે. તેમાં જે કોઈ બાધક બને તેના પર ક્રોધ કરે છે. ક્રોધી વ્યક્તિ મૂઢ બની જાય છે. હેય-ઉપાદેયનો તથા યોગ્ય-અયોગ્યનો વિવેક ભૂલી જાય છે. રેવતીનું આ દુષ્કૃત્ય પણ વિષય-વાસનાનું જ પરિણામ હતું. વાસનાપૂર્તિ માટે જ પોતાની બાર શોક્યોને ઘાત કરાવવાનું અમાનુષી કાર્ય કર્યું હતું.

હવે તે રેવતી માંસભક્ષણમાં લોલુપ, આસક્ત, લુબ્ધ તથા તત્પર રહેતી હતી. તે લોખંડની લોઢી પર સેકેલાં, ઘીમાં તળેલાં તથા અગ્નિ પર ભૂંજેલાં ઘણા પ્રકારના માંસ, દારૂ, મધુ, મેરક, મધ નામની અનેક મંદિરાઓનું સેવન કરતી, બીજાને આપતી, ઉન્મત્ત બની તેનું સેવન કરતી જીવન પસાર કરતી હતી.

એકવાર રાજગૃહ નગરમાં પ્રાણીવધ ન કરવાની ઘોષણા થઈ, તેથી રસલોલુપ રેવતીએ પોતાના પિયરથી નોકરને બોલાવીને તેને કહ્યું : “મારા પિયરના ગોકુલમાંથી રોજ બે વાછરડાં મારીને તેનું માંસ મને મોકલાવજો.” પિયરના નોકરો તેની આજ્ઞા માનીને પિયરેથી દરરોજ બે વાછરડાંનો વધ કરીને રેવતી પાસે લાવતા રેવતી તેમનું માંસ સેકીને મદિરા સાથે લોલુપ ભાવે સેવન કરવા લાગી.

આ તરફ શ્રમણોપાસક મહાશતકને વ્રત-નિયમ દ્વારા આત્માને ભાવિત કરતાં ૧૪ વર્ષ વ્યતીત થયા. તેમણે પોતાના પરિવારની બધી જવાબદારી પોતાના મોટા પુત્રને સોંપી દીધી અને ધર્મ સાધના સ્વીકારી ધર્મધ્યાનમાં લીન બની ગયા.

### રેવતીનો ઉપસર્ગ

એક દિવસ રેવતી દારૂના નશામાં ઉન્મત્ત બની, લથડિયાં ખાતી, વીખરાયેલાં વાળવાળી, વારંવાર પોતાના ઉત્તરીયને ઉલાળતી, પૌષધશાળામાં જ્યાં મહાશતક શ્રાવક હતા ત્યાં આવી. આવીને વારંવાર મોહ તથા ઉન્માદજનક, કામ ઉદ્દીપ્ત કરે તેવા હાવભાવ કરવા લાગી અને મહાશતક શ્રાવકને કહેવા લાગી : “ધર્મ, પુણ્ય, સ્વર્ગ તથા મોક્ષની કામના, ઈચ્છા અને ઉત્કંઠા રાખનારા શ્રમણોપાસક મહાશતક! તમે મારી સાથે મનુષ્યજીવનનાં વિપુલ વિષય-સુખ કેમ ભોગવતાં નથી? હે દેવાનુપ્રિય! તમે ધર્મ, પુણ્ય, સ્વર્ગ તથા મોક્ષથી શું પ્રાપ્ત કરશો? તમને વ્રતપાલનના ફળસ્વરૂપે વિલાસથી અધિક શું મળશે?”

મહાશતક શ્રાવકે તેની કોઈ વાત પર ધ્યાન આપ્યું નહીં. રેવતીએ પોતાની વાત બે-ત્રણવાર કહી, પરંતુ મહાશતક ધર્મધ્યાનમાં મગ્ન રહ્યા. આમ શ્રાવક પાસેથી આદર ન મળવાથી, ધ્યાન ન દેવાથી રેવતી પાછી પોતાના યથાસ્થાને

ચાલી ગઈ.

## અવધિજ્ઞાનની પ્રાપ્તિ

ઉગ્ર તપથી મહાશતક શ્રાવકના શરીરમાં એટલી ક્ષીણતા આવી ગઈ કે તેની નસો દેખાવા લાગી. એકવાર પૂર્વ રાત્રિના ધર્મ જાગરણ કરતાં શ્રમણોપાસક મહાશતકને શુભ વિચાર આવ્યો અને તેમણે અંતિમ મારણાંતિક સંલેખનાનો સ્વીકાર કરી, સંથારો કર્યો. આહાર-પાણીનો ત્યાગ કર્યો અને મરણની ઈચ્છા ન રાખતા તેઓ આરાધનામાં લીન થઈ ગયા. શુભ અધ્યવસાય, શુભ પરિણામથી, વિશુદ્ધ લેશ્યાઓથી અને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં એક હજાર યોજન સુધીના લવણસમુદ્રનું ક્ષેત્ર, ઉત્તર દિશામાં ચુલ્લહિમવંત પર્વત સુધીનું ક્ષેત્ર, ઊર્ધ્વદિશામાં સૌધર્મ દેવલોક સુધી તથા અધો દિશામાં પ્રથમ નરક રત્નપ્રભામાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિવાળા લોલુપાચ્યુત નામના નરકાવાસ સુધીના ક્ષેત્રને જાણવા અને જોવા લાગ્યા અને આરાધનામાં મસ્ત બની ગયા.

## રેવતી દ્વારા પુનઃ પ્રયત્ન અને રેવતીનો દુઃખદ અંત

પુનઃ એક દિવસ તેમની પત્ની રેવતી દારૂના નશામાં ઉન્મત્ત લથડિયા ખાતી, વિખરાયેલા વાળવાળી, પૌષધશાળામાં જ્યાં શ્રમણોપાસક મહાશતક હતા ત્યાં આવી આવીને ફરીથી કહ્યુંઃ "દેવાનુપ્રિય! તમે મારી સાથે મનુષ્યજીવનના વિષયસુખ કેમ ભોગવતાં નથી? તમને ધર્મ, પુણ્ય, સ્વર્ગ તથા મોક્ષથી શું મળશે?!! આમ તેણે બે-ત્રણવાર કહ્યું. રેવતીના આવા વર્તનથી મહાશતકને ક્રોધ આવી ગયો. તેણે પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું અને જાણીને રેવતીને કહ્યું "હે મોતની ચાહક રેવતી! તું સાત રાત્રિની અંદર લકવાના રોગથી પીડિત થઈને વ્યથિત, દુઃખિત તથા વિવશ થતી આયુ પૂર્ણ કરી અશાંતિપૂર્વક મરીને અધોલોકમાં પ્રથમ રત્નપ્રભા નરકમાં લોલુપાચ્યુત નામના નરકાવાસમાં ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિની નારકી રૂપે ઉત્પન્ન થઈશ."

અને રેવતી મહાશતકે કહ્યા પ્રમાણે સાત રાત્રિની અંદર લકવાથી પીડિત થઈ ગઈ. વ્યથિત, દુઃખી તથા વિવશ થતી પોતાનું આયુષ્ય પૂર્ણ કરી લોલુપાચ્યુત નરકાવાસમાં ઉત્પન્ન થઈ.

ત્યાર બાદ અમુક સમયે ભગવાન મહાવીર સ્વામી રાજગૃહી નગરીમાં પધાર્યા. તેમણે ગૌતમને સંબોધીને કહ્યુંઃ "હે ગૌતમ! આ રાજગૃહ નગરમાં મારા અંતેવાસી, અનુયાયી મહાશતક નામના શ્રાવક મારણાંતિક સંથારાની આરાધનામાં લીન થયા છે. આહાર પાણીનો તેમણે ત્યાગ કર્યો છે. મરણની ઈચ્છા રહિત ધર્મ -આરાધનામાં તેઓ લીન છે." મહાશતકની પત્ની દારૂના

નશામાં ઉન્મત્ત લથડિયાં ખાતી ત્યાં આવી વગેરે સંપૂર્ણ વર્ણન તેમણે ગૌતમ સ્વામીને કહ્યું.

"હે ગૌતમ! મહાશતકની સાધનામાં સ્ખલના થઈ ગઈ છે. અંતિમ સંલેખના અને અનશન આરાધક માટે સત્ય, યથાર્થ અને તથ્ય કહેવું કલ્પે છે, પણ જો અનિષ્ટ, અપ્રિય અને અમનોજ્ઞ હોય તો કહેવું કલ્પનીય નથી. અન્યને ભય, ત્રાસ અને પીડા થાય તેવું સત્ય ભાષણ ન કરવું જોઈએ. મહાશતકે અવધિજ્ઞાન દ્વારા રેવતીની સામે જે સત્ય ભાષણ કર્યું, તે સાધકને માટે ઉચિત નથી, માટે તમે જઈને મહાશતકને કહો કે તે દોષસેવન માટે આલોચના કરે, પ્રતિક્રમણ કરી, પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરે."

ગૌતમ ગણધર મહાશતકની પાસે પહોંચ્યા. ગૌતમ ગણધરે ભગવાનનો સંદેશો શ્રાવકને પહોંચાડયો. આથી સરળતાથી તરત જ મહાશતક શ્રાવકે તેની આલોચના કરી, પ્રતિક્રમણ કર્યું તથા તેનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કર્યું. ગૌતમ સ્વામી ત્યાંથી પાછા ભગવાન મહાવીર પાસે આવી ગયા.

મહાશતક શ્રાવકે એક માસની સંલેખના કરી, આલોચના, પ્રતિક્રમણ કરી, મરણના સમયે સમાધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો. તેઓ પ્રથમ સુધર્મ દેવલોકમાં અરુણાવતંસક વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં તેમનું આયુષ્ય ચાર પલ્યનું છે. ત્યાંની સ્થિતિ પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મીને મુક્ત થશે, સિદ્ધ થશે.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) મહાશતક શ્રાવક કોણ હતા? મહાશતકની અને તેમની પત્નીઓની સંપત્તિનું વર્ણન કરો. (૨) રેવતી કોણ હતી? તેણે શું વિચાર કર્યો? તેણે તે કામ કેવી રીતે પાર પાડયું? (૩) રેવતી કેવી રીતે જીવન પસાર કરતી? (૪) પ્રાણીવધ ન કરવાની ઘોષણા થતાં રેવતીએ શું કર્યું? (૫) દારૂના નશામાં ઉન્મત્ત રેવતીએ પ્રથમ ઉપસર્ગમાં મહાશતકને કેવાં વચનો કહ્યાં? (૬) મહાશતકને અવધિજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થયું અને કેટલાં ક્ષેત્રનું થયું? (૭) મહાશતકે રેવતીનું કેવું ભાવિ બતાવ્યું? (૮) મહાવીર સ્વામીએ ગૌતમને શું કહ્યું? (૯) મહાશતકના જીવનનો અંત કેવો થયો? તેમનું ભાવિ કેવું છે? (૧૦) આસક્તિ કેવાં પાપ કરાવે છે?

## ૨. જિનપાલ અને જિનરક્ષિત

### ❖ જ્ઞાતાધર્મકથા સૂત્ર–અધ્યયન ૯ ❖

ચંપા નામની નગરીમાં માકંદી નામના એક સાર્થવાહ રહેતા હતા. તેમની પત્નીનું નામ ભદ્રા હતું. તેમના બે પુત્રો હતા- (૧) જિનપાલ અને (૨) જિનરક્ષિત.

માકંદીના આ બંને પુત્રો લવણસમુદ્રમાં અગિયાર વાર મુસાફરી કરીને વિદેશમાં જઈને ખૂબ જ ધન કમાઈ આવેલા. લોભ અને લાલચ પર કાબૂ નથી હોતો તે ન્યાયે તેઓએ બારમી વખત સમુદ્રની સફર કરીને ધન કમાવવાની ઈચ્છા માતાપિતા પાસે વ્યક્ત કરી. માકંદીએ તથા તેમની પત્નીએ બંને પુત્રોને ખૂબ જ સમજાવ્યા કે 'હવે આપણી પાસે બાપદાદાની મિલકત અને તમે કમાયેલી ઘણી જ ધનસંપત્તિ છે. લવણસમુદ્ર કષ્ટકારી અને અનેક વિઘ્નોથી ભરેલો છે, માટે હવે બારમી વખત ત્યાં જઈ તમારા શરીરને પીડા ન આપો.' પરંતુ બંને પુત્રોની ખૂબ જ જિદ્દ અને આગ્રહને કારણે માતાપિતાએ કચવાતાં મને અનુજ્ઞા આપી.

### માકંદી પુત્રોના જહાજનું ડૂબવું

માતાપિતાની આજ્ઞા મેળવીને બંને પુત્રો બારમી વખત જહાજમાં માલ ભરીને લવણસમુદ્રમાં ગયા અને સેંકડો યોજન અંદર સુધી પહોંચી ગયા. અચાનક સમુદ્રમાં ઉત્પાત ઉત્પન્ન થવા લાગ્યા. અકાળે ગર્જના, વીજળી, ઘોર ગર્જના સાથે ભયંકર વાવાઝોડું ઉત્પન્ન થયું. તે જહાજ વાવાઝોડાંના કારણે હાલકડોલક થવા લાગ્યું. વારંવાર ચલિત થતું, અથડાતું, પછડાતું, પાણીના તીવ્ર વેગના કારણે ઘૂમરીઓ લેતું, હાથની થપાટ ખાઈને ધરતી પર પછડાતા દડાની જેમ તે જહાજ ઉપર–નીચે પછડાવા લાગ્યું. વિવિધ પ્રકારના રત્નો અને માલથી ભરેલું, રૂદન આક્રંદ અને વિલાપ કરતા સેંકડો માણસોથી ભરેલું તે જહાજ પાણીની અંદર રહેલા પર્વતના શિખર સાથે અથડાવાથી તે જહાજ તૂટી ગયું અને કડાકા સાથે તે જહાજ પાણીમાં ડૂબી ગયું. તે જહાજ સાથે ઘણા લોકો તથા વિપુલ પ્રમાણમાં રત્નો, વાસણો વગેરે માલસામાન પાણીમાં ગરકાવ થઈ ગયો.

### રત્નદ્વીપમાં પ્રવેશ, રયણાદેવી સાથે મુલાકાત

તૂટી રહેલાં જહાજનું એક પાટિયું તે બંને ભાઈઓએ પ્રાણ બચાવવા માટે પકડી લીધું. જે પ્રદેશમાં જહાજ ડૂબી ગયું તે જ પ્રદેશની નજીકમાં રત્નદ્વીપ નામે એક મોટો દ્વીપ હતો. તે દ્વીપ પ્રસન્નતાજનક, મનોહર હતો. તે દ્વીપમાં રયણાદેવી નામે એક દેવી રહેતી હતી. તે પાપિણી, ભયંકર, તુચ્છ સ્વભાવવાળી અને

સાહસિક હતી. બંને ભાઈઓ પાટિયાના સહારે આ દ્વીપ પર પહોંચી ગયા. દ્વીપ પરથી ફળ વગેરે ખાઈને પછી પોતાની નગરી, માતાપિતા વગેરેના વિચારમાં તેઓ આર્તધ્યાન કરવા લાગ્યા.

રયણાદેવીએ પોતાના અવધિજ્ઞાનથી બંને ભાઈઓને જોયા, તેથી હાથમાં ઢાલ અને તલવાર લઈ ત્યાં આવી. ક્રોધથી રાતીપીળી થઈ કર્કશ કઠોર અવાજે કહેવા લાગી : "ઓ માકંદીપુત્રો! મોતની ઈચ્છા કરવાવાળા, જો તમે મારી સાથે વિપુલ કામભોગ ભોગવતા રહેશો તો તમારું જીવન સુરક્ષિત રહેશે, અન્યથા આ તલવાર વડે તમારા મસ્તકને ફળની જેમ કાપીને નિર્જન સ્થાનમાં ફેંકી દઈશ."

## રત્નદ્વીપની દેવી સાથે સુખ ઉપભોગ

રત્નદ્વીપની દેવીને જોઈને અને સાંભળીને બંને પુત્રો ભયભીત થઈ ગયા અને કહેવા લાગ્યા : "અમે તમારા સર્વ આદેશોનું પાલન કરીશું.' રયણાદેવી બન્ને ભાઈઓને મહેલમાં લઈ આવી અને સુંદર, મધુર ફળો દરરોજ આપી અને સુખ ભોગવવા લાગી.

ત્યાર પછી એકવાર શક્રેન્દ્રની આજ્ઞાથી લવણસમુદ્રના સુસ્થિત નામના દેવે રત્નદ્વીપની દેવીને કહ્યું "કે તમે આ લવણસમુદ્રમાં ૨૧ વખત ચક્કર મારો. ૨૧ વખત ફરતાં ફરતાં તેમાં જે ઘાસ, પાંદડાં, કાષ્ઠ, કચરો, અશુચિ, સડેલી વસ્તુઓ વગેરે દેખાય તે ઉપાડીને નિર્જન સ્થાને ફેંકી દો અર્થાત્ લવણસમુદ્રને ૨૧ વખત સાફ કરો." આ પ્રમાણે કહીને રત્નદ્વીપની દેવીને સમુદ્રની સફાઈમાં નિયુક્ત કરી દીધી.

## માકંદીપુત્રોને દેવીની સૂચના

રત્નદ્વીપની દેવીએ જિનપાલ, જિનરક્ષિતને બોલાવીને કહ્યું:"હે દેવાનુપ્રિયો ! હું લવણસમુદ્રમાંથી કચરા આદિ દૂર કરવા જાઉં છું. જ્યાં સુધી હું પાછી ન આવું ત્યાં સુધી તમે આ ઉત્તમ પ્રાસાદ(મહેલ)માં સૂખપૂર્વક આનંદપ્રમોદ કરતા રહેજો. અહીં રહેતા કંટાળો આવે તો પૂર્વ, પશ્ચિમ કે ઉત્તર દિશામાં રહેલ વનમાં તમે ફરવા જજો. તે વનોમાં ઘણી વાવડીઓ, સરોવરની શ્રેણીઓ, પુષ્પઘરો, અનેક પ્રકારનાં ફૂલો, ફળો, મનને આનંદ આપનારાં પક્ષીઓ, તેમનાં કલરવ, શીતળ સુરભિ વગેરે પ્રસરે છે. જો તમે ત્યાં ફરીને પણ થાકી જાવ તો પાછા મહેલમાં આવી જજો.

દક્ષિણ દિશામાં વનખંડમાં એક મોટો સર્પ રહે છે. તે ઉગ્ર વિષવાળો, ચંડ વિષવાળો, મોટા શરીરવાળો, નેત્રના વિષથી પૂર્ણ, આંખોથી લાલ, હજારો મનુષ્યોનો ઘાતક હોવાથી તમારે તે તરફ જવું નહીં અન્યથા તમારા શરીરનો નાશ

થઈ જશે." રત્નદ્વીપની દેવીએ બંને પુત્રોને આવું બે-ત્રણવાર કહ્યું અને પછી તે વૈક્રિય સમુદ્ઘાત કરીને ૨૧ વખત લવણસમુદ્રમાં ચક્કર લગાવવાના અને સાફસૂફીના કામમાં લાગી ગઈ.

## માકંદીપુત્રોનું વનખંડમાં ભ્રમણ

બંને પુત્રો જ્યારે મહેલમાં કંટાળતા ત્યારે ત્રણ દિશાના વનખંડમાં વિચરણ કરતા હરતા, ફરતાં. એકવાર તેમને થયું કે નક્કી દક્ષિણ દિશાના વનખંડમાં કાંઈક રહસ્ય હોવું જોઈએ, તેથી તે દિશામાં બંને રવાના થયા. ત્યાં ખૂબ જ દુર્ગંધ આવતી હતી. તીવ્ર દુર્ગંધને કારણે બંનેએ નાકને કપડાંથી ઢાંકી દીધું.

આગળ તેમણે એક મોટું વધસ્તંભ જોયું. સેંકડો હાડકાંના ઢગલાંથી વ્યાપ્ત અને જોવામાં ભયંકર એવા તે સ્થાને શૂળી પર ચઢાવેલા એક પુરુષને જોયો. તે કરુણાજનક દ્રશ્ય જોઈને તેઓ ડરી ગયા, ભયભીત બની ગયા. પછી તેઓએ શૂળી પર ચઢાવેલા પુરુષને પૂછયું : "આ વધસ્થાન કોનું છે? તમે કોણ છો? તમે અહીં શા માટે આવ્યા છો? તમારી આવી હાલત કોણે કરી?" શૂળી પર ચડેલાં પુરુષે કહ્યું: "આ રત્નદ્વીપની દેવીનું વધસ્થાન છે. હું જંબૂદ્વીપના ભરતક્ષેત્રની કાકંદી નગરીનો રહેવાસી છું, અશ્વોનો વેપારી છું, ઘણાં અશ્વો અને સામાન ભરીને હું આ માર્ગેથી નીકળ્યો ત્યારે મારું જહાજ તૂટી ગયું, હું આ દ્વીપ પર જેમતેમ બચીને આવી ગયો. આ રત્નદ્વીપની દેવીએ મને પોતાના કબજામાં કરી લીધો અને મારી સાથે કામભોગ ભોગવતી રહી. એકવાર મારી નાની એક ભૂલ થઈ, તેની સજારૂપે મારી આ હાલત કરી છે."

## રત્નદ્વીપથી ભાગી છૂટવાનો ઉપાય

માકંદીપુત્રો આ વાત સાંભળીને ભયભીત થયા, ભયાકૂળ બન્યા અને તે પુરુષને પૂછયું : "અમે આ દેવીના સકંજામાંથી કેવી રીતે છૂટી શકીએ?" તે પુરુષે કહ્યું: "પૂર્વ દિશાના વનખંડમાં શૈલકયક્ષનું યક્ષાયતન છે. તેમાં અશ્વરૂપધારી શૈલક નામનો યક્ષ નિવાસ કરે છે. તે યક્ષ ચૌદશ, અષ્ટમી, અમાવસ્યા અને પૂર્ણિમાના દિવસે કોઈ એક નિશ્ચિત સમયે એમ બોલે છે કે-'કોને તારું? કોને પાળું?' તમે તે વનખંડમાં જાવ અને શૈલકયક્ષની પુષ્પપૂજા કરો. પગે પડીને, બંને હાથ જોડી, વિનયપૂર્વક તેની સેવા કરો. જ્યારે શૈલકયક્ષ તેના સમયે આવે અને કહે-'કોને તારું? કોને પાળું?' ત્યારે તમે કહેજો-'અમને તારો, અમને પાળો.' માત્ર શૈલક જ તમને બચાવી શકશે. અન્યથા ખબર નથી કે તમારી શું હાલત થશે.

માકંદીપુત્રો આ વાત સાંભળીને મનમાં ધારણ કરીને શીઘ્ર વેગથી પૂર્વ વનખંડમાં

ગયા. સ્નાન આદિ કરીને અનેક જાતનાં કમળોને ગ્રહણ કરીને શૈલકયક્ષના યક્ષાયતનમાં આવ્યા. યક્ષને વંદન–નમસ્કાર કર્યાં. પુષ્પપૂજા કરી, ઘૂંટણિયે પડીને યક્ષની સેવા કરવા લાગ્યા.

નિયત સમયે યક્ષ પ્રગટ થઈને બોલ્યો, 'કોને તારું, કોને પાળું?' ત્યારે બંને માકંદીપુત્રોએ વિનંતી કરી : ''અમને તારો, અમને પાળો (રક્ષા કરો)''. ત્યારે શૈલક યક્ષે તેમને કહ્યું "તમે જ્યારે મારી સાથે લવણસમુદ્રનો મધ્યમાર્ગ પસાર કરતા હશો ત્યારે પાપિણી, ચંડ, રુદ્ર અને સાહસિક સ્વભાવવાળી દેવી તમને કઠોર, કોમળ, અનુકૂળ, પ્રતિકૂળ અને મોહજનક ઉપસર્ગોથી ઉપસર્ગ કરશે. તમને ડગાવવાનો પ્રયત્ન કરશે. જો તમે દેવીની વાત સાંભળશો અને તેની તરફ જોશો તો હું તમને પીઠ પરથી નીચે ફેંકી દઈશ. જો તમે તેની વાતનો આદર નહીં કરો, એની સામે જોશો નહીં તો હું રત્નદ્વીપની દેવીના હાથમાંથી મુક્ત કરાવીશ." યક્ષની વાત સાંભળીને બંનેએ કહ્યુંઃ "આપે જેમ કહ્યું તેમ અમે કરીશું. અમે તમારી આજ્ઞાનું બરાબર પાલન કરીશું."

### દેવી દ્વારા માકંદીપુત્રોને ઉપસર્ગ

શૈલકયક્ષે ઈશાનકોણમાં જઈ વૈક્રિય સમુદ્‌ઘાત કરીને સંખ્યાત યોજનનો દંડ કરી, બીજીવાર સમુદ્‌ઘાત કરીને એક મોટા અશ્વના રૂપની રચના કરી. પછી બંને માકંદીપુત્રોને પોતાની પીઠ પર બેસાડી દીધા. આકાશમાં તીવ્ર ગતિથી, શીઘ્ર ગતિથી, દિવ્ય ગતિથી લવણસમુદ્રની મધ્યમાં થઈને જંબૂદ્વીપના ભરતક્ષેત્ર અને ચંપાનગરી તરફ ચાલવા લાગ્યો.

રત્નદ્વીપની દેવી લવણસમુદ્રનું કાર્ય પૂર્ણ કરીને મહેલમાં પાછી આવી. માકંદીપુત્રોને ત્યાં ન જોતાં તેણે પૂર્વ, પશ્ચિમ વગેરે દિશામાં તપાસ કરી. તે ક્યાંય ન દેખાયા, તેથી પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો. માકંદીપુત્રોને શૈલકયક્ષની સાથે લવણસમુદ્રની મધ્યમાં થઈને જતા જોયા. તે ગુસ્સે થઈને તલવાર કાઢીને આકાશમાં શીઘ્ર ગતિએ ઊડવા લાગી. શીઘ્રગતિએ માકંદીપુત્રો પાસે પહોંચીને તે કહેવા લાગી "હે મોતની કામના કરનારા! તમે શું મારો ત્યાગ કરીને, શૈલક સાથે ચાલ્યા જશો? હવે તમે મારી તલવાર સામે જુઓ, હું તમારા બંનેના માથાં કાપીને ફેંકી દઈશ."

માકંદીપુત્રોને યક્ષની શિખામણ યાદ હતી, તેથી તેઓ ભય પામ્યા નહીં, ઉદ્વિગ્ન થયા નહીં, ભ્રાંત થયા નહીં. તેમણે દેવીનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો, તેની સામે જોયું પણ નહીં. શૈલકયક્ષ પોતાનો રસ્તો કાપતા રહ્યા. આમ પ્રતિકૂળ ઉપસર્ગોથી દેવી તેમના મન બદલવામાં અને લોભાવવામાં નિષ્ફળ ગઈ ત્યારે

તેણે કામ ઉત્પાદક અનુકૂળ ઉપસર્ગો આપવાના શરૂ કર્યા.

"હે માકંદીપુત્રો! તમે મારી સાથે હાસ્ય-વિનોદ કર્યા છે, ચોપાટ રમ્યા છો, જમ્યા છો, ઝૂલા પર ઝૂલ્યા છો, જળક્રીડા કરી છે, બગીચામાં વિચરણ કર્યું છે, રતિક્રીડા કરી છે, આ સર્વની ઉપેક્ષા કરીને મને નિરાધાર બનાવીને તમે જઈ રહ્યા છો?"

## જિનરક્ષિત ચલાયમાન અને તેનું મોત

પોતાના અવધિજ્ઞાનથી રયણાદેવીએ જિનરક્ષિતનું મન કંઈક શિથિલ જોયું તેથી તે દેવી બોલી : "હું જિનપાલ માટે તો અપ્રિય, અનિષ્ટ અને અમનોજ્ઞ હતી પરંતુ જિનરક્ષિત મને પ્રિય હતો અને હું પણ તેને પ્રિય લાગતી હતી !! કદાચ જિનપાલ મને રોતી, રડતી, શોક કરતી મૂકી દે, મારી પરવા ન કરે. પણ હે જિનરક્ષિત! તું પણ મને રડતી મૂકી, મારી પરવા કર્યા વિના ચાલ્યો જઈશ ? મારી સામે જોઈશ પણ નહીં?"

દેવીના આવાં પ્રણયમય, સરળ, મધુર વચનોથી જિનરક્ષિત ચલાયમાન થઈ ગયો, ને તે રત્નદ્વીપની દેવીના લાવણ્ય, રૂપ, સૌંદર્ય, યૌવન, કામક્રીડા, રીસામણાં મનામણાં વગેરેનું સ્મરણ થતાં તેની મતિ રાગથી મોહિત થઈ ગઈ. તે વિવશ થઈ, લજ્જા સાથે પાછળ તેના તરફ જોવા લાગ્યો.

શૈલકે જિનરક્ષિતને દેવી તરફ અનુરાગી અને પોતાના વચનમાં શ્રદ્ધા રહિત જાણીને ધીરે ધીરે પીઠ પરથી નીચે ફેંકી દીધો. તે નીચે પાણીમાં પડે તે પહેલાં દેવીએ તેને તલવારની ધાર પર પકડયો અને તેના ટુકડે ટુકડા કરી નાંખ્યા. જિનરક્ષિતનાં અંગોપાંગને ગ્રહણ કરીને અભિમાનપૂર્વક ચારે દિશામાં કાગડા વગેરેને બલિરૂપે ફેંકી દીધા.

## જિનપાલનું ચંપામાં આગમન અને દીક્ષા

હવે રત્નદ્વીપની દેવી જિનપાલને ચલાયમાન કરવાના પ્રયત્ન કરવા લાગી પરંતુ તે તેમાં નિષ્ફળ જતાં હતાશ થઈ, પોતાના સ્થાને ચાલી ગઈ. શૈલકયક્ષ જિનપાલને ચંપાનગરી બહાર શ્રેષ્ઠ ઉધાનમાં સલામત ઉતારી અને વિદાય થઈ ગયો.

જિનપાલે પોતાના ઘરે માતાપિતા પાસે પહોંચી રડતાં રડતાં જિનરક્ષિતના અને પોતાના સર્વ સમાચાર સંભળાવ્યા.

એક વખત શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચંપા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. કોણિક રાજા તેમના દર્શને નીકળ્યા. જિનપાલે પણ ભગવાન પાસે ધર્મદેશના સાંભળી. દીક્ષા અંગીકાર કરી, અગિયાર અંગોના જ્ઞાતા થયા. એક માસનો સંથારો કરીને સુધર્મ કલ્પમાં બે સાગરની સ્થિતિવાળા દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી તે ભવિષ્યમાં ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારી સિદ્ધ થશે.

## ઉપસંહાર

(૧) જિનપાલ, જિનરક્ષિતની કથા ચતુર્વિધ સંઘને પાંચ ઈન્દ્રિયોના વિષયમાં આશકત ન થવાનો સુંદર બોધ આપે છે.

(૨) રત્નદ્વીપની દેવી તે વિષયોનું આકર્ષણ છે.

બન્ને ભાઈઓ સમાન જગતના સર્વ જીવો છે. રત્નદ્વીપ સમાન આ જગત છે. વધસ્થાનના પુરુષ સમાન ધર્મઉપદેશક ગુરુભગવંતો છે. શૈલકથક્ષ સમાન સાધુધર્મ અને શ્રાવકધર્મ છે.

માતાપિતારૂપ તીર્થંકર ભગવાન, બંને ભાઈઓ સમાન ૪ ગતિના જીવોને સંસારમાં કર્મની કમાણી કરવાની ના કહે છે. છતાં સંસારમાં આસક્ત જીવો તીર્થંકર ભગવાનની વાણી બાજુ પર મૂકી પોતાના મનની ઈચ્છા પ્રમાણે કરે છે. તેઓ સમુદ્ર રૂપી સંસારમાં, મોહનાં વાવાઝોડામાં ફસાઈ જાય છે. રત્નદ્વીપ સમાન વિષયકષાયનાં સ્થાનમાં દેવી સમાન વિષયોના આકર્ષણમાં જીવ ડૂબી જાય છે, પરિણામે વધસ્થાને પહોંચી જવાનો વારો આવે છે. ત્યાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હતો, તેમ સંસારનાં આકર્ષણોમાં ખૂંચ્યા પછી બહાર નીકળવાનો કોઈ રસ્તો રહેતો નથી. ત્યારે એકમાત્ર વધસ્થાનના પુરુષ સમાન ધર્મના ઉપદેશકો, ચારિત્રધર્મ અને શ્રાવકધર્મ રૂપ યક્ષનો પરિચય કરાવે છે. આ વીતરાગની આજ્ઞાનું જે પાલન કરશે તે પાછળ ન જોનારા જિનપાલની જેમ હેમખેમ ચંપાનગરી સમાન મોક્ષ નગરીમાં પહોંચી જશે. જે દેવી સમાન કામભોગ અને વિષયો તરફ દ્રષ્ટિ કરશે, તેને કામભોગો દ્વારા જ દુઃખ પ્રાપ્ત થશે અને પરિભ્રમણમાં ફસાઈ જશે.

માટે જિનપાલ સમાન સુજ્ઞ જીવોએ આ જગતના પાંચ ઈન્દ્રિયોનાં વિષયો તરફ દ્રષ્ટિ પણ કરવી નહીં.

જે પોતાના આત્મગુણોમાં મસ્ત રહેશે તે મુક્તિ પામશે.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) જિનપાલની કથા કયા સૂત્રના અધ્યયનનો અધિકાર છે? તે કોના પુત્ર હતા? તેમણે કેટલીવાર સમુદ્રયાત્રા કરેલી હતી? (૨) પિતાની ના ઉપરાંત સમુદ્રયાત્રા પર જતાં શું અનુભવ થયો? (૩) જહાજ તૂટયા પછી તેઓ ક્યાં પહોંચ્યા? કોની સાથે મુલાકાત થઈ? વર્ણન કરો. (૪) માકંદીપુત્રોને દેવીએ શું સૂચનાઓ આપી? (૫) રત્નદ્વીપથી છૂટવા કોણે, કયો રસ્તો બતાવ્યો? (૬) માકંદીપુત્રોએ યક્ષને શું કહ્યું? યક્ષે છૂટવાનો શું ઉપાય બતાવ્યો? (૭) દેવીએ માકંદીપુત્રોને શું ઉપસર્ગ આપ્યો? (૮) માકંદીપુત્રોનો અંત શું આવ્યો? (૯) કથાનો ઉપસંહાર શું છે? (૧૦) આ કથા આપણને શું બોધપાઠ આપે છે?

# કાવ્ય વિભાગ

## ૧. કરી સમતાનાં પાન

(તર્જ: જેણે રાષ્ટ્ર તણો...)

કરી સમતાનાં પાન, વર્યા મુક્તિ સોપાન ... મહાસંત,
ક્યારે થઈશું? અમે એવા સંત... કરી સમતાનાં
રાંધી સંગમે ચરણોમાં ખીર, તોયે અડગ રહ્યા મહાવીર,
જેના સમતાનાં ગાન, મળે જગતમાં માન, મહાસંત... ક્યારે થઈશું?... ૧
ગોવાળે કાનમાં ભોંક્યા ખીલાં, તો યે રોષ ન કરે રંગીલાં,
ધીર વીર ગંભીર, મૂકે ચરણોમાં શીશ... મહાસંત... ક્યારે થઈશું?... ૨
જેની ચામડી તડતડ ઊતરે, તો યે હૃદયે ન રોષ લગીરે,
એવા ખંધક મુનિ, બહુ સમતાના ગુણી... મહાસંત ... ક્યારે થઈશું? .. ૩
માથે માટીની પાળ બનાવી, નાંખી અંગારા દીધા જલાવી,
એવા ગજસુકુમાલ, સમરસના ભંડાર... મહાસંત... ક્યારે થઈશું? .. ૪
ધન્ય ધન્ય મેતારજ મુનિને, વીંટી વાધર શિર પર કસીને,
ઝીલે સમર્થ સૂર, કર્યા કર્મ ચકચૂર.. મહાસંત... ક્યારે થઈશું? .. ૫
ઊંડી ખીણમાં જેને નંખાવે, વળી ગર્દન અસિથી ઉડાવે,
મુનિ ઝાંઝરિયા, કેવા વીર થયા! .. મહાસંત... ક્યારે થઈશું? .. ૬
સર્વ જીવોને ખમી ખમાવી, મૈત્રી ભાવના દિલમાં જગાવી,
શુદ્ધ ભાવ ધરું, ઘનઘાતી હરું.. મહાસંત... ક્યારે થઈશું? .. ૭
કરું પાપનો પશ્ચાત્તાપ, જપું અરિહંત સિદ્ધના જાપ,
ભવ જલદિ તરું, શિવરમણી વરું.. મહાસંત... ક્યારે થઈશું? .. ૮
શત્રુ મિત્રમાં ધરું સમભાવ, ધરું સંવેગ નિર્વેદ ભાવ,
બહુ સમતાધારી, વહે વીરની વાણી.. મહાસંત... ક્યારે થઈશું? .. ૯

## ૨. નરકે નથી જાવું

(તર્જ : જો જે રે તારી જિંદગી જવાની....)

ના રે ના મારે નરકે નથી જાવું (૨) તમે કહો છો તેવું પ્રભુ જીવન વિતાવું ...
ભૂખ તરસ ને ઠંડી ગરમી, કેમ કરી સહેવાશે?

૩૩ ૩૩ સાગર, એવા સ્થાને કેમ રહેવાશે?
દાહજ્વરની તીવ્ર વ્યથા, ત્યાં કોને હું બતાવું? ના રે ના.. ૧
ધગધગતું ઊકળતું સીસું, હવે નથી પીવું,
ભાલા બરછી શસ્ત્રો વાગે, ક્ષણ ક્ષણ સહુથી બીઉં,
કરવતની એ તીક્ષ્ણ ધારે, હવે નથી કપાવું ... ના રે ના.. ૨
લડતો તો ને પડતો તો, વળી ચોધારે રડતો તો,
દુઃખથી બચવા માર્ગ મને ત્યાં, એકેય ના જડતો તો,
વૈતરણીનાં પાણી પીવા ત્યાં, હવે નથી જવું ... ના રે ના... ૩
પાપ કરે તે નરકે જાય, આગમકારો બોલે,
મારા જેવા મહાપાપીની, બંધ આંખો ખોલે,
ભવભવના આ દુઃખથી બચવા, તારા શરણે આવું... ના રે ના.. ૪
ગુરુ કહે તો તપ-જપ કરતાં, શ્રાવક વ્રત અવધારું,
ગુરુ કહે તો સંસાર છોડી, સંયમને સ્વીકારું,
ગુરુકૃપા પ્રભાવે મારે, મુક્તિપુરીમાં જાવું... ના રે ના... ૫

## ૩. ભ્રમમાં જીવે છે દુનિયા ....

(તર્જ : આતમ મારો છે ભગવાન .... )

ભ્રમમાં જીવે છે દુનિયા, દુનિયાથી જુદું જીવવું છે,
માને છે જૂદું દુનિયા, દુનિયાથી જુદું જીવવું છે... ભ્રમમાં જીવે છે...
મનડું કહે છે મારાથી થાય છે, પ્રભુ કહે છે થવાનું થાય છે,
પ્રભુનું કહ્યુ કરવા, દુનિયાથી જુદું જીવવું છે... ભ્રમમાં ... ૧
અનુભવ કહે છે, ગુસ્સાથી થાય છે, ભવી કહે છે, ધીરજથી થાય છે,
અનુભવનો સ્વાનુભવ કરવા, દુનિયાથી જુદું જીવવું છે ... ભ્રમમાં... ૨
સંસાર કહે છે, મહેનતથી થાય છે, આગમ કહે છે, પુણ્યથી થાય છે,
આગમને અનુસરવા, દુનિયાથી જુદું જીવવું છે... ભ્રમમાં ... ૩
લોકો કહે છે ધનથી જિવાય છે, વીતરાગ કહે છે જ્ઞાનથી જીવાય છે,
જ્ઞાનને ઠોસ કરવા, દુનિયાથી જુદું જીવવું છે ભ્રમમાં ... ૪
હું તો માનું છું, હું જે સમજું છું, જ્ઞાની કહે છે, ભ્રમમાં જીવે છે તું,
ગુરુકૃપાએ ભ્રમ તોડવા, દુનિયાથી જુદું જીવવું છે... ભ્રમમાં ...૫

## ૪. પાપ અને પ્રાયશ્ચિત્તનો ચકરાવો

(તર્જ : મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું ...)

પાપ અને પ્રાયશ્ચિત્તનો આ કેવો અજબ ચકરાવો,
રોજ કરું હું પાપ અને હું રોજ કરું પસ્તાવો ... પાપ અને પ્રાયશ્ચિત્તનો...
પરમેશ્વરનો ડર ના લાગે, ના ડર છે પરભવનો,
જીવતર એળે છે તોયે પણ, ખ્યાલ નથી આ ભવનો,
રંગરાગની પાછળ આવે, જે આરો રડવાનો ... રોજ કરું હું પાપ ... ૧
ધર્મને મેં તો જીવનમાંથી, જુદો પાડી દીધો,
ધન પ્રાપ્તિમાં નડે ન એવો, સગવડિયો કરી દીધો,
જીવવું જાણે એવી રીતે, કદીયે ના મરવાનું ... રોજ કરું હું પાપ ... ૨
કાદવમાં ખરડીને કાયા, પાછો ધોવા બેઠો,
માયામાં ડૂબકી મારીને, એવો તરવા બેઠો,
ખબર નથી કે એક દિવસ, આ ભવસાગર ડૂબવાનો ... રોજ કરું હું... ૩
નાટકિયા જેવું છે હે પ્રભુ, આખું જીવન મારું,
પોપટની માફક ઉચ્ચારું, નામ પ્રભુ હું તારું,
જન્મ મરણનો ફેરો મારો, કેમ કરી ટળવાનો! ... રોજ કરું હું પાપ... ૪

## શ્રેણી ૧૧ સમાપ્ત

# શ્રેણી ૧૨

| | વિષય | | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | સૂત્ર વિભાગ : | | ૧૫ | |
| | જૈન પાઠાવલી ભાગ '૧' અને ભાગ '૨' ના સર્વ પ્રશ્નોત્તર સહિત સામાયિક, પ્રતિક્રમણના પાઠ અને અર્થનું પુનરાવર્તન | | | |
| ૨. | તત્વ વિભાગ : | | ૫૫ | |
| | ૧. શ્રી મોટો બાસઠિયો | ૩૫ | | 188 |
| | ૨. રૂપી અરૂપી (વિવેચન સહિત) | ૧૦ | | 222 |
| | ૩. ઉપયોગ અધિકાર (વિવેચન સહિત) | ૧૦ | | 226 |
| ૩. | સંસ્કાર વિભાગ : | | ૧૦ | |
| | ૧. શું મારે આમ વિચારાય? શું મારે આમ બોલાય? | | | 230 |
| | ૨. ... તો માયાનો કાંટો જ નીકળી જાય | | | 232 |
| | ૩. ... તો લોભનો દેશનિકાલ થઈ જાય | | | 235 |
| | ૪. નિજ આત્મસાધનાનાં સોપાનો | | | 237 |
| ૪. | કથા વિભાગ : | | ૧૦ | |
| | ૧. નમિ રાજર્ષિ | | | 241 |
| | ૨. દેવદત્તા | | | 246 |
| ૫. | કાવ્ય વિભાગ : | | ૧૦ | |
| | ૧. સંયમના ભાવ મારા | | | 252 |
| | ૨. મસ્ત બની જાઉં | | | 252 |
| | ૩. સુખ છે થોડું ને દુઃખ છે ઝાઝું | | | 253 |
| | ૪. સમતાથી દર્દ સહુ | | | 253 |
| | કુલ ગુણ | | ૧૦૦ | |

# શ્રેણી ૧૨ : તત્વ વિભાગ

## ૧. શ્રી મોટો બાસઠિયો

### ❖ પન્નવણા સૂત્ર-પદ ૩ ❖

### ગાથા – અનુષ્ટુપવૃત્ત

**જીવ[૧], ગઈ[૨], ઇંદિય[૩], કાએ[૪], જોગ[૫], વેદ[૬], કસાય[૭], લેસ્સા[૮]।**
**સમ્મત્ત[૯], નાણ[૧૦], દંસણ[૧૧], સંજય[૧૨], ઉવઓગ[૧૩], આહારે[૧૪] ।।૧।।**
**ભાસગ[૧૫], પરિત્ત[૧૬], પજ્જત્તિ[૧૭], સુહુમ[૧૮] સન્નિ[૧૯], ભવત્થિ[૨૦], ચરિમેય[૨૧]।**
**જીવેય ખેત્ત બંધે, પુગ્ગલએ મહાદંડએ ચેવ ।।૨।।**

### ❋ દ્વારના નામ ❋

| | | | |
|---|---|---|---|
| ૧. જીવ દ્વાર | ૭. કષાય દ્વાર | ૧૨. સંજય દ્વાર | ૧૭. પર્યાપ્તા દ્વાર |
| ૨. ગતિ દ્વાર | ૮. લેશ્યા દ્વાર | ૧૩. ઉપયોગ દ્વાર | ૧૮. સૂક્ષ્મ દ્વાર |
| ૩. ઈંદ્રિય દ્વાર | ૯. સમકિત દ્વાર | ૧૪. આહાર દ્વાર | ૧૯. સંજ્ઞી દ્વાર |
| ૪. કાય દ્વાર | ૧૦. જ્ઞાન દ્વાર | ૧૫. ભાષગ દ્વાર | ૨૦. ભવ્યઅભવ્ય દ્વાર |
| ૫. જોગ દ્વાર | ૧૧. દર્શન દ્વાર | ૧૬. પરિત્ત દ્વાર | ૨૧. ચરમ દ્વાર |
| ૬. વેદ દ્વાર | | | |

### ❋૧. જીવ દ્વાર❋

૧. સમુચ્ચય જીવમાં જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬, અલ્પબહુત્વ ૧ એમ કુલ ૬૨.

**જીવના ભેદ ૧૪:** ૧. સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપર્યાપ્તો, ૨. સૂક્ષ્મ એકેન્દ્રિયનો પર્યાપ્તો, ૩. બાદર એકેન્દ્રિયનો અપર્યાપ્તો, ૪. બાદર એકેન્દ્રિયનો પર્યાપ્તો, ૫. બેઈન્દ્રિયનો અપર્યાપ્તો, ૬. બેઈન્દ્રિયનો પર્યાપ્તો, ૭. તેઈન્દ્રિયનો અપર્યાપ્તો, ૮. તેઈન્દ્રિયનો પર્યાપ્તો, ૯. ચૌરેન્દ્રિયનો અપર્યાપ્તો, ૧૦. ચૌરેન્દ્રિયનો પર્યાપ્તો, ૧૧. અસંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો, ૧૨. અસંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો, ૧૩. સંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તો, ૧૪. સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો.

**ગુણસ્થાન ૧૪:** ૧. મિથ્યાત્વ ગુણ., ૨. સાસ્વાદન ગુણ., ૩. મિશ્ર ગુણ., ૪. અવિરતિ સમ્યગ્ દ્રષ્ટિ ગુણ., ૫. દેશવિરતિ (શ્રાવક) ગુણ., ૬. પ્રમત્ત સંજત્તિ ગુણ., ૭. અપ્રમત્ત સંજત્તિ ગુણ., ૮. નિવર્તિ બાદર ગુણ., ૯. અનિવર્તિ બાદર ગુણ., ૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણ., ૧૧. ઉપશાંત મોહનીય ગુણ., ૧૨. ક્ષીણ

મોહનીય ગુણ ૧૩. સયોગી કેવળી ગુણ, ૧૪. અયોગી કેવળી ગુણ.

**યોગ ૧૫ :** ૧. સત્ય મનયોગ, ૨. અસત્ય મનયોગ, ૩. મિશ્ર મનયોગ, ૪. વ્યવહાર મનયોગ, ૫. સત્ય વચનયોગ, ૬. અસત્ય વચનયોગ, ૭. મિશ્ર વચનયોગ, ૮. વ્યવહાર વચનયોગ, ૯. ઔદારિક શરીર કાયયોગ, ૧૦. ઔદારિક મિશ્ર શરીર કાયયોગ, ૧૧. વૈક્રિય શરીર કાયયોગ, ૧૨. વૈક્રિય મિશ્ર શરીર કાયયોગ, ૧૩. આહારક શરીર કાયયોગ, ૧૪. આહારક મિશ્ર શરીર કાયયોગ, ૧૫. કાર્મણ શરીર કાયયોગ.

**ઉપયોગ ૧૨ :** ૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યવજ્ઞાન, ૫. કેવળજ્ઞાન. ૬. મતિઅજ્ઞાન, ૭. શ્રુતઅજ્ઞાન, ૮. વિભંગજ્ઞાન, ૯. ચક્ષુદર્શન, ૧૦. અચક્ષુદર્શન, ૧૧. અવધિદર્શન, ૧૨. કેવળદર્શન.

**લેશ્યા છ :** ૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા, ૪. તેજો લેશ્યા, ૫. પદ્મ લેશ્યા, ૬. શુક્લ લેશ્યા.

## ✻ ૨. ગતિ દ્વાર ✻

**૧. નરક ગતિમાં :** જીવના ભેદ ૩ તે ૧ સંજ્ઞી પંચે.નો અપર્યાપ્તો[૧], ૨ સંજ્ઞી પંચે.નો પર્યાપ્તો, ૩ અસંજ્ઞી પંચે.નો અપર્યાપ્તો, ગુણસ્થાન[૨] પ્રથમ ૪, જોગ ૧૧ તે ૪ મનના, ૪ વચનના, ૧ વૈક્રિય, ૧ વૈક્રિય[૩] મિશ્ર, ૧ કાર્મણ કાયયોગ. ઉપયોગ ૯ તે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૩ પ્રથમ.

---

૨. ગતિ દ્વાર : જે ગતિમાં જીવો વધારે હોય છે એ ગતિમાં જીવે વધારે કાળ પસાર કર્યો છે. ૧. નરક ગતિ : (૧) અસંજ્ઞી તિર્યંચ કાળ કરીને પ્રથમ નરકમાં તથા ભવનપતિ, વાણવ્યંતરના ૫૧ જાતિના દેવમાં આવે છે. તે નરક કે દેવમાં પર્યાપ્તો થાય પછી તેને મન અને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યાં સુધી તેને અસંજ્ઞી ગણાય છે, માટે નારકી અને દેવમાં અસંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તાનો એક ભેદ ગણેલ છે. (૨) નારકી અને દેવ વ્રત, નિયમ ધારણ કરી શકતા નથી, પણ તેમનામાં સમકિત હોઈ શકે છે, માટે ગુણસ્થાન ૧ થી ૪. (૩) નારકીમાં જન્મથી વૈક્રિય શરીર હોય, ઔદારિક શરીર ન હોય. આહારક શરીર તો માત્ર ૧૪ પૂર્વી પુરુષ સાધુને જ હોય માટે નારકીમાં ૧૧ યોગ લીધા. કાર્મણ કાયયોગ વાટે વહેતાની અપેક્ષાએ અપર્યાપ્તા નારકીમાં હોય છે, કારણ કે ત્યારે તેને નરક ગતિ નામકર્મનો ઉદય હોય છે. (૪) ઉપયોગ ૯ સમુચ્ચય નારકી અપેક્ષા છે. સમકિતી નારકીમાં ૬ ઉપયોગ અને મિથ્યાત્વી નારકીમાં ૬ ઉપયોગ હોય છે. (૫) નારકીમાં શુભ લેશ્યા હોતી જ નથી. (૬) નારકી કરતાં દેવો અસંખ્યગુણા છે. સરેરાશ એક નારકીના ભવની સામે દેવતાના અસંખ્ય ભવ કહ્યા છે.

**૨. તિર્યંચ ગતિમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૫ પ્રથમ, જોગ ૧૩ તે આહારકના ૨ વર્જીને, ઉપયોગ ૯ તે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૩. તિર્યંચાણીમાં :** જીવના ભેદ ૨, સંજ્ઞી પંચે.નો અપર્યાપ્તો ને પર્યાપ્તો. ગુણસ્થાન પ્રથમ ૫, જોગ ૧૩ તે આહારકના બે વર્જીને, ઉપયોગ ૯ તે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૪. મનુષ્ય ગતિમાં :** જીવના ભેદ ૩, તે ૧ સંજ્ઞી પંચે.નો અપર્યાપ્તો, ૨ સંજ્ઞી પંચે.નો પર્યાપ્તો, ૩ અસંજ્ઞી પંચે.નો અપર્યાપ્તો, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૫. મનુષ્યાણીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન ૧૪, જોગ ૧૩ આહારકના બે વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૬. દેવ ગતિમાં :** જીવના ભેદ ૩, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો, ૨ સંજ્ઞીનો પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો, ગુણસ્થાન ૪ પ્રથમ, જોગ ૧૧ તે ૪ મનના, ૪ વચનના, ૧ વૈક્રિય, ૧ વૈક્રિય મિશ્ર, ૧ કાર્મણ કાયયોગ, ઉપયોગ ૯ તે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૭. દેવી ગતિમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન ૪ પ્રથમ, જોગ ૧૧, ઉપયોગ ૯ તે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૪.

---

૨. તિર્યંચ ગતિ : (૧) તિર્યંચમાં શ્રાવક હોઈ શકે માટે ગુણસ્થાન ૧ થી ૫. (૨) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ક્ષયોપશમથી વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે માટે યોગ ૧૩. આહારક શરીર તો માત્ર (પુરુષ) સાધુને જ હોય છે. (૩) તિર્યંચ ગતિમાં સંજ્ઞી તિ. પંચે.ને સમકિતીને અવધિજ્ઞાન કે મિથ્યાત્વીને વિભંગજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે, માટે ઉપયોગ ૯.

૩. તિર્યંચાણી : (૪) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં વેદ ૩ હોય છે, માટે તિર્યચાણીમાં જીવના ભેદ ૨ સંજ્ઞીના.

૪. મનુષ્ય ગતિમાં : (૫) જીવના ભેદ ૩ તે સંમૂર્ચ્છિમ મનુષ્ય ભળ્યા તેથી. (૬) કેવળજ્ઞાન, કેવળદર્શન માત્ર મનુષ્યને જ થઈ શકે છે, માટે ઉપયોગ ૧૨.

૫. મનુષ્યાણીમાં : (૭) મનુષ્યાણીને ૧૪ પૂર્વનું જ્ઞાન હોતું નથી માટે આહારક લબ્ધિ કે આહારક શરીર ન હોય.

૬. દેવ ગતિ : (૮) અસંજ્ઞી તિર્યંચ કાળ કરીને પ્રથમ નરકમાં તથા ભવનપતિ, વાણવ્યંતરના ૫૧ દેવમાં આવે છે. તે નરક કે દેવમાં પર્યાપ્તો થાય પછી જ તેને મન ઉત્પન્ન થાય છે ત્યાં સુધી જ તેને અસંજ્ઞી ગણેલ છે માટે નારકી અને દેવમાં અસંજ્ઞી પંચેન્દ્રિયનો અપર્યાપ્તાનો એક ભેદ ગણેલ છે.

**૮. સિદ્ધ ગતિમાં :** જીવના ભેદ નથી, ગુણસ્થાન નથી, જોગ નથી, ઉપયોગ બે, કેવળજ્ઞાન અને કેવળદર્શન, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વઃ સર્વથી થોડી મનુષ્યાણી (સંખ્યાતી)૧, તેથી મનુષ્ય (સંમૂર્ચ્છિમ સહિત) અસંખ્યાતગુણા ૨, તેથી નારકી અસંખ્યાતગુણા ૩, તેથી તિર્યંચાણી અસંખ્યાતગુણા ૪, તેથી દેવતા અસંખ્યાતગુણા ૫, તેથી દેવી સંખ્યાતગુણી ૬, તેથી સિદ્ધભગવંત અનંતગુણા ૭, તેથી તિર્યંચ અનંતગુણા

## ❋ ૩. ઈન્દ્રિય દ્વાર ❋

**૧. સઈન્દિયામાં[૧] :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન[૨] ૧૨ પ્રથમ[૨], જોગ ૧૫, ઉપયોગ ૧૦ તે કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને, લેશ્યા ૬.

**૨. એકેન્દ્રિયમાં :** જીવના ભેદ ૪, ૧ સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો, ૩ બાદર એકેન્દ્રિયનો અપર્યાપ્તો ને ૪ પર્યાપ્તો, ગુણસ્થાન ૧ પ્રથમ, જોગ ૫, ૧ ઔદારિક, ૨ ઔદારિક મિશ્ર, ૩ વૈક્રિય[૪], ૪ વૈક્રિય મિશ્ર, ૫ કાર્મણ કાયયોગ, ઉપયોગ ૩, ૨ અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન. લેશ્યા[૫] ૪ પ્રથમ.

---

(૯) દેવ ગતિમાં જીવના ભેદ ૩ : અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય કાળ કરીને ૫૧ જાતિના દેવમાં આવે ત્યારે વાટે વહેતા ૨ અજ્ઞાન હોય છે. તેવા દેવમાં પર્યાપ્તા થયા પછી જ વિભંગજ્ઞાન થાય છે. આથી પર્યાપ્તો થયા પછી જ તે દેવ કે દેવીમાં ગણાશે. ત્યાં સુધી તેને દેવગતિના અપર્યાપ્તામાં જ ગણાય છે, માટે દેવમાં જીવના ૩ ભેદ અને દેવીમાં ૨ ભેદ. સંજ્ઞી મરીને દેવ થાય તો અયર્પાપ્તામાં પણ મિથ્યાત્વીને ૩ અજ્ઞાન અને સમકિતીને ૩ જ્ઞાન હોય છે.

૭. દેવી : (૧૦) દેવી ભવનપતિથી બીજા દેવલોક સુધી હોય છે માટે લેશ્યા ૪.

૩. ઈન્દ્રિય દ્વાર : (૧) સઈંદિયા એટલે જે જીવ ઈન્દ્રિય સહિત હોય તે. એકથી પાંચ ઈન્દ્રિયવાળા સર્વ જીવો. (૨) કેવળીને દ્રવ્ય ઈન્દ્રિયનો (નાક, આંખ વગેરે) ઉપયોગ હોતો નથી માટે સઈંદિયામાં ગુણસ્થાન પ્રથમ ૧૨ તથા ઉપયોગ ૧૦.

૨. એકેન્દ્રિય : (૩) એકેન્દ્રિય જીવો મિથ્યાત્વી જ હોય છે, માટે ગુણસ્થાન એક પ્રથમ અને અજ્ઞાન જ હોય. (૪) એકેન્દ્રિયમાં બાદર વાઉકાય પર્યાપ્તાને વૈક્રિય લબ્ધિ હોઈ શકે છે તે અપેક્ષા બે વૈક્રિય કાયયોગ. ઔદારિક મિશ્ર યોગ યોનિમાં ઉત્પત્તિની અપેક્ષાએ તથા વૈક્રિય શરીરથી પાછા ફરતાં હોય છે. વૈક્રિય મિશ્ર યોગ ઔદારિકમાંથી વૈક્રિય શરીર બનાવે ત્યારે હોય. કાર્મણ કાયયોગ વાટે વહેતાંની અપેક્ષા છે. (૫) તેજોલેશી ૬૪ જાતિના દેવો ચ્યવીને બાદર પૃથ્વી, અપ કે વન.માં આવે ત્યારે અપર્યાપ્તા અવસ્થામાં તેજોલેશ્યા લઈને આવે છે તેથી ચાર લેશ્યા. પર્યાપ્તા થતાં પ્રથમ ત્રણ લેશ્યા જ હોય. દેવ ચ્યવીને તેઉ, વાઉમાં ન આવે.

૩,૪,૫. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં : જીવના ભેદ ૨ તે પોતપોતાના અપર્યાપ્તા ને પર્યાપ્તા. ગુણસ્થાન[1] ૨ પ્રથમ, જોગ ૪, ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ૧ વ્યવહાર વચનયોગ[2], ઉપયોગ બેઈન્દ્રિય, તેઈન્દ્રિયમાં ૫, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન અને ચૌરેન્દ્રિયમાં ૬ તે ૧ ચક્ષુદર્શન ઉમેરાયું. લેશ્યા ૩.

**૬. પંચેન્દ્રિયમાં :** જીવના ભેદ ૪, ૧ સંજ્ઞીનો અપર્યાપ્તો ને ૨ પર્યાપ્તો, ૩ અસંજ્ઞીનો અપર્યાપ્તો, ૪ પર્યાપ્તો, ગુણસ્થાન[3] ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને, લેશ્યા ૬.

**૭. અણિંદિયામાં[4] :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૨ તેરમું ને ચૌદમું, જોગ ૭ ૨ મનના, ૨ વચનના મળી ૪, ૫ ઔદારિક, ૬ ઔદારિક મિશ્ર, ૭ કાર્મણ કાયયોગ, ઉપયોગ ૨, કેવળજ્ઞાન, કેવળદર્શન, લેશ્યા ૧ શુક્લ.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા પંચેન્દ્રિય (અસંખ્યાતા) ૧, તેથી ચૌરેન્દ્રિય વિશેષાધિક, ૨, તેથી તેઈન્દ્રિય વિશેષાધિક ૩, તેથી બેઈન્દ્રિય વિશેષાધિક ૪, તેથી અણિંદિયા અનંતગુણા ૫, તેથી એકેન્દ્રિય અનંતગુણા ૬, તેથી સઈન્દ્રિય વિશેષાધિક ૭.

## ❋ ૪. કાય દ્વાર ❋

**૧. સકાયમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા

---

૩/૪/૫. વિકલેન્દ્રિય : ૧. ઉપશમ સમકિતથી પડતો જીવ વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન સમકિતિ હોવાથી ગુણ. બીજું. ૨. વિકલે.માં ભાષા પર્યાપ્તિ હોય માટે વ્યવહાર વચન.

૬. <u>પંચેન્દ્રિય</u> : ૩. કેવળીને દ્રવ્ય ઈન્દ્રિય (નાક, આંખ વગેરે)નો ઉપયોગ હોતો નથી માટે પંચેન્દ્રિયમાં ગુણસ્થાન પ્રથમ ૧૨ તથા ઉપયોગ ૧૦.

૭. <u>અણિંદિયા</u> : ૪. અણિંદિયા એટલે જેમને દ્રવ્ય ઈન્દ્રિય છે પણ કેવળજ્ઞાન હોવાને કારણે દ્રવ્ય ઈન્દ્રિયનો ઉપયોગ કરતા નથી તેવા ભવસ્થ કેવળી તથા સિદ્ધ જીવો. ૫. ૧૩મા ગુણસ્થાને થનારી કેવળ સમુદ્‌ઘાત ૮ સમયની હોય છે. તેના ત્રીજા, ચોથા, પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે. બીજા, છઠ્ઠા, સાતમા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ હોય છે, માટે અણિંદિયામાં ઔદારિક મિશ્ર તથા કાર્મણ કાયયોગ છે.

૪. <u>કાય દ્વાર</u>. : ૬. <u>સકાય</u> : એટલે કોઈ પણ એક કાય(શરીર)વાળા જીવો. ચારે ગતિના સર્વ સંસારી જીવોને શરીર હોય જ છે. સિદ્ધ જ અશરીરી હોય છે.

૬. શરીર છે માટે ૧૩મા, ૧૪મા ગુણસ્થાનવાળા સકાય ગણાશે. ત્રસનામ કર્મનો ઉદય છે, માટે ત્રસકાયમાં ગણાયે.

**૨. પૃથ્વીકાય, ૩ અપકાય, ૪ વનસ્પતિકાયમાં :** એ ત્રણમાં જીવના ભેદ ૪ એકેન્દ્રિયના, ગુણ. ૧ પ્રથમ, જોગ ૩ બે ઔદારિક ૧ કાર્મણ કાયયોગ, ઉપયોગ ૩ બે અજ્ઞાન ૧ અચક્ષુદર્શન, લેશ્યા ૪ પ્રથમ.

**૫. તેઉકાય, ૬ વાઉકાય :** એ બેમાં જીવના ભેદ ૪, ગુણ. ૧, જોગ તેઉમાં ૩ બે ઔદારિક ૧ કાર્મણનો ને વાઉમાં ૫ તે વૈક્રિયના બે ઉમેરાતાં, ઉપયોગ ૩ તે ૨ અજ્ઞાન ૧ અચક્ષુદર્શન, લેશ્યા ૩ પ્રથમ.

**૭. ત્રસકાયમાં :** જીવના ભેદ ૧૦ તે ૪ એકેન્દ્રિયના વર્જીને, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૮. અકાયમાં :** જીવના ભેદ નથી, ગુણસ્થાન નથી, જોગ નથી, ઉપયોગ ૨, કેવળજ્ઞાન, કેવળદર્શન, લેશ્યા નથી.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા ત્રસકાય (અસંખ્યાતા) ૧, તેથી તેઉકાય અસંખ્યાતગુણા ૨, તેથી પૃથ્વીકાય વિશેષાધિક ૩, તેથી અપ્કાય વિશેષાધિક ૪, તેથી વાઉકાય વિશેષાધિક ૫, તેથી અકાય અનંતગુણા ૬, તેથી વનસ્પતિકાય અનંતગુણા ૭, તેથી સકાયા વિશેષાધિક ૮.

## ❋ ૫. યોગ દ્વાર[૫] ❋

**૧. સયોગીમાં[૧] :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન[૨] ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. મનયોગીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણસ્થાન ૧૩ પ્રથમના, જોગ ૧૪ એક કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

---

૫. <u>યોગ દ્વાર</u> : ૧. સયોગી એટલે મન, વચન કે કાયા એ ત્રણમાંથી કોઈપણ યોગ સહિતના જીવો. એક જીવને એક સમયે કોઈપણ એક જ યોગ હોય છે. સમુચ્ચયરૂપે ત્રણ યોગ સમયાંતર હોઈ શકે છે. ૨. ૧૪મું ગુણસ્થાન અયોગીનું છે, માટે ગુણસ્થાન ૧૩.

૨. <u>મનયોગી</u> : ૩. મનયોગ સંજ્ઞી જીવોના પર્યાપ્તામાં જ હોય છે, માટે જીવનો ભેદ એક. ૪. કાર્મણ કાયયોગ વાટે વહેતા અને કેવળીને ૧૩મે ગુણસ્થાને હોય છે, માટે મનયોગીમાં નથી. 卐 કેવળી મનયોગ દ્વારા વૈમાનિક દેવો, આહારક શરીરી વગરેએ મનથી પૂછેલ પ્રશ્નોના મનથી જવાબ આપે છે, માટે કેવળીને કેવળ- જ્ઞાન હોવા છતાં મનયોગ છે.

**૩. વચનયોગીમાં :** જીવના ભેદ ૫, ૧ બેઈન્દ્રિય, ૨ તેઈન્દ્રિય, ૩ ચૌરેન્દ્રિય, ૪ અસંજ્ઞી પંચેન્દ્રિય, ૫ સંજ્ઞી પંચેન્દ્રિય એ પાંચના પર્યાપ્તા[1], ગુણસ્થાન ૧૩ પ્રથમ, જોગ ૧૪ તે કાર્મણ વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૪. કાયયોગીમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન[2] ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૫. અયોગીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૧ ચૌદમું, જોગ નથી, ઉપયોગ ૨ કેવળજ્ઞાન, કેવળદર્શન, લેશ્યા નથી.

**અલ્પબહુત્વ :** સર્વથી થોડા મનયોગી (અસંખ્યાતા) ૧,
તેથી વચનયોગી અસંખ્યાતગુણા ૨, તેથી અયોગી અનંતગુણા ૩,
તેથી કાયયોગી અનંતગુણા ૪, તેથી સયોગી વિશેષાધિક ૫.

## ❋ ૬. વેદ દ્વાર ❋

**૧. સવેદીમાં[3] :** જીવના ભેદ ૧૪, ગુણ. ૯ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને, લેશ્યા ૬.

**૨-૩. સ્ત્રીવેદ, પુરુષવેદમાં :** એ બેમાં જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન ૯ પ્રથમના, જોગ પુરુષવેદમાં ૧૫, સ્ત્રીવેદમાં ૧૩ તે આહારકના[4] બે વર્જીને, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

**૪. નપુંસકવેદમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૯ પ્રથમના, જોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને, લેશ્યા ૬.

**૫. અવેદીમાં :** જીવના ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણસ્થાન ૬ તે ૯ થી ૧૪, જોગ ૧૧, ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ઉપયોગ ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૧ શુક્લ.

---

૩. વચનયોગી : (૧) જીવ પર્યાપ્તો થયા પછી જ વચનયોગનો વ્યાપાર હોય તેથી વચનયોગ જીભવાળા પર્યાપ્તા જીવોમાં જ હોય છે.

૪. કાયયોગી : (૨) જીવ ૧૪મે ગુણસ્થાને અયોગી ન થાય ત્યાં સુધી કાયયોગી. ૧૪મે ગુણસ્થાને આત્મપ્રદેશોનું કંપન નથી માટે યોગ નથી.

૬. વેદ દ્વાર : ૧. સવેદી : (૩) એટલે સ્ત્રીવેદ, પુરુષવેદ કે નપુંસકવેદ એ ત્રણમાંથી કોઈપણ એક વેદ સહિતના જીવો. જીવ ૯મા ગુણસ્થાન દરમિયાન અવેદી થાય છે માટે સવેદીના ગુણસ્થાન ૧ થી ૯ અને અવેદીના ગુણસ્થાન ૯ થી ૧૪.

૨. સ્ત્રીવેદમાં (૪) ૧૪ પૂર્વનું જ્ઞાન ન હોય, તેથી આહારક શરીર ન હોય, માટે આહારકના બે યોગ વર્જીને ૧૩ યોગ.

૪. નપુંસકમાં પુરુષ નપુંસકની અપેક્ષા આહારક શરીર હોય તેથી ૧૫ યોગ.

અલ્પબહુત્વ : સર્વથી થોડા પુરુષવેદી (અસંખ્યાતા) ૧, તેથી સ્ત્રી વેદી સંખ્યાતગુણા ૨, તેથી અવેદી અનંતગુણા ૩, તેથી નપુંસક વેદી અનંતગુણા ૪, તેથી સવેદી વિશેષાધિક ૫.

## ❋ ૭. કષાય દ્વાર ❋

**૧. સકષાયીમાં[1] :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧૦ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને, લેશ્યા ૬.

૨, ૩, ૪. ક્રોધ, માન, માયા કષાય એ ત્રણમાં : જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૯ પ્રથમના, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

**૫. લોભ કષાયમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન[2] ૧૦ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૬.

**૬. અકષાયીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૪ તે ૧૧ થી ૧૪, જોગ ૧૧ ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ઉપયોગ ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન, લેશ્યા ૧ શુક્લ.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા અકષાયી (અનંતા) ૧, તેથી માનકષાયી અનંતગુણા ૨, તેથી ક્રોધકષાયી વિશેષાધિક ૩, તેથી માયાકષાયી વિશેષાધિક ૪, તેથી લોભકષાયી વિશેષાધિક ૫, તેથી સકષાયી વિશેષાધિક ૬.

## ❋ ૮. લેશ્યા દ્વાર ❋

**૧. સલેશીમાં[3] :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧૩, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨, ૩, ૪. કૃષ્ણ, નીલ, કાપોત લેશીમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૬ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ બે કેવળના વર્જીને, લેશ્યા પોતપોતાની.

---

**૭. કષાય દ્વાર :** (૧) સકષાયી એટલે ક્રોધ, માન, માયા કે લોભ એ ચારમાંથી કોઈપણ એક કષાય સહિતના જીવો. એક જીવને એક સમયે એક જ કષાય હોય છે. સમુચ્ચયરૂપે ચાર કષાય સમયાંતર હોઈ શકે છે.

(૨) સંજ્વલનના ક્રોધ, માન અને માયા ૯મે ગુણસ્થાને જાય. સંજ્વલન લોભ ૧૧ કે ૧૨મા ગુણસ્થાનના પ્રથમ સમયે જાય છે માટે ૧૦ ગુણસ્થાન સુધી જ હોય છે.

**૮. લેશ્યા દ્વાર :** (૩) સલેશી એટલે જેનામાં છમાંથી કોઈપણ એક લેશ્યા હોય તેવા જીવો. લેશ્યા યોગ અંતર્ગત છે ૧૪મે ગુણસ્થાને યોગ નથી માટે અલેશી.

મનુષ્ય અને તિર્યંચને દર અંતર્મુહૂર્તે લેશ્યા બદલાય છે. નારકી અને દેવના આખા ભવમાં એક જ પ્રકારની લેશ્યા રહે છે.

**૫. તેજોલેશીમાં :** જીવના ભેદ ૩, સંજ્ઞીનો અપર્યાપ્તો, પર્યાપ્તો અને બાદર એકેન્દ્રિયનો અપર્યાપ્તો, ગુણસ્થાન ૭ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૧ તેજો.

**૬. પદ્મલેશીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન ૭ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦, લેશ્યા ૧ પદ્મ.

**૭. શુક્લલેશીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન ૧૩ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૧ શુક્લ.

**૮. અલેશીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણસ્થાન ૧ ચૌદમું, જોગ નથી, ઉપયોગ ૨ કેવળજ્ઞાન અને કેવળદર્શન, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ : સર્વથી થોડા શુક્લલેશી (અસંખ્યાતા) ૧,
તેથી પદ્મલેશી સંખ્યાતગુણા ૨, તેથી તેજોલેશી સંખ્યાતગુણા ૩,
તેથી અલેશી અનંતગુણા ૪, તેથી કાપોતલેશી અનંતગુણા ૫,
તેથી નીલલેશી વિશેષાધિક ૬, તેથી કૃષ્ણલેશી વિશેષાધિક ૭,
તેથી સલેશી વિશેષાધિક ૮.

## ❋ ૯. સમકિત દ્વાર ❋

**૧. સમુચ્ચય સમકિતીમાં[1] :** જીવના ભેદ ૬, ૧ બેઈન્દ્રિય, ૨ તેઈન્દ્રિય, ૩ ચૌરેન્દ્રિય, ૪ અસંજ્ઞી પંચેન્દ્રિય એ ૪ના અપર્યાપ્તા અને ૫ સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને ૬ પર્યાપ્તા, ગુણસ્થાન[2] ૧૨, પહેલું ને ત્રીજું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ[4] ૯, ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

**૨. સાસ્વાદન સમકિતીમાં :** જીવના ભેદ ૬ ઉપર પ્રમાણે, ગુણસ્થાન માત્ર ૧ તે બીજું, જોગ ૧૩ આહારકના[3] બે વર્જીને, ઉપયોગ ૬ તે ૩ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

---

૯.સમકિત દ્વાર :

**૧. સમુચ્ચય સમકિતી/૨. સાસ્વાદન સમકિત :** ૧. ઉપશમ સમકિતથી પડતાં વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચે. અને સંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તા અવસ્થામાં સાસ્વાદન સમકિત હોય છે. તેમ જ સંજ્ઞી પંચેન્દ્રિયને તો પર્યાપ્તા અવસ્થામાં પણ સાસ્વાદન સમકિત હોય છે. તેથી જીવના ભેદ ૬ લીધા.

૨. ૧લા ગુણસ્થાનવાળા જીવ મિથ્યાત્વી અને ત્રીજા ગુણસ્થાનવાળા મિશ્રદ્રષ્ટિ હોવાથી બધા સમક્તિમાં તેમને વર્જેલ છે.

૩. આહારક માત્ર સાધુને હોય માટે સાસ્વાદનમાં ન હોય.

૪. સમકિતી જીવોને જ્ઞાન જ હોય માટે અજ્ઞાન ન હોય.

**૩. ઉપશમ સમકિતીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન આઠ તે ચોથાથી અગિયારમા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૭ તે ૪ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૪. ૫. ક્ષયોપશમ અને વેદક સમકિતીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન ક્ષયોપશમમાં ૪ થી ૭ સુધી અને વેદકમાં ૪ થી ૭ સુધી, જોગ ૧૫, ઉપયોગ ૭ તે ૪ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૬. ક્ષાયિક સમકિતીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ. ૧૧ તે ચોથાથી ચૌદમા સુધી, જોગ ૧૫, ઉપયોગ ૯ તે ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

**૭. મિથ્યાત્વ દ્રષ્ટિમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૧ પ્રથમ, જોગ ૧૩, આહારકના બે વર્જીને, ઉપયોગ ૬ તે ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૮. સમમિથ્યાત્વ દ્રષ્ટિમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યા., ગુણ. ૧ તે ત્રીજું, જોગ ૧૦, ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિક્નો, ૧ વૈક્રિયનો, ઉપયોગ ૬, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ : સર્વથી થોડા સાસ્વાદન સમકિતી (અસંખ્યાતા) ૧,
તેથી ઉપશમ સમકિતી સંખેજ્જગુણા ૨, તેથી મિશ્રદ્રષ્ટિ અસંખેજ્જગુણા ૩,
તેથી ક્ષયોપશમ અને વેદક સમકિતી માંહોમાંહે તુલ્ય અને અસંખેજ્જગુણા ૫,
તેથી ક્ષાયિક સમકિતી અનંતગુણા ૬, તેથી સમુચ્ચય સમકિતી વિશેષાધિક ૭,
તેથી મિથ્યાત્વ દ્રષ્ટિ અનંતગુણા ૮.

## ❋ ૧૦. જ્ઞાન દ્વાર ❋

**૧. સમુચ્ચય[1] જ્ઞાનીમાં :** જીવના ભેદ ૬ ૧ બેઈન્દ્રિય, ૨ તેઈન્દ્રિય, ૩ ચૌરેન્દ્રિય, ૪ અસંજ્ઞી પંચેન્દ્રિય એ ૪ના અપર્યાપ્તા અને ૫ સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને ૬ પર્યાપ્તા. ગુણ. ૧૨ પહેલું ને ત્રીજું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૯ ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

**૨, ૩ મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની :** જીવના ભેદ ૬ ઉપર પ્રમાણે, ગુણસ્થાન ૧૦ તે બીજું તથા ૪ થી ૧૨, જોગ ૧૫, ઉપયોગ ૭ તે ૪ જ્ઞાન ૩ દર્શન, લેશ્યા ૬.

**૪. અવધિજ્ઞાનીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન ૧૦ તે બીજું તથા ૪ થી ૧૨, જોગ ૧૫, ઉપયોગ ૭ ઉપર પ્રમાણે, લેશ્યા ૬.

**૫. મનઃપર્યવજ્ઞાનીમાં :** જીવનો ભેદ[2] ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણસ્થાન છ છઠ્ઠાથી બારમા સુધી, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૭ ઉપર પ્રમાણે, લેશ્યા ૬.

---

૧૦. જ્ઞાન દ્વાર : ૧. સજ્ઞાની એટલે પાંચ જ્ઞાનમાંથી કોઈપણ ૧,૨,૩,૩ કે ૪ જ્ઞાન હોય તેવા જીવો. મિથ્યાત્વીનું જ્ઞાન અજ્ઞાન છે. જ્ઞાન ન હોય ત્યાં અજ્ઞાન હોય પણ દર્શન ન હોય તેવું ન બને. ૨. મનઃપર્યવજ્ઞાન સાધુસાધ્વીને જ થાય માટે જીવનો ભેદ ૧. ગુણ. ૬ થી ૧૨.

**૬. કેવળજ્ઞાનીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણસ્થાન ૨, ૧૩મું ને ૧૪મું, જોગ[3] ૭ તે ૨ મન, ૨ વચન, ૨ ઔદારિક અને ૧ કાર્મણનો, ઉપયોગ[1] ૨ કેવળના, લેશ્યા ૧ પરમશુક્લ.

**૭. અજ્ઞાનીમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૨ પહેલું ને ત્રીજું, જોગ ૧૩ આહારકના બે વર્જીને, ઉપયોગ ૬ તે ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૮, ૯. મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાનીમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૨ પહેલું ને ત્રીજું, જોગ ૧૩ બે આહારકના વર્જીને, ઉપયોગ ૬ તે ૩ અજ્ઞાન ૩ દર્શન, લેશ્યા ૬.

**૧૦. વિભંગજ્ઞાનીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ. ૨ પહેલું ને ત્રીજું, જોગ ૧૩ તે બે આહારકના વર્જીને, ઉપયોગ ૬, લેશ્યા ૬.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાની (સંખ્યાતા) ૧, તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા ૨-૩, તેથી મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની માંહોમાંહી તુલ્ય ને વિશેષાધિક ૪, તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા ૫, તેથી કેવળજ્ઞાની અનંતગુણા ૬, તેથી સમુચ્ચય જ્ઞાની વિશેષાધિક ૭, તેથી મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની તથા અજ્ઞાની માંહોમાંહી તુલ્ય અને અનંતગુણા ૮-૧૦.

## ❋૧૧. દર્શન દ્વાર❋

**૧. ચક્ષુદર્શનીમાં[2] :** જીવના ભેદ ૬ ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય ને સંજ્ઞી પંચેન્દ્રિય એ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા, ગુણ. ૧૨ પ્રથમ, જોગ ૧૪ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૦ તે બે કેવળના વર્જીને, લેશ્યા ૬.

**૨. અચક્ષુદર્શનીમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ બે કેવળના વર્જીને, લેશ્યા ૬.

**૩. અવધિદર્શનીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ. ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ ૧૦ બે કેવળના વર્જીને, લેશ્યા ૬.

**૪. કેવળદર્શનીમાં[3] :** જીવનો ભેદ ૧ સંજ્ઞી પં.પ., ગુણ. ૨ તેરમું ને ચૌદમું, જોગ ૭ તે ૨ મન, ૨ વચન, ૨ ઔદારિક અને ૧ કાર્મણનો, ઉપયોગ ૨, લેશ્યા ૧ શુક્લ.

એનો અલ્પબહુત્વ : સર્વથી થોડા અવધિદર્શની (અસંખ્યાતા) ૧, તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા ૨, તેથી કેવળદર્શની અનંતગુણા ૩, તેથી અચક્ષુદર્શની અનંતગુણા ૪.

---

(૧) કેવળજ્ઞાનીને અન્ય ચાર જ્ઞાનનો ઉપયોગ ન હોય. (૨) કેવળદર્શનીને અન્ય ૩ દર્શન ન હોય માટે પ્રથમ ૩ દર્શનના ગુણ. ૧ થી ૧૨. (૩) કેવલીમાં ૭ યોગ. ૨ મનના, ૨ વચનના, ૨ ઔદારિકના, ૧ કાર્મણ. ઔદારિક મિશ્ર અને કાર્મણ, કેવળ સમુદ્ઘાત અપેક્ષા.

## ❋૧૨. સંજય દ્વાર❋

**૧. સંજતિમાં :** જીવનો ભેદ[1] ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૯તે ૬ થી ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૯ તે ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

**૨, ૩. સામાયિક, છેદોપસ્થાપનીય ચારિત્રીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૪ તે ૬ થી ૯, જોગ ૧૪ કાર્મણનો[2] વર્જીને, ઉપયોગ ૭ તે ૪જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૪. પરિહારવિશુદ્ધ ચારિત્રીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૨ તે ૬ ને ૭ , જોગ ૯ તે ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિકનો, ઉપયોગ ૭, લેશ્યા ૩ ઉપલી શુભ.

**૫. સૂક્ષ્મસંપરાય ચારિત્રીમાં :** જીવનો ભેદ ૧, ગુણ. ૧ તે દશમું, જોગ ૯ ઉપર પ્રમાણે, ઉપયોગ ૭ તે ૪ જ્ઞાન ૩ દર્શન (લબ્ધિ અપેક્ષાએ પરંતુ ફક્ત સાકાર ઉપયોગ હોવાથી ઉપયોગ ૪), લેશ્યા ૧ શુક્લ.

**૬. યથાખ્યાત ચારિત્રીમાં :** જીવનો ભેદ ૧, ગુણસ્થાન ૪ તે ૧૧ થી ૧૪, જોગ ૧૧ ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ઉપયોગ ૯ ત્રણ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૧.

**૭. સંજતાસંજતિમાં :** જીવનો ભેદ ૧, ગુણસ્થાન ૧ પાંચમું, જોગ ૧૨, ૨ આહારક ને ૧ કાર્મણનો એ ૩ વર્જીને, ઉપયોગ ૬ તે ૩ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૮. અસંજતિમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૪ પ્રથમ, જોગ ૧૩ ૨ આહારકના વર્જીને, ઉપયોગ ૯ તે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૯. નોસંજતિ નોઅસંજતિ, નોસંજતાસંજતિમાં[3] :** જીવના ભેદ નથી, ગુણ. નથી, જોગ નથી, ઉપયોગ ૨, કેવળના લેશ્યા નથી.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા સૂક્ષ્મસંપરાય ચારિત્રી (સંખ્યાતા) ૧, તેથી પરિહારવિશુદ્ધ ચારિત્રી સંખ્યાતગુણા ૨, તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાતગુણા ૩, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રી સંખ્યાતગુણા ૪, તેથી સામાયિક ચારિત્રી સંખ્યાતગુણા ૫, તેથી સંજતિ વિશેષાધિક ૬, તેથી સંજતાસંજતિ અસંખ્યાતગુણા ૭, તેથી નોસંજતિ નોઅસંજતિ, નોસંજતાસંજતિ અનંતગુણા ૮, તેથી અસંજતિ અનંતગુણા ૯.

---

૧૨. સંજય દ્વાર : ૧. ચારિત્ર, દીક્ષા માત્ર પર્યાપ્તા મનુષ્યો જ ગ્રહણ કરે છે.

૨. કાર્મણ કાયયોગ માત્ર વાટે વહેતાં તથા કેવળ સમુદ્‌ઘાતમાં હોય છે માટે પ્રથમ ચાર ચારિત્રમાં વર્જવો.

૩. ચારિત્ર એ સંયોગજન્ય ગુણ છે. સિદ્ધોમાં જ્ઞાન, દર્શન છે પણ ચારિત્ર નથી માટે એમને 'નોસંજતિ નોઅસંજતિ નોસંજતા સંજતિ કહે છે.

## ❋૧૩. ઉપયોગ દ્વાર❋

**૧. સાગારોવઉત્તામાં (સાકાર ઉપયોગમાં):** જીવના ભેદ ૧૪, ગુણ. ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. અણાગારોવઉત્તામાં (અનાકાર ઉપયોગમાં) :** જીવના ભેદ ૧૪, ગુણ. ૧૩ દશમું વર્જીને, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા અણાગારોવઉત્તા (અનંતા) ૧, તેથી સાગારોવઉત્તા સંખ્યાતગુણા ૨.

## ❋ ૧૪. આહાર દ્વાર ❋

**૧. આહારકમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૧૩ પ્રથમ, જોગ ૧૪ તે કાર્મણ વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. અણાહારકમાં :** જીવના ભેદ ૮ સાત અપર્યાપ્તા ને સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૫ પહેલું, બીજું, ચોથું, તેરમું, ચૌદમું, જોગ ૧ તે કાર્મણનો, ઉપયોગ ૧૦, મન:પર્યવજ્ઞાન ને ચક્ષુદર્શન બે વર્જીને. લેશ્યા ૬.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા અણાહારક (અનંતા) ૧, તેથી આહારક અસંખ્યાતગુણા ૨.

## ❋ ૧૫. ભાષક દ્વાર ❋

**૧. ભાષકમાં :** જીવના ભેદ ૫, બેઈન્દ્રિય ૧, તેઈન્દ્રિય ૨, ચૌરેન્દ્રિય ૩, અસંજ્ઞી પંચેન્દ્રિય ૪, સંજ્ઞી પંચેન્દ્રિય ૫ એ પાંચનાં પર્યાપ્તા, ગુણ. ૧૩ પ્રથમ, જોગ ૧૪ તે કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. અભાષકમાં :** જીવના ભેદ ૧૦, ૧ બેઈન્દ્રિય, ૨ તેઈન્દ્રિય, ૩ ચૌરેન્દ્રિય,

---

૧૪. <u>આહાર દ્વાર</u> : અણાહારક : ૧. યોગના અભાવે ૧૪મા ગુણસ્થાને જીવ અણાહારક છે માટે ગુણસ્થાન ૧૩. ૨. જીવ વક્ર ગતિએ વાટે વહેતા તથા કેવળ સમુદ્‌ઘાતમાં ૩,૪,૫મા સમયે અણાહારક હોય છે ત્યારે કાર્મણ કાયયોગ જ હોય છે. માટે આહારકમાં કાર્મણ કાયયોગ વર્જી યોગ ૧૪. ૩. અણાહારકમાં વાટે વહેતાંની અપેક્ષા ૭ અપર્યાપ્તા તથા કેવળ સમુદ્‌ઘાત અપેક્ષા સંજ્ઞી પંચે. પર્યા. એમ જીવ ભેદ ૮ છે. ૪. અણાહારકમાં ૧લું, ૨જું, ૪થું ગુણસ્થાન વાટે વહેતાની અપેક્ષા, ૧૩મું કેવળ સમુદ્‌ઘાત અપેક્ષા તથા ૧૪મું કાયયોગ નિરોધ અપેક્ષાએ માટે ગુણ. પાંચ. ૫. અપર્યાપ્તામાં ચક્ષુદર્શન ન હોય. મન:પર્યવ માત્ર સાધુસાધ્વીને હોય. ૧૩મે, ૧૪મે કેવળના બે ઉપયોગ હોવાથી ચક્ષુદર્શન તથા મન:પર્યવજ્ઞાન ન હોય. માટે ઉપયોગ ૧૦.

૪ અસંજ્ઞી પંચેન્દ્રિય એ ચારનાં પર્યાપ્તા વર્જીને, ગુણ. ૫ તે પહેલું, બીજું, ચોથું, તેરમું, ચૌદમું, જોગ ૫ તે ૨ ઔદારિક, ૨ વૈક્રિય, ૧ કાર્મણનો, ઉપયોગ ૧૧ તે મનઃપર્યવજ્ઞાન વર્જી, લેશ્યા ૬.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા ભાષક (અસંખ્યાતા) ૧, તેથી અભાષક અનંતગુણા ૨.

## ❋ ૧૬. પરિત્ત દ્વાર ❋

**૧. પરિત્તસંસારીમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. અપરિત્તસંસારીમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧ પહેલું, જોગ ૧૩ આહારકના બે વર્જીને, ઉપયોગ ૬, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૩. નોપરિત્ત નોઅપરિત્તમાં :** જીવના ભેદ નથી, ગુણ. નથી, જોગ નથી, ઉપયોગ ૨ કેવળના, લેશ્યા નથી.

એનો અલ્પબહુત્વ : સર્વથી થોડા પરિત્ત (અસંખ્યાતા) ૧, તેથી નોપરિત્ત નોઅપત્તિ અનંતગુણા ૨, તેથી અપરિત્ત અનંતગુણા ૩.

## ❋૧૭. પર્યાપ્તા દ્વાર❋

**૧. પર્યાપ્તામાં :** જીવના ભેદ ૭ પર્યાપ્તા, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

---

૧૫. ભાષક દ્વાર : ભાષક : ભાષાલબ્ધિ સંપન્ન જીવો ભાષક અને ભાષાલબ્ધિ રહિત જીવો અભાષક છે. ૧. વિકલેન્દ્રિય અને સંજ્ઞી અસંજ્ઞી પંચેન્દ્રિયમાં અર્પાપ્તામાં પર્યાપ્તિ પૂર્ણ થઈ ન હોવાથી વચનનો વ્યાપાર હોતો નથી. માટે માત્ર પર્યાપ્તામાં જ ભાષક લેવાં. ૨. ૧૪મે ગુણસ્થાને યોગના અભાવમાં અભાષક. ૩. પર્યાપ્તામાં કાર્મણ કાયયોગ ન હોય માટે વર્જી દીધાં.

અભાષક : ૧. અભાષકમાં ૨ ઔદારિક અને ૨ વૈક્રિયના યોગ અપર્યાપ્તાની અપેક્ષાએ. કાર્મણ કાયયોગ વાટે વહેતાંની અપેક્ષાએ.

૨. અપર્યાપ્તામાં મનઃપર્યવજ્ઞાન ન હોય માટે વર્જવું.

૧૬. પરિત્ત દ્વાર : પરિત્તના બે ભેદ : ૧. કાય પરિત્ત : પ્રત્યેક શરીરી જીવો કાય પરિત્ત છે. ૨. પરિત્તસંસારી : જેણે સમ્યક્ત્વ આદિ દ્વારા પોતાના ભવભ્રમણને પરિમિત કરી લીધેલ છે તે પરિત્ત સંસારી છે. (સંખ્યાતો કાળ, અસંખ્યાતો કાળ. ૩. સંસાર પરિત્ત : દેશે ઊણું અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળ જેટલો સિમિત)

સંસાર અપરિત્ત એટલે જે જીવોએ પોતાનો સંસારકાળ પરિમિત નથી કર્યો તે. (અનંત સંસારી વગેરે). નોપરિત્ત નોઅપરિત્ત તે સિદ્ધના જીવો.

**૨. અપર્યાપ્તામાં :** જીવના ભેદ ૭ અપર્યાપ્તા, ગુણ. ૩ પહેલું, બીજું, ચોથું જોગ ૫, ૨ ઔદારિકના, ૨ વૈક્રિયના, ૧ કાર્મણનો, ઉપયોગ ૯ ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૩.નોપર્યાપ્તા નોઅપર્યાપ્તામાં :** જીવના ભેદ નથી, ગુણ. નથી, જોગ નથી ઉપયોગ ૨ કેવળના, લેશ્યા નથી.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા નોપર્યાપ્તા નોઅપર્યાપ્તા (અનંતા) ૧, તેથી અપર્યાપ્તા અનંતગુણા ૨, તેથી પર્યાપ્તા સંખ્યાતગુણા ૩.

## ❋૧૮. સૂક્ષ્મ દ્વાર❋

**૧. સૂક્ષ્મમાં :** જીવના ભેદ ૨ સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપર્યાપ્તો ને પર્યાપ્તો, ગુણસ્થાન[1] ૧ પ્રથમ, જોગ ૩ ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ઉપયોગ ૩ બે અજ્ઞાન ને ૧ અચક્ષુદર્શન, લેશ્યા ૩ પ્રથમ.

**૨.બાદરમાં :** જીવના ભેદ ૧૨ સૂક્ષ્મના બે વર્જીને, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૩.નોસૂક્ષ્મ નોબાદર :** જીવના ભેદ નથી, ગુણ[2]. નથી, જોગ નથી, ઉપયોગ ૨, લેશ્યા નથી.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા નોસૂક્ષ્મ નોબાદર (અનંતા) ૧, તેથી બાદર અનંતગુણા ૨, તેથી સૂક્ષ્મ અસંખ્યાતગુણા ૩.

## ❋૧૯. સંજ્ઞી દ્વાર❋

**૧. સંજ્ઞીમાં :** જીવના ભેદ ૨ પંચેન્દ્રિયના, ગુણ. ૧૨ પ્રથમ, જોગ ૧૫, ઉપયોગ[2] ૧૦ કેવળના બે વર્જીને, લેશ્યા ૬.

**૨. અસંજ્ઞીમાં :** જીવના ભેદ ૧૨ સંજ્ઞીના બે વર્જીને, ગુણસ્થાન[3] ૨ પ્રથમ, જોગ ૬ તે ૨ ઔદારિકના, ૨ વૈક્રિયના, ૧ કાર્મણનો, ૧ વ્યવહાર વચનનો એ ૬, ઉપયોગ ૬ તે ૨ જ્ઞાન[4], ૨ અજ્ઞાન, ૨ દર્શન, લેશ્યા[5] ૪ પ્રથમ.

---

<u>૧૮. સૂક્ષ્મ દ્વાર</u> : (૧) સૂક્ષ્મ જીવો એકાંત મિથ્યાત્વી છે માટે ગુણસ્થાન પ્રથમ. <u>૧૯. સંજ્ઞી દ્વાર</u> : ૨. સંજ્ઞી : (૨) ૧૩મે, ૧૪મે ગુણસ્થાને મનનો ચિંતનરૂપ ઉપયોગ નથી માટે સંજ્ઞીપણું હોતું નથી. માટે ગુણસ્થાન ૧૨ અને ઉપયોગ ૧૦, ૨. અસંજ્ઞી : (૩) ઉપશમ સમકિતથી પડતાં વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તા અવસ્થામાં સાસ્વાદન સમકિત હોય છે તેથી અસંજ્ઞીમાં ગુણસ્થાન બે. (૪) અસંજ્ઞી જીવોમાં અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદનની અપેક્ષાએ બે જ્ઞાન લેવા. (૫) તેજો લેશ્યાવાળો દેવ મરીને બાદર એકેન્દ્રિય (અસંજ્ઞી)માં ઉત્પન્ન થાય તે અપેક્ષા લેશ્યા ૪ પ્રથમ.

**૩. નોસંજ્ઞી નોઅસંજ્ઞીમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણસ્થાન ૨ તેરમું, ચૌદમું, જોગ ૭ તે ૨ મન, ૨ વચન, ૨ ઔદારિક, ૧ કાર્મણનો, ઉપયોગ ૨ તે કેવળજ્ઞાન, કેવળદર્શન, લેશ્યા ૧ પરમશુક્લ.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા સંજ્ઞી (અસંખ્યાતા) ૧, તેથી નોસંજ્ઞી નોઅસંજ્ઞી અનંતગુણા ૨, તેથી અસંજ્ઞી અનંતગુણા ૩.

## ❋ ૨૦. ભવ્ય દ્વાર ❋

**૧. ભવ્યમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. અભવ્યમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧ પ્રથમ, જોગ[1] ૧૩ આહારકના બે વર્જીને, ઉપયોગ ૬ તે ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.

**૩. નોભવ્ય નોઅભવ્યમાં[2] :** જીવના ભેદ નથી, ગુણ. નથી, જોગ નથી, ઉપયોગ ૨. લેશ્યા નથી.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા અભવ્ય (અનંતા) ૧, તેથી નોભવ્ય નોઅભવ્ય અનંતગુણા ૨, તેથી ભવ્ય અનંતગુણા ૩.

## ❋ ૨૧. ચરમ દ્વાર ❋

**૧. ચરમમાં[3]:** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. અચરમમાં :** જીવના ભેદ ૧૪, ગુણસ્થાન ૧ પ્રથમ, જોગ ૧૩, આહારકના બે વર્જીને, ઉપયોગ ૮ તે ૩ અજ્ઞાન, ૩ દર્શન (અભવ્યને), તથા કેવળજ્ઞાન, કેવળદર્શન (સિદ્ધને), લેશ્યા ૬.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા અચરમ (અનંતા) ૧, તેથી ચરમ અનંતગુણા ૨.

---

**૨૦. ભવ્ય દ્વાર :** (૧) અભવ્યને નવમાં પૂર્વની ત્રીજી આચારવત્થ સુધીનું જ્ઞાન હોઈ શકે માટે આહારક લબ્ધિ પ્રાપ્ત ન હોય તેથી યોગ ૧૩.

**(૨) નોભવ્ય નોઅભવ્ય** એટલે સિદ્ધના જીવો.

**૨૧. ચરમ દ્વાર :** (૩) ચરમ એટલે જેનો છેડો આવી શકે તેવા ભવ્ય જીવો.

**(૪) અચરમ** એટલે જેનો છેડો આવે નહિ તેવા અભવી તથા સિદ્ધ ભગવંત.

## ❋ ૨૨. સમુચ્ચય કેવળી દ્વાર ❋

**૧. સમુચ્ચય કેવળીમાં :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન[1] ૧૧ તે ૪થી ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૯ તે ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા ૬.

**૨. વીતરાગીમાં :** જીવનો ભેદ ૧, ગુણ[2]. ૪ તે ૧૧ થી ૧૪, જોગ ૧૧, ઉપયોગ ૯ તે ૫ જ્ઞાન, ૪ દર્શન, લેશ્યા ૧ શુક્લ.

**૩. જુગલિયામાં[3] :** જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણ. ૨ પહેલું ને ચોથું, જોગ[4] ૧૧ તે ૪ મનના, ૪ વચનના, ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ઉપયોગ ૬ બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન, લેશ્યા ૪ પ્રથમ.

**૪. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં :** જીવના ભેદ ૨ અસંજ્ઞીના, ગુણસ્થાન ૨ પ્રથમ, જોગ ૪ તે ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ૧ વ્યવહાર વચનયોગ, ઉપયોગ ૬ બે જ્ઞાન, બે અજ્ઞાન, બે દર્શન, લેશ્યા ૩ પ્રથમ.

**૫. સંમૂર્ચ્છિમ મનુષ્યમાં :** જીવનો ભેદ ૧, ગુણ[5]. ૧ પહેલું, જોગ ૩, ૨ ઔદારિકના, ૧ કાર્મણનો, ઉપયોગ ૪ તે ૨ અજ્ઞાન, ૨ દર્શન, લેશ્યા ૩ પ્રથમ.

**એનો અલ્પબહુત્વ :** સર્વથી થોડા જુગલિયા ૧, તેથી સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાતગુણા ૨, તેથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા ૩, તેથી વીતરાગી અનંતગુણા ૪, તેથી સમુચ્ચય કેવળી વિશેષાધિક ૫.

## ❋ ૨૩. શરીર દ્વાર ❋

**૧. ઔદારિક શરીરમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

**૨. વૈક્રિય શરીરમાં :** જીવના ભેદ ૪ તે ૨ સંજ્ઞીના, ૩ અસંજ્ઞી પંચે. નો

---

૨૨. સમુચ્ચય કેવળી : (૧) સમુચ્ચય કેવળી એટલે જેને સમકિત પ્રવર્તતું હોય તેવા જીવો. જે ભવિષ્યમાં કેવળી થશે પરંતુ પડિવાઈ સમ્યક્દ્રષ્ટિ નહીં. ૪ થી ૧૪મા ગુણસ્થાનવર્તી જીવ. માટે ગુણસ્થાન ૧૧.

૨. વીતરાગી : ગુણસ્થાન ૧૧ થી ૧૪ તથા સિદ્ધ.

૩. જુગલિયા : જુગલિયાના ભવમાં દ્રષ્ટિ પરિવર્તન ન થાય માટે સમકિતી જુગલિયા સમકિતી રહે. મિથ્યાત્વી જુગલિયા મિથ્યાત્વી જ રહે. મિશ્ર દ્રષ્ટિ ન હોય. માટે બે ગુણસ્થાન ૧લું અને ૪થું. (૪) જુગલિયામાં વૈક્રિય અને આહારક લબ્ધિ ન હોય તેથી યોગ ૧૧.

૫. સંમૂર્ચ્છિમ મનુષ્ય : સંમૂર્ચ્છિમ મનુષ્ય એકાંત મિથ્યાત્વી છે. માટે ગુણસ્થાન ૧લું અને ઉપયોગ ૪.

અપર્યાપ્તો અને ૪ બાદર એકેન્દ્રિયનો પર્યાપ્તો એ ૪, ગુણ. ૭ પ્રથમ, જોગ ૧૨, ૨ આહારકના ને ૧ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૧૦ કેવળના બે વર્જીને, લેશ્યા ૬.

**૩. આહારક શરીરમાં :** જીવનો ભેદ ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણ. ૨, છઠ્ઠું ને સાતમું, જોગ ૧૨ તે બે વૈક્રિયના ને ૧ કાર્મણનો વર્જીને, ઉપયોગ ૭ તે ૪ જ્ઞાન ને ૩ દર્શન, લેશ્યા ૬.

**૪, ૫. તૈજસ, કાર્મણ શરીરમાં :** જીવના ભેદ ૧૪, ગુણ. ૧૪, જોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.

એનો અલ્પબહુત્વ : સર્વથી થોડા આહારક શરીર ૧, તેથી વૈક્રિય શરીર અસંખ્યાતગુણા ૨, તેથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા ૩, તેથી તૈજસ-કાર્મણ શરીર માંહોમાંહી તુલ્યને અનંતગુણા ૫.

ઈતિ શ્રી મોટો બાસઠિયો.

## શ્રી મોટો બાસઠિયો અલ્પબહુત્વની સમજણ :

(સમજણ માટે પરીક્ષામાં પુછાશે નહીં છતાં અલ્પબહુત્વ સમજવા માટે તેનો ઉપયોગ કરવા ખાસ વિનંતી છે)

મોટા બાસઠિયાનો થોકડો સરળતાથી સમજવા માટે ગુણસ્થાનના થોકડામાં આપેલ સમજણની મદદ લેવી. ગુણસ્થાનનો યોગ, ઉપયોગ અને લેશ્યા દ્વાર બરાબર યાદ કરી લેવો. તેથી જે બોલમાં જેટલાં ગુણસ્થાન બતાવેલ હોય તે પ્રમાણે તેમાં યોગ, ઉપયોગ અને લેશ્યા અમુક ફેરફારો તપાસીને તે પ્રમાણે ગોઠવી શકાય.

**ઉદાહરણ :** ધારો કે અસત્ કલ્પનાએ ૨થી ૯ એ સંખ્યાતાનું માપ છે. ૧૦ થી ૯૯ એ અસંખ્યાતાનું માપ છે. અને ૧૦૦થી ૯૯૯ એ અનંતાનું માપ છે.

**૧. વિશેષાધિક :** મૂળ સંખ્યા કરતાં બમણાંથી કાંઈક ઓછાં. ધારો કે મૂળ સંખ્યા ૩ હોય તો ૪, ૫ એ સંખ્યા વિશેષાધિક કહેવાય, કારણ કે તે સંખ્યા ૩ના બમણા ૬ની સંખ્યા કરતાં ઓછી છે.

**૨.સંખ્યાતગુણ :** મૂળ સંખ્યાને જે સંખ્યા વડે ગુણવામાં આવે તે સંખ્યા સંખ્યાતાના આંકની હોય તો તેને સંખ્યાતગુણ કહે છે. ધારો કે મૂળ સંખ્યા ૫ હોય તો તેને ઓછામાં ઓછા બે વડે ગુણી તો જે સંખ્યા (બેથી નવ) વડે ગુણા કર્યા તે સંખ્યાતાના આંકની છે માટે સંખ્યાત ગુણ.

**૩. અસંખ્યાતગુણ :** જે મૂળ સંખ્યાને જે સંખ્યા વડે ગુણવામાં આવે તે સંખ્યા

અસંખ્યાતાના આંકની હોય તો તેને અસંખ્યાતગુણ કહે છે. ધારો કે મૂળ સંખ્યા ૫ હોય તો તેને ૧૦ વડે ગુણી, તો જે સંખ્યા (૧૦થી ૯૯) વડે ગુણા કર્યા તે અસંખ્યાતાના આંકની છે માટે અસંખ્યાત ગુણ.

**૪. અનંતગુણ :** જે મૂળ સંખ્યાને જે સંખ્યા વડે ગુણવામાં આવે તે સંખ્યા અનંતના આંકની હોય તો તેને અનંતગુણ કહે છે. ધારો કે મૂળ સંખ્યા ૫ હોય, તો તેને ૧૦૦ વડે ગુણી, તો જે સંખ્યા (૧૦૦ થી ૯૯૯) વડે ગુણા કર્યા તે અનંતાના આંકની છે માટે અનંત ગુણ કહેવાય.

સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતાની સંખ્યાનું માપ આ ઉદાહરણમાં બતાવ્યા કરતાં ઘણું ઘણું મોટું છે. તેની વિશેષ વિગતો માટે જુઓ સંખ્યા આદિ ૨૧ બોલ અર્થાત્ ડાલાપાલાનો થોકડો 'જૈન પાઠાવલી ૩, શ્રેણી ૧૦'.

સૂચિ = માપ. રાશિ = કુલ સરવાળો.

**૧. સંખ્યાતા :** એટલે જે રાશિમાં વધારેમાં વધારે સંખ્યાતા જીવો વ. હોય.

**૨. અસંખ્યાતા :** જે રાશિમાં વધુમાં વધુ અસંખ્યાતા જીવો વ. હોય.

**૩. અનંતા :** જે રાશિમાં વધુમાં વધુ અનંતા જીવો વ. હોય.

સંપૂર્ણ અલ્પબહુત્વ તે તે બોલોમાં રહેલ ઉત્કૃષ્ટ સંખ્યાની અપેક્ષાએ સમજવો.

## : ૨. ગતિ દ્વાર :

૧. સૌથી થોડી મનુષ્યાણી છે, કારણ કે તે સંખ્યાત ક્રોડાક્રોડ છે.

૨. તેનાથી મનુષ્યગતિના જીવો અસંખ્યાતગુણ છે, કારણ કે સંખ્યાતા ગર્ભજ મનુષ્યની સાથે સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાતા છે તે બંને ભેગાં ગણતાં.

૩. તેથી નારકી અસં.ગુણ છે કારણ મનુષ્ય કરતાં ક્ષેત્ર વધુ વિસ્તારવાળું છે.

૪. તેથી તિર્યંચાણી અસંખ્યાતગુણ છે, કારણ કે તે પ્રતરના અસંખ્યાતમા ભાગનાં અસંખ્યાત આકાશ-પ્રદેશ જેટલી હોય છે.

૫. તેથી દેવ અસંખ્યાતગુણ છે, કારણ કે અસંખ્યગુણ પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલી અસંખ્યાતી શ્રેણીના આકાશ-પ્રદેશ જેટલા છે.

૬. તેથી દેવી ૩૨ ગુણી ૩૨ ઝાઝેરી છે, માટે સંખ્યાતગુણ છે.

૭. તેથી સિદ્ધ અનંતગુણ છે, કારણ કે કુલ સિદ્ધ અનંતા છે.

૮. તેનાથી તિર્યંચ અનંતગુણ છે, તેમાં વનસ્પતિના જીવોની મુખ્યતાના કારણે. બાકીના સ્થાવર, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય જીવો તો અસંખ્યાતા જ છે તે બધાંનો અહીં સમાવેશ કરેલ છે.

## : ૩. ઈન્દ્રિય દ્વાર :

૧. સર્વથી થોડા પંચેન્દ્રિય (અસંખ્ય) છે તે અસંખ્ય ક્રોડાક્રોડ યોજન પ્રમાણ વિષ્કંભ સૂચી જેટલા પ્રતરના અસંખ્યાતમાં ભાગમાં રહેલી અસંખ્યાતી

શ્રેણીના આકાશ-પ્રદેશની રાશિ પ્રમાણે છે. નારકી, દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયનો સમાવેશ થાય છે. સ્વભાવથી વધુ ઈન્દ્રિય માટે વધુ પુણ્ય જોઈએ, માટે પંચેન્દ્રિય જીવો ઓછા છે.

૨. તેથી ચૌરેન્દ્રિય વિશેષાધિક છે. તેમની વિષ્કંભ સૂચિ પ્રચુર (ઘણી) અસંખ્ય ક્રોડાક્રોડ યોજન-પ્રમાણ છે.

૩. તેથી તેઈન્દ્રિય જીવ વિશેષાધિક છે કારણ કે તેની વિષ્કંભ સૂચિ પ્રચૂરતર અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન-પ્રમાણ છે.

૪. તેથી બેઈન્દ્રિય જીવ વિશેષાધિક છે કારણ કે તેની વિષ્કંભ સૂચિ પ્રચૂરતમ અસંખ્ય ક્રોડાક્રોડ યોજન-પ્રમાણ છે.

૫. તેથી અનિન્દ્રિય અનંતગુણા છે, કારણ સિદ્ધનાં જીવ અનંતા છે.

૬. તેથી એકેન્દ્રિય અનંતગુણ છે, કારણ વનસ્પતિકાયનાં જીવો સિદ્ધ કરતાં અનંતગુણ છે.

૭. તેથી સઈન્દ્રિય વિશેષાધિક છે, તે પાછલી સંખ્યામાં બેઈન્દ્રિય વગેરે અસંખ્ય જીવ ઉમેરતાં બમણાથી ઓછા થાય તેથી.

## : ૪. કાય દ્વાર :

૧. સર્વથી થોડા ત્રસકાય છે, કારણ કે ત્રસકાયમાં બેઈન્દ્રિયથી પંચેન્દ્રિયનો સમાવેશ થાય છે અને તે સર્વથી થોડા (અસંખ્યાતા) છે.

૨. તેથી તેઉકાય અસંખ્યાતગુણ છે, કારણ કે સ્થાવર જીવોમાં તેઉકાય સહુથી અલ્પ છે, તેમ જ બાદર તેઉકાયનું ક્ષેત્ર (અઢીદ્વીપ) નાનું છે તેથી જીવો ઓછા છે.

૩. તેથી પૃથ્વીકાયનું ક્ષેત્ર લોકમાં વધુ છે તેથી વિશેષાધિક.

૪. તેથી અપકાય વિશેષાધિક છે કારણ કે પાણીના સ્થાન લોકમાં વધુ છે.

૫. તેથી વાઉકાય વિશેષાધિક છે કારણ કે લોકમાં પોલાણ વધુ છે.

૬. તેથી અકાય (સિદ્ધ) અનંતગુણા છે.

૭. તેથી વનસ્પતિમાં નિગોદને કારણે અનંતગુણા છે.

૮. તેથી સકાય વિશેષાધિક છે. સ્થાવર વ. સર્વ જીવોનો સમાવેશ થાય છે. પૃથ્વીકાય આદિ ચાર સ્થાવરનાં જીવ પ્રત્યેક અસંખ્યાત લોકાકાશના પ્રદેશ જેટલા છે. વનસ્પતિકાયનાં જીવ અનંત લોકાકાશનાં પ્રદેશ જેટલા છે.

## : ૫. યોગ દ્વાર :

૧. સર્વથી થોડા મનયોગી (અસંખ્યાતા) છે કારણકે સંજ્ઞી પંચે. પર્યાપ્તા જીવ જ મનયોગી હોય છે, તે સહુથી થોડા છે.

૨. તેથી વચનયોગી અસંખ્યાતગુણ છે, કારણ કે બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવ વચનયોગી હોય છે, તે સંજ્ઞી પંચે.થી અસંખ્યાતગુણ છે.
૩. તેથી અયોગી અનંતગુણ છે ૧૪ મું ગુણસ્થાન તથા સિદ્ધ ગણતાં.
૪. તેથી કાયયોગી અનંતગુણ છે વનસ્પતિ ઉમેરતાં. તેમાં વનસ્પતિનાં શરીર તો અસંખ્યાતા છે, પણ એક જ શરીરમાં અનંતા જીવો હોવાથી કાયયોગી અનંતગુણા છે.

: ૬. વેદ દ્વાર :

૧. સંજ્ઞી જીવોમાં ત્રણ ગતિમાં પુરુષવેદી અસંખ્યાતા છે તે સર્વથી ઓછા છે.
૨. તેથી સ્ત્રીવેદી સંખ્યાતગુણ છે, કારણ કે તિર્યંચ કરતાં તિર્યંચાણી ૩ ગુણી ૩ ઝાઝેરી, મનુષ્ય કરતાં મનુષ્યાણી ૨૭ ગુણી ૨૭ ઝાઝેરી અને દેવ કરતાં દેવી ૩૨ ગુણી ૩૨ ઝાઝેરી છે.
૩. તેથી વેદ રહિત અવેદી શ્રેણીવાળા (સંખ્યાતા)+ સિદ્ધના જીવો (અનંતા) અનંતગુણ છે.
૪. તેથી નપુંસકવેદી અનંતગુણ તે મુખ્યતા વનસ્પતિના કારણે.

ગર્ભજ જીવોમાં ત્રણ વેદ હોય છે. ૧. સ્ત્રીવેદ, ૨. પુરુષવેદ, ૩. નપુંસકવેદ. સ્ત્રીવેદમાં દેવી, તિર્યંચાણી (જુગલિયા સહિત) અને મનુષ્યાણી (જુગલિયા સહિત)નો સમાવેશ થાય છે. દેવી માત્ર ભવનપતિથી બીજા દેવલોક સુધી જ હોય છે.

પુરુષવેદમાં દેવ, તિર્યંચ પંચે. પુરુષ અને મનુષ્ય પુરુષનો સમાવેશ થાય છે.
નપુંસકમાં સર્વ એકેન્દ્રિયથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્ય, ગર્ભજ મનુષ્યના નપુંસક અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના નપુંસકનો સમાવેશ છે.

: ૭. કષાય દ્વાર :

સકષાયી એટલે કષાય સહિતના જીવો અથવા કષાયના ઉદયવાળા જીવો.

૧. સર્વથી થોડા અકષાયી (અનંતા), કારણ કે ૧૧ થી ૧૪ મા ગુણસ્થાનવાળા (સંખ્યાતા મનુષ્ય) સિદ્ધ અનંતા ગણતા.
૨. તેથી માન, ક્રોધ, માયા અને લોભ કષાયી વધુ છે તે દરેક કષાયની સ્થિતિ એક બીજા કરતાં ઉત્તરોત્તર વધારે વધારે છે માટે.
૩. તેથી સકષાયી વિશેષાધિક છે, કારણ કે તેમાં સર્વ કષાયી જીવોનો સમાવેશ થાય છે.

## : ૮. લેશ્યા દ્વાર :

૧. સર્વથી થોડા શુક્લલેશી (અસંખ્યાતા) તે છઠ્ઠા દેવલોકથી ઉપરના દેવો+

કર્મભૂમિના થોડા ગર્ભજ મનુષ્યો+સંખ્યાતવર્ષના આયુષ્યવાળા અસંખ્યાતા તિર્યંચ પંચે.માં શુક્લલેશ્યા હોય છે તેથી. લેશ્યામાં ઊંચા પરિણામવાળા જીવ થોડા જ હોય છે. દેવોમાં શુક્લલેશી કરતાં પદ્મલેશી અસંખ્યગણા છે પરંતુ તિર્યંચમાં શુક્લલેશી તિર્યંચ દેવોના શુક્લલેશી કરતાં અસંખ્યગણા વધારે છે માટે શુક્લલેશી કરતાં પદ્મલેશી સંખ્યાતગણા થયા.

૨. ૩,૪,૫ દેવલોકના દેવો+કર્મભૂમિના સંખ્યાતા ગર્ભજ મનુષ્યો+સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ઘણાં તિર્યંચ પંચે.માં પદ્મ લેશ્યા હોય છે તેથી પદ્મ લેશી સંખ્યાતગુણ.

૩. તેથી તેજોલેશી સંખ્યાતગુણ કારણ તે ભવનપતિથી બીજું દેવલોક, ઘણાં તિર્યંચ પંચેન્દ્રિય, ઘણાં ગર્ભજ મનુષ્યો તથા બાદર એકેન્દ્રિય અપર્યાપ્તામાં હોય છે તેથી.

૪. તેથી અલેશી અનંતગુણ તે ૧૪ મા ગુણસ્થાનવાળા તથા સિદ્ધ ભળતાં.

૫. તેથી કાપોતલેશી અનંતગુણ તે વનસ્પતિ સહિત ચારે ગતિના કાપોત લેશી જીવો ઉમેરાતાં.

૬. ૭. તેનાથી નીલલેશ્યાવાળા વિશેષાધિક તેથી કૃષ્ણલેશી વિશેષાધિક કારણ કે અશુભ લેશ્યાવાળા જીવો સ્વાભાવિક વધારે હોય છે.

૮. તેથી સલેશી વિશેષાધિક છે તે કૃષ્ણલેશીની સંખ્યામાં છ લેશ્યાવાળા સર્વની સંખ્યા ઉમેરી માટે.

## : ૯. સમકિત દ્વાર :

૧. સહુથી થોડા સાસ્વાદન સમકિતી (અસંખ્યાતા) તેનો કાળ ઘણો અલ્પ છે માટે.

૨. તેથી ઉપશમ સમકિતી સંખ્યાતગુણા તે ગુણ. ૪ થી ૧૧ વાળા જીવો અલ્પ છે પરંતુ સાસ્વાદન કરતાં સ્થિતિ વધારે છે માટે.

૩. તેથી મિશ્રદ્રષ્ટિ અસંખ્યાતગુણા, કારણ કે મિશ્રદ્રષ્ટિનો કાળ અંતર્મુહૂર્ત (અંદાજે પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ) છે, તે અલ્પકાળ છે, તથા માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં જ હોય છે.

૪. તેથી ક્ષયોપશમ અને વેદક સમકિતી અસંખ્યગુણ તે કાળ વધુ છે તથા ૪ થી ૭ ગુણસ્થાનના ચારે ગતિના જીવોમાં મળે છે.

૫. તેથી ક્ષાયિક સમકિતી અનંતગુણા તે સિદ્ધ ઉમેરાતાં.

૬. તેથી સમુચ્ચય સમકિતી વિશેષાધિક, ચારે ગતિના સર્વ સમકિતી ઉમેરાતાં.

૭. તેથી મિથ્યાદ્રષ્ટિ અનંતગુણા તે ચારે ગતિના મિથ્યાત્વી વધતાં (વનસ્પતિને કારણે અનંતગુણા).

## : ૧૦. જ્ઞાન દ્વાર :

૧. સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાની (સંખ્યાતા), કારણ કે ઋદ્ધિ પ્રાપ્ત સંયમી સાધુસાધ્વીને મનઃપર્યવજ્ઞાન થાય છે.

૨. તેથી અવધિજ્ઞાની અસંખ્યગુણા તે ચારે ગતિના સમકિતી જીવોના અવધિજ્ઞાની ઉમેરતાં. દેવતાનો એક અસંખ્યાતમો ભાગ જ સમકિતી છે.

૩. તેથી મતિ, શ્રુતજ્ઞાની વિશેષાધિક છે, કારણ કે જેટલાં મનઃપર્યવજ્ઞાની અને અવધિજ્ઞાની છે તે સર્વ મતિ, શ્રુતજ્ઞાની તો છે જ તેને ગણતાં તથા તે સિવાયના જેને માત્ર મતિ, શ્રુતજ્ઞાન છે તેને ઉમેરતાં. મતિ, શ્રુતજ્ઞાન સાથે જ હોય છે તેથી પરસ્પર તુલ્ય. અવધિજ્ઞાનીથી મતિ શ્રુતજ્ઞાની વિશેષાધિક છે.

૪. તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણ તે દેવ અને નારકીમાં સમકિતી કરતાં મિથ્યાત્વી દેવ, નારકી વધુ છે તે વિભંગજ્ઞાની છે તથા મિથ્યાત્વી સંજ્ઞી મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનાં વિભંગજ્ઞાની મેળવતાં. અવધિજ્ઞાની તિર્યંચો કરતાં વિભંગજ્ઞાની તિર્યંચો વધુ હોય છે.

૫. તેથી કેવળી અનંતગુણ તે સિદ્ધ (અનંતા) અને ૧૩ મા ૧૪ મા ગુણસ્થાન વાળા (સંખ્યાતા) કેવળી ભળતાં.

૬. તેથી સમુચ્ચય જ્ઞાની વિશેષાધિક તે અનંત કેવળીમાં બાકીના ચાર જ્ઞાની ઉમેરાતાં (ચાર જ્ઞાની અસંખ્યાતા છે તે અનંતાના બમણાંથી ઓછાં હોવાથી વિશેષાધિક)

૭. તેથી મતિ, શ્રુતઅજ્ઞાની પરસ્પર તુલ્ય અને અનંતગુણા. (ચાર ગતિના મિથ્યાત્વી જીવોમાં મુખ્ય વનસ્પતિના જીવો ઉમેરાતા).
વિભંગજ્ઞાની પછી સઅજ્ઞાનીનો બોલ નથી કારણ વિભંગજ્ઞાનીમાં મતિશ્રુત અજ્ઞાની આવી ગયા, તેથી નવા જીવો ઉમેરાતા નથી.

## : ૧૧. દર્શન દ્વાર :

૧. સર્વથી થોડા અવધિદર્શનની તે જેટલા અવધિજ્ઞાની અને વિભંગજ્ઞાની છે, તે સર્વે અવધિદર્શની તો છે જ. તેવા પંચેન્દ્રિય જીવો થોડા (અસંખ્યાતા) છે.

૨. તેથી ચક્ષુદર્શની અસંખ્ય ગુણ તે સર્વ ચૌરેન્દ્રિય અને સર્વ પંચેન્દ્રિય જીવોને હોય છે તે ઉમેરાતા.

૩. તેથી કેવળી અનંતગુણ તે સિદ્ધ (અનંત) તથા ૧૩ મા, ૧૪ મા ગુણસ્થાનવાળા (સંખ્યાતા) ભળતા.

૪. તેથી અચક્ષુદર્શની અનંતગુણ તે ચારે ગતિનાં (કેવળી અને સિદ્ધ સિવાયના)

સર્વ જીવો ગણતા.

## : ૧૨. સંયત દ્વાર :

સંયત તે મહાવ્રતધારી સાધુ. અસંયત તે જે દેશવિરત શ્રાવક કે સાધુ નથી તેવા સર્વ સંસારી જીવો. સંયતાસંયત : એટલે દેશવિરત શ્રાવક. નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત તે જે સાધુ નથી, જે સંસારી પણ નથી, જે દેશવિરત શ્રાવક પણ નથી તેવા સિદ્ધ.

૧. સાધુ માત્ર અઢીદ્વીપ/મનુષ્ય ક્ષેત્રમાં જ હોય છે. સાધુસાધ્વી પ્રત્યેક હજાર ક્રોડ હોય છે. શ્રાવક અઢીદ્વીપની અંદર અને બહાર છે. તે કુલ અસંખ્યાતા હોય છે. સિદ્ધ અનંતા છે.

૧. સર્વથી થોડા સૂ.સં.ચારિત્રી તે જો હોય તો પ્રત્યેક સો હોય.

૨. તેથી પરિહાર વિશુદ્ધ ચા. સંખ્યાતગુણ ભરત, ઈરવતમાં જો હોય તો પ્રત્યેક હજાર હોય.

૩. તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાતગુણા પ્રત્યેક ક્રોડ કેવળી તથા ૧૧મા (પ્રથમ સમયે ૫૪) અને ૧૨મા (પ્રથમ સમયે ૧૦૮) ગુણસ્થાનવાળા (કુલ પ્રત્યેક સો) હોય.

૪. તેથી છેદોપસ્થાપનીય ચારિત્રી સંખ્યાતગુણા તે પ્રથમ કે અંતિમ તીર્થંકરના શાસનના ભરત, ઈરવતના પ્રત્યેક સો ક્રોડ સાધુ ઉમેરતાં.

૫. તેથી સામાયિક ચારિત્રી સંખ્યાતગુણ તે ભરત, ઈરવતના નવદીક્ષિત જેને છેદોપસ્થાપનીય નથી આપ્યું તેવા તથા મહાવિદેહના બધા જ પ્રત્યેક હજાર ક્રોડ સાધુ ઉમેરાતા.

૬. તેથી સમુચ્ચય સંયતિ વિશેષાધિક તે સામાયિક ચારિત્રીની સંખ્યા સહુથી વધુ છે તેમાં બાકીના ચાર ચારિત્રી ભળતા.

૭. તેથી સંયતાસંયત (શ્રાવક) અસંખ્યાતગુણા તે અઢીદ્વીપ અંદર અને બહારના સર્વ શ્રાવકો ઉમેરાતા.

૮. તેથી નોસંયત નોઅસંયત નોસંયતાસંયત તે સિદ્ધ અનંતગુણા છે.

૯. તેથી ચારે ગતિના સર્વ અસંયત (સાધુ, શ્રાવક, સિદ્ધ સિવાયના) જીવો અનંતા છે તેથી અનંતગુણા. 卐 તિર્યંચ શ્રાવકો ક્ષેત્ર પલ્યોપમનાં અસંખ્યાતમા ભાગ જેટલા છે, જે અસંખ્ય અવસર્પિણી ઉત્સર્પિણીનાં સમય જેટલાં થાય છે.

## : ૧૩. ઉપયોગ દ્વાર :

૧. સાકાર ઉપયોગ તે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનો એમ ૮ જ્ઞાનનો ઉપયોગ.

૨. અનાકાર ઉપયોગ તે ચાર દર્શનનો ઉપયોગ.
૩. દર્શનના ઉપયોગની સ્થિતિ થોડી છે તથા જ્ઞાન ઉપયોગની સ્થિતિ વધુ છે. તેથી સંખ્યાતગુણા અધિક/વધારે છે.
૪. તેથી સર્વથી થોડા અનાકાર ઉપયોગ (અનંતા) તેથી સાકાર ઉપયોગી સંખ્યાતગુણ વધારે.

## : ૧૪. આહાર દ્વાર :

૧. આહારક એટલે ઓજ, રોમ, કવળ એ ત્રણ આહારમાંથી કોઈપણ એક અથવા વધારે પ્રકારનો આહાર કરવાવાળા જીવો.

અણાહારક : ઉપરના ૩ આહારમાંથી એક પણ આહાર ન હોય તેવા જીવો.

એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં જીવ બે પ્રકારે આકાશપ્રદેશની શ્રેણી પર ગમન કરે છે. ૧. ઋજુગતિ અને ૨. વિગ્રહગતિ. જીવને વિગ્રહગતિએ ઉત્પન્ન થતાં જ. બે સમય, ઉ. ૪ સમય લાગી શકે છે. તેમાં જે જીવને વિગ્રહગતિએ ઉત્પન્ન થતાં બે સમય લાગે તે ૧ સમય માટે, ૩ સમય લાગે તે બે સમય માટે અને જેને ઉત્પન્ન થતાં ૪ સમય લાગે તે ૩ સમય માટે અણાહારક હોય. વિગ્રહ ગતિવાળા જીવો, કેવળ સમુદ્‌ઘાતના ૩,૪,૫મા સમયના કેવળી, અયોગી કેવળી તથા સિદ્ધ અણાહારક હોય છે. તે સિવાયના સર્વ જીવો આહારક હોય છે. (આહારના ૩ પ્રકાર વગેરે વિસ્તાર ૨૪ દંડકમાં જોવા.)

સર્વ સૂક્ષ્મ નિગોદ મળીને અસંખ્યાતા જ છે. તેમાં અંતર્મુહૂર્તના જેટલાં સમય છે તેટલાં સૂક્ષ્મ નિગોદના જીવો હંમેશાં વિગ્રહગતિમાં હોય છે માટે અણાહારક જીવ અનંતા છે. પરંતુ તે સમસ્ત જીવરાશિના અસંખ્યાતમા ભાગ જેટલા જ છે. માટે અણાહારક કરતાં આહારક અસંખ્યાતગુણ છે. વાટે વહેતાંમાં એક સમયે ઉત્પન્ન થઈને અથવા બે, ત્રણ સમયે ઉત્પત્ર થાય તો મારણાંતિક સમુદ્‌ઘાતથી મરીને ઉત્પન્ન થાય. જેથી આ શરીરથી આહાર લેવાનું પૂરું થાય ત્યાં ઉત્પત્તિ ક્ષેત્રે પહોંચેલા આત્મપ્રદેશો આહાર લેવાનું શરૂ કરી દે. આમ કાર્મણ કાયયોગ વગર અણાહારક થયા વગર અસંખ્ય ભવ સુધી રહી શકાય છે.

## : ૧૫. ભાષક દ્વાર :

૧. સર્વથી થોડા ભાષક છે, કારણ કે બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ત્રસ જીવોને જ ભાષા લબ્ધિ હોય છે તે જીવોની સંખ્યા અસંખ્યાતી છે.
૨. તેનાથી અભાષક અનંતગુણા છે, કારણ કે સિદ્ધ, અયોગી કેવળી, પાંચ સ્થાવરના જીવો, અપર્યાપ્તા જીવો અને વાટે વહેતા જીવો અભાષક હોય છે. તેમાં સિદ્ધ અને વનસ્પતિકાયિક જીવો બંને અનંતા હોવાથી ભાષકથી

અનંતગુણા છે.

## : ૧૬. પરિત્ત દ્વાર :

૧. પરિત્ત સંસારી (અસંખ્યાતા) સર્વથી થોડા અલ્પ છે.

૨. તેનાથી નોપરિત્ત નોઅપરિત્ત સિદ્ધ ગણતાં અનંતગુણા છે.

૩. અપરિત્ત સંસારી અનંતગુણા છે. સાધારણ વનસ્પતિકાયના જીવો ભળતાં.

## : ૧૭. પર્યાપ્તા દ્વાર :

૧. સર્વથી થોડા નોપર્યાપ્તા નોઅપર્યાપ્તા સિદ્ધ છે. (અનંત)

૨. તેથી અપર્યાપ્તા અનંતગુણા છે, કારણ કે સર્વ નિગોદનો અનંતમો ભાગ હંમેશાં વિગ્રહગતિમાં હોય છે અને તે જીવો અપર્યાપ્તા હોય છે તેથી અપર્યાપ્તા જીવો સિદ્ધથી અનંતગુણા હોય છે.

૩. તેથી પર્યાપ્તા જીવો સંખ્યાતગુણ છે, કારણ કે લોકમાં સૂક્ષ્મ જીવો સર્વથી અધિક છે અને સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા હોય છે. ૨૫૬ ઢગલાના થોકડામાં અપર્યાપ્તા જીવો ૨ ઢગલા જેટલા છે અને પર્યાપ્તા જીવો ૨૫૪ ઢગલા જેટલા છે તેમ બતાવેલ છે તેથી સંખ્યાતગુણા છે.

## : ૧૮. સૂક્ષ્મ દ્વાર :

૧. સર્વથી થોડા નોસૂક્ષ્મ નોબાદર જીવો (અનંતા) છે કારણકે તે સિદ્ધના જીવો છે, અને સર્વ જીવોના અનંતમા ભાગ પ્રમાણ છે.

૨. તેનાથી બાદર જીવો અનંતગુણા છે, કારણ કે એક બાદર નિગોદના જીવો પણ સિદ્ધથી અનંતગુણા છે.

૩. તેનાથી સૂક્ષ્મ જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે સર્વ લોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે તેથી બાદર જીવોથી તે અસંખ્યાતગુણા છે.
સંપૂર્ણ લોકમાં અપર્યાપ્તા સૂક્ષ્મ કરતાં પર્યાપ્તા સૂક્ષ્મ જીવ વધારે છે. પર્યાપ્તા બાદર કરતાં અપર્યાપ્તા બાદર વધારે છે.

## : ૧૯. સંજ્ઞી દ્વાર :

૧. સર્વથી થોડા સંજ્ઞી છે માત્ર પંચેન્દ્રિય જીવોમાં જ સંજ્ઞી હોય છે.

૨. કેવળી અને સિદ્ધ બંને નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે તેથી અનંતગુણા અધિક છે.

૩. તેનાથી અસંજ્ઞી અનંતગુણા છે, કારણ કે સમસ્ત એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો તેમાં સમાવેશ થાય છે.

## : ૨૦. ભવ્ય દ્વાર :

૧. સર્વથી થોડા અભવ્ય છે કારણકે અભવ્ય જીવો જઘન્ય યુક્ત અનંત પ્રમાણ

(ચોથા અનંતા) છે.

૨. તેનાથી નોભવી નોઅભવી જીવ અનંતગુણા છે કારણકે સિદ્ધ આઠમા અનંતા પ્રમાણ (મધ્યમ અનંતા અનંત) છે.

૩. તેનાથી ભવ્ય જીવો અનંતગુણા છે, છતાં તે આઠમા અનંતા જેટલા (મધ્યમ અનંતા અનંત) જ છે. આઠમો અનંતો અતિ અધિક વિશાળ અને અસીમ છે.

## : ૨૧. ચરમ દ્વાર :

૧. સર્વથી થોડા અચરમ છે, કારણ કે અભવ્ય અને સિદ્ધ જીવો અચરમ છે. તે બંને મળીને પણ ચરમથી અલ્પ થાય છે.

૨. તેનાથી ચરમ અનંતગુણા છે, કારણ ભવી જીવો ચરમ છે ને અનંતગુણા છે.

## : ૨૨. સમુચ્ચય કેવળી દ્વાર :

૧. સર્વથી થોડા જુગલિયા સંખ્યાતા છે. તે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય માત્ર અઢીદ્વીપમાં હોય છે. ક્ષેત્ર મર્યાદિત છે માટે.

૨. તેથી સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાતગુણા. મનુષ્યની અશુચિમાં એક સાથે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે માટે.

૩. તેથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગુણા, કારણ તે અસંખ્ય દ્વીપસમુદ્રમાં રહેલાં છે, માટે.

૪. તેથી વીતરાગી અનંતગુણા તે સિદ્ધ (અનંતા) અને ૧૧ થી ૧૪ ગુણસ્થાનવાળા (સંખ્યાતા) ભળતાં.

૫. તેથી સમુચ્ચય કેવળી વિશેષાધિક તે ૪ થી ૧૪ ગુણસ્થાન અને સિદ્ધ બધાને ગણતાં પણ અનંતથી બમણાં થતાં નથી માટે.

## : ૨૩. શરીર દ્વાર :

૧. આહારક શરીર ૧૪ પૂર્વી સાધુને જ હોય માટે સહુથી ઓછા.

૨. નારકી, દેવ, લબ્ધિધર મનુષ્ય, લબ્ધિધર તિર્યંચને અને વાઉકાયને વૈક્રિય શરીર હોય તે ઉમેરાતાં. વૈક્રિય શરીરી અસંખ્યાતગુણા.

૩.તેથી ઔદારિકના ૧૦ દંડકના જીવોના અસંખ્ય શરીર હોય છે, તેથી તે અસંખ્યાતગુણા.

૪. તૈજસ અને કાર્મણ શરીર સર્વ સંસારી જીવોનો મોક્ષ ન થાય ત્યાં સુધી સાથે જ રહે છે. ક્યારેય અલગ થતાં જ નથી, માટે અનંતા જીવોની અપેક્ષાએ તે શરીર અનંતગુણા.

# ❋ મોટા બાસઠિયાનું કોષ્ટક ❋

| ક્રમ | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | <u>સમુચ્ચય</u> | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | |
| ૨ | <u>ગતિ દ્વાર :</u> | | | | | | |
| ૧ | નરક ગતિ | ૩, સંજ્ઞીના બે અસંજ્ઞી અપ. | ૪, પ્રથમ ૪ | ૧૧, ૪મ, ૪ વ, ૨ વૈ, ૧કા | ૯, પ્રથમનાઽ જ્ઞા, ૩ અ, ૩ દ | ૩, ૩કૃ ની, કા | અસંખ્યગુણ (૩) |
| ૨ | તિર્યંચ ગતિ | ૧૪ | ૫, પ્રથમ ૫ | ૧૩, બે આહારક વર્જી | ૯, પ્રથમનાઽ જ્ઞા, ૩ અ, ૩ દ | ૬ | અનંતગુણ (૮) |
| ૩ | તિર્યંચાણી | ૨, સંજ્ઞીના બે | ૫, પ્રથમ ૫ | ૧૩, બે આહારક વર્જી | ૯, પ્રથમનાઽ જ્ઞા, ૩ અ, ૩ દ | ૬ | અસંખ્યગુણ (૪) |
| ૪ | મનુષ્ય ગતિ | ૩, સંજ્ઞીના બે, અસંજ્ઞી અપ. | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અસંખ્યગુણ (૨) |
| ૫ | મનુષ્યાણી | ૨, સંજ્ઞીના બે. | ૧૪ | ૧૩, બે આહાસ્ક વર્જી | ૧૨ | ૬ | સર્વથી થોડી (૧) |
| ૬ | દેવ ગતિ | ૩, સંજ્ઞીના બે, અસંજ્ઞી અપ. | ૪, પ્રથમ ૪ | ૧૧, ૪મ, ૪ વ,૨ વૈ, ૧કા | ૯, પ્રથમનાઽ જ્ઞા, ૩ અ, ૩ દ | ૬ | અસંખ્યગુણ (૫) |
| ૭ | દેવી | ૨, સંજ્ઞીના બે. | ૪, પ્રથમ ૪ | ૧૧, ૪મ, ૪વ, ૨વૈ, ૧કા | ૯, પ્રથમનાઽ જ્ઞા, ૩અ, ૩ દ | ૪ પ્રથમ | સંખ્યાતગુણ (૬) |
| ૮ | સિદ્ધ ગતિ | ૦ | ૦ | ૦ | ૨, કે.જ્ઞા, કે.દ | ૦ | અનંતગુણ/ ૭ |
| ૩ | <u>ઈંદ્રિય દ્વાર :</u> | | | | | | |
| ૧ | સઈન્દ્રિય | ૧૪ | ૧૨, પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | વિશેષાધિ/૭ |
| ૨ | એકેન્દ્રિય | ૪, સૂક્ષ્મ ૨, બાદરના ૨ | ૧, પ્રથમ | ૫, ૨ ઔધ, ૨વૈ, ૧ કાર્મ | ૩, મ, શ્રુ અજ્ઞા ૧ અચક્ષુ દર્શન | ૪, પ્રથમ | અનંતગુણ (૬) |
| ૩ | બેઈન્દ્રિય | ૨, બેઈન્દ્રિયના | ૨, ૧લું અને બીજું | ૪, ૨ ઔદા, ૧ કા, ૧ વ્યવ | ૫, ૨ જ્ઞાન, ૨ અજ્ઞા, ૧ અ દ | ૩, પ્રથમ | વિશેષાધિક (૪) |
| ૪ | તેઈન્દ્રિય | ૨, તેઈન્દ્રિયના | ૨, ૧લું અને બીજું | ૪, ૨ ઔધ, ૧ કા, ૧ વ્યવ | ૫, ૨ જ્ઞાન, ૨ અજ્ઞા, ૧ અ દ | ૩, પ્રથમ | વિશેષાધિક (૩) |
| ૫ | ચૌરેન્દ્રિય | ૨, ચૌરેન્દ્રિયના | ૨, ૧લું અને બીજું | ૪, ૨ ઔદા, ૧ કા, ૧ વ્યવ | ૬, ૨ જ્ઞાન, ૨ અજ્ઞા, ૨ દર્શન | ૩, પ્રથમ | વિશેષાધિક (૨) |

# ❃ મોટા બાસઠિયાનું કોષ્ટક ❃

| ક્રમ | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | પંચેન્દ્રિય | ૪, બે સંજ્ઞી, ૨ અસંજ્ઞી | ૧૨, પ્રથમના | ૧૫ | ૧૦, કે.જ્ઞાન, કે.દ વર્જીને | ૬ | સર્વથી થેડા (૧) |
| ૭ | અણિન્દ્રિય | ૧, સંજ્ઞીનો પર્યાપ્તો | ૨, ૧૩મું, ૧૪મું | ૭, ૨ મન,૨ વ, ૨ઔ, કા | ૨, કે.જ્ઞાન કે.દર્શન | ૧, શુક્લ | અનંતગુણ (૫) |
| ૪ | <u>કાય દ્વાર:</u> | | | | | | |
| ૧ | સકાય | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | વિશેષાધિક/૮ |
| ૨ | પૃથ્વીકાય | ૪, સૂક્ષ્મ ૨, બાદરના ૨ | ૧, પ્રથમ | ૩, ૨ઔદા, ૧ કાર્મણ | ૩, મ, શ્રુ અજ્ઞા ૧ અચક્ષુ દર્શન | ૪, પ્રથમ | વિશેષાધિક (૩) |
| ૩ | અપકાય | ૪, સૂક્ષ્મ ૨, બાદરના ૨ | ૧, પ્રથમ | ૩, ૨ ઔદા, ૧ કાર્મણ | ૩, મ, શ્રુ અજ્ઞા ૧ અચક્ષુ દર્શન | ૪, પ્રથમ | વિશેષાધિક (૪) |
| ૪ | તેઉકાય | ૪, સૂક્ષ્મ ૨, બાદરના ૨ | ૧, પ્રથમ | ૩, ૨ ઔદા, ૧ કાર્મણ | ૩, મ, શ્રુ અજ્ઞા ૧ અચક્ષુ દર્શન | ૩, પ્રથમ | અસંખ્યાત ગુણ (૨) |
| ૫ | વાઉકાય | ૪, સૂક્ષ્મ ૨, બાદરના ૨ | ૧, પ્રથમ | ૫, ૨ ઔદા, ૨ વૈ, ૧ કાર્મ | ૩, મ, શ્રુ અજ્ઞા ૧ અચક્ષુ દર્શન | ૩, પ્રથમ | વિશેષાધિક (૫) |
| ૬ | વનસ્પતિ કાય | ૪, સૂક્ષ્મ ૨, બાદરના ૨ | ૧, પ્રથમ | ૩, ૨ ઔદા, ૧ કાર્મણ | ૩, મ, શ્રુ અજ્ઞા ૧ અચક્ષુ દર્શન | ૪, પ્રથમ | અનંતગુણ (૭) |
| ૭ | ત્રસકાય | ૧૦, એકે. વર્જી | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | થોડા (૧) |
| ૮ | અકાય | ૦ | ૦ | ૦ | ૨, કેજ્ઞા, કે.દર્શ | ૦ | અનંતગુણ/૬ |
| ૫ | <u>યોગ દ્વાર:</u> | | | | | | |
| ૧ | સયોગી | ૧૪ | ૧૩પ્રથમ | ૧૫ | ૧૨ | ૬ | વિશેષાધિ/૫ |
| ૨ | મનયોગી | ૧, સંપર્યા. | ૧૩, પ્રથમ | ૧૪, કા. વર્જી | ૧૨ | ૬ | સૌથીથોડા/૧ |
| ૩ | વચનયોગી | ૫, બે થી સંજ્ઞી પંચે ૫. | ૧૩, પ્રથમ | ૧૪, કા. વર્જી | ૧૨ | ૬ | અસંખ્યા ગુણ (૨) |
| ૪ | કાયયોગી | ૧૪ | ૧૩,પ્રથમ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણ/૪ |
| ૫ | અયોગી | ૧, સંજ્ઞી. પર્યા | ૧૪મું | ૦ | ૨, કેવળના | ૦ | અનંતગુણ/૩ |

## ❋ મોટા બાસઠિયાનું કોષ્ટક ❋

| ક્રમ | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | વેદ દ્વારઃ | | | | | | |
| ૧ | સવેદી | ૧૪ | ૯ પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | વિશેષાધિ/૫ |
| ૨ | સ્ત્રીવેદી | ૨, સંજ્ઞીના | ૯ પ્રથમ | ૧૩, આહારક ના બે વર્જી | ૧૦, કેવળના બે વર્જી | ૬ | સંખ્યાત ગુણ (૨) |
| ૩ | પુરુરૂષવેદી | ૨, સંજ્ઞીના | ૯ પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | થોડા/૧ |
| ૪ | નપુંસકવેદી | ૧૪ | ૯ પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | અનંતગુણ/૪ |
| ૫ | અવેદી | ૧, સંપંચેન્દ્રિ પયાપ્તા | ૯ થી ૧૪ સિધ્ધ | ૧૧, ૨વૈક્રિય ૨ આહા વર્જી | ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન | ૧, શુક્લ | અનંતગુણ/૩ |
| ૭ | કષાય દ્વાર : | | | | | | |
| ૧ | સકષાય | ૧૪ | પ્રથમ૧૦ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | વિશેષાધિ/૬ |
| ૨ | ક્રોધ કષાય | ૧૪ | ૯ પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | વિશેષાધિ/૩ |
| ૩ | માન કષાય | ૧૪ | ૯ પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | અનંતગુણ/૨ |
| ૪ | માયા કષાય | ૧૪ | ૯ પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | વિશેષાધિ/૪ |
| ૫ | લોભ કષાય | ૧૪ | પ્રથમ૧૦ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | વિશેષાધિ/૫ |
| ૬ | અકષાય | ૧, સંજ્ઞી પર્યાપ્તા | ૪, ૧૧થી ૧૪ સિધ્ધ | ૧૧, ૪મ, ૪વ, ૨ઔ, ૧કા | ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન | ૧ શુક્લ | સર્વથી થોડા (૧) |
| ૮ | લેશ્યા દ્વાર : | | | | | | |
| ૧ | સલેશી | ૧૪ | પ્રથમ ૧૩ | ૧૫ | ૧૨ | ૬ | વિશેષાધિ/૮ |
| ૨ | કૃષ્ણ લેશ્યા | ૧૪ | પ્રથમ ૬ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૧ | વિશેષાધિ/૭ |
| ૩ | નીલ લેશ્યા | ૧૪ | પ્રથમ ૬ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૧ | વિશેષાધિ/૬ |
| ૪ | કાપોત લેશ્યા | ૧૪ | પ્રથમ ૬ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૧ | અનંતગુણ/૫ |
| ૫ | તેજો લેશ્યા | ૩, સંબાએપ | પ્રથમ ૭ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૧ | સં. ગુણ ૩ |
| ૬ | પદ્મ લેશ્યા | ૨, સં.પંચે. | પ્રથમ ૭ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૧ | સં. ગુણ/૨ |
| ૭ | શુક્લ લેશ્યા | ૨, સંપંચે. | પ્રથમ ૧૩ | ૧૫ | ૧૨ | ૧ | સર્વ થોડા/૧ |
| ૮ | અલેશી | ૧, સં.પં.પર્યા | ૧, ૧૪મું | ૦ | ૨, કેવળના | ૦ | અનંતગુણ/૪ |

# ❋ મોટા બાસઠિયાનું કોષ્ટક ❋

| ક્રમ | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | <u>સમક્તિ દ્વારઃ</u> | | | | | | |
| ૧ | સમુ.સમકિત | ૬, બે.થી સં.પં. અપ,સં.પં.પર્યા | ૧૨, ૧લું ૩જું વર્જી | ૧૫ | ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન | ૬ અલેશી | વિશેષાધિ/૬ |
| ૨ | સાસ્વાદન સમ. | ૬, બે.થી સં.પં. અપ,સં.પં.પર્યા | ૧, બીજું | ૧૩, આહારક ના બે વર્જી | ૬, ૩ જ્ઞા, ૩ દ | ૬ | સૈથી થોડા (૧) |
| ૩ | ઉપશમ સમ. | ૨, સંજ્ઞીના | ૪થી૧૧ | ૧૫ | ૭, ૪ જ્ઞા, ૩ દ | ૬ | સં. ગુણ/૨ |
| ૪ | ક્ષયોપથમ સમ | ૨, સંજ્ઞીના | ૪,૪થી૭ | ૧૫ | ૭, ૪ જ્ઞા, ૩ દ | ૬ | અસં.ગુણ/૪ |
| ૫ | વેદક સમકિત | ૨, સંજ્ઞીના | ૪,૪થી૭ | ૧૫ | ૭, ૪ જ્ઞા, ૩ દ | ૬ | અસં.ગુણ/૪ |
| ૬ | ક્ષાયિક સમક્તિ | ૨, સંજ્ઞીના | ૪થી ૧૪ | ૧૫ | ૯, ૫ જ્ઞા, ૪ દ | ૬ અલે | અનંતગુણ/૫ |
| ૭ | મિથ્યાદ્રષ્ટિ | ૧૪ | ૧, ૧લું | ૧૩, આહાવર્જી | ૬, ૩ અ, ૩ દ | ૬ | અનંતગુણ/૭ |
| ૮ | મિશ્ર દ્રષ્ટિ | ૧, સંજ્ઞી પંચે.પર્યાપ્તા | ૧, ૩ જું | ૧૦, ૪મ, ૪ વ, ૧ઔ, ૧વૈ | ૬, ૩ અજ્ઞાન, ૩ દર્શન | ૬ | અસંખ્યાત ગુણ (૩) |
| ૧૦ | <u>જ્ઞાન દ્વારઃ</u> | | | | | | |
| ૧ | સમુચ્ચય જ્ઞાની | ૬, બે.થીસં.પં. અપ, સં. પં.પર્યા | ૧૨, ૧લું ૩જું વર્જી | ૧૫ | ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન | ૬ અલેશી | વિશેષાધિ (૬) |
| ૨ | મતિ જ્ઞાની | ૬, બેઇ.થી સંજ્ઞી પં. અપ, સંજ્ઞી પં.પર્યા | ૧૦,૧,૩ ૧૩,૧૪ મું વર્જી | ૧૫ | ૭, ૪ જ્ઞાન, ૩ દર્શન પ્રથમ | ૬ | વિશેષાધિ (૩) |
| ૩ | શ્રુત જ્ઞાની | ૬ | ૧૦ | ૧૫ | ૭,૪ જ્ઞા, ૩ દ | ૬ | વિશેષાધિ (૩) |
| ૪ | અવધિ જ્ઞાની | ૨, સંજ્ઞી પં.ના | ૧૦, ૨, ૪ થી ૧૨ | ૧૫ | ૭, ૪ જ્ઞા, ૩ દ | ૬ | અસ.ગુણ/૨ |
| ૫ | મનઃપર્યવ જ્ઞાની | ૧, સં. પ. પ. | ૭, ૬-૧૨ | ૧૪ કા.વર્જી | ૭, ૪ જ્ઞા, ૩ દ | ૬ | સર્વ થોડા/૧ |
| ૬ | કેવળ જ્ઞાની | ૧, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યા. | ૨, ૧૩, ૧૪ સિદ્ધ | ૭-૨ મન, ૨ વ, ૨ ઔ, ૧ કાર્મણ | ૨, કેવળજ્ઞાન કેવળદર્શન | ૧ શુક્લ અલેશી | અનંતગુણ (૫) |
| ૭ | અજ્ઞાની | ૧૪ | ૨,૧,૩જું | ૧૩,આહાવર્જી | ૬, ૩ અ, ૩ દ | ૬ | અનંતગુણ/૭ |
| ૮ | મતિ અજ્ઞાની | ૧૪ | ૨,૧,૩જું | ૧૩,આહાવર્જી | ૬, ૩ અ, ૩ દ | ૬ | અનંતગુણ/૭ |
| ૯ | શ્રુત અજ્ઞાની | ૧૪ | ૨,૧, ૩જું | ૧૩,આહાવર્જી | ૬, ૩ અ. ૩ દ | ૬ | અનંત ગુણ/૭ |
| ૧૦ | વિભંગ જ્ઞાની | ૨, સંજ્ઞીના | ૨,૧, ૩જું | ૧૩,આહાવર્જી | ૬, ૩ અ, ૩ દ | ૬ | અસં.ગુણ/૪ |

# ❋ મોટા બાસઠિયાનું કોષ્ટક ❋

| ક્રમ | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | દર્શન દ્વારઃ | | | | | | |
| ૧ | ચક્ષુદર્શન | ૬, ચૌરે. થી સં.પંચે, અપ, પર્યા | ૧૨, ૧થી ૧૨ | ૧૪ કાર્મણ યોગ વર્જીને | ૧૦, કેવળજ્ઞાન કે દર્શન વર્જીને | ૬ | અસંખ્યગુણ (૨) |
| ૨ | અચક્ષુદર્શન | ૧૪ | ૧થી૧૨ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | અનંતગુણ/૪ |
| ૩ | અવધિદર્શન | ૨, સંજ્ઞી પં.ના | ૧થી૧૨ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | સર્વ થોડા/૧ |
| ૪ | કેવળદર્શન | ૧, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યા | ૨-૧૩, ૧૪, સિદ્ધ | ૭, ૨મન, ૨ વ, ૨ઔ, કા | ૨, કેવળજ્ઞાન કેવળદર્શન | ૧, શુ અલેશી | અનંતગુણ (૩) |
| ૧૨ | સંયત દ્વારઃ | | | | | | |
| ૧ | સંયતિ-સાધુ | ૧,સં પં પર્યા. | ૯,૬-૧૪ | ૧૫ | ૯, ૫ જ્ઞા, ૪ દ | ૬,અ | વિશેષાધિ/૬ |
| ૨ | સામાયિક ચારિત્ર | ૧,સં પં પર્યા. | ૪, ૬થી૯ | ૧૪ કા. વર્જી | ૭, ૪જ્ઞા, ૩ દ | ૬ | સંગુણ (૫) |
| ૩ | છેદોપ-સ્થાપનીય | ૧,સં.પં.પર્યા. | ૪, ૬થી૯ | ૧૪ કા.વર્જી | ૭, ૪ જ્ઞા, ૩ દ | ૬ | સંગુણ (૪) |
| ૪ | પરિહાર વિશુદ્ધ ચરિત્ર | ૧, સંજ્ઞી પ. પર્યા. | ૨, ૬ઠ્ઠું, ૭મું | ૯, ૪મન, ૪વ, ૧ઔદા | ૭, ૪ જ્ઞાન, ૩ દર્શન | ૩ શુભ | સંખ્યાત ગુણ (૨) |
| ૫ | સૂક્ષ્મ સંપરાય | ૧,સં.પં.પર્યા. | ૧, ૧૦મું | ૯, ૪મન, ૪વ, ૧ઔદા | ૭, ૪ જ્ઞાન, ૩ દર્શન | ૧, શુ | સર્વ થોડા/૧ |
| ૬ | યથાખ્યાત ચારિત્ર | ૧, સંજ્ઞી પં. પર્યા. | ૪, ૧૧ થી ૧૪ | ૧૧, ૪મન, ૪વ, ૨ઔ કા | ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન | ૧, શુ અલેશી | સંખ્યાત ગુણ (૩) |
| ૭ | સંયતાસંયતિ | ૧, સંજ્ઞી પં. પર્યા. | ૧,૫મું | ૧૨,બે આ, ૧ કા. વર્જીને | ૬, ૩ જ્ઞાન, ૩ દર્શન | ૬ | અસંખ્યગુણ (૭) |
| ૮ | અસંયતિ | ૧૪ | ૪, ૧થી૪ | ૧૩, અહા. વર્જી | ૯, ૩જ્ઞા, ૩અ, ૩ દ | ૬ | અનંતગુણ/૯ |
| ૯ | નોસંયત નોઅસં | ૦ | ૦ | ૦ | ૨, કેવળના | ૦ | અનંતગુણ/૮ |
| ૧૩ | ઉપયોગ દ્વાર | | | | | | |
| ૧ | સાકાર ઉપરોગ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સંગુણ (૨) |
| ૨ | અનાકાર ઉપયોગ | ૧૪ | ૧૩, ૧૦મું વર્જીને | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા (૧) |

# ❁ મોટા બાસઠિયાનું કોષ્ટક ❁

| ક્રમ | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | <u>આહાર દ્વાર:</u> | | | | | | |
| ૧ | આહારક | ૧૪ | ૧૩ પ્રથમ | ૧૪, કા.વર્જી | ૧૨ | ૬ | અસં.ગુણ/૨ |
| ૨ | અનાહારક | ૮, ૭ અપર્યા. ૧ સં પં. પર્યા. | ૫,૧,૨,૪, ૧૩, ૧૪મું | ૧, કાર્મણ કાયયોગ | ૧૦, ચક્ષુ દર્શન, મન:પર્યવ વર્જી | ૬ | સર્વથી થોડા (૧) |
| ૧૫ | <u>ભાષક દ્વાર</u>: | | | | | | |
| ૧ | ભાષક | ૫, બે થી સં પં.પર્યાપ્તા | ૧૩ પ્રથમ | ૧૪, કાર્મણ કાયયોગ વર્જી | ૧૨ | ૬ | સર્વથી થોડા (૧) |
| ૨ | અભાષક | ૧૦, બે થી અ પં.ના ૫. વર્જી | ૫,૧,૨,૪, ૧૩, ૧૪મું | ૫, ૨ઔ, ૨ વૈ, ૧ કાર્મણ | ૧૧, મન:પર્યવ જ્ઞાન વર્જીને | ૬ | અનંત ગુણ (૧) |
| ૧૬ | <u>પરિત્ત દ્વાર:</u> | | | | | | |
| ૧ | પરિત્ત સંસારી | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | થોડા (૧) |
| ૨ | અપરિત્ત સંસારી | ૧૪ | ૧, પ્રથમ | ૧૩, બે આહારક વર્જી | ૬, ૩ અજ્ઞાન, ૩ દર્શન પ્રથમ | ૬ | અનંત ગુણ (૩) |
| ૩ | નોપરિત્ત નોઅપ | ૦ | ૦ | ૦ | ૨, કે. જ્ઞા., કે.દ | ૦ | અનંતગુણ/૨ |
| ૧૭ | <u>પર્યાપ્તા દ્વાર</u>: | | | | | | |
| ૧ | પર્યાપ્તા | ૭, પર્યાપ્તા | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સંખ્યાગુણ/૩ |
| ૨ | અપર્યાપ્તા | ૭, અપર્યાપ્તા | ૩, ૧,૨,૪ | ૫, ૨ઔ, ૨વૈ, ૧ કાર્મણ | ૯, ૩ જ્ઞાન, ૩ અજ્ઞા, ૩ દર્શન | ૬ | અનંત ગુણ (૨) |
| ૩ | નોપર્યા. નોઅપ | ૦ | ૦ | ૦ | ૨, કે. જ્ઞા., કે.દ | ૦ | સર્વ થોડા/૧ |
| ૧૮ | <u>સૂક્ષ્મ દ્વાર</u> : | | | | | | |
| ૧ | સૂક્ષ્મ | ૨, એકેન્દ્રિય | ૧ | ૩, ૨ઔ,૧કા | ૩, ૨ અજ્ઞા, ૧ દ | પ્રથમ ૩ | અસંગુણ/૩ |
| ૨ | બાદર | ૧૨, સૂક્ષ્મ વર્જી | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણ/૨ |
| ૩ | નોસૂ નો બા. | ૦ | ૦ | ૦ | ૨, કે.જ્ઞા., કે.દ | ૦ | સર્વ થોડા/૧ |

# ❋ મોટા બાસઠિયાનું કોષ્ટક ❋

| ક્રમ | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | સંજ્ઞી દ્વાર : | | | | | | |
| ૧ | સંજ્ઞી | ૨, સંજ્ઞીના | ૧૨, પ્રથમ | ૧૫ | ૧૦, કેવળ વર્જી | ૬ | સર્વ થોડા/૧ |
| ૨ | અસંજ્ઞી | ૧૨, સંજ્ઞીના વર્જીને | ૨, પ્રથમ | ૬, ૨ઔ,૨વૈ, ૧કા,૧વ્ય વચ | ૬, ૨ જ્ઞાન, ૨ અજ્ઞા, ૨ દર્શ | પ્રથમ ૪ | અનંતગુણ/૩ |
| ૩ | નો સંજ્ઞી નો અસંજ્ઞી | ૧, સંજ્ઞીનો પર્યાપ્તો | ૨, ૧૩મું ૧૪મું | ૭, ૨મન, ૨વ, ૨ઔ, કા | ૨, કેવળજ્ઞાન, કેવળદર્શન | ૧, શુક્લ | અનંતગુણ (૨) |
| ૨૦ | ભવ્ય દ્વાર : | | | | | | |
| ૧ | ભવ્ય | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણ/૩ |
| ૨ | અભવ્ય | ૧૪ | ૧, પ્રથમ | ૧૩, બે આહારક વર્જી | ૬, ૩ અજ્ઞાન, ૩ દર્શન | ૬ | સર્વ થોડા/૧ |
| ૩ | નોભવ્ય નોઅભવ્ય | ૦ | ૦ | ૦ | ૨, કેવળજ્ઞાન, કેવળદર્શન | ૦ | અનંતગુણ/૨ |
| ૨૧ | ચરમ દ્વાર : | | | | | | |
| ૧ | ચરમ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણ/૨ |
| ૨ | અચરમ | ૧૪ | ૧, પ્રથમ | ૧૩, બે આહારક વર્જી | ૮,૩ અ,૩ દ, કે. જ્ઞા, કે. દર્શન | ૬ | સર્વ થોડા/૧ |
| ૨૨ | શરીર દ્વાર: | | | | | | |
| ૧ | ઔદારિક શરીર | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અસં.ગુણ/૩ |
| ૨ | વૈક્રિય શરીર | ૪,૨ સંજ્ઞીના, ૧ અસંઅ, ૧ બાદર એકે પ. | ૬, પ્રથમ | ૧૨, બે આહારક ૧ કાર્મણ વર્જીને | ૧૦, કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને | ૬ | અસંખ્યાત ગુણ (૨) |
| ૩ | આહારક શરીર | ૧, સંજ્ઞીનો પર્યાપ્તો | ૨, ૬/૭ | ૧૨,૨ વૈક્રિય, ૧ કાર્મણ વર્જી | ૭-૪ જ્ઞાન, ૩ દર્શન પ્રથમ | ૬ | ૬ સર્વથી થોડા (૧) |
| ૪ | તૈજસ શરીર | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણ/૪ |
| ૫ | કાર્મણ શરીર | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણ/૪ |

## ❋ મોટા બાસઠિયાનું કોષ્ટક ❋

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | સમુચ્ચય કેવળી દ્વારઃ | | | | | | |
| ૧ | સમુચ્ચય કેવળી | ૨ સંજ્ઞી પંચેન્દ્રિયના | ૧૧ ૪થી ૧૪ | ૧૫ | ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન | ૬ | વિશેષાધિક (૫) |
| ૨ | વીતરાગી | ૧, સંજ્ઞી પંચે. પર્યાપ્તા | ૪, ૧૧થી ૧૪, સિ | ૧૧, બે આહા બે વૈક્રિય વર્જી | ૯, ૫ જ્ઞાન, ૪ દર્શન | ૧ શુ | અનંતગુણ (૪) |
| ૩ | જુગલિયામાં | ૨ સંજ્ઞી પંચેન્દ્રિયના | ૨, ૧લું અને ૪થું | ૧૧, બે આહા બે વૈક્રિય વર્જી | ૬, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન | ૪ પ્રથમ | સર્વથી થોડા (૧) |
| ૪ | અસં.તિર્ય. પંચે. | ૨ અસંજ્ઞીના | ૨ પ્રથમ | ૪, ૨ઔ, ૧કા, ૧ વ્યવહાર વચન | ૬, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન | પ્રથમ ૩ | અસંખ્યગુણ (૩) |
| ૫ | સંમૂર્ચ્છિમ મનુ. | ૧, અસં પં અપ | ૧, પ્રથમ | ૩, ૨ઔ, ૧કા | ૪ ૨અજ્ઞા, ૨ દર્શ | ૩ | અસં.ગુણ/૨ |

## બાસઠિયાનું કોષ્ટક સંપૂર્ણ

# ૨. રૂપી અરૂપીના બોલ

### ❖ ભગવતી સૂત્ર-શતક ૧૨, ઉ. ૫ ❖

**રૂપી ચૌસ્પર્શીના ૩૦ બોલ દર્શાવતી ગાથા**

**કમ્મટ્‌ઠ પાવઠાણાય, મણ વય જોગા ય કમ્મ-દેહે ।**
**સુહુમ પ્પએસિ ખંધે, એ સવ્વે ચઉ ફાસા ॥૧॥**

**અર્થ : કર્મ ૮ : ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુષ્ય, ૬. નામ, ૭. ગોત્ર, ૮. અંતરાય.**

**પાપસ્થાનક ૧૮ : ૧. પ્રાણાતિપાત, ૨. મૃષાવાદ, ૩. અદત્તાદાન, ૪. મૈથુન, ૫. પરિગ્રહ, ૬. ક્રોધ, ૭. માન, ૮. માયા, ૯. લોભ, ૧૦. રાગ, ૧૧. દ્વેષ, ૧૨. કલહ, ૧૩. અભ્યાખ્યાન, ૧૪. પૈશુન્ય, ૧૫. પરપરિવાદ, ૧૬. રતિઅરતિ, ૧૭. માયામોસો, ૧૮. મિચ્છા દંસણસલ્લ (એમ ૨૬), ૨૭. મન યોગ, ૨૮. વચન યોગ, ૨૯. કાર્મણ શરીર, ૩૦. પુદ્‌ગલાસ્તિકાયનો સૂક્ષ્મ પ્રદેશી સ્કંધ .**

**એ સર્વે ત્રીસ બોલ રૂપી ચઉસ્પર્શી છે તેમાં એક એકમાં સોળ સોળ બોલ લાભે. તે પાંચ વર્ણ (૧ કાળો, ૨ નીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો), બે ગંધ (૬ સુરભિ ગંધ, ૭ દુરભિ ગંધ), પાંચ રસ (૮ તીખો, ૯ કડવો, ૧૦ કસાયેલો, ૧૧ ખાટો, ૧૨ મીઠો), ચાર સ્પર્શ (૧૩ શીત, ૧૪ ઉષ્ણ, ૧૫ લુખો, ૧૬ સ્નિગ્ધ.) ॥૧॥**

રૂપી આઠ સ્પર્શીના ૫૧ બોલ દર્શાવતી બે ગાથા

ઘણ તણ વાય, ઘનોદહિ, પુઢવીસત્તેવ સત્તનિરીયાણ।
અસંખેજ દિવ સમુદ્દા, કપ્પા, ગેવિજજા અણુત્તરા સિદ્ધિ ॥૨॥

અર્થ : ૧. ઘનવાત, ૨. તનવાત, ૩. ઘનોદધિ, ૪. થી ૧૦ સાત નરકની સાત પૃથ્વી. ૧૧. અસંખ્યાતા દ્વીપ, ૧૨. અસંખ્યાતા સમુદ્ર,
૧૩થી ૨૪. બાર દેવલોક, ૨૫થી ૩૩. નવ ગ્રૈવેયક,
૩૪થી ૩૮. પાંચ અનુત્તર વિમાન, ૩૯. સિદ્ધશિલા. ॥૨॥

ઉરાલીયા ચઉદેહા, પોગ્ગલ કાય, છ દવ્વ લેસ્સાય।
તહેવ કાય જોગેણં, એ સવ્વણં અટ્ઠ ફાસા ॥૩॥

અર્થ : ૪૦. ઔદારિક શરીર, ૪૧. વૈક્રિય શરીર, ૪૨. આહારક શરીર, ૪૩. તૈજસ શરીર, ૪૪. પુદ્ગલાસ્તિકાયનો બાદર સ્કંધ,
૪૫થી ૫૦. છ દ્રવ્ય લેશ્યા : ૪૫ કૃષ્ણ, ૪૬ નીલ, ૪૭ કાપોત, ૪૮ તેજો, ૪૯ પદ્મ, ૫૦ શુક્લ. ૫૧. કાય યોગ.
એ સર્વે ૫૧ બોલ રૂપી આઠ સ્પર્શી છે, તેમાં વીસ વીસ બોલ લાભે,
તે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ (૧૩ શીત, ૧૪ ઉષ્ણ, ૧૫ લૂખો, ૧૬ સ્નિગ્ધ, ૧૭ ભારે, ૧૮ હળવો, ૧૯ ખરખરો, ૨૦ સુંવાળો). ॥૩॥

અરૂપીના ૬૧ બોલ દર્શાવતી ગાથા

પાવ ઠાણા વિરઈ, ચઉ ચઉ બુદ્ધિ ઉગ્ગહે।
સન્ના ધમ્મત્થી પંચ ઉઠાણં, ભાવ લેસ્સાત્તિ દિટ્ઠીય ॥૪॥

અર્થ : ૧થી ૧૮ તે ૧૮ પાપસ્થાનકથી નિવર્તવું,
૧૯થી ૨૨ ચાર બુદ્ધિ તે, ૧૯ ઔત્પાતિકા બુદ્ધિ, ૨૦ વૈનયિકા બુદ્ધિ, ૨૧ કાર્મિકા બુદ્ધિ, ૨૨ પારિણામિકા બુદ્ધિ, ૨૩થી ૨૬ ચાર મતિ તે, ૨૩ અવગ્રહ, ૨૪ ઈહા, ૨૫ અવાય, ૨૬ ધારણા, ૨૭થી ૩૦ ચાર સંજ્ઞા તે, ૨૭ આહાર સંજ્ઞા, ૨૮ ભય સંજ્ઞા, ૨૯ મૈથુન સંજ્ઞા, ૩૦ પરિગ્રહ સંજ્ઞા, ૩૧થી ૩૫ પાંચ અસ્તિકાય તે, ૩૧ ધર્માસ્તિકાય, ૩૨ અધર્માસ્તિકાય, ૩૩ આકાશાસ્તિકાય, ૩૪ કાળ, ૩૫ જીવાસ્તિકાય, ૩૬થી ૪૦ પાંચ ઉઠાણ તે, ૩૬ ઉત્થાન, ૩૭ કર્મ, ૩૮ વીર્ય, ૩૯ બળ, ૪૦ પુરૂષાકાર પરાક્રમ, ૪૧થી ૪૬ : છ ભાવ લેશ્યા,
૪૭થી ૪૯ ત્રણ દ્રષ્ટિ તે ૪૭ સમકિતદ્રષ્ટિ, ૪૮ મિથ્યાદ્રષ્ટિ, ૪૯ મિશ્ર દ્રષ્ટિ.

દંસણ નાણ સાગરા, અણાગાર ચઉવીસે દંડગા જીવ।
એ સવ્વે અવન્ના, અરૂવી અફાસગા ચેવ ॥૫॥

અર્થ : ૫૦થી ૫૩ દર્શન ચાર તે, ૫૦ ચક્ષુદર્શન, ૫૧ અચક્ષુદર્શન, ૫૨

અવધિદર્શન, ૫૩ કેવળદર્શન, ૫૪થી ૫૮ જ્ઞાન પાંચ તે ૫૪ મતિજ્ઞાન, ૫૫ શ્રુતજ્ઞાન, ૫૬ અવધિજ્ઞાન, ૫૭ મનઃપર્યવજ્ઞાન, ૫૮ કેવળજ્ઞાન.
૫૯ જ્ઞાનનો ઉપયોગ તે સાકાર ઉપયોગ, ૬૦ દર્શનનો ઉપયોગ તે અનાકાર ઉપયોગ, ૬૧ ચોવીસે દંડકના જીવ. ।।૫।।
એ સઘળા ૬૧ બોલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કાંઈ ન લાભે, કારણ કે એ સર્વ બોલ અરૂપીના છે.

## : <u>વિવેચન</u> :

રૂપી : (૧) જેમાં ૧થી ૫ વર્ણ, બે ગંધ, ૫ રસ અને ૪-૮ સ્પર્શ છે તે. (૨) છ દ્રવ્યમાંથી માત્ર એક પુદ્ગલ દ્રવ્ય જ રૂપી છે. (૩) રૂપી દ્રવ્યને સામાન્ય જ્ઞાની પોતાની ઈન્દ્રિયોથી અથવા વિશિષ્ટ જ્ઞાની અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાનથી જાણે અને દેખે. (૪) રૂપી દ્રવ્ય માત્ર લોકમાં છે, અલોકમાં નથી. (૫) રૂપી દ્રવ્ય જડ છે. (૬) રૂપી ચઉસ્પર્શીના ૩૦ અને આઠ સ્પર્શીના ૫૧ બોલ છે.
અરૂપી : (૧) જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી તે. (૨) પુદ્ગલ દ્રવ્ય સિવાય પાંચેય દ્રવ્ય અરૂપી છે. (૩) અરૂપી દ્રવ્યને માત્ર કેવળજ્ઞાની, કેવળદર્શની પ્રત્યક્ષ જાણે અને દેખે. (૪) અરૂપી દ્રવ્ય લોકમાં પણ છે અને અલોકમાં પણ છે. (અલોકમાં માત્ર આકાશ છે) (૫) અરૂપી દ્રવ્યમાં ચાર જડ છે. જીવ ચેતન છે. (૬) અરૂપીના ૬૧ બોલ છે.
(૧) આઠ સ્પર્શમાં શીત, ઉષ્ણ, લૂખો અને સ્નિગ્ધ એ સૂક્ષ્મ પરિણામી સ્પર્શ છે. ભારે, હળવો, ખરખરો અને સુંવાળો બાદર પરિણામી સ્પર્શ છે.
(૨) પુદ્ગલાસ્તિકાયના સૂક્ષ્મ પ્રદેશી સ્કંધમાં જઘન્ય ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને બે સ્પર્શ હોય છે. વધુમાં વધુ ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૨, ૩ કે ૪ મૂળ સ્પર્શ સંભવી શકે છે.
(૩) પુદ્ગલાસ્તિકાયના બાદર પ્રદેશી સ્કંધમાં જઘન્ય ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને ૪ સ્પર્શ હોય છે. (શીત, ઉષ્ણ, લૂખો, સ્નિગ્ધ) વધુમાં વધુ ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૪, ૫, ૬, ૭ કે ૮ સ્પર્શ હોય છે. (શીત, ઉષ્ણ, લુખો, સ્નિગ્ધ, ભારે, હળવો, ખરખરો, સુંવાળો)

સૂક્ષ્મ પ્રદેશી સ્કંદ ચઉસ્પર્શીમાં મૂળ ૪ સ્પર્શ હોય છે. જ્યારે બાદર સ્કંધ ચઉસ્પર્શીમાં ચાર મૂળમાંથી એક ઓછો અને બાકીના ચાર (ભારે, હળવો, ખરખરો, સુંવાળો)માંથી એક સ્પર્શ હોય તો તે પુદ્લાસ્તિકાયનો બાદર સ્કંધ છે. ૫-૬-૭-૮ સ્પર્શવાળા બધા સ્કંધ નિયમા બાદર સ્કંધ હોય છે. એટલે કે -

(૪) પરમાણુ પુદ્‌ગલમાં ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને બે સ્પર્શ ચઉસ્પર્શમાંથી હોય છે. જ્યારે પરમાણુઓ મળીને સ્કંધ બને છે ત્યારે તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૪ સ્પર્શ એમ વર્ણાદિ ૧૬ બોલ હોય છે. જેને રૂપી ચઉસ્પર્શી કહે છે. જ્યારે કેટલાંક સ્કંધો એવા હોય છે તેમાં સુંવાળો, ખરખરો, હળવો અને ભારે એ ચાર સ્પર્શ નવા ઉત્પન્ન થાય છે તેથી તે આઠ સ્પર્શી કહેવાય છે. આમ રૂપી આઠ સ્પર્શીમાં વર્ણાદિ ૨૦ બોલ હોય છે.

ઈન્દ્રિય ગ્રાહ્ય તમામ પુદ્‌ગલો આઠ સ્પર્શી જ હોય છે. ચઉ સ્પર્શી આપણને ઈન્દ્રિય ગ્રાહ્ય નથી. આઠ સ્પર્શી નજરે દેખાય અથવા ન દેખાય.

(૫) ૧૮ પાપસ્થાનનું સેવન કરવાથી કર્મ બંધાય છે અને કર્મ ચઉસ્પર્શી છે માટે ૧૮ પાપ પણ ચાર સ્પર્શી છે.

(૬) કર્મ ચઉસ્પર્શી છે, કાર્મણ શરીર કર્મનો સંગ્રહ કરે છે માટે ચઉસ્પર્શી છે.

(૭) પુદ્‌ગલાસ્તિકાયનો સૂક્ષ્મ પ્રદેશી સ્કંધ ૧ પરમાણુથી ૨, ૩, ૪, ૫ પ્રદેશથી સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી કે અનંત પ્રદેશી સ્કંધના સમુહરૂપે હોઈ શકે છે.

(૮) ઘનવાત, તનવાત એ બન્ને વાયુકાય છે. વાયુનું શરીર ઔદારિક છે. તેથી ૮ સ્પર્શી છે.

(૯) ઘનોદધિ અને બધાં સમુદ્રો એ અપ્‌કાય છે. પાણીનું શરીર ઔદારિક છે. તેથી ૮ સ્પર્શી છે.

(૧૦) ૭ નરક અને અસંખ્ય દ્વીપ, દેવલોક, ગ્રૈવેયક, અનુત્તર વિમાન અને સિદ્ધશિલા એ માટીના બનેલાં છે. માટીનું શરીર ઔદારિક છે. ઔદારિક શરીર ૮ સ્પર્શી છે.

(૧૧) અહિંસા, સત્ય વિ. ૧૮ પાપથી દૂર રહેવાના પરિણામ, ૪ બુદ્ધિ, ૪ મતિ વિગેરે આત્માના પરિણામ છે માટે અરૂપી છે.

(૧૨) છ દ્રવ્ય લેશ્યા બાદર પુદ્‌ગલ પરિણામ છે માટે રૂપી અને છ ભાવ લેશ્યા આત્માના પરિણામ છે માટે અરૂપી છે.

(૧૩) ૪ મતિ, ૪ બુદ્ધિના અર્થ માટે જુઓ પાંચ જ્ઞાન (જૈન પાઠાવલી ભાગ ૩, શ્રેણી ૯). ઉત્થાન વિગેરે માટે જુઓ કર્મપ્રકૃતિમાં નામ કર્મ (જૈન પાઠાવલી ભાગ ૨, પાનું ૨૯). લેશ્યા, દ્રષ્ટિ, દર્શન, શરીર, જ્ઞાન, ઉપયોગ વગેરે અનેક શબ્દોના અર્થ માટે જુઓ દંડક (જૈન પાઠાવલી ભાગ ૨, પાનું ૧૮૮).

---

૪ સ્પર્શથી ઓછા સ્પર્શવાળા નિયમા સૂક્ષ્મપ્રદેશી સ્કંધ અને ૪ સ્પર્શથી વધુ સ્પર્શવાળા નિયમા બાદર સ્કંધ છે. અને ૪ સ્પર્શમાં સૂક્ષ્મપ્રદેશી કે બાદરપ્રદેશી બંને પ્રકારના સ્કંધ હોય છે. દ્વીપ્રદેશીથી અસંખ્યપ્રદેશી સ્કંધો સૂક્ષ્મ પ્રદેશી સ્કંધ છે. અનંત પ્રદેશી સ્કંધો સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના હોય છે.

# ૩. ઉપયોગ અધિકાર

## ❖ ભગવતી સૂત્ર-શતક ૧૩, ઉદ્દેશો ૧/૨ ❖

ઉપયોગ ૧૨ છે. ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૪ દર્શન. એ ૧૨ ઉપયોગમાંથી જીવ કઈ ગતિમાં કેટલા ઉપયોગ સાથે લઈને આવે છે?
જીવ કેટલા ઉપયોગ સાથે લઈને નીકળે છે? એ અહીં બતાવેલ છે.

(૧) ૧, ૨, ૩ નરકમાં જીવ ૮ ઉપયોગ લઈને આવે ૮
૩ જ્ઞાન , પ્રથમ ૩ અજ્ઞાન , પ્રથમ ૨ દર્શન (અચક્ષુ, અવધિ)
૭ ઉપયોગ લઈને નીકળે. ૭
૩ જ્ઞાન , બે અજ્ઞાન , ૨ દર્ઈન (અચક્ષુ, અવધિ)

(૨) ૪, ૫, ૬ઠ્ઠી નરકમાં ૮ ઉપયોગ લઈને આવે. (ઉપર પ્રમાણે) ૮
૫ ઉપયોગ લઈને નીકળે. (૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન) ૫

(૩) ૭મી નરકે. ૫ ઉપયોગ લઈને આવે (૩ અજ્ઞાન, ૨ દર્શન) ૫
૩ ઉપયોગ લઈને નીકળે (૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન) ૩

(૪) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી દેવ ૮ ઉપયોગ લઈને આવે ૮
૩ જ્ઞાન , ૩ અજ્ઞાન, ૨ દર્શન (અચક્ષુ, અવધિ)
૫ ઉપયોગ લઈને નીકળે. (૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન) ૫

(૫) ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયકમાં ૮ ઉપયોગ લઈને આવે ૮
૩ જ્ઞાન (પ્રથમ), ૩ અજ્ઞાન (પ્રથમ), ૨ દર્શન (અચક્ષુ, અવધિ)
૭ ઉપયોગ લઈને નીકળે. ૩ જ્ઞાન, બે અજ્ઞાન, ૨ દર્શન (અચક્ષુ, અવધિ) ૭

(૬) અનુત્તર વિમાનના દેવ પાંચ ઉપયોગ લઈને આવે. (૩ જ્ઞા, ૨ દર્શન) ૫
પાંચ ઉપયોગ લઈને નીકળે. (૩ જ્ઞાન ૨ અચક્ષુ, અવધિદર્શન) ૫

(૭) ૫ સ્થાવરમાં ૩ ઉપયોગ લઈને આવે (૨ અજ્ઞાન, ૧ દર્શન) ૩
૩ ઉપયોગ લઈને નીકળે. (૨ અજ્ઞાન, ૧ દર્શન) ૩

વિભંગજ્ઞાન સાથે લઈને નરક કે દેવલોકમાં જઈ શકે છે.

૬. ચક્ષુદર્શન : ચક્ષુદર્શનનો ઉપયોગ પર્યાપ્તામાં જ માનેલ છે માટે ચારે ગતિમાં આવતાં કે જતાં ચક્ષુદર્શન હોય જ નહીં.

૭. અચક્ષુદર્શન : સર્વ સંસારી જીવોને જયાં સુધી કેવળદર્શન ન થાય ત્યાં સુધી ચારે ગતિમાં તથા વાટે વહેતાંમાં અચક્ષુદર્શન હોય જ છે.

૮. અવધિદર્શન : ચારે ગતિમાં અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન લઈને જતા કે આવતાં જીવ સાથે અવધિદર્શન અવશ્ય હોય જ છે.

૯. કેવળજ્ઞાન, કેવળદર્શન : માત્ર સાધુ-સાધ્વીને થાય. મોક્ષમાં સાથે જાય.

ઉપયોગ અધિકારમાં મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, ચક્ષુદર્શન અને કેવળદર્શન એ ચાર ઉપયોગ લઈને ચારે ગતિમાં કોઈ જતું કે આવતું નથી. માટે થોકડામાં ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૨ દર્શન એ આઠમાંથી કેટલા ઉપયોગ લઈને જીવ આવે કે નીકળે તે બતાવ્યું છે.

થોકડામાં સમુચ્ચય જેટલા ઉપયોગ લઈને આવે તે બતાવેલ છે. તેમાં નીચે પ્રમાણે અલગ અલગ પણ સમજવા.

૧.પહેલી નરક, ભવનપતિ, વાણવ્યંતર દેવમાં અસંજ્ઞી તિ. પંચે. આવે તો તે મિથ્યાત્વી હોવાના કારણે ૨ અજ્ઞાન ૧ દર્શન લઈને આવે. અસંજ્ઞી તિ. પંચે. નરક, દેવમાં પર્યાપ્તો થાય પછી તેને વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન અને અવધિદર્શન થાય.

૨. નરકમાં સંજ્ઞી તિ. પંચે. તથા સંજ્ઞી મનુષ્ય જો મિથ્યાત્વ લઈને આવે તો ૩ અજ્ઞાન ૨ દર્શન.

૩. નરકમાં સંજ્ઞી તિ. પંચે. તથા સંજ્ઞી મનુષ્ય જો સમકિત લઈને આવે તો ૩ જ્ઞાન ૨ દર્શન.

થોકડામાં સમુચ્ચય જેટલા ઉપયોગ લઈને નીકળે તે બતાવેલ છે. તેમાં નીચે પ્રમાણે અલગ અલગ પણ સમજવા.

૧. પહેલી નરકથી સમકિતી નારકી નીકળે તો બે જ્ઞાન, ૧ દર્શન સાથે લઈને નીકળે. મિથ્યાત્વી નારકી નીકળે તો બે અજ્ઞાન, ૧ દર્શન લઈને નીકળે. પહેલી નરકેથી તીર્થંકર નામગોત્ર બાંધેલ કે અન્ય વિશિષ્ટ પુણ્યવાન જીવ નીકળે તો ૩ જ્ઞાન, ૨ દર્શન લઈને નીકળે. આવી રીતે થોકડાના અન્ય બોલોમાં પણ સમજવું.

(૮) ૩ વિકલેન્દ્રિયમાં ૫ ઉપયોગ (૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ દર્શન) લઈને આવે
૩ ઉપયોગ લઈને નીકળે. (૨ અજ્ઞાન, ૧ દર્શન) ૩

(૯) તિર્યંચ પંચેન્દ્રિયમાં ૫ ઉપયોગ લઈને આવે. (૨ જ્ઞા, ૨ અજ્ઞા, ૧ દ) ૫
૮ ઉપયોગ લઈને નીકળે. (૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૨ દર્શન) ૮

(૧૦) મનુષ્યમાં ૭ ઉપયોગ લઈને આવે. (૩ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન) ૭
૮ ઉપયોગ લઈને નીકળે. (૩ જ્ઞા, ૩ અજ્ઞાન, ૨ દર્શન) ૮

**:વિવેચન:**

ઉપયોગ : એટલે જ્ઞાન અને દર્શનમાં આત્માની પ્રવૃત્તિ, આત્માનો સ્વભાવ.
તેના બે પ્રકાર છે. (૧) સાકાર ઉપયોગ એટલે જ્ઞાનનો ઉપયોગ (૫ જ્ઞાન, ૩ અજ્ઞાન).
(૨) અનાકાર ઉપયોગ એટલે દર્શનનો ઉપયોગ (૪ દર્શન).

૧. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન : ચારે ગતિમાં સમકિત લઈને જનાર જીવમાં ઓછામાં ઓછા મતિ અને શ્રુત એ બે જ્ઞાન હોય જ છે.
૨. અવધિજ્ઞાન : સમકિતી સંજ્ઞી તિર્યંચ પંચે. અને સમકિતી સંજ્ઞી મનુષ્ય મરીને જ્યારે નરકમાં કે દેવલોકમાં જતાં હોય ત્યારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની સાથે વાટે વહેતાં જ અવધિજ્ઞાન હોય છે. (એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં)
અવધિજ્ઞાન લઈને તિર્યંચ સિવાયની ત્રણે ગતિમાં સંજ્ઞીપણે ઉત્પન્ન થવાય.
અવધિજ્ઞાન લઈને આવનાર નારકી કે દેવ મનુષ્યના ભવમાં તીર્થંકર કે સામાન્ય મનુષ્ય તરીકે જન્મ ધારણ કરે છે.
૩. મનઃપર્યવજ્ઞાન : આ જ્ઞાન માત્ર સાધુ-સાધ્વીને જ થાય તથા તે જ્ઞાન લઈને અન્ય ગતિમાં જઈ શકાતું નથી.
૪. મતિ, શ્રુત અજ્ઞાન : ચારે ગતિમાં મિથ્યાત્વી જીવને મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન સાથે જ હોય.
૫. વિભંગજ્ઞાન : મિથ્યાત્વી સંજ્ઞી તિર્યંચ પંચે, અને મિથ્યાત્વી સંજ્ઞી મનુષ્ય જ્યારે નરકમાં અને દેવલોકમાં ઉત્પન્ન થવા જાય ત્યારે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન સાથે વિભંગજ્ઞાન વાટે વહેતાંથી સાથે હોય છે. મનુષ્ય કે તિર્યંચમાં વિભંગજ્ઞાન લઈને જીવ ન આવે. સંજ્ઞી મનુષ્ય કે સંજ્ઞી તિર્યંચ પંચે.

| ચાર ગતિના જીવો | ઉપયોગ સાથે લઈને આવે | | | | | | | ઉપયોગ સાથે લઈને નીકળે | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મતિ શ્રુતિ જ્ઞાન | અવ ધિ જ્ઞાન | મતિ શ્રુત અજ્ઞા | વિભં ગ જ્ઞાન | અ ચક્ષુ દર્શન | અવ ધિ દર્શન | ઉપ યોગ લાવે | મતિ શ્રુત જ્ઞાન | અવ ધિ જ્ઞાન | મતિ શ્રુત અજ્ઞા | વિભં ગ જ્ઞાન | અ ચક્ષુ દર્શન | અવ ધિ દર્શન | ઉપ લઈ નીકળે | કુલ ઉપ યોગ |
| ૧, ૨,૩ નરક | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૮ | ૨ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૭ | ૮૭ |
| ૪, ૫, ૬ નરક | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૮ | ૨ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૫ | ૮૫ |
| ૭મી નરક | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૩ | ૫૩ |
| ભવ, વા, જ્યો | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૮ | ૨ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૫ | ૮૫ |
| ૧૨ દેવ, ૯ ગ્રૈવે | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૮ | ૨ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૭ | ૮૭ |
| ૫ અનુત્તર | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૫૫ |
| પાંચ સ્થાવર, સંમૂ.મનુષ્ય | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૩ | ૩૩ |
| ૩ વિકલે., અસં.તિ.પંચે. | ૨ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૩ | ૫૩ |
| સં.તિર્યંચ પંચે | ૨ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૫ | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૮ | ૫૮ |
| સંજ્ઞી મનુષ્ય | ૨ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૭ | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૮ | ૭૮ |

# સંસ્કાર વિભાગ

## ૧. શું મારે આમ વિચારાય?
## શું મારે આમ બોલાય?

જો હું જૈનધર્મી છું... જો હું શ્રાવકધર્મમાં છું... તો મારે...

ધર્મના સ્વરૂપને સમજીને જુદી જુદી પરિસ્થિતિમાં કેવું વિચારાય? કેવું બોલાય? તે શીખવું છે. જેથી હું આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી દૂર રહું અને ધર્મધ્યાનમાં રહું. તેમાંની કેટલીક દ્રષ્ટાંતરૂપ પરિસ્થિતિ અહીં આપી છે. પ્રથમ ૫ પરિસ્થિતિ શ્રેણી ૧૧ સુધીમાં આપણે જોઈ ગયા છીએ. હવે...

### પરિસ્થિતિ -૬

**ક્રોધને વશ બની અન્યને કડવા શબ્દો કહેવાઈ જાય ત્યારે...**

**આમ ન વિચારાય, આમ ન બોલાય**

(૧) ભૂલ હોય તેને તો મોઢે કહી જ દેવું જોઈએ.
(૨) શાંતિથી કહીએ તો કોઈ માને જ નહીં. આ કાળમાં ઠંડી ઠંડી વાતો ન ચાલે.
(૩) જે વસ્તુ જેમ કરવી જોઈએ એમ કેમ ન થાય? થવી જ જોઈએ.
(૪) સહુ પોતપોતાની રીતે ચાલે, એ કેમ ચલાવી લેવાય?
(૫) એણે મને આમ શા માટે કહ્યું? એનાથી આમ બોલાય જ કેમ?
(૬) એણે મારી સાથે આવો વ્યવહાર કરવો જ ન જોઈએ.

**મારો નવો પ્રયોગ... આમ વિચારાય, આમ બોલાય.**

(૧) ક્રોધથી અન્યની ભૂલ બતાવવી તે મારી ભૂલ છે.
(૨) કડવા શબ્દો બોલીને હું જ મારી કિંમત ઘટાડી રહ્યો છું.
(૩) કડવા શબ્દો બોલવાથી પરસ્પરની સદ્ભાવના ઘટે છે, જીવનની શાંતિ જોખમાય છે.
(૪) ક્રોધમાં આવી કડવા શબ્દ કહેવાથી પ્રસંગ સુધરવાને બદલે બગડે છે. દરેક કાર્યો હંમેશાં મારી ઈચ્છા પ્રમાણે થવાના નથી. કર્મના ઉદય પ્રમાણે થાય છે.
(૫) અન્ય વ્યક્તિ અયોગ્ય વ્યવહાર કરશે તો તેને કર્મ બંધાશે. પરંતુ તેના નિમિત્તે હું ક્રોધ કરીશ તો મને કર્મ બંધાશે.
(૬) પ્રતિકૂળ સંયોગો મારાં જ અશુભ કર્મનું ફળ છે, તેમાં ક્રોધ કરવાથી નવાં

અશુભ કર્મ બંધાશે.

(૭) બોલવાની શક્તિ મળી જ છે, તો સારા શબ્દો શા માટે ન બોલવા? અશુભ શબ્દોના ઉચ્ચારણને અટકાવવું તે પણ એક તપ છે. (વચન વિનય તપ)

(૮) મારું ધ્યાન ન રહ્યું, તેથી હું કડવા શબ્દો બોલ્યો, એ મારી ભૂલ છે. હવે ધ્યાન રાખીશ.

(૯) જેની આંખોમાં ઝેર હતું તેવા ચંડકૌશિક નાગે પણ પ્રભુના વચનથી સમતા રાખી જીવદયા પાળી, સંથારો કર્યો અને એકાવતારી બન્યા.

## પરિસ્થિતિ – ૭

## જ્યારે વધારે કામ કરવાનું આવે ત્યારે...

### આમ ન વિચારાય, ન બોલાય

(૧) બધું કામ મારે જ કરવાનું. મારે બધાથી વધારે કરવું પડે છે. સહુએ સરખા ભાગે કામ કરવું જોઈએ.

(૨) આખો દિવસ બસ કામ, કામ ને કામ! નવરાશ મળે જ નહીં!

(૩) અમે પણ માણસ છીએ, કામ કરવાની કાંઈક હદ હોય ને!

(૪) નાનાંએ શું કામ કર્યે જ રાખવાનું અને મોટાએ શું હુકમ જ છોડવાના?

(૫) કામ કરીએ એટલે કામ ચીંધે ને? ના કહી દઈએ તો બીજીવાર ચીંધતાં બંધ થઈ જાય.

(૬) માંદા પડે એટલે શું કાંઈ કામ જ નહીં કરવાનું?

### મારો નવો પ્રયોગ...આમ વિચારાય, આમ બોલાય.

(૧) મને અત્યારે શાતાનો ઉદય છે, શરીરમાં શક્તિ છે. ત્યાં સુધી બીજાને જેટલી શાતા થાય એટલી શાતા પમાડવા બધું કામ હું કરી લઉં.

(૨) જેટલું કામ કરીએ છીએ તેટલી શક્તિ આપણામાં છે જ. કોઈ કામ શક્તિ ઉપરાંતનું નથી.

(૩) 'નવરાં બેઠા નખ્ખોદ વાળે' માટે સારું છે કે મારી પાસે કામ છે.

(૪) કામ કરતાં સમતા રાખીએ તો દેહની મમતા તૂટે. કામ કર્યા વગર શરીર કટાઈ જાય, તેના કરતાં કામ કરીને શરીર ખડતલ બનશે. કામચોરને શરીરના રોગો આવશે, ઈન્દ્રિયો જકડાઈ જશે.

(૫) કામમાં મારા-તારાના ભાવ ન રાખે તો સંવર અને નિર્જરા થાય. કાયકલેશ તપનો પણ લાભ મળે.

(૬) મોટાંએ તો ઘણું કામ કરેલું છે. હવે નાનાંએ જ કામ ઉપાડી લેવું જોઈએ.

(૭) માયાથી કર્મબંધ થશે, માટે મારે અણગમો કરવો નથી. અત્યારે મળેલાં

પ્રતિકૂળ સંયોગો કાયમ રહેવાના નથી.

(૮) એકેન્દ્રિય જીવોની રક્ષાની જેમ પંચેન્દ્રિય જીવોની રક્ષા અને શાતા મળે તેવાં કામ કરવામાં ઘણો લાભ છે. ઉપકારી માટે ગમે તેટલાં કષ્ટ સહન કરીએ, સેવા કરીએ તો પણ ૠણમુક્ત થવાતું નથી.

(૯) કચરાં, પોતાં, વાસણ, રસોઈ વ. કામ મારા જ કામ છે. પોતાનાં કામ કરતાં આળસ કે શરમ શેની? મારાં કરતાં પણ વધારે કામ કરતા હોય તેવા જગતમાં ઘણાં છે.

(૧૦) નંદીષેણ મુનિ સાધુઓની સેવા કરી પોતાના આત્માને તારી ગયા.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) સાધુઓની સેવા કરી કોણ તરી ગયું? (૨) જ્યારે વધારે કામ કરવાનું આવે ત્યારે શું વિચારાય? ચાર મુદ્દા લાખો. (૩) ક્રોધને વશ બની કડવા શબ્દો કહેવાઈ જાય પછી શું ન વિચારવું? (૪) સમતા રાખી એકાવતારી કોણ બન્યું? (૫) વધારે કામ કરવાનું આવે ત્યારે શું ન વિચારવું? (૬) ઘરનાં કામ કરતાં શું વિચારવું? (૭) કયા જીવોને કામ કરવાથી લાભ થયો છે? (૮) અણગમો શા માટે ન કરવો? (૯) કામચોરને શું થશે? (૧૦) મારા-તારાના ભાવ વિના કામ કરવાથી શું લાભ થશે? (૧૧) અશુભ ઉચ્ચારણ અટકાવવાથી કયું તપ થાય? (૧૨) કડવા શબ્દો બોલવાથી શું નુકસાન થશે? ત્રણ લખો.

## ૨ ... તો માયાનો કાંટો જ નીકળી જાય

"ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે,
માયં ચ અજ્જવ ભાવેણ, લોભં સંતોસએ જિણે" દશવૈકાલિક સૂત્ર-અધ્યયન ૮.

ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રતાનો અને લોભ સર્વ સુદ્દગુણોનો નાશ કરે છે. માટે.. માયાને સરળતાથી જીતવાની સાધના કરીએ...

૧. ધર્મ તો સરળતામાં છે, માટે ભૂલ કબૂલ કરું.
૨. માયાનો ઘડો કાચો, જે ભરશે તેનો તૂટશે.
૩. વાતવાતમાં વચન ન આપું, પુણ્ય પર વિશ્વાસ રાખું.
૪. મારો સ્વાર્થ ન જોઉં, સંતોષ વધારું.
૫. આત્મ સાક્ષી રાખું, અનંત પરમાત્માની સાક્ષી રાખું.
૬. બધું મળે પણ શાંતિ ના મળે, પરિણામે તિર્યંચ ગતિનો બંધ.

### ૧. ધર્મ તો સરળતામાં છે, માટે ભૂલ કબૂલ કરું

જે હૃદયમાં માયા હોય ત્યાં ધર્મનો પ્રવેશ થતો નથી. સરળ હૃદયમાં ધર્મ વસે છે.

જ્યાં માયા છે ત્યાં ધર્મ નથી. જ્યાં ધર્મ જ નથી, ત્યાં સુખ નથી! માયાવી જીવને તો કર્મ જ કર્મ, દુઃખ જ દુઃખ અને સંસાર જ સંસાર ઊભો રહે.

એક જૂઠ બોલવું તો સહેલું છે, પરંતુ એના બચાવમાં બીજાં એકસો જૂઠથી બચવું અઘરું છે. માટે સરળતાથી ભૂલ કબૂલ કરતાં શીખો. જ્યાં માયા હોય ત્યાં પોતાની ભૂલ સ્વીકાર, દોષ સ્વીકાર, આલોચના, પ્રાયશ્ચિત્ત–આ બધું અઘરું છે. ભૂલને સ્વીકારવાથી માયા ટકતી નથી.

### ૨. માયાનો ઘડો કાચો, જે ભરશે તેનો તૂટશે

કાચા ઘડામાં વસ્તુ ભરવામાં આવે તો એમાં એ ટકવાની ક્યાં? માયાનો ઘડો કાચા ઘડા કરતાં વધુ કાચો છે, માયાનો ઘડો ફૂટયા વિના રહેતો નથી. ગમે તેવા છાનાં પાપ કરો આ લોકમાં નહીં તો પરલોકમાં આ માયાનું રહસ્ય ખૂલશે.

'ખાડો ખોદે તે પડે'... માયા કરતાં પહેલાં સાતવાર વિચાર કરવો, કારણ કે આખી દુનિયાની આંખમાં ધૂળ નાંખી શકાય છે પણ કર્મની આંખમાં ધૂળ નાખી શકાતી નથી. કર્મના હાથ તો અસંખ્યાત યોજન દૂર અને અસંખ્યાત ભવ સુધી પહોંચે છે, માટે માયા કરતાં પહેલાં માયાની કિંમત ચૂકવવાની હિંમત તો છે ને?

### ૩. વાતવાતમાં વચન ન આપું, પુણ્ય પર વિશ્વાસ રાખું

બોલવું હોય તો બેવાર વિચાર કરીને બોલવું. વચન આપવું હોય તો વારંવાર વિચારીને આપવું. વાતેવાતે વચન આપનાર બધાં જ વચનો પૂરાં નથી કરી શકવાના! માટે પોતાનો બચાવ કરવા માયા, જૂઠનો આશ્રય લેશે. જે બહાનાં કાઢશે, તેમાં માયાની ગંધ હશે.

જ્યારે પુણ્યના ઉદય હોય ત્યારે ધૂળમાં હાથ નાંખો ને તો ધૂળ પણ સોનું થઈ જાય અને જ્યારે પાપના ઉદય હોય ત્યારે સોનું ધૂળ થઈ જાય, ભોં (જમીન)માંથી ભાલા (કાંટા) ઊગે. માટે પુણ્ય અને પાપને ઓળખવાં. પોતાનાં પુણ્ય પર વિશ્વાસ રાખી માયાથી વસ્તુ મેળવવાની વૃત્તિ છોડવી.

### ૪. મારો સ્વાર્થ ન જોઉં, સંતોષ વધારું

જ્યાં મારો સ્વાર્થ આવ્યો ત્યાં દુનિયામાં માત્ર હું મને જ જોવાનો. આખી દુનિયાને જોવા માટે હું આંધળો. મારા સ્વાર્થના પોષણ માટે હું ગમે તેવી માયા આચરતાં પણ અચકાઈશ નહીં. માટે સ્વાર્થ છોડું, પરમાર્થ કરવા સામેની વ્યક્તિને દ્રષ્ટિમાં રાખું. પરહિતની ભાવના રાખું.

જ્યાં ઈચ્છા વધારે, ત્યાં જરૂરિયાત વધારે. જ્યાં તૃષ્ણા ને અસંતોષ, ત્યાં લાવ લાવની લ્હાય(આગ). એ બધું મેળવવા ગમે ત્યારે માયા કરવા જીવ તૈયાર થઈ જાય. માટે સંતોષ રાખી માયાથી દૂર રહું.

## ૫. આત્મ સાક્ષી રાખું, અનંત પરમાત્માની સાક્ષી રાખું

માયાથી બચવાનો સાવ સરળ ઉપાય 'આત્મસાક્ષીથી જીવવું'. આત્મા ડંખે તેવું એક પણ કામ ન કરવું. ભલે આખી દુનિયા ન જાણતી હોય, પરંતુ મારા પોતાના આત્માથી છાની માયા તો નથી થવાની ને! જે પોતે પોતાની સાક્ષીથી જીવે, પોતાને જ વફાદાર રહે, એ માયાથી બચી જાય.

ભલે નાનામાં નાની માયા હોય, પરંતુ પ્રતિ સમયે અનંતા સિદ્ધ ભગવાનના કેવળજ્ઞાનમાં આપણી માયાના ભાવ દેખાય છે, માટે માયા કરતાં પહેલાં વિચારું કે મને અનંતા પરમાત્મા પ્રત્યક્ષ નિહાળી રહ્યા છે. જ્યાં એક મારી આત્મસાક્ષી પણ અવગણવાની ના હોય, ત્યાં અનંત પરમાત્માની સાક્ષી કેમ અવગણાય?

## ૬. બધું મળે પણ શાંતિ ના મળે, પરિણામે તિર્યંચ ગતિનો બંધ

માયાવી જેવો દેખાતો હોય તેવો હોતો નથી. જેવું બોલતો હોય તેવું કરતો નથી. ભલે પોતાના બુદ્ધિ અને બળના જગમાં ઢોલ વગાડતો હોય, પરંતુ એ પોતાની પોલ જાણતો હોય છે. પરિણામે માયા કરીને ધન, વૈભવ, પૂજા, પ્રશંસા એ બધુંય મેળવી લે, પરંતુ એનું હૃદય અશાંતિની આગમાં સદા સળગતું જ હોય છે.

તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધવાના ચાર કારણ છે–માયા કરે, ગાઢ માયા કરે, જૂઠ બોલે, ખોટાં તોલમાપ રાખે. જુઓ આ ચારે કારણમાં માયા જ મુખ્ય છે ને! માયાવીને માટે તિર્યંચ ગતિનું મોટું જંગલ ઊભું જ છે. માયા એ તિર્યંચ ગતિનો રાજમાર્ગ છે. જો મારે તિર્યંચ ગતિમાં જાવું નથી તો માયા છોડું...

<u>**અપેક્ષિત પ્રશ્નો**</u> : (૧) તિર્યંચનું આયુષ્ય કયા ચાર કારણથી બંધાય? (૨) માયાથી બચવાનો સરળ ઉપાય કયો? કેવી રીતે? (૩) માયા કરતાં પહેલાં શું વિચારું? (૪) જીવ ગમે ત્યારે માયા કરવા તૈયાર થઈ જાય કેમ? (૫) પુણ્યનો કે પાપનો ઉદય હોય ત્યારે શું થાય? (૬) જ્યાં માયા છે ત્યાં શું અઘરું છે? (૭) માયાનો ઘડો કાચો કેવી રીતે સમજાવો. (૮) મારો સ્વાર્થ ન જોઉં શા માટે? (૯) માયાને જીતવાની સાધના કઈ કઈ છે? માત્ર ૪ નામ લખો. (૧૦) માયાથી બધું મળે, પણ શાંતિ કેમ ન મળે?

## ૩ ... તો લોભનો દેશનિકાલ થાય

'ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે,

માયં ચ અજ્જવ ભાવેણ, લોભં સંતોસએ જિણે' દશવૈકાલિક સૂત્ર-અધ્યયન ૮.
ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રતાનો અને લોભ સર્વ સુદ્‌ગુણોનો નાશ કરે છે. માટે.. લોભને સંતોષથી જીતવાની સાધના કરીએ...

૧. લોભ તો પાપનો બાપ, જીવવું કેટલું ને જોઈએ કેટલું?
૨. પર પુદ્‌ગલમાં સુખ નથી માટે પરભવની ચિંતા કરો.
૩. ઈચ્છા લાવે સુખશીલતા, સંતોષ લાવે સહનશીલતા.
૪. દુઃખનો બોધ દિલમાં રાખ, અંતે થવાની રાખ.
૫. નાનાં નાનાં વ્રત પચ્ચક્ખાણ લેવાં, સંયમ અને સંથારાને નજર સામે રાખવા.
૬. લોભના ખાડામાં સંસારના અખાડામાં.

### ૧. લોભ તો પાપનો બાપ, જીવવું કેટલું ને જોઈએ કેટલું?

લોભી પાસે ગમે તેટલું હોય છતાં તે સંસારના કામમાંથી મુક્ત ન થાય. સંસારનાં કામ એટલે પાપનાં કામ. જીવને કાંઈક જોઈએ છે, ઈચ્છા છે, આવશ્યક્તા છે, આસક્તિ છે માટે હિંસા, જૂઠ વગેરે પાપ કરવા પડે છે. આ બધો લોભ અમાપ છે, માટે લોભ પાપનો બાપ છે.

લોભથી બચવું હોય તો એકને એક બે જેવી વાત છે. તનના પક્ષમાં રહો, મનના પક્ષમાં ના રહો. હવે જીવવું છે કેટલાં વર્ષ? મારું ઘર તો છે. આટલા વર્ષના રોટી, કપડાં ને મકાન છે, તો હવે શું જોઈએ? જ્યારે જીવવું થોડું, બચેલાં જીવનમાં જોઈએ પણ થોડું ત્યારે લોભ કોના માટે? લોભ એ તનની આવશ્યક્તા નથી મનની તૃષ્ણા છે.

### ૨. પર પુદ્‌ગલમાં સુખ નથી માટે પરભવની ચિંતા કરો

લોભ જાગે છે શેનો? જડ વસ્તુનો જ ને! ઈચ્છા, અપેક્ષા, તૃષ્ણા, ઋદ્ધિ, આસક્તિ, મમતા, રાગ, મોહ-આ બધુંય બાહ્ય વસ્તુ માટે જ જાગે છે ને !
તો પહેલાં પરપુદ્‌ગલનું સ્વરૂપ સમજો. જ્યાં જડમાં સુખ નથી. પરપુદ્‌ગલમાં સુખ નથી, ત્યાં એનો લોભ કરીને વધુ દુઃખી જ થવાનું ને!

ગમે તેટલું હોવા છતાં વધુ ને વધુ ભેગું કરવા એક કારણ આ ભવની ચિંતા... જિંદગીના છેલ્લાં દિવસો સુધીની ભારેખમ ચિંતાને કારણે લોભને થોભ આવતો નથી. જો આ ભવની ચિંતા, લોભ કરાવે છે, તો લોભથી બચવા સીધો ઉપાય 'પરભવની ચિંતા કરવી'. જો આમને આમ લોભમાં, પાપમાં ને પાપમાં મરીશ

તો મારા ઉતારા કયાં થશે?

### ૩. ઈચ્છા લાવે સુખશીલતા, સંતોષ લાવે સહનશીલતા

જ્યાં ઈચ્છાઓ જાગી, જ્યાં લોભમાં પડયા ત્યાં એ કેમ પૂરી કરવી? એ માટે શું કરવું? પુણ્ય ના હોય તો ભારે થાય! મગજમાં ચકરાવા ચાલુ થાય, ચિંતા અનેકગણી વધી જાય. માટે લોભને પડતો મૂકી, સંતોષ ધારણ કરવો. કારણ જેને કાંઈ જોઈતું નથી, એના જેવો સુખી કોઈ નથી. એને કોઈ ચિંતાનું નામ કે નિશાન નથી.

જેટલી સુખશીલતા હશે એટલો લોભ વધવાનો જ છે. સુંવાળા જીવને એકને બદલે અગિયાર વસ્તુ જોઈએ છે. તન સુંવાળું, શાતામાં રહેવા ટેવાયેલું હોય. માટે સુખ–સુવિધા–સગવડ મેળવવા લોભ થાય છે. સગવડ વધતાં સુખશીલતા વધે છે અને મમત્વ ઘટતાં સહનશીલતા વધે છે. જે સહન કરી ગમે તેવું ચલાવી લેશે તેનો લોભ ઘટશે તો તે સુખી થશે.

### ૪. દુઃખનો બોધ દિલમાં રાખ, અંતે થવાની રાખ

ભૂતકાળમાં અનંત દિવસો નરકમાં અને તિર્યંચમાં કાઢયા છે કે નથી કાઢયા? જરા યાદ તો કરો! દુઃખના દિવસોમાં આપણી પાસે કયાં લાડવા હતા? તે આજે ગમે તેટલું હોય તોય ઓછું જ પડે છે! દુઃખને યાદ ના કરાય પરંતુ દુઃખે જે શીખવ્યું હોય તેને ભૂલી ના જવાય. દુઃખથી મળેલા બોધથી તો લોભ ભૂલી શકાય છે.

આપણે મરીને ગયા ત્યારે કેટલું વધારે મૂકીને ગયા એ બતાવવા આ લોભ કરીએ છીએ? દોડીદોડીને ગમે તેટલું દોડો, ભેગું કરીકરીને ગમે તેટલું ભરો, પરંતુ જગજાહેર છે કે અંતે આપણી કાયાની પણ રાખ થવાની ત્યાં બીજું શું બચવાનું? અંતે જેની રાખ થવાની એના માટે જ આજે લોભ ને!

જ્યાં દેખાદેખી ....જ્યાં બીજાં કરતાં સારા અને ઊંચા દેખાવાની વૃત્તિ ... જ્યાં ખોટી સ્પર્ધા ... જ્યાં સહુથી આગળ આવવાની દોડ ... ત્યાં લોભ પહેલાં રહેશે. જ્યાં બીજાંની દ્રષ્ટિ, જ્યાં બીજાના ત્રાજવાં. જ્યાં બીજાંના અભિપ્રાયો... મેળવવા દોડાદોડ થાય, ત્યાં લોભને થોભ ના મળે. માટે સંસારમાં હોંશિયારી ના બતાવો.

### ૫. નાનાં નાનાં વ્રત પચ્ચકખાણ લેવા, સંયમ અને સંથારાને નજર સામે રાખવા

ઈચ્છા અને લોભ ડગલે ને પગલે જાગે છે ને? તો હવે નાનાં નાનાં વ્રત પચ્ચકખાણ ડગલે ને પગલે ધારણ કરવા. વ્રત ભલે નાનું હોય. પરંતુ એટલો

સમય એના સંબંધી સંસારની ઈચ્છા, વિચાર, ચિંતા, લોભ બધું છૂટી જશે. બેફામ દોડતી લોભની ગાડીની બ્રેક ત્યાગ જ છે.

આજે મનોરથમાં શું બોલ્યા? સંયમ લેવો છે, એટલે કે સંસાર છોડવાની વાત અને સંથારો કરવો છે એટલે કે શરીર છોડવાની વાત. લો બોલો, કાલે જેને સંસાર અને શરીર છોડવાના ભાવ હોય, આજે એને શું ભેગું કરવાનો લોભ હોય?... જ્યાં સોના-ચાંદી હીરા છોડવા છે, ત્યાં ધૂળ માટીને પથરાંનો લોભ કોણ કરે?

### ૬. લોભના ખાડામાં સંસારના અખાડામાં

લોભ કરતાં પહેલાં જરા લોભના પરિણામને તો નજર સામે રાખીએ. લોભનો આ એવો ખાડો છે કે જે આ ખાડામાં તે સીધા સંસારના અખાડામાં. અખાડામાં બીજું હોય શું? લોભ કર્યો એટલે વસ્તુનો સંયોગ જોઈએ છે, એટલે કે હજુ સંસાર જ જોઈએ છે. જ્યાં સુધી સંસાર જોઈએ ત્યાં સુધી એક વાત તો નક્કી છે કે મોક્ષ નથી જોઈતો?

મારે મોક્ષ જોઈએ છે, માટે હું લોભનો દેશનિકાલ કરું.

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) લોભ કર્યો એટલે શું જોઈએ છે? શું નથી જોઈતું? (૨) નજર સામે કોને રાખવા? (૩) નાના વ્રતથી શું થશે? (૪) લોભને સંતોષથી જીતવાની સાધનાના માત્ર છ નામ લખો. (૫) લોભ પાપનો બાપ કેમ છે? (૬) લોભથી બચવું હોય તો શું કરવું? (૭) સંસારમાં હોશિયારી શા માટે ન બતાવવી? (૮) દુઃખનો બોધ દિલમાં રાખ એટલે શું? (૯) આ પાઠમાં લોભ માટે બીજા કયા કયા શબ્દો વાપરવામાં આવ્યા છે?

## ૪. નિજ આત્મ સાધનાનાં સોપાનો

આ દુર્લભ માનવભવની સફળતા અને સાર્થકતા સમયે સમયે મોતની દિશામાં નહીં મોક્ષની દિશામાં જવામાં છે. જે આત્મ સાધના વડે જ શક્ય બને છે. તો આવો, આપણા આ માનવભવની આત્મસાધનાનાં સોપાન સિદ્ધ કરીએ.

૧. આત્મશ્રવણ કરું
૨. આત્મબોધ પામું
૩. આત્મશ્રદ્ધા વધારું
૪. આત્મસ્મરણ (યાદ) રાખું
૫. આત્મનિરીક્ષણ (જોવું) કરું
૬. આત્માર્થી બનું
૭. આત્મવિશ્વાસ વધારું
૮. આત્મયુદ્ધ કરું
૯. આત્મસંતોષ રાખું
૧૦. આત્મશક્તિ વધારું
૧૧. આત્મરક્ષા કરું
૧૨. આત્મસ્વભાવ પામું

## ૧. આત્મશ્રવણ કરું

બે શબ્દ કાનમાં પડે તેવો પુણ્યોદય અનંતકાળે મળે છે. અનંતા ભવ કાન વિનાના થાય ત્યારે સરેરાશ એક ભવે કાન મળે છે. આવા કાનવાળા અનંતા ભવોમાં પણ એકમાત્ર સંસારનું જ સાંભળ્યું છે. હવે આવો ઊંચો જૈન ધર્મ મળ્યો છે, તો કાંઈક આત્માનું શ્રવણ કરીએ.

આજનો મારો અભ્યાસઃ 'હું આત્મા છું.'

## ૨. આત્મબોધ પામું

જીવ, અજીવ વ. નવ તત્વનું સ્વરૂપ જાણું. હું કોણ? મારું આત્મસ્વરૂપ શું? એ વિચારવા કેવળજ્ઞાની, તીર્થંકર ભગવાનની વાણી આગમ સૂત્રોમાં છે એ સાંભળ છું. ધર્મ સાંભળવાનું ફળ આત્મજ્ઞાન અને આત્માનું વિશિષ્ટ જ્ઞાન છે હું તેને પ્રાપ્ત કરું એ જ મારું લક્ષ છે.

આજનો મારો અભ્યાસ : 'આત્મા જીવ છે અને શરીર અજીવ છે.'

## ૩. આત્મશ્રદ્ધા વધારું

અનાદિકાળથી વિભાવમાં રહેલો જીવ જ્યારે સ્વનું જ્ઞાન કરે ત્યારે પહેલાં સમકિત પ્રાપ્ત કરે છે. સુદેવ, સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધા તે સમકિત. સમકિતની પ્રાપ્તિ પછી જ ધર્મની શરૂઆત થાય છે. ધર્મ સરળ હૃદયમાં જ વસે છે. માટે સંત અને શાસ્ત્રોની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક સ્વીકારું. શ્રદ્ધા અંતરે એ સંસાર તરે.

આજનો મારો અભ્યાસ : 'નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે.'

## ૪. આત્મસ્મરણ (યાદ) રાખું

અનંતકાળે પહેલી જ વાર આત્મા-પરમાત્માની, મોક્ષ-મોક્ષમાર્ગની, ધર્મ-ધર્મફળની, સમતા સ્વભાવની વાતો સાંભળીને આત્માને સતત યાદ રાખું. આખા જગતને ભૂલીએ, પણ આત્માને ન ભૂલીએ.

આજનો મારો અભ્યાસ : 'હું નિત્ય છું.'

## ૫. આત્મનિરીક્ષણ (જોવું) કરું

એક એક અવગુણને શોધીને કાઢવા માટે આત્મ સંવાદ કરવો, આત્મદર્શન, આત્મઅવલોકન, આત્મચિંતન કરવું.

આજનો મારો અભ્યાસ : 'મેં શું કર્યું અને શું બાકી છે.થ

## ૬. આત્માર્થી બનું

માત્ર આત્માનું જ હિત અને કલ્યાણ થાય તેવા કામ કરું. મારો સંસાર, ભવ, દુઃખ અને જન્મ મરણ વધે નહીં, માટે નાશ થનારની પાછળ સદા સાથે રહેનાર આત્માનું ન બગાડું.

આજનો મારો અભ્યાસ : 'આ કાર્યથી મારું આત્મહિત થશે ?'

## ૭. આત્મવિશ્વાસ વધારું

જેને જિનેશ્વરના ધર્મ પર વિશ્વાસ નથી તેવા લોકો તો સંસારના માર્ગ પર ચાલે. પણ મારે તો પ્રભુના માર્ગ પર ચાલવું છે, માટે આત્મવિશ્વાસ વધારું. આત્મકલ્યાણના માર્ગે નબળું મનોબળ ન ચાલે. પૂરી શ્રદ્ધાથી ધર્મ કરું.

આજનો મારો અભ્યાસ : 'મારા શ્વાસથી પણ વધુ ધર્મ પર વિશ્વાસ છે.'

## ૮. આત્મયુદ્ધ કરું

મન મોહના પક્ષમાં રહેશે તો ઈચ્છા, અપેક્ષા, કામભોગની ભાવના વધશે. વિષય-કષાયને વશ થયેલા આત્મા સામે યુદ્ધ કરવા મોહની વાતમાં આવી વિષયોને મજબૂત ન કરું. મારાં દુષ્ટ આત્માને જીતવા સંયમ અને તપનો સાથ લઈશ.

આજનો મારો અભ્યાસ : 'મારે આત્મશત્રુને જીતવા છે.'

## ૯. આત્મસંતોષ રાખું

ત્યાગના માર્ગે આત્મસંતોષ મળે. ભોગ, સુખ, શાતા, પૂજા, માન, પ્રશંસાને ત્યાગવા સંતોષ જરૂરી છે. કેવળીની નજરે સંતોષી બની ધર્મ વધારું.

આજનો મારો અભ્યાસ : 'મને જે મળ્યું તે બધું સારું જ છે.'

## ૧૦. આત્મશક્તિ વધારું

દુનિયાને પૈસા, પૂજા, સ્ત્રી, સત્તા, સાધન, સગવડમાં જ રસ છે. તેવા રસથી બચવા માટે મારે હિંમત, આત્મશક્તિ વધારવી છે. હું દ્રઢધર્મી બનું. ધર્મને વફાદાર રહું. તે માટે સહનશક્તિ વધારું. આસક્તિ અને અશક્તિ છોડું. આત્મા અનંત શક્તિનો સ્વામી છે.

આજનો મારો અભ્યાસ : 'અનંત સિદ્ધો જેવું બળ મારું છે.'

## ૧૧. આત્મરક્ષા કરું

તન અને ધનની રક્ષામાં અનંત ભવ નીકળી ગયા. શું મળ્યું? .. સંસાર જ ને! હવે એકવાર આત્માની રક્ષા કરું! મારો આત્મા સમયે સમયે અનેક કર્મ બાંધી રહ્યો છે. રાગ અને દ્વેષ, વિષય અને કષાય, પાપ અને પ્રમાદ જેવા આ દુર્ગુણો જ મારા આત્મશત્રુ છે.

આજનો મારો અભ્યાસ : 'અરિહંતે શરણં પવજ્જામિ.'

## ૧૨. આત્મ સ્વભાવ પામું

સ્વભાવને પામવા આરાધક બની ક્ષમા, સંતોષ વગેરે આત્માના અનંત ગુણ પ્રગટ કરું. જ્ઞાન અને દર્શન આત્માનો ગુણ છે. જોવું અને જાણવું આત્માનો સ્વભાવ છે.

આજનો મારો અભ્યાસ : 'હું તરીને જ રહીશ.'

<u>**મારા આત્માના ગુણો પ્રગટાવવા મારો પુરુષાર્થ**</u>

અહિંસક ગુણ પ્રગટાવવા હું સહનશીલતા વધારીશ.

અભાષક ગુણ પ્રગટાવવા હું મિતભાષી બનીશ.

અચૌર્ય ગુણ પ્રગટાવવા હું સરળ બનીશ.

અવેદી ગુણને પ્રગટાવવા હું ૫ ઈન્દ્રિયના ૨૩ વિષયો પ્રત્યે ઉદાશીનતા રાખીશ.

અપરિગ્રહી બનવા માટે હું અનાસક્ત બનીશ.

અણાહારી બનવા હું જિતેન્દ્રિય બનીશ.

આત્મદર્શન કરવા માટે હુ આત્મા છું, દુનિયાથી પર છું આનું ચિંતન કરીશ.

અકષાયી ગુણ પ્રગટાવવા પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરીશ.

અકર્તા બનવા માટે અહંકારનો નાશ કરીશ, લઘુતાભાવ રાખીશ.

| બોલનું નામ | આજનો મારો અભ્યાસ |
|---|---|
| ૧. આત્મશ્રવણ કરું | હું આત્મા છું. |
| ૨. આત્મબોધ પામું | આત્મા જીવ છે અને શરીર અજીવ છે. |
| ૩. આત્મશ્રદ્ધા વધારું | નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે. |
| ૪. આત્મસ્મરણ રાખું | હું નિત્ય છું. |
| ૫. આત્મનિરીક્ષણ કરું | મેં શું કર્યું અને શું બાકી છે. |
| ૬. આત્માર્થી બનું | આ કાર્યથી મારું આત્મહિત થશે? |
| ૭. આત્મવિશ્વાસ વધારું | મારા શ્વાસથી પણ વધુ ધર્મ પર વિશ્વાસ છે. |
| ૮. આત્મયુદ્ધ કરું | મારે આત્મશત્રુને જીતવા છે. |
| ૯. આત્મસંતોષ રાખું | મને જે મળ્યું તે બધું સારું જ છે. |
| ૧૦. આત્મશક્તિ વધારું | અનંત સિદ્ધો જેવું બળ મારું છે. |
| ૧૧. આત્મરક્ષા કરું | અરિહંતે શરણં પવજ્જામિ. |
| ૧૨. આત્મસ્વભાવ પામું | હું તરીને જ રહીશ. |

<u>**અપેક્ષિત પ્રશ્નો**</u> : (૧) એક ભવે કાન ક્યારે મળે છે? (૨) સમકિત એટલે શું? (૩) ધર્મની શરૂઆત ક્યારે થાય છે? (૪) કોને ભૂલીએ? કોને યાદ રાખીએ? (૫) નિરીક્ષણ શા માટે કરવું? (૬) મારે શું નથી વધારવું? શું વધારવું છે? (૭) મારાં આત્મશત્રુ કોણ છે? (૮) મારાં આત્મગુણો કયા છે? (૯) નિજ આત્મસાધનાના પ્રથમ ૬ બોલ કયા? (૧૦) અંતિમ છ બોલનો આજનો મારો અભ્યાસ કયો? (૧૧) અવેદી ગુણ અને અકષાયી બનવા મારો પુરુષાર્થ શું?

# કથા વિભાગ

## ૧. નમિ પ્રવ્રજ્યા

### ❖ ઉત્તરાધ્યયન સૂત્ર–અધ્યયન ૯ ❖

માલવ દેશના સુદર્શનપુરના રાજા મણિરથ હતા. તેમનો નાનો ભાઈ યુવરાજનું નામ યુગબાહુ હતું. મદનરેખા નામે યુગબાહુની પત્ની અત્યંત સ્વરૂપવાન હતી. એકવાર રાજા તેના રૂપમાં આસક્ત બની ગયા. આથી રાજાએ કપટથી પોતાના નાના ભાઈ યુગબાહુની હત્યા કરી નાખી. તે સમયે મદનરેખા ગર્ભવતી હતી. તે વનમાં ચાલી ગઈ અને વનમાં તેણે પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને મિથિલાનરેશ પદ્મરથ પોતાની નગરી મિથિલામાં લઈ આવ્યા. તેનું નામ 'નમિ' રાખવામાં આવ્યું. પદ્મરથરાજાને વૈરાગ્ય થતાં નમિ વિદેહના રાજા બન્યા.

એકવાર નમિરાજાના શરીરમાં અતિ દુ:સહ એવો દાહજ્વર ઉત્પન્ન થયો. તેથી તે ખૂબ જ વ્યથિત રહેવા લાગ્યા. છ મહિના ઉપચાર ચાલ્યો છતાં કશો લાભ થયો નહીં. એક વૈદ્યે સુખડનો લેપ શરીરે લગાવવાનું કહ્યું. રાણીઓ સુખડ ઘસવા લાગી પરંતુ હાથમાં રહેલાં કંકણોનો અવાજ થવા લાગ્યો. અતિ વેદના ભોગવતા રાજાથી આ કંકણોનો અવાજ સહન ન થયો. રાણીઓએ હાથમાં સૌભાગ્યચિહ્નરૂપ એક કંકણ રાખી અને બીજાં કંકણ કાઢી નાખ્યાં. પછી એકલા કંકણનો અવાજ તો થાય જ ક્યાંથી? અવાજ ન આવતાં

રાજાએ મંત્રીને પૂછ્યું : "કંકણનો અવાજ કેમ નથી આવતો?"

મંત્રીએ કહ્યું : "સ્વામિન્! આપને કંકણોના અથડાવાથી થતો ધ્વનિ અપ્રિય લાગતો હતો, આથી રાણીઓએ માત્ર એક એક કંકણ હાથમાં રાખીને બાકીનાં બધાં કંકણ ઉતારી નાંખ્યાં છે."

આ ઘટનાથી રાજાના હૃદયનું પરિવર્તન થયું. નવો પ્રકાશ મળ્યો, રાજા આ ઘટનાથી પ્રતિબુદ્ધ (જાગૃત) થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા કે 'જ્યાં અનેક છે, ત્યાં સંઘર્ષ, દુ:ખ, પીડા અને રાગ આદિ અશાંતિ છે. જ્યાં એક છે ત્યાં શાંતિ છે. જ્યાં શરીર, ઈન્દ્રિય, મન અને ધન, પરિવાર રાજ્ય વગેરે પર ભાવો છે. પરભાવ છે ત્યાં દુ:ખ છે. જ્યાં માત્ર એકત્વભાવ છે, આત્મભાવ છે, ત્યાં દુ:ખ નથી. જ્યાં સુધી મોહવશ સ્ત્રીઓ, ખજાનો, મહેલ તથા હાથી, અશ્વ આદિ તેમ જ રાજકીય ભોગો છે, ત્યાં સુધી હું દુ:ખી છું. આ સર્વ છોડીને હું એકાકી બનીશ ત્યારે જ સુખી થઈશ.' આ રીતે અંતરમાં વિવેક વડે તેમને વૈરાગ્ય જાગી ઊઠયો. તેમણે એકાકી

બની દીક્ષા લેવાનો દ્રઢ નિર્ણય કર્યો. દીક્ષા ગ્રહણ કરવાની ભાવનાથી નમિરાજાને ગાઢ નિદ્રા આવી ગઈ. તેમનો દાહજ્વર શાંત થઈ ગયો.

નિદ્રામાં તેમને એક સ્વપ્ન આવ્યુ. સ્વપ્નમાં તેઓ શ્વેત હાથી પર બેસી મેરુપર્વત પર ચઢી ગયા. સવારે જાગી તેઓએ વિચાર કર્યો કે–'સ્વપ્નમાં આવેલ પર્વત જેવો પર્વત મેં ક્યાંક જોયો છે. વારંવાર વિચાર કરતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેમણે જોયું કે પોતે પૂર્વભવમાં દીક્ષા અંગીકાર કરી હતી. શુદ્ધ સંયમના પાલનના કારણે ૧૭ સાગરની સ્થિતિ પામીને મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયો હતો, ત્યાંથી અત્યારે હું રાજા બન્યો છું.'

નમિરાજાને પૂર્વજન્મનું સ્મરણ થતાં સર્વોત્તમ એવા ચારિત્રધર્મનો સ્વયં બોધ પામ્યા. રાજ્ય કારભાર પોતાના પુત્રને સોંપીને દીક્ષા લેવા નીકળ્યા. ત્યારે પ્રથમ દેવલોકના ઈન્દ્રે અવધિજ્ઞાનથી જાણ્યું કે નમિરાજા એકાએક મુનિ બની રહ્યા છે. તો તેઓની ત્યાગ ભાવના સ્થિર છે કે ક્ષણિક આવેશ છે? તે જાણવા અને કસોટી કરવા ઈન્દ્ર બ્રાહ્મણનો વેશ ધારણ કરીને નમિરાજા પાસે ગયા. તેમણે તેમને નીચે પ્રમાણે પ્રશ્નો કર્યા, જેના નમિરાજાએ વૈરાગ્યપ્રેરક ઉત્તર આપ્યા.

## મિથિલામાં કોલાહલનું કારણ

જે સમયે નમિરાજર્ષિ નિષ્ક્રમણ કરી (નગરી છોડી) દીક્ષા લઈ રહ્યા હતા તે સમયે મિથિલાનગરીની પ્રજામાં કોલાહલ મચી ગયો હતો. તેથી બ્રાહ્મણ ઈન્દ્રએ રાજાને પ્રશ્ન કર્યો : "હે રાજા! આજે મિથિલાનગરી કોલાહલથી કેમ વ્યાપ્ત છે? તથા ઘર ઘરમાં અને રાજમહેલમાં હૃદયને ચીરી નાખે એવા ભયંકર વિલાપ તેમજ આક્રંદના અવાજો શા માટે સંભળાય છે?"

નમિરાજા : મિથિલાનગરીના એક ઉદ્યાનમાં એક સુંદર ઝાડ હતું. જે અતિ સુંદર, પાંદડાં, પુષ્પ તથા ફળોથી ભરેલું અને સહુને છાયા આપનારું તથા અનેક પક્ષીઓને આશ્રય દેનારું બહુ ઉપકારી હતું. પ્રચંડ તોફાનને કારણે તે સુંદર ઝાડ તૂટી પડવાથી હે બ્રાહ્મણ! આશ્રય વિનાનાં દુઃખી, અશરણ અને પીડિત આ પક્ષીઓ કકળાટ કરી રહેલ છે. એટલે કે હું રાજમહેલમાંથી નીકળી દીક્ષા લેવા જઈ રહ્યો છું. તેથી તે લોકો આક્રંદ કરે છે તેવું દેખાય છે. પણ તેઓ મારા માટે નહીં પરંતુ પોતાના સ્વાર્થનો નાશ થતો જોઈને રડી રહ્યા છે.

## મહેલ અને અંતઃપુર સળગવાનો નિર્દેશ

બ્રાહ્મણ :"હે ક્ષત્રિય! આ વાયુથી પ્રેરિત અગ્નિ આ ભવનોને અને તમારા અંતઃપુર(રાણીના મહેલ)ને બાળી રહ્યાં છે. આપ એમના તરફ કેમ લક્ષ દેતાં નથી?

અંતઃપુર આપનું છે તેથી તેની તમારે રક્ષા કરવી જોઈએ.

નમિરાજા : 'હે બ્રાહ્મણ! જેમાં કોઈ વસ્તુ મારી નથી, એવી મિથિલાનગરી બળી રહી છે, પરંતુ તેમાં મારું કશું બળતું નથી. હું સુખપૂર્વક રહું છું, મને રાજ્ય, પુત્ર, પત્ની, ઘર, ખેતી, વ્યાપાર વગેરે સાંસારિક પદાર્થોમાં જરાપણ મોહ કે મમત્વ નથી. સાધુ બધી પરિસ્થિતિમાં સમભાવ રાખે છે.

સર્વ પ્રકારનાં બાહ્ય આભ્યંતર બંધનોથી મુક્ત થઈ 'હું એકલો છું મારું કોઈ નથી' આવી એકત્વ ભાવનાનું ચિંતન જ મારાં કલ્યાણનું કારણ છે. ભિક્ષા કરી જીવનનિર્વાહ કરવો એ જ મને શ્રેયસ્કર છે.'

## નગરની સુરક્ષા

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! આપ નગરના રક્ષણ માટે ફરતો કિલ્લો, ગઢનો મુખ્ય દરવાજો, કિલ્લા પર શત્રુ સાથે યુદ્ધ કરવાના બુર્જ, ખાઈઓ બનાવીને તથા શત્રુને હણનાર તોપ આદિ ગોઠવીને પછી દીક્ષા લો !"

નમિરાજા : "હે બ્રાહ્મણ! સાચો ક્ષત્રિય છકાય જીવોની રક્ષા કરનાર તેમ જ આત્મરક્ષા કરનાર હોય છે. કર્મ શત્રુને પરાજિત કરવા આંતરિક યુદ્ધ કરે છે. આવું યુદ્ધ કરનાર મુનિ શ્રદ્ધાનું નગર બનાવે છે, તેમ જ તપ, સંવર, ક્ષમા, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, ધૈર્ય, પરાક્રમ વગેરે વિવિધ સુરક્ષાનાં સાધનો દ્વારા આત્મરક્ષા કરી વિજય પ્રાપ્ત કરે છે. મારે એવા ક્ષત્રિય થવું છે, માટે મારે યુદ્ધથી રક્ષાની કે યુદ્ધનાં સાધનોની કોઈ જરૂર નથી."

## વિવિધ પ્રાસાદ વગેરે બનાવવાની પ્રેરણા

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! આપ પહેલાં મહેલ, ઊંચાં ભવનો, જળક્રીડા કરવા માટે તળાવ વગેરે સ્થાન બનાવીને પછી દીક્ષા લો."

નમિરાજા : "હે બ્રાહ્મણ! જે વ્યક્તિને શંકા હોય કે હું મારા લક્ષસ્થાને પહોંચીશ કે નહીં? તે માર્ગમાં પોતાનું ઘર બનાવે છે. મને દ્રઢ વિશ્વાસ છે કે હું મારા લક્ષસ્થાને પહોંચીશ અને મારું શાશ્વત (કાયમી) સ્થાન બનાવીશ. મારું તો મોક્ષ જ અંતિમ સ્થાન છે. બુદ્ધિમાન પુરુષ તો જ્યાં જવાની ઈચ્છા હોય ત્યાં જ પોતાનું સ્થાયી ઘર બનાવે છે."

## ચોર આદિથી નગરની સુરક્ષા

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! તમે ચોર, લૂંટારા, ડાકુઓ, બહારવટિયાઓ વગેરેથી તમારા નગરને સુરક્ષિત કરીને પછી સંયમ લો. ''

નમિરાજા : "હે બ્રાહ્મણ! તમારું આ કથન એકાંતે આદરવા જેવું નથી,

કારણ કે ઘણીવાર સાચા અપરાધી જાણી શકાતા નથી એટલે તે ગુનેગાર બચી જાય છે અને નિરપરાધીને ગુનેગાર સાબિત કરવામાં આવે છે. માટે વિષય કષાયરૂપ આંતરિક ચોર ડાકુઓથી જ મારી રક્ષા કરવી જોઈએ."

### રાજાઓને જીતવાની પ્રેરણા

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! કેટલાક રાજાઓ જે આપને નમ્યા નથી અને આપના વશમાં આવ્યા નથી તેમને યુદ્ધ દ્વારા વશમાં કરીને પછી આપ દીક્ષા લો?"

નમિરાજા : "હે બ્રાહ્મણ! જે દુર્જય સંગ્રામમાં ૧૦ લાખ યોદ્ધાઓને એકલો જ જીતી લે છે તેના કરતાં વિષય કષાયમાં રક્ત પોતાના આત્માને જીતનાર જ મોટો વિજેતા છે. આત્માને વશ કરનારો વિજય જ સૌથી શ્રેષ્ઠ વિજય છે. પોતાના આત્મા સાથે યુદ્ધ કરો, બહારના રાજાઓ સાથે યુદ્ધ કરીને શું મળશે? વિષયી આત્માને જ્ઞાન આત્મા દ્વારા જીતવાથી સાચાં, શાશ્વતા સુખને પામી શકાય છે. પાંચ ઈન્દ્રિયો, ચાર કષાય અને દશમું મન એ બધાંને જીતવાં જ દુષ્કર છે. છતાં એક પોતાના આત્માને જીતતાં એ દશને જીતી શકાય છે."

### યજ્ઞ આદિની પ્રેરણા

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! તમે પહેલાં બ્રાહ્મણો પાસે મોટા યજ્ઞ કરાવી, શ્રમણો અને બ્રાહ્મણોને ભોજન કરાવી, બ્રાહ્મણ આદિને ગાયો, ભૂમિ, સુવર્ણ વગેરે દાન કરીને, મનોજ્ઞ શબ્દ વગેરે વિષય-સુખોને ભોગવીને તથા સ્વયં યજ્ઞ કરીને પછી દીક્ષા અંગીકાર કરજો."

નમિરાજા : "હે બ્રાહ્મણ! જે વ્યક્તિ એક મહિનામાં ૧૦, ૧૦ લાખ ગાયોનું દાન આપે, તેના કરતાં કંઈ પણ દાન ન કરનારનો સંયમ અધિક શ્રેષ્ઠ છે, શ્રેયસ્કર અને કલ્યાણકારક છે."

યજ્ઞ કાર્ય સાવધ કાર્ય છે. તેમાં પશુવધ અને સ્થાવર જીવોની હિંસા થાય છે. જ્યારે સંયમપાલન સંપૂર્ણ નિર્વધ છે. યોગ્ય પાત્રને દાન આદિ આપવું તે પુણ્યજનક છે, છતાં દાન સંયમથી શ્રેષ્ઠ નથી. તીર્થંકર પણ એક વર્ષ દાન આપ્યા પછી અંતે તો દીક્ષા જ ગ્રહણ કરે છે અને આપણને બોધ આપે છે કે દાન કરતાં પણ સંયમ શ્રેષ્ઠ છે."

### ગૃહસ્થાશ્રમમાં ધર્મની પ્રેરણા

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! આપ ઉત્તમ ગૃહસ્થાશ્રમને છોડીને બીજા સંન્યાસ આશ્રમને ધારણ કરવા ઈચ્છો છો તે બરાબર નથી. ગૃહસ્થવાસમાં રહીને પણ

પૌષધ આદિ શ્રાવક વ્રતોનું પાલન કરતાં તમે ધર્મ આરાધન કરો."

નમિરાજા : "હે બ્રાહ્મણ! જે અજ્ઞાની ઉગ્ર તપસ્વીઓ માસ માસના ઉપવાસ તપ કરે છે અને પારણામાં સોયની અણી પર રહે એટલો જ ખોરાક લે છે. તેઓ સમ્યક્ ચારિત્ર રૂપ મુનિધર્મના સોળમા ભાગનું ફળ પણ પામી શકતા નથી."

## ભંડાર વૃદ્ધિની પ્રેરણા

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! પહેલાં તમે ચાંદી, સોનું, મણિ, મોતીઓ, કાંસાનાં પાત્રો, વસ્ત્રો, વાહનો અને ભંડારની વૃદ્ધિ કરી પછી મુનિ બનો."

નમિરાજા : "હે બ્રાહ્મણ! જેની પાસે સોના અને ચાંદીના કૈલાસ જેવા અસંખ્ય પર્વત થઈ જાય તો પણ લોભી મનુષ્યને તેથી શાંતિ થતી નથી. કારણ કે મનુષ્યની ઈચ્છાઓ આકાશની જેમ અનંત છે. પૃથ્વી પરના તમામ પ્રદેશો, ચોખા, જવ આદિ પૃથ્વીમાં રહેલાં સહુ ધાન્યો, સોનું તથા પશુઓ આ બધાં એક મનુષ્યની ઈચ્છાપૂર્તિ માટે પૂરાં થતાં નથી. એવું જાણીને વિદ્વાન સાધક તપનું આચરણ કરે, સંયમ ગ્રહણ કરે અને ઈચ્છાઓનો નિગ્રહ કરે તે જ શ્રેષ્ઠ છે."

## અપ્રાપ્ત સુખની ચાહનાનો આક્ષેપ

બ્રાહ્મણ : "હે ક્ષત્રિય! આશ્ચર્ય છે કે તમો પ્રત્યક્ષ મળેલાં સુખોનો ત્યાગ કરવા તૈયાર થયા છો અને નહીં મળેલા એવા કામભોગોનાં સુખોની ઈચ્છા કરી રહ્યા છો. પરંતુ અભિલાષાઓ પૂર્ણ ન થવા પર તમે વ્યર્થ સંકલ્પો અને વિકલ્પોથી દુ:ખી થઈ જશો."

નમિરાજા : "હે બ્રાહ્મણ! આ સંસારના કામભોગો કાંટારૂપ છે, વિષય વાસના તુલ્ય છે, અને આ કામભોગો આશીવિષ સર્પ જેવા છે. એવા કામભોગોની ઈચ્છા રાખનાર તેને પામ્યા વિના જ દુર્ગતિમાં ચાલ્યા જાય છે.
ક્રોધ અને માનથી જીવની અધોગતિ થાય છે. માયા સદ્ગતિમાં બાધક છે અને લોભ વડે આ લોક અને પરલોક ભયરૂપ બને છે."

## દેવેન્દ્ર દ્વારા ગુણકીર્તન

નમિરાજા સાથે બ્રાહ્મણરૂપે વાર્તાલાપ કર્યા પછી વૈક્રિય શક્તિથી પોતાનું અસલ ઈન્દ્રરૂપ ધારણ કરીને મધુર વાણીથી સ્તુતિ કરતાં હાથ જોડીને વંદન કરતાં તેઓ ઊભા રહી ગયા અને બોલ્યા : "અહો ! આશ્ચર્ય છે કે આપે ક્રોધને જીત્યો છે. અહો! આપે માનનો પરાજય કર્યો છે. આપે માયાને નિષ્ક્રિય બનાવી છે અને લોભને સંપૂર્ણ વશ કરી છે. આપ આ લોકમાં ઉત્તમ છો પણ પરલોકમાં પણ

ઉત્તમ થશો. કર્મરજથી રહિત થઈને આપ સર્વોત્તમ એવા સિદ્ધના સ્થાનને પ્રાપ્ત કરશો.સ્ર આમ કહી ઈન્દ્રએ નમિરાજાને વારંવાર વંદન કર્યા.

### નમિરાજર્ષિની આરાધનાથી પ્રેરણા

નમિમુનિએ આત્મ ભાવના વડે પોતાના આત્માને વિનમ્ર બનાવ્યો. સાક્ષાત્ ઈન્દ્ર દ્વારા સંસાર રુચિની પ્રેરણા મળવા છતાં વૈરાગ્યભાવમાં અડગ રહી રાજભવન અને વિદેહ દેશની રાજધાની મિથિલાનગરીનો ત્યાગ કરી સાધુધર્મની આરાધનામાં તલ્લીન બન્યા. બોધપ્રાપ્ત પંડિત અને વિચક્ષણ પુરુષ નમિરાજર્ષિની જેમ ધર્મમાં દ્રઢ બની કામભોગોથી દૂર થાય છે. ધન્ય છે નમિરાજર્ષિની વૈરાગ્ય ભાવનાને ...!

સાધક સંસારને પ્રિય અને અપ્રિય એમ બે ભાગમાં વિભક્ત કરતા નથી. પરંતુ તેઓ સાંસારિક સુખોનો, આસક્તિનો તથા કષાયોનો ત્યાગ કરવામાં જ આનંદ અનુભવે છે. સાધક સદા વૈરાગ્યભાવમાં લીન રહે છે. હું પણ આ દુર્લભ મનુષ્ય ભવમાં સાચો સાધક બનું

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) નમિરાજર્ષી કોણ હતાં ? તેમને કયો રોગ થયેલો? તેમણે રોગમાં શું વિચાર કર્યો? (૨) નમિરાજા સાધુ બની ગયા પછી ઈન્દ્ર શું કસોટી કરવા આવ્યા હતા? (૩) કોલાહલ વિશે ઈન્દ્રએ પૂછતાં નમિરાજાએ શું જવાબ આપ્યો? (૪) દેવેન્દ્રએ નમિમુનિના શું ગુણકીર્તન કર્યા? (૫) ચોર વગેરેથી નગરની સુરક્ષા કેવી રીતે કરવી જોઈએ? (૬) ઈન્દ્રએ મહેલ સળગવાનો નિર્દેશ કર્યો તો નમિરાજર્ષિએ શું જવાબ આપ્યો? (૭) ઈન્દ્રએ ભંડારમાં વધારો કરવાની પ્રેરણા કરવા પર નમિરાજાએ શું કહ્યું? (૮) નમિરાજર્ષિની આરાધનાથી આપણને શું પ્રેરણા મળે છે? (૯) નમિરાજાનો પૂર્વભવ કેવો હતો?

## ૨. દેવદત્તા

### ❖ દુઃખવિપાકસૂત્ર-અધ્યયન ૯ ❖

રોહિતક નામના નગરના રાજ્યમા પૃથ્વીઅવતંસક નામે એક ઉદ્યાન હતું. તેમાં ધરણ નામના દેવનું યક્ષાયતન હતું. ત્યાં વૈશ્રમણ નામના રાજાનું રાજ્ય હતું. તેની શ્રી નામની રાણી હતી. યુવરાજપદ પર પુષ્પનંદી નામે રાજકુમાર બિરાજમાન હતો.

તે રોહિતક નગરમાં દત્ત નામે એક ગાથાપતિ રહેતો હતો. જે ધનાઢ્ય અને સન્માનનીય હતો. તેને કૃષ્ણશ્રી નામે પત્ની હતી. તેમને દેવદત્તા નામે એક બાલિકા હતી. તે સંપૂર્ણ નિર્દોષ અને સ્વરૂપવાન હતી.

તે કાળે પૃથ્વીઅવતંસક ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. તેમની ધર્મદેશના સાંભળવા રાજા-પ્રજા સહુ આવ્યા. ધર્મદેશના સાંભળી સહુ પાછા ગયા.

## ગૌતમ દ્વારા જોવાયેલું દૃષ્ય

એક દિવસ ભગવાનના મુખ્ય ગણધર શિષ્ય ગૌતમ સ્વામી છઠના પારણે ગોચરી માટે નગરમાં પધાર્યા. ગોચરી કરીને રાજમાર્ગમાં પાછા ફરતાં રસ્તામાં કુતૂહલ જોયું. ઘણા હાથી, ઘોડાં અને પુરુષોની વચ્ચે મબજૂત બંધનથી બાંધેલી, કાન, નાક કાપેલી એક સ્ત્રીને જોઈ. તેના શરીર પર ચીકણો પદાર્થ લગાડેલો હતો, તેની કમ્મરે વધ યોગ્ય વસ્ત્ર પહેરાવેલાં હતાં, હાથમાં કડીઓ હતી, ગળામાં લાલ ફૂલોની માળા પહેરાવેલી હતી. ગેરુના ચૂર્ણથી તેનું શરીર રંગેલુ હતું એવી સ્ત્રીને શૂળી વડે ભેદન કરાતી જોઈ, ગૌતમના મનમાં વિચાર આવ્યો કે-'આ સ્ત્રી કેવી નરકતુલ્ય વેદના ભોગવી રહી છે? શા માટે આવા દુઃખ ભોગવી રહી હશે?'
તેઓ નગરમાંથી બહાર નીકળી ભગવાન પાસે આવ્યા અને પૂછવા લાગ્યા.

ગૌતમ : "હે ભગવન્! આ સ્ત્રી પૂર્વભવમાં કોણ હતી અને શા માટે આવા દારુણ દુઃખ અહીં ભોગવી રહી છે?"

## દેવદત્તાનો પૂર્વભવ

ભગવાન : હે ગૌતમ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ત્યારે સુપ્રતિષ્ઠ નામે નગર હતું. ત્યાં મહારાજા મહાસેન રાજ્ય કરતા હતા. તેમના રાણીવાસમાં ધારિણી વગેરે એક હજાર રાણીઓ હતી. મહારાજ મહાસેનનો અને મહારાણી ધારિણી દેવીનો પુત્ર સિંહસેન યુવરાજપદને શોભાવતો હતો.

રાજકુમાર સિંહસેન માટે રાજાએ ૫૦૦ અત્યંત વિશાળ અને ઉત્તમ મહેલો બનાવડાવ્યા. શ્યામા વગેરે ૫૦૦ સુંદર રાજકન્યાઓ સાથે તેનું વિવાહ કરી દીધું. તે રાજકુમાર સુખપૂર્વક દિવસો વિતાવવા લાગ્યો.

ત્યાર બાદ અમુક સમયે રાજા મહાસેનનું અવસાન થઈ ગયું. અંતિમ વિધિ પતાવી દીધા પછી રાજકુમાર સિંહસેન રાજા બની ગયો. સિંહસેનરાજા શ્યામા રાણીમાં મૂર્છિત અને પાગલ રહેતો. બીજી રાણીઓનો આદર કરતો નહીં અને તેમનું ધ્યાન પણ રાખતો નહીં. ૪૯૯ રાણીઓની માતાઓએ જ્યારે આ જાણ્યું ત્યારે તેમણે ભેગાં મળીને વિચાર્યું કે- 'આપણે શ્યામા રાણીને અગ્નિપ્રયોગ, વિષપ્રયોગ અથવા શસ્ત્રપ્રયોગથી જીવન રહિત કરી નાખીએ'. આથી તેઓ સારા

મોકાની રાહ જોવા લાગ્યા.

## સિંહસેન દ્વારા ૪૯૯ સાસુ માતાઓની કતલ

આ તરફ શ્યામા રાણીને ૪૯૯ માતાઓએ કરેલ ષડયંત્રની ખબર પડી ગઈ. 'પોતાને કેવા કમોતે તેઓ મારશે' એ વિચારે તે ભયભીત થઈ ગઈ. જ્યાં કોપભવન હતું ત્યાં આવીને નિરાશ મનથી બેસી આર્ત્તધ્યાન કરવા લાગી. રાજાએ શ્યામારાણીને તેના કોપનું કારણ પૂછતાં બધી વિગતની જાણ રાજાને પણ થઈ. આ વાત સાંભળીને રાજાએ શ્યામાને કહ્યું : 'તું આર્ત્તધ્યાન ન કર. હું એવો ઉપાય કરીશ કે જેથી તને કોઈ બાધાપીડા ન થાય. પછી તેણે રાણીને રવાના કરી દઈ પોતાના ચાકરોને બોલાવી પશ્ચિમ દિશામાં નગરની બહાર એક મોટી ફૂટાગારશાળા બનાવવાનું કહ્યું.

સુંદર અને સેંકડો સ્તંભોથી યુક્ત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ એવી ફૂટાગારશાળા કારીગરોએ ટૂંક સમયમાં બનાવી દીધી. પછી એકવાર રાજા સિંહસેને પોતાની ૪૯૯ રાણીઓની ૪૯૯ માતાઓને આમંત્રણ આપ્યું. તેમને સહુને ફૂટાગાર શાળામાં ઉતારો આપ્યો. પછી ખૂબ પુષ્પો, વસ્રો, સુગંધી પદાર્થો, માળાઓ અને અલંકારો પહોંચાડયા. રાણીઓની માતાઓએ વિપુલ માત્રામાં અન્ન, પાણી, સુરા(દારૂ)નું પાન કર્યું અને નાચગાનમાં બધાં મસ્ત થઈ ગયા.

સિંહસેનરાજાએ અર્ધરાત્રિના સમયે ફૂટાગારશાળાના બધા દરવાજાઓ બંધ કરાવી દીધા અને તેની ચારેબાજુથી આગ લગાવી દીધી. આ આગથી ત્રાણ અને શરણથી રહિત ૪૯૯ માતાઓ રુદન, આક્રંદ, વિલાપ કરતી મરણ પામી.

## સિંહસેનનું મરણ તથા દેવદત્તા રૂપે જન્મ

સિંહસેનરાજા આવા પ્રકારનાં કાર્યોથી, આવાં આચરણથી અતિઅધિક પાપકર્મોનું ઉપાર્જન કરી ૩૪૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી ૨૨ સાગરોપમની સ્થિતિએ છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. તે જીવ ત્યાં ૨૨ સાગરની સ્થિતિ પૂર્ણ કરીને રોહિતક નગરમાં દત્ત સાર્થવાહની પત્નીના ઉદરમાં પુત્રીરૂપે ઉત્પન્ન થયો.

જે કન્યાનું નામ 'દેવદત્તા' રાખવામાં આવ્યું. તે બાલ્ય અવસ્થા છોડીને યૌવનમાં અત્યંત રૂપ, લાવણ્ય સાથે પ્રવેશી. એકવાર તે પોતાના મકાનની અગાસીમાં સોનાના દડાથી રમતી હતી, તે સમયે મહારાજા વૈશ્રમણદત્ત ઘોડા પર સવાર થઈને ત્યાંથી પસાર થયા. તેમણે દેવદત્તાને જોઈ અને પોતાના સેવકો દ્વારા તે કન્યા વિશે જાણકારી મેળવી લીધી.

ત્યાર પછી દેવદત્તાએ પોતાના રાજકુમાર પુત્રને વિવાહયોગ્ય જાણી,

પોતાના સેવકોને દત્ત સાર્થવાહના ઘરે મોકલ્યા. પોતાની દીકરીને રાજાના રાજમહેલમાં રાણી તરીકે સ્થાન મળશે તે જાણીને દેવદત્તે રાજાની માગણીનો સહર્ષ સ્વીકાર કર્યો. ટૂંક સમયમાં દેવદત્તાના લગ્ન પુષ્પનંદી સાથે કરાવવામાં આવ્યા.

## માતાના ભક્ત પુષ્પનંદી

રાજકુમાર પુષ્પનંદી તથા શ્રેષ્ઠીપુત્રી દેવદત્તા મનુષ્ય સંબંધી પાંચ ઈન્દ્રિયોના ૨૩ વિષયો ભોગવતા રહેવા લાગ્યા. કોઈ એક સમયે રાજા વૈશ્રમણદત્ત મરણ પામ્યા. શોકગ્રસ્ત રાજકુમાર પુષ્પનંદીએ મોટા સમારોહ સાથે તેમની અંતિમ વિધિ કરી.

પુષ્પનંદી પોતાની માતાનો પરમભક્ત હતો. તે હંમેશાં માતા શ્રીદેવી જ્યાં પણ હોય ત્યાં જઈને શ્રીદેવીના ચરણોમાં પ્રણામ કરતો. માતાને શતપાક, સહસ્રપાક વગેરે તેલોથી માલિશ કરતો. તેમની અસ્થિ, માંસ, ત્વચા અને રૂંવાડાંને સુખકારી એવી સંવાહન ક્રિયાથી માતાના શરીરને સુખશાતા આપતો. ગરમ, ઠંડા અને સુગંધિત એ ત્રણ પ્રકારનાં પાણીથી સ્નાન કરાવતો અને પછી તેમને ભોજન વગેરે કરાવતો. ત્યાર બાદ પોતે સ્નાન કરી અને ભોજન કરતો. આ રીતે તે માતાની ભક્તિ સાથે જીવન જીવતો.

દેવદત્તારાણીને સતત વિચારો આવતા કે-'મહારાજ પુષ્પનંદી માતાનો પરમભક્ત છે અને દિવસ-રાત માતાની સેવામાં જ લીન રહે છે. હું મહારાજ સાથે મનુષ્ય સંબંધી વિષય-ભોગોને ભોગવી શકતી નથી, તેથી મારા માટે યોગ્ય છે કે અગ્નિ, શસ્ત્ર, વિષ અથવા મંત્રના પ્રયોગથી શ્રીદેવીને મારી નાંખવી.' શ્રીદેવીને મારી નાંખવાની ખરાબ ભાવના સાથે રાણી દેવદત્તા એકાંત, અંધકાર અને અનુકૂળ સમયની રાહ જોતી રહી.

## દેવદત્તા દ્વારા માતા શ્રીદેવીની હત્યા

કોઈ એક વખત શ્રીદેવી માતા પોતાની શય્યામાં સૂતાં હતાં. દેવદત્તા તેમની શય્યા પાસે આવી અને મને કોઈ જોતું નથી તે જોઈને રસોડામાં ગઈ. એક લોખંડના સળિયાને લીધો તેને અગ્નિમાં તપાવ્યો. તે તપાવેલા લોઢાના સળિયાને શ્રીદેવીની ગુદામાં ખૂંચાડી દીધો. તે સળિયો ખૂંચાડવાથી મોટી ચીસ પાડીને આક્રંદ કરતી શ્રીદેવી તે જ સમયે મરણ પામી. શ્રીદેવીની દાસીઓ દોડીને ત્યાં આવી પહોંચી. તેમણે દેવદત્તાને ત્યાંથી જતી જોઈ. તરંત તે દાસીઓ શ્રીદેવી પાસે ગઈ ત્યાં તેમને જીવન રહિત થયેલી જોઈ. વિલાપ કરતી દાસીઓએ રાજાને આવીને કહ્યું કે -"રાણી દેવદત્તાએ અકાળે માતા શ્રીદેવીને મારી નાંખ્યા."

આવા આંચકાજનક સમાચાર સાંભળી રાજા શોકમગ્ન થઈ જમીન પર પડી ગયો. થોડીવાર પછી ઉપચારો દ્વારા તે હોંશમાં આવ્યા. તેણે રાજપુરુષો દ્વારા દેવદત્તાને પકડાવી દીધી. પછી હે ગૌતમ ! તમે જે વિધિથી જોઈ તે રીતે દેવદત્તાને મારવાની આજ્ઞા સેવકોને રાજાએ આપી. આ પ્રમાણે નિશ્ચયથી દેવદત્તા પોતાના પૂર્વ પાપકર્મનું ફળ ભોગવે છે.

## દેવદત્તાનું ભવભ્રમણ

ગૌતમ : 'હે ભગવાન ! દેવદત્તા અહીંથી મરીને કર્યા જશે? કયાં જન્મ લેશે?"

મહાવીર : "હે ગૌતમ! દેવદત્તા દેવી ૮૦ વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને મરણ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારકીરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી તિર્યંચના ભૂજપર આદિ રૂપમાં જન્મીને ત્યાંથી બીજી નરકમાં, ત્યાંથી તિર્યંચમાં ખેચર આદિ રૂપે જન્મીને ત્યાંથી ત્રીજી નરકમાં, ત્યાંથી સ્થળચર તિર્યંચ થઈને ત્યાંથી ચોથી નરકમાં, ત્યાંથી તિર્યંચ આદિ થઈ પાંચમી, છઠ્ઠી અને સાતમી નરકમાં જન્મ ધારણ કરશે. ત્યાર બાદ તિર્યંચ યોનિમાં અનેક જન્મ મરણો કરીને પછી ચૌરેન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય યોનિમાં અનેક જન્મ મરણો કરશે. ત્યાર બાદ વનસ્પતિમાં કડવાં ઝાડ, કડવાં દૂધવાળાં ઝાડ વગેરેમાં થઈ વાયુકાય, તેઉકાય, અપ્‌કાય અને પૃથ્વીકાયમાં લાખોવાર મરણ પામીને તેમાં જ વારંવાર ઉત્પન્ન થશે.

ત્યાંથી નીકળીને ગંગપુર નગરમાં શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે ઉત્પત્ર થશે. ત્યાં જૈન ધર્મ પામી સંયમની આરાધના કરી સુધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને તેનું યથાવત્ પાલન કરીને સિદ્ધિને પામશે.''

ઉપસંહાર : (૧) સ્વાર્થ અને ભોગની લિપ્સા કેટલી ભયંકર હોય છે કે વ્યક્તિ પોતાના સંબંધ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ભયંકર કાર્ય કરી બેસે છે. આ જ કારણે લોકમાં ત્રણ પ્રકારના અંધ કહ્યા છે,–ક્રોધાંધ, કામાંધ અને સ્વાર્થાંધ. આ ત્રણેય અંધ લાંબાકાળ સુધી સંસારમાં ભવભ્રમણ કરે છે. દેવદત્તા, સિંહસેન વગેરે તેના જ્વલંત ઉદાહરણ છે. ભોગમાં આસક્ત દેવદત્તા સાસુની સેવા ન કરતાં મારી નાંખે છે અને અનંત સંસાર વધારે છે.

(૨) દેવદત્તા પૂર્વભવમાં અશુભ કર્મોથી વ્યાપ્ત બુદ્ધિવાળી હતી. તેથી જ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ સૂઝી અન્યથા તેને ૮૦ વર્ષ થઈ ચૂકયાં હતાં, છતાં તેણે સાસુની હત્યા કરી. પોતે સ્વયં પણ કમોતે મરી. માતાના ભક્ત એવા પતિને પત્ની હત્યાનું પાપ કરાવ્યું. એક અધર્મી અનેકને બગાડે છે. તેના આ ભવ,

પરભવ નિંદિત થાય છે.

(૩) સંસારના સ્વાર્થપૂર્ણ સંબંધોનું સ્પષ્ટ ચિત્ર આ અધ્યયનમાં અંકિત કર્યું છે. એક રાજા ૪૯૯ સાસુને જીવતી સળગાવી દે અને એક ૮૦ વર્ષની વહુ ૧૦૦ વર્ષની સાસુની હત્યા કરી નાંખે છે. રાજકુળમાં મળેલું સુખ પણ કેટલું ભયંકર દુઃખદાયી બન્યું! આ જાણી દુર્લભ માનવભવનું સ્વાગત ધર્માચરણ દ્વારા કરી જીવન સફળ બનાવવું જોઈએ. ચંચળ લક્ષ્મી અને સ્વાર્થી સંબંધોનો ત્યાગ કરી સંયમ તપમાં પુરુષાર્થ કરવો જોઈએ.

**પાપ છુપાયાં ના છૂપે, છૂપે તો બડા ભાગ,**
**દાબી દૂબી ના રહે, રૂઈ લપેટી આગ**

<u>અપેક્ષિત પ્રશ્નો</u> : (૧) દેવદત્તા એ કયા સૂત્રનો કયા અધ્યયનનો અધિકાર છે? દેવદત્તા કોણ હતી? તેનાં લગ્ન કોની સાથે થયાં હતાં? (૨) પુષ્પનંદી માતાનો પરમભક્ત હતો, તે કેવી રીતે સાબિત થાય છે? (૩) પુષ્પનંદીને માતાનો પરમભકત જાણી દેવદત્તાએ શું વિચાર્યું? તેણે શ્રીદેવીને કેવી રીતે મારી? (૪) દેવદત્તા મરીને કયાં જશે અને તેનું ભવિષ્યનું ભવભ્રમણ કેવું હશે? (૫) દેવદત્તા વાર્તાનો ઉપસંહાર લખો. (૬)ગૌતમ ગણધર રોહિતક નગરમાં ગોચરી પધાર્યા ત્યાં તેમણે શું જોયું? (૭) રાજા સિંહસેનને કેટલાં મહેલ અને રાણીઓ હતી? તેમની પ્રિય રાણી કઈ હતી? રાજાનું આયુષ્ય કેટલું? (૮) રાજા સિંહસેને ૪૯૯ સાસુ માતાઓની કતલ કેવી રીતે કરી? (૯) સિંહસેનની નગરીનું તથા માતાપિતાનું નામ શું હતું? (૧૦) રોહિતક નગરના રાજા, રાણી અને યુવરાજનું નામ શું હતું?

# કાવ્ય વિભાગ

## ૧. સંયમનાં ભાવ મારા

(તર્જ : આમંત્રણ આપીને આવ્યો...)

સંયમના ભાવ મારા, મનમાં રમે છે (૨)
મોક્ષનાં માર્ગે મને (૨) ચાલવું ગમે છે... સંયમનાં...
આજ સુધી નહોતું સમજાયું, એવું મને સમજાયું,
સંસારનું સુખ લાગ્યું કાચું, મારું જીવન આખું બદલાવ્યું (૨)
મસ્તક મારું એવા (૨) ગુરુને નમે છે... સંયમનાં... ૧
દિન પ્રતિદિન ભાવું ભાવના, સંસાર ક્યારે છૂટશે?
સગાં સંબંધી સ્વજનો સહુનાં, બંધન ક્યારે તૂટશે? (૨)
ગુરુકૂળમાં રહેવાનું (૨) દિલને ગમે છે. સંયમનાં... ૨
પ્રભુ કહે છે સંકલ્પ કરી લે, સાધુ જીવનમાં મરવું,
કોલ આપે પ્રભુ એવા સાધકને, સિદ્ધક્ષેત્રમાં મળશું (૨)
ધર્મી જીવોને આવો (૨) સાથ ગમે છે... સંયમનાં... ૩

## ૨. મસ્ત બની જાઉં

(તર્જ : હે! કિરતાર મને આધાર તારો ....)

ઓ ચેતનરાય (૨) હું તને ભજવામાં, સદા હું મસ્ત બની જાઉં (૨)
ઓ આતમદેવ ! (૨) તારા અનહદ આનંદમાં, સદા હું મસ્ત બની જાઉં (૨)
ચેતનનું જ્ઞાન એ સમ્યક્ જ્ઞાન છે, ચેતનના જ્ઞાન વિના બધું અજ્ઞાન છે,
અજ્ઞાન તજીને આત્મિક જ્ઞાનમાં, સદા હું મસ્ત બની જાઉં (૨) ... ઓ ચેતન .. ૧
જડની પ્રતીતિ એ મિથ્યા દર્શન છે, ચેતન પ્રતીતિ એ સમ્યક્ દર્શન છે,
જડની પ્રતીતિ તજી, ચેતનની પ્રતીતિમાં, સદા હું મસ્ત બની જાઉં (૨)... ઓ ચેતન.. ૨
સ્વયંના જ્ઞાનમાં સ્વયંની સ્થિરતા, ચારિત્ર ગુણ છે સ્વયંમાં લીનતા,
પરની પંચાત તજી સ્વનાં સ્વરૂપમાં, સદા હું મસ્ત બની જાઉં (૨) ... ઓ ચેતન.. ૩
સ્વયંના જ્ઞાનમાં સ્વયંનાં ભાનમાં, આતમરામ કહે ઉત્તમ ધ્યાનમાં,
અંધકાર તજીને પૂર્ણ પ્રકાશમાં, સદા હું મસ્ત બની જાઉં (૨) ... ઓ ચેતન .. ૪

## ૩. સુખ છે થોડું ને દુઃખ છે ઝાઝું)

(તર્જ : આંધળીમાંનો કાગળ)

સુખ છે થોડું ને દુઃખ છે ઝાઝું એવો છે આ સંસાર,
જીવતરમાં જ્યારે આગ લાગે ને, અંગે ઊઠે અંગાર,
છાંટે ત્યારે શીતળ પાણી, એવી પ્રભુ વીરની વાણી ...૧
રાગ નથી એને દ્વેષ નથી કોઈ, પ્રેમનો પારાવાર,
નિશદિન કુણાં કાળજડેથી, વહેતી કરુણાની ધાર,
શાતા પામે સઘળાં પ્રાણી, એવી પ્રભુ વીરની વાણી ...૨
ચંડકૌશિકનાં ઝેર ઉતાર્યાં, ઉગારી ચંદનબાળ,
ગૌતમનો પણ ગર્વ ઉતાર્યો, વેણ કરી મરમાળ,
જાણે સ્નેહની સરવાણી, એવી પ્રભુ વીરની વાણી ...૩
દીન દુઃખીને સુખી થવાનો, મારગ એ બતલાવે,
જાદુ ભરેલાં વેણ કરીને, પાપીઓને પીગળાવે,
પાષાણને કરતી પાણી, એવી પ્રભુ વીરની વાણી ...૪
મંગળકારી વીરની વાણી, અમૃતની રસધાર,
ઝીલી શકે નહીં અંતર જેનું, એળે ગયો અવતાર,
જાણી એણે મોક્ષ પ્રમાણી, એવી પ્રભુ વીરની વાણી ...૫

## ૪. સમતાથી દર્દ સહુ

(તર્જ : હોઠોં સે છૂ લો તુમ મેરા ગીત અમર કર દો...)

સમતાથી દર્દ સહું, પ્રભુ ! એવું બળ દેજો,
મારી વિનંતી માનીને, મને આટલું ફળ દેજો... સમતાથી દર્દ...
કોઈ ભવમાં બાંધેલાં, મારાં કર્મો જાગ્યાં છે,
કાયાના દર્દ રૂપે, મને પીડવા લાગ્યાં છે,
આ જ્ઞાન રહે તાજું, એવું સિંચન જળ દેજો, ... સમતાથી દર્દ ... ૧
દર્દોની આ પીડા, રડવાથી મટશે નહીં,
કલ્પાંત કરું તો પણ, આ દુઃખ તો ઘટશે નહીં,
દુર્ધ્યાન નથી કરવું, એવું નિશ્ચય બળ દેજો ... સમતાથી દર્દ ... ૨

આ કાયા અટકી છે, નથી થાતાં તુજ દર્શન,
ના જઈ શકું સુણવાને, ગુરુની વાણી પાવન,
ઉપાશ્રય જાવાનું, ફરીને અંજળ દેજો... સમતાથી દર્દ ... ૩
નથી થાતી ધર્મક્રિયા, એનો રંજ ઘણો મનમાં,
દિલડું તો દોડે છે, પણ શક્તિ નથી તનમાં,
મારી હોંશ પૂરી થાયે, એવો શુભ અવસર દેજો... સમતાથી દર્દ ... ૪
છો ને આ દર્દ વધે, હું મોત નહીં માગું,
વળી છેલ્લા શ્વાસ સુધી, હું ધર્મ નહીં ત્યાગું,
રહે ભાવ સમાધિનો, એવી અંતિમ પળ દેજો ... સમતાથી દર્દ ... ૫

## શ્રેણી ૧૨ સમાપ્ત

## જૈન પાઠાવલી ભાગ -૩ : સમાપ્ત

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ: ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,**

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Naidu Colony, Pantnagar, Ghatkopar (E), Mumbai- 400075

**E-mail: jainshikshanboard@gmail.com** **Website: www.jainshikshan.org**

### Our Website

Contact Details of Shikshan Board office (Phone & Email)
News and Events related to examination and breaking news
Know Goals and Visions of Board
Facility to enroll for forth coming exam online
Historical exams and answer papers available form 2016
Download online Shreni books
Schedule of forth coming Shreni exams available
Access Photographs of various events
View Past exams results

Scan for Website

### વેબ સાઈટમાં માહિતી


શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.
2016 થી પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
પ્રોગ્રામના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.

Scan to exam registration

# Notes

# Notes

# સકડાલ પુત્ર



# જિનપાલ અને જિનરક્ષિત

